શ્રી સ્તંભન પાર્શ્વનાથાય નમઃ

## શ્રી પ્રભા–રૈવત–ચારિત્ર

# પ્રાચીન સ્તવનાવલિ

તપગચ્છીય પ–પૂજ્યપાદ ગુરૂણીજી મહારાજ શ્રી પ્રભાશ્રીજી
મહારાજના ચરણકમલોપાસિ શિષ્યા રૈવતશ્રીજી
મહારાજના શિષ્યા ચારિત્રશ્રીજી મહારાજના
સદુપદેશથી ખંભાતવાળા - સ્વર્ગસ્થ
**શા ચીમનલાલ વાડીલાલ**
તરફથી ભેટ.

સંપાદકઃ–
**માસ્તર રામચંદ ડી. શાહ.**
શ્રી. ત અ. સાંકુબાઈ જૈન પાઠશાળા તથા શેઠશ્રી છગલસીભાઈ
જૈન શ્રાવિકાશાળાના મુખ્ય અધ્યાપક ખંભાત.

વીર સંવત ૨૪૯૧ ] આવૃત્તિ બીજી [ વિ. સં. ૨૦૨૧

શ્રી સ્તંભન પાર્શ્વનાથાય નમઃ

## શ્રી પ્રભા-રૈવત-ચારિત્ર

# પ્રાચીન સ્તવનાવલિ

卐

તપગચ્છીય પ-પૂજ્યપાદ ગુરૂણીજી મહારાજ **શ્રી પ્રભાશ્રીજી**
મહારાજના ચરણકમલોપાસિકા શિષ્યા **રેવતશ્રીજી**
મહારાજના શિષ્યા **ચારિત્રશ્રીજી**
મહારાજના સદુપદેશથી ખંભાતવાળા - **સ્વર્ગસ્થ**
**શા. ચીમનલાલ વાડીલાલ**
તરફથી ભેટ.

★


સંપાદક : —

**માસ્તર રામચંદ. ડી. શાહ.**

શ્રી. ત. અ. સાંકુબાઈ જૈન પાઠશાળા તથા શેઠશ્રી છગલસીભાઇ જૈન
શ્રાવિકાશાળાના મુખ્ય અધ્યાપક **ખંભાત.**


★


વીર સંવત. ૨૪૯૧ ] આવૃત્તિ બીજી [ વિ. સં. ૨૦૨૧

પ્રકાશક :
**શ્રી. જસવંતલાલ ગીરધરલાલ શાહ**
૧૪૭, તંબોળીનો ખાંચો,
દોશીવાડાની પોળ,
**અમદાવાદ.**

પ્રાપ્તિસ્થાન
**શ્રી જૈન પ્રકાશન મંદિર**
૩૦૯/૪ ખત્રીની ખડકી
દોશીવાડાની પોળ,
**અમદાવાદ-૧**

મુદ્રક :
અરવિંદભાઈ પી. શેઠ
દર્શના પ્રિન્ટરી,
નાગોરીશાળા,
અમદાવાદ-૧

# —: પુસ્તક અંગે કંઇક :—

મકાનને જેમ તેની અંદરની ખોજ, શોધ કરવા માટે તેમાં પ્રવેશવા દ્વારની જરૂર રહેજ છે. તેમ કોઈ પણ પુસ્તકને માટે પ્રાક્ કથનની તેટલી જ જરૂર રહે છે. પુસ્તક વાચકના હાથમાં આવતાં જ આ પુસ્તકમાં શું આપવામાં આવ્યું છે, આ પુસ્તક કેટલું, ક્યાં, ક્યારે અને કોને ઉપયોગી છે, તે જાણવા માનવ ઉત્સુક બને છે. અને તેના માટે તેને આખુંય પુસ્તક વાંચી તેમાંથી સાર કાઢવાની ધીરજ ભાગ્યેજ કોઈમાં હોય છે. છતાં તેની જીજ્ઞાસાવૃત્તિ પોષાવા તેને ઉપયોગી છે, અમુક સમયે ખાસ ઉપયોગી થાય તેમ છે. અને જીવનમાં કંઈક નવીનતા ભરી જાય તેમ છે. આ બધું પ્રસ્તાવના જ કહી શકે તેમ છે. વાચક પુસ્તક વાંચતાં પહેલાં એટલા જ માટે પ્રસ્તાવના વાંચી જાય છે. અને તેને તેમાંથી બધું મળી પણ રહે છે. જેથી આ પુસ્તકને માટે તેવું કંઈક સંક્ષિપ્ત રીતિએ પણ કહેવું અતિ જરૂરી છે.

માનવ ઉર્મિશીલ છે.—તરંગોથી ભરેલો છે. ભાવનાઓથી પણ ભરેલો છે. અરે લાગણીઓનો તો એ જાણે મહાસાગર છે, પણ એ લાગણીઓનો વળાંક જેવું આલંબન હોય તેવો થાય છે. “વેલડી જેવું ઝાડ મળે તેવી રીતે વીંટાય.”

કુમળા ઝાડને જેમ વાળવું હોય તેમ વાળી શકાય તેવી જ બાળકની પણ સ્થિતિ છે. અને આધ્યાત્મિક ઉંડાણ અને આત્માની ઓળખ શોધતા જિજ્ઞાસુઓ પણ એક જાતના બાળકો જ છે.

શબ્દમાંથી ભાષા બને છે, ભાષાએ જગતમાં પ્રકૃતિની શોધ પણ કરાવી આપી છે. અને અનેક પ્રકારની વિકૃતિઓની પરંપરા પણ સર્જી છે. એ સંબંધી તો આ યુગમાં કંઈ કહેવું કે લખવું તે પુનરૂક્તિ બરાબર છે.

આમ વિકૃતિની પરંપરામાંથી પ્રકૃતિમાં લાવવા માટે, અને પ્રકૃતિમાં રહેલાઓને સુદૃઢ બનાવનારી મહાપુરૂષોની અંતરના ઉંડાણ-માંથી નીકળતી ભાષાનો આ પુસ્તકમાં સંગ્રહ આપવામાં આવ્યો છે.

માનવીને પ્રકૃતિના ગુણગાન જરૂર ગમે છે, એણે સ્તોત્રો ગાયાં, સ્તવનો ગાયાં, સ્તુતિઓ ગાઈ, કોઈ વિશિષ્ટ વ્યક્તિની એણે પૂજા શરૂ કરી ગુણગાન કર્યાં. વીતરાગ ભગવંતમાં શ્રદ્ધા મજબુત બની એમાં એણે જીવનની જડ નિહાળી અને એજ સ્તવના કરતાં કરતાં ખુદ માનવી પોતે પણ પ્રકૃતિમય–વીતરાગ બની ગયો.

આ સંગ્રહમાં એવાં હૈયાઓનો પુકાર છે. ભગવાનની ભક્તિથી ભરપુર હૈયાંઓએ એમની રસ ધૂન ઠાલવી છે.

જે સૈદ્ધાન્તિક રહસ્યોને જાણવા શાસ્ત્રો ઉથલાવવાં પડે, વર્ષો ગાળવાં પડે અને કેટલાંક અણસમજ્યાંય રહી જાય તેવાં ગહન તત્ત્વો અને ચરિત્રોને રમત રમતમાં આનંદ કરતાં કરતાં સમજાઈ જાય તેવી રીતે ગુથ્યાં છે. કે–કોઈ ધીરગંભીર સ્વરે ગાય તો ખુદ ભગવાન ઉપદેશ આપતા ઉપસર્ગો સહન કરતાં, અરે! કેટ કેટલાં જીવનોને પ્રત્યક્ષ કરાવતાં હોય એવો સાક્ષાત્કાર થયા સિવાય ન રહે.

આ પુસ્તકમાં સજ્ઝાયોનો પણ સંગ્રહ છે. સજ્ઝાય અને સ્તવનમાં જરા ફેર છે. સજ્ઝાયમાં અધ્યયન છે, પઠન છે, પાઠન છે. એ પણ વ્યક્તિનું જીવન આલેખે છે. અમકા, સુભદ્રા, કલાવતી એમ અનેક પુણ્ય પુરૂષોનાં જીવન આલેખાય છે.

સ્તવનની એક મર્યાદા છે. સ્તવન માત્ર વીતરાગનું હોય છે. એના વિશેષ્ઠ આરાધકોનું નહીં. એના આરાધકોનાં જીવન સજ્ઝાયમાં ઉતારાય છે. અને એવાં ચરિત્રોની સજ્ઝાયો જીવનમાં મોક્ષનું ભાથું ભરી જાય છે. પુણ્ય પુરૂષોની જેમ આધ્યાત્મિક ગહન તત્ત્વોની પણ

સજ્ઝાયો હોય છે. આ પુસ્તકમાં આવેલી આવી અનેક સજ્ઝાયો જીવનની સમસ્યાઓનો—આધ્યાત્મિક સમસ્યાઓનો ઉકેલ કરી જાય છે.

વળી આ પુસ્તકમાં આપવામાં આવેલ સ્તવન સજ્ઝાયાદિ અર્વાચીન નથી, પ્રાચીન છે. સંસારની અવનવી ગુંચમાંથી અલિપ્ત રહી આત્માના ઉંડાણુમાં ઉતરેલા મહાયોગીઓ—મહાતપસ્વીઓની રચના છે. ઉગ્ર પ્રકારના સાધકોની આ વાણી છે. અંતરાત્મામાં અજમાવેલી અનુભવ વાણી છે.

આ સંગ્રહમાંથી કોઈ પણ નાના કે મોટા સ્તવન સજ્ઝાય કંઠાગ્ર કરી અંતરના ઉંડાણુમાં ઉતારી પોતે મુમુક્ષુ બનવા સાથે બીજાઓને પણ મુમુક્ષુ બનવામાં જેટલે અંશે સહાયક થશે તેટલે અંશે સંગ્રહકારની મહેનત સફળ થઈ લેખાશે.

સંગ્રહ કરવામાં, પ્રકાશન કરવામાં, સહાયકો લાવવામાં, પ્રેસકોપી વિગેરે કરાવવામાં પૂ. સા. ચારિત્રશ્રીજી. મ. નો સ્તુત્ય પ્રયત્ન છે. અને શ્રી. ચીમનલાલ વાડીલાલની સત્પ્રેરણા સ્તુત્ય છે, જેમની ટૂંક જીવનરેખા આ પુસ્તકમાં આપવામાં આવેલ છે.

આ પુસ્તકનું સાદ્યંત પ્રેસ મેટર તૈયાર કરવામાં ધાર્મિક ક્ષેત્રે જુના અનુભવી અને ઘણાઓને આધ્યાત્મિક જીવનમાં ઓતપ્રોત બનાવતા માસ્તર રામચંદભાઈનો નોંધ પાત્ર પ્રયાસ છે.

આ પુસ્તકનો ખૂબ ઉપયોગ થાય એજ અમે તો અમને અમારા આત્માને ન્યાય મળ્યો ગણીશું.

સં. ૨૦૨૧ ચૈત્ર શુદ ૧૩<br>મહાવીર જન્મ કલ્યાણકદિન<br>મંગળવાર તા. ૧૩/૪/૬૫

એજ લેખક.<br>પંડિતશ્રી. **છબીલદાસ કેશરીચંદ**<br>દાનવીર શેઠ બુલાખીદાસ નાનચંદ સંસ્થાપિત<br>શ્રી **ભદ્રીબાઈ સ્યાદ્વાદ સંસ્કૃતપ્રાકૃત**<br>**પાઠશાળાના** પ્રધાનાધ્યાપક. **ખંભાત.**

# ક્ષમાપના

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારા અમુલ્ય વચનો લક્ષ્યમાં લીધાં નહિ. કહેલા અનુપમ તત્ત્વોનો વિચાર કર્યો નહિ. તમારા પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહિ, તમારા કહેલા દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહી.

હે ભગવાન ! હું ભૂલ્યો, અથડાયો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડયો છું, હું પાપી છું, હું બહું મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું.

હે પરમાત્મા ! તમારાં કહેલા તત્ત્વ આરાધ્યા વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેક શકિત નથી. અને મૂઢ છું. હું નિરાશ્રિત છું, અનાથ છું.

હે નિરાગી પરમાત્મા ? હવે હું તમારૂં, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધો નાશ થઇ હું તે સર્વ પાપથી મુકત થાઉં એ મારી અભિલાષા છે, આગળ પૂર્વે કરેલાં પાપનો હું હવે પશ્ચાત્તાપ કરૂં છું. જેમ જેમ હું સુક્ષ્મ વિચારથી ઉંડો ઉતરૂં છું. તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી, અને ત્રૈલોકય પ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં હું અહોરાત રહું એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ.

હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારૂં કાંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મ-જન્ય પાપની ક્ષમા ઇચ્છું છું. ૐ શાંતિ : શાંતિ : શાંતિ :

## -: અમૂલ્ય તત્ત્વ :-

બહુ પુન્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ભવ ચક્રનો, આંટો નહી એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે, કાં અહો રાચી રહો?
॥ ૧ ॥

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી, વધવા પણું એ નય ગ્રહો;
વધવાપણુ સંસારનું, નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહો હો! એક પળ તમને હવો.
॥ ૨ ॥

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન, જેથી જંજીરેથી નીકળે;
પર વસ્તુમાં નહી મુંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે, પશ્ચાત્ દુઃખકે સુખ નહી. ॥ ૩ ॥

હું કોણ છું? કયાંથી થયો? શું સ્વરૂપ છે મારૂ ખરૂં?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરૂં;
એના વિચાર વિવેક પૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યાં. ॥ ૪ ॥

તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો, તેહ જેણે અનુભવ્યું;
રે આત્મ તારો આત્મ તારો, શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમ દ્રષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ।। ૫ ।।

## —: શ્રી ગુરૂ સ્તુતિ – દુહા :

ગુરૂ મોટો સંસારમાં, ગુરૂ સમ અવર ન કોય;
ત્રણ કાલે ત્રણ લોકમાં, ગુરૂ પદ ગિરૂઓ જોય. ।। ૧ ।।

નિર્લોભી નિરલાલચી, નિર્મલ નિર અહંકાર;
નિષ્કારણ બન્ધુ ગુરૂ, શુદ્ધ પ્રરૂપણ હાર. ।। ૨ ।।

ગુરૂ ચંદન ગુરૂ આરસી, ગુરૂ ગૌતમ અવતાર;
એવા સદ્‌ગુરૂ કબ મીલે, ટાલે સર્વ વિકાર. ।। ૩ ।।

ગુરૂ શબ્દાર્થ સાગરે, તરતાં પાર ન થાય;
તો શું કહેવું તેહમાં, જશ ગુરૂતા પ્રગટાય. ।। ૪ ।।

દેવ ગુરૂ એ દોયમાં, મોટા ગુરૂ ગુણવંત.;
સ્વપર પ્રકાશક સદ્‌ગુરૂ, ઓલખાવ્યા ભગવંત. ।। ૫ ।।

સર્વ તત્ત્વનું તત્ત્વ છે, સર્વ શાસ્ત્રનું મુખ;
સર્વમાન્ય ગુરૂદેવ છે, આપે શિવપુર સુખ. ।। ૬ ।।

ગુરૂ મુખ નિરખી સાંભળે, પરમ પુરૂષ સમુદાય;
રોમ રોમ જ્યોતિ જગે, ધર્મ રત્ન પ્રગટાય. ।। ૭ ।।




સ્વર્ગસ્થ પૂજ્ય સૂરિસમ્રાટ
આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી
મહારાજ સાહેબ

# -: શ્રી ગુરૂ સ્તુતિ :-

## પ-પૂ-નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ

અહો યોગને ક્ષેમના આપનારા, તમે નાથ છો તારનારા અમારા;
પ્રભો નેમિસૂરીશ સૌભાગ્યશાળી, નમું શ્રીગુરૂ બાલ્યથી બ્રહ્મચારી ॥ ૧ ॥

તમારા ગુણોનો નહિં પાર આવે, વિના શક્તિએ તે ગણ્યા કેમ જાવે;
તથાપિ સ્તુતિ ભક્તિથી આ તમારી, નમું શ્રીગુરૂ બાલ્યથી બ્રહ્મચારી ॥ ૨ ॥

લહી યોગની આઠ અંગે સમાધિ, ભલા આત્મ પંથે રહી સિદ્ધિ સાધી;
ક્રિયા જ્ઞાન ને ધ્યાનના યોગ ધારી, નમું શ્રીગુરૂ બાલ્યથી બ્રહ્મચારી ॥ ૩ ॥

હતા આપના ભક્ત ભૂપાલ ભારી, તમે ધર્મની વીરતાને ઉગારી;
મહા તીર્થને ધર્મના જોગ ધારી, નમું શ્રીગુરૂ બાલ્યથી બ્રહ્મચારી ॥ ૪ ॥

અમે નિર્ગુણી ને ગુણી આપ પુરા, અમે અજ્ઞ ને આપ જ્ઞાને સનૂરા;

મળો ભક્તિ એ ભેદને છેદનારી, નમું શ્રીગુરૂ બાલ્યથી
બ્રહ્મચારી ॥ ૫ ॥

નથી આપની સેવના કાંઈ કીધી, કહેલી વળી ધર્મ
શિક્ષા ન લીધી;
ક્ષમા આપજો પ્રાર્થના એ અમારી, નમું શ્રીગુરૂ બાલ્યથી
બ્રહ્મચારી ॥ ૬ ॥

હતા આપ યોગે અમે તો સનાથ, અભાગી થયા આપ
વિના અનાથ;
અમે માગીએ એક સેવા તમારી, નમું શ્રીગુરૂ બાલ્યથી
બ્રહ્મચારી ॥ ૭ ॥

હવે પ્રેમથી બોધ એ કોણ દેશે, અમારી અરે કોણ
સંભાળ લેશે;
દયાળુ તમે દિલમાં દાસ લેજો, સદા સ્વર્ગથી નાથ
આશીષ દેજો ॥ ૮ ॥

યોજક: આ-શ્રી-વિ. નંદનસૂરીશ્વરજીની આજ્ઞાથી
પં-શ્રી ધુરન્ધરવિજયજી ગણિ.

★



પ. પૂ. સાધ્વીજી
પ્રભાશ્રીજી મહારાજ સાહેબ

# પ્રભાવસંપન્ન પરમવિદુષી સાધ્વીજી શ્રી પ્રભાશ્રીજી મહારાજના જીવનની ટૂંકી હકીકત.

અનેક જૈન મંદિરોથી વિભૂષિત સ્થંભનપુર નગરમાં બોળ પીંપળા વિભાગમાં. વિશાશ્રીમાળી જ્ઞાતિય સંસ્કાર સંપન્ન શ્રી નાથાભાઈ અમીચંદ તથા તેમનાં ગુણસંપન્ન પત્ની ડાહીબેન રહેતાં હતાં. તેમને ત્યાં વિ. સં. ૧૯૪૫ના ફાગણ સુદી અષ્ટમીના દિવસે એક તેજસ્વી બાલિકાનો જન્મ થાય છે, તેનું નામ ભૂરીબેન પાડવામાં આવ્યું. બાલ્યકાળથી જ દેવદર્શન, પૂજા-ગુરૂવંદન, વ્યાખ્યાનશ્રવણ, વડિલોની સેવા વિગેરે સંસ્કારો દિનપ્રતિદિન વૃદ્ધિ પામતા હતા.

દિવસો વીતતાં બારવર્ષની વયે-અતિ ખાનદાન, ધર્મપરાયણ, અને ખંભાતના ગૌરવરૂપ શેઠશ્રી કસ્તુરભાઈ અમરચંદના સુપુત્રશ્રી વજેચંદ-સાથે તેમનું લગ્ન થયું, પેઢીયો ગત અને વર્તમાનકાળે પણ જે કુટુંબમાં દેવગુરૂભક્તિ, સાધર્મિકભક્તિ, ક્રિયારૂચિ, અને ઉદારશીલતા આદિ ગુણો શોભી રહયા હોય એવા કુટુંબમાં સંબંધ જોડાવો તે પણ ખરેખર મહા પુન્યાઈના યોગે જ બને છે.

શ્રી વજેચંદભાઈમાં પણ કુટુંબના જ ઉત્તમ ગુણોનો વારસો હતો. એટલે આ યુગલ–ધર્મ અને વ્યવહારથી ઘણું જ સુખી હતું. પરંતુ કાળની પાસે કોઈનું યે ચાલતું નથી. માત્ર એક જ વર્ષની અંદર શ્રી વજેચંદભાઈ આ ફાની દુનિયા છોડીને ચાલ્યા જાય છે.

આ શોકમય પ્રસંગથી ભૂરીબેનને ઘણો જ આઘાત લાગે છે. પરંતુ તેઓ કર્મની વિટંબનાને સારી રીતે સમજતાં હતાં, એટલે આવા ઘેરા વાતાવરણમાં પણ ધાર્મિક અભ્યાસ ચાલુ કરે છે. અને ગૃહસ્થપણામાં જ–સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય અને દ્રવ્યાનુયોગના ગ્રંથો વગેરેનું સુંદર અધ્યયન કરી લે છે. આ અભ્યાસ માત્ર સંયમ ગ્રહણના

આશયથી જ કરેલો હોવાથી હવે તેઓ સંયમ ગ્રહણના સંજોગોનીજ રાહ જુવે છે. પરંતુ સ્વ પુત્રથી પણ અધિક પોતાના ઓરમાયા પુત્રશ્રી નટવરભાઈ વિગેરે કુટુંબીજનોના મમત્વથી રજા મળી શકતી નથી.

અંતે અંતરાય તૂટે છે. અને સં. ૧૯૭૫ના મહા સુદી ૧૪સે ભૂરીબેન કવિ. કુ. કી પ. પૂ. આ૦ શ્રીમદ્ વિ.લબ્ધિસૂરીશ્વરજીશ્રીના વરદ હસ્તે–શાસનસ–પ–પૂ. આ. શ્રીમદ્ વિ–નેમિસૂરીશ્વરજીના આજ્ઞાવતી પૂ સા. ચંપાશ્રીજી મહારાજના શિષ્યા બને છે.

સંયમી બન્યા બાદ પૂ. ગુરૂણીજીશ્રીની સેવામાં પોતાનું જીવન સમર્પિત કરી જ્ઞાન ધ્યાનમાં ખૂબજ આગળ વધે છે. અને ઘણાં ખરાં આગમ સૂત્રોનું અધ્યયન કરી વિદુષી બને છે. પરમવિદુષી હોવા છતાં પણ તેમના જીવનમાં વિદ્યાના ઘમંડને બદલે નમ્રતાજ જોવામાં આવતી હતી.

ગ્રામનુગ્રામ વિહાર કરી અનેક ભાવુક જનોને પ્રતિબોધ કરે છે. તેને લઈ જૈન સમાજમાં તેમના પ્રત્યે ખૂબ જ આકર્ષણ વધે છે. તેના પરિણામે લગભગ ૭૫ જેટલી ઉચ્ચ કુટુંબની બહેનો તેમના શિષ્યા–પ્રશિષ્યા બને છે.

આટલો મોટો સમુદાય હોવા છતાં પણ તેમની વ્યવસ્થાશક્તિ અને કુશાગ્રબુદ્ધિના યોગે સારોય સમુદાય ત્યાગ, વૈરાગ્ય, અને જ્ઞાનાભ્યાસમાં આગળ વધ્યે જતો હતો. તેમના સંસ્કાર વારસાને લઈ વર્તમાનકાળે પણ તેમના સમુદાયની એટલી જ જાહોજલાલી ટકી રહેલ છે.

તેમના જીવનમાં રહેલા ક્રિયારૂચિ, અપ્રમત્તપણું, રસનાનો વિજય, ભાષામાં મધુરતા. વાત્સલ્યભાવ, લઘુતા, ઉદારતા, ગુણાનુરાગ, વિનય, વૈયાવચ્ચ, જિનાજ્ઞાનો રાગ, અને પુણ્ય પ્રકર્ષ વિગેરે ગુણો માટે વિવેચન



પ. પૂ. સાધ્વીજી
રૈવતશ્રીજી મહારાજ સાહેબ

જન્મ તિથિ : આસો સુદ ૧૩

દિક્ષા તિથિ : મહા વદ ૧૧



પ. પૂ. સાધ્વીજી
ચારિત્રશ્રીજી મહારાજ સાહેબ

જન્મ : શ્રાવણ સુદ ૧૫

દિક્ષા : અષાડ સુદ ૧૦



પ. પૂ. સાધ્વીજી
પુન્યોદયશ્રીજી મહારાજ સાહેબ

કરીએ તો ખરેખર ગ્રંથોના ગ્રંથો ભરાય તેમ છે.

તેઓના સમુદાયમાં વર્તમાન કાળે પણ અનેક વિદ્વાન, ત્યાગી, તપસ્વિ અને પ્રભાવક સાધ્વીજીઓ સુંદર પ્રકારે સંયમી જીવન જીવી રહયાં છે.

ખંભાતના વતની વીસા પોરવાડ જ્ઞાતિય શ્રી ચીમનલાલ ચુનીલાલ તથા તેમના ધર્મ પત્ની શનિબેન ઘણાંજ ધર્મ શ્રદ્ધાળુ હતાં. શનિબેન અનેક જાતની મુશ્કેલીઓમાંથી પસાર થઈ પૂજ્ય ગુરૂણીજી શ્રી પાસે સંયમ અંગીકાર કરી શ્રી રૈવતશ્રીજી નામ ધારણ કરે છે; તેઓ શ્રી જ્ઞાન-ધ્યાનમાં નિરંતર ઉદ્યમશીલ હતા. છેલ્લું ચાતુર્માસ ખંભાત પધારે છે. પરંતુ કાળની ગતિ વિચિત્ર છે, ખંભાત આવ્યા બાદ માત્ર વીશજ દિવસ બાદ સવારનું પ્રતિક્રમણ કરી હાર્ટ ફેઈલથી સમાધિપૂર્વક કાળધર્મ પામે છે. શ્રી ચીમનલાલભાઈ પણ પ-પૂ-સિ-મ-આ-દે શ્રીમદ્ વિ. પ્રેમસૂરીશ્વરજી પાસે દીક્ષિત થયેલા હતા. તેઓશ્રી પણ વિશુદ્ધ ચારિત્ર પાળી કાળધર્મ પામેલા છે.

આ પુસ્તક પ્રકાશન પણ પૂ-રેવતશ્રીજી મહારાજના શિષ્યા પૂ-ચારિત્રશ્રીજી મહારાજને જ આભારી છે, જેઓ ૧૯ વર્ષની વયે દીક્ષિત થયેલાં અને જ્ઞાન ધ્યાનમાં ઉદ્યમશીલ રહેવા સાથે તપસ્વી પણ છે. જેઓએ માસખમણ, સોળ, પંદર, અઠ્ઠાઈઓ, વરસીતપ તેમજ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની નવાણું યાત્રા, ઉપરાંત કચ્છ, કાઠિયાવાડ, મારવાડ, મેવાડ અને ગુજરાત વિગેરેમાં વિહાર કરી યાત્રાનો સારો લાભ લીધેલો છે. પૂ. રૈવતશ્રીજી મહારાજના બીજાં સાધ્વીજીઓ પૂ-દેવાનંદાશ્રીજી, પૂ-કાંતપ્રભાશ્રીજી અને પ્રશિષ્યા પૂ. કુમુદશ્રીજી મહારાજ તથા પૂ-પુન્યોદયાશ્રીજી મહારાજ પણ આ બાબતમાં સારો રસ લઈ રહયાં છે.

ચરિત્રનાયિકા પ. પૂ–ગુરૂણીજી મહારાજ સાહેબ લગભગ આડત્રીસ વર્ષ પર્યંત ઉજ્જવળ ચારિત્રની આરાધના કરી જૈન સમાજ ઉપર અનેક પ્રકારના ઉપકારો કર્યાં છે. આવા વિદ્વાન અને પ્રભાવિકા સાધ્વીજીની સારાયે જૈન સમાજને ઘણી જરૂર હતી. પરંતુ કાળ ધર્મ પહેલાં બે એક વર્ષથી હાર્ડનું દરદ ચાલુ થાય છે. અનેક ઔષધ ઉપચારો કરવા છતાં પણ દિનપ્રતિદિન દરદ વધતું જાય છે. દરદની સાથે ગુરૂણીજીશ્રીની સહનશીલતા પણ ખુબજ વધતી જાય છે, અંતે તીર્થાધિરાજ શ્રી શંત્રુજયની યાત્રા કરી અમદાવાદ પધારે છે. અને સં–૨૦૧૩ના કારતક વદ અમાવાસ્યાના દિવસે વીર વીરનું સ્મરણ કરતાં જીવન દીપ બુઝાઈ જાય છે.

એકમના દિવસે ભવ્ય શ્મશાન યાત્રા નીકળે છે. જેમાં ખંભાત અને મુંબઈથી શેઠશ્રી રમણલાલ દલસુખભાઇ તથા શેઠશ્રી હીરાલાલ પરશોતમદાસ વિગેરે તેમના કુટુંબીજનો અને બીજા પણ અનેકભક્તિ–ભાવવાળા ભાઈ બહેનો અમદાવાદ આવી મૃત દેહના દર્શન કરે છે. અને જય જય નંદા જય જય ભદ્દાના અવાજો સાથે તેમનો દેહ અંતિમ વિધિને પામે છે.

તેઓશ્રીના કાળધર્મ નિમિત્તે અનેકસ્થળોએ ઓચ્છવ –મહોત્સવો ઉજવાયા હતા. રાજનગર ધુસાપારેખની પોળમાં શ્રી ધર્મનાથજીના મંદિરમાં તેમ જ ખંભાતમાં તેમના કુટુંબીજનો શેઠશ્રી કસ્તુરભાઇ અમરચંદ તરફથી ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્ર સાથે ઉજવાયો હતો. પૂ. ગુરૂણીજીશ્રીની આ ટૂંક હકીકત દરેકને અનુકરણશીલ બને એજ અભિલાષા.

**સંગ્રાહક–માસ્તર–રામચંદ–ડી–શાહ–ખંભાત**

★

## શ્રી ગુરૂ (પ્રાર્થના) સ્તુતિ – પૂ. પ્રભાશ્રીજી. મ. સા.

અહો સ્તંભનાધીશ પ્રભુ પાર્શ્વ દેવા,
કરૂં સેવના મુકિતનું રાજ્ય લેવા,
અભયદેવ સૂરિ તણા રોગ ટાળી,
પ્રભુ પાર્શ્વને વંદના કોટી વારી ॥ ૧ ॥

ગુરૂ દેવશ્રીજી હૃદય માંહે ધારી,
સમુદાય સૌભાગ્યના રક્ષ કારી,
ગુરૂ ધ્યાન નિત્ય હોય આનંદ કારી,
કરૂં હે ગુરૂ વંદના કોટી વારી ॥ ૨ ॥

શ્રીસ્તંભતીર્થે ગુરૂ જન્મ પાયા,
વળી સોળ વર્ષે સુચારિત્ર પાયા,
ગુરૂજી શ્રી સૌભાગ્યના પટ્ટ ધારી,
કરૂં હે ગુરૂ વંદના કોટી વારી ॥ ૩ ॥

ગુરૂ ક્રોધ કષાયને ટાળનારા,
ક્ષમાદિ યતિ ધર્મને પાળનારા,
વળી શાન્ત મૂર્તિ વિનય ગુણ ધારી,
કરૂં હે ગુરૂ વંદના કોટી વારી. ॥ ૪ ॥

સંયમ માર્ગમાં વર્ષ બાસઠ પાળી,
ભવી જીવની મોહ નિદ્રા નિવારી,
જંગમ તીર્થ ગુરૂજી સ્વપરોપકારી,
કરૂં હે ગુરૂ વંદના કોટી વારી. ॥ ૫ ॥

ગુરૂ ગુણ કહેતાં નહિં પાર આવે,
વિના શકિતએ તે કહ્યા કેમ જાવે,
તથા સ્તવું ભકિતથી ભાવ ધારી,
કરૂં હે ગુરૂ વંદના કોટી વારી ॥ ૬ ॥

સહસ હોય નવના વૈશાખ માસે,
વદી છઠ્ઠ બુધવારની મધ્ય રાતે,
અઠયોતેરમે વર્ષે સ્વર્ગે સીધાવ્યા,
કરૂં હે ગુરૂ વંદના કોટી વારી ॥ ૭ ॥

સંવત ઓગણીસે પિસ્તાલીસ સાલ,
પ્રભાશ્રીજી મહારાજનો જન્મ કાલ,
વળી ત્રીસ વર્ષે ઉભય પક્ષ ત્યાગી,
બન્યા ચંપાશ્રીજી તણા પટ્ટધારી ॥ ૮ ॥

ગુરૂ જ્ઞાનથી પ્રૌઢ પ્રભાવ શાળી,
અગણિત ગુણો ને અજબ શકિત ધારી,
પ્રતિભા તુમારી ગુરૂ ભકિત ભારી,
ગુરૂ શિષ્યાની અજોડ જોડ દીપાવી ॥ ૯ ॥

સહસ દોય તેરે કાર્તિક અમાસે,
વદે વીર શબ્દે ગયા સ્વર્ગવાસે,
અડત્રીસ વર્ષ સુચારિત્ર પાળી,
સમુદાયના બહુ બન્યા ઉપકારી ॥ ૧૦ ॥

હતો આશરો એક ગુરૂજી તુમારો,
થયો આતમા આ નિરાધાર મારો,
અરે દૈવ માફં હૃદય શુન્યકારી,
કરૂં હે ગુરૂ વંદના કોટી વારી ॥ ૧૧ ॥

હવે શાન્તિથી આશ્રય કોણ દેશે,
અમારી અરે કોણ સંભાળ લેશે,
ગુરૂ અમારી દયા દિલ ધારી,
સદા આપજો શુભ આશીષ સારી,
કરૂં હે ગુરૂ વંદના કોટી વારી ॥ ૧૨ ॥

# શેઠ ચીમનલાલ વાડીલાલ



જન્મ : સં. ૧૯૭૦ વૈશાખ વદ ૧૧

સ્વર્ગવાસ : સં. ૨૦૨૧ ફાગણ સુદ ૮

શ્રી પુષ્પાબેન



જન્મ : સં. ૧૯૭૮ ભાદરવા વદ ૫

# ધર્મનિષ્ઠ અખંડસેવાભાવી શ્રી ચીમનલાલ -વાડીલાલની ટૂંક જીવન રેખા.

જયાંથી મોક્ષ માર્ગ અવિરત ચાલુ છે. તેવા ચૌદરજજુલોકના અસંખ્યાતભાગરૂપ માનવ ક્ષેત્રમાં પણ ત્રણ ભુવનમાં જેની સમાનતા ન મળે તેવા શત્રુંજયતીર્થને લલાટ રૂપે ધારણ કરતા, ભારતવર્ષનાં મનોહર ગુજરાત પ્રદેશમાં એક અનોખું વ્યક્તિત્વ ધરાવતું બંદર ખંભાતબંદર. જે ખંભાતને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્ર,સૂરિ, કુમારપાળ અને ઉદામહેતાની ઉચ્ચત્તમ જિનધર્મ વાસિત છાયા મળી હતી, જે ખંભાતમાં વસ્તુપાળ તેજપાળની વેપારી કલા અને શૌર્યકલા ભરેલી હતી.

જે ખંભાતમાં નવાંગી ટીકાકાર અભયદેવ સૂરિજી મહારાજે "શ્રી જયતિહુયણ" સ્તોત્રથી પ્રગટ કરેલ સ્થંભન પાર્શ્વનાથનો પ્રગટ પ્રભાવ અને અપૂર્વ ચમત્કારિતા હતી, વળી રાજીયા વાજીયા, મોતીશા શેઠ એમ અનેક ધનિક વેપારીઓના વાસરૂપ હતું, અને જેમાં ઋષભદાસ કવિનું કવિત્વભર્યું હતું.,

અર્વાચીન કાળમાં પણ જયાં સ્થાવરતીર્થરૂપ ૬૫ ગગનચુંબી જિનાલયો અને જંગમતીર્થ સ્વરૂપ શાસન સમ્રાટ્ નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ અનેક આચાર્ય પુંગવોની અવારનવાર પધરામણી થતી હતી.

વળી અર્વાચીન ખનિજ પદાર્થોથી પણ ખંભાત જગમશહુર બન્યું છે. એવા આ બંદરમાં વસ્તીની મધ્યમાં આવેલા ગંધ્રકવાડા નામના મહોલ્લામાં એક અતિ પ્રતિષ્ઠા-ધરાવતા શ્રી વીશાપોરવાડ જ્ઞાતીય વખતચંદ વીરચંદ– ના કુટુંબમાં જેમણે એક શુભ દિવસે

જન્મ લીધો. વખતચંદભાઇના ત્રણ પુત્રો મોહનલાલ વાડીલાલ અને ખૂબચંદ ભાઇ તેમાં વાડીલાના પુત્ર શ્રી ચીમનભાઇ તેઓશ્રીને માત્ર દશવર્ષ એટલે બાલ્યકાળ અને અભ્યાસ કાળમાંજ પિતાશ્રીની પાંખ તૂટી ગઈ અને દશજ વર્ષની ઉંમરમાં કુટુંબની જવાબદારી સંભાળવાની પરિસ્થિતિ ઉભી થઈ ઉચ્ચ કુટુંબના ઉચ્ચ સંસ્કારનો વારસો શરૂઆતથી જ મળેલો હોવાથી તેઓ હિંમત હારી ન જતાં પિતાસમાન શ્રી મોહનભાઈની છાયાતળે અને આપ બળે આગળ વધ્યા. શ્રી મોહનભાઈના પણ માનવતા ગુણભર્યાં ઔદાર્ય ગાંભીર્ય વિગેરે ગુણોથી વાસિત બન્યા.

તેઓશ્રી તરફથી વીશા પોરવાડ જ્ઞાતિને અવારનવાર ઘણીજ સખાવતો મળતી રહી છે. પણ તેઓ જ્ઞાતિ પુરતાજ મર્યાદિત બનતાં, છતાં કેળવણી વિષયક, સામાજીક અને ધાર્મિક કાર્યોમાં પણ તેઓએ ખૂબ ખૂબ ઉદારતા બતાવી છે, અને તે તે સંસ્થાઓને સહકાર આપી સધ્ધર બનાવી છે.

ખંભાતમાં જીરાળા પાડામાં શ્રી ચીમનલાલ વાડીલાલ ફ્રી આયોકેમિક દવાખાનું તેઓશ્રીએ વર્ષોથી ચાલુ કરી ઘણાંને રાહત આપી છે. જેમાં ડૉ. ભોગીભાઈ કામ કરે છે.

લાલબાગ હોસ્પિટલ પ્રસૂતિગૃહમાં આરામગૃહ બંધાવી આપી એક માનવતાનું પ્રતિક ઉભું કર્યું છે.

વળી તેઓશ્રીએ પોતાના ખર્ચે માંડવીની પોળના બહેનોનો ઉપાશ્રય જીર્ણોદ્ધાર કરાવી બંધાવી આપી તેમના કાકા શ્રી મોહનલાલ વખતચંદ પાસેથી મેળવેલા ગુણોના વારસાનું ઋણ અદા કરવારૂપ તેઓશ્રીના નામે એટલે "મોહનલાલ વખતચંદ જ્ઞાનમંદિર" તરીકે સ્મૃતિ ચિન્હ મૂકવામાં આવેલ છે. ખંભાતના શ્રી વર્ધમાન તપ આયંબીલખાતામાં પણ સારો સહકાર આપતા હતા. આ પુસ્તક

પ્રકાશનમાં પણ મુખ્ય સહકાર શ્રી ચીમનભાઈનોજ છે. તે તેમની જ્ઞાન ભકિતની ભાવના પ્રગટ કરી આપે છે.

ખંભાત તો તેઓશ્રીનું વતન હોવાથી ત્યાં ઉદારતા બતાવી એટલુંજ નહિં મુંબઈ તેમજ બીજાં શહેરો અને તીર્થોમાં પણ તેઓએ સારી એવી ઉદારતા બતાવી છે.

તેઓશ્રી આ પ્રમાણે સામાજિક અને ધાર્મિક કાર્યો કરતા હતા જાણે તદ્દન નાની જીંદગી લઈનેજ ન આવ્યા હોય તેમ એકાએક સં–૨૦૨૧ના ફાગણ સુદી ૭ ના દિવસે મોટર એકસીડેંટ થતાં આઠમના રોજ તેઓશ્રીએ જીવનમાં મેળવેલી આધ્યાત્મિક કેળવણી રૂપ નવકારમંત્ર સ્મરણ કરતાં સમાધિપૂર્વક સ્વર્ગસ્થ થયા. સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં આવા ઉદારદિલ અને માર્ગદર્શક આત્માની મહાન ખોટ પડી છે.

તેઓશ્રીના ધર્મ પત્નીશ્રી પુષ્પાબેનને તેમજ તેમના કુટુંબી જનોને તેઓશ્રીની ખોટ લાગેજ એ સ્વાભાવિક છે.

શાસન દેવ તેઓનો આત્મા જ્યાં હોય ત્યાં સહાયક બનો એવી પ્રાર્થના કરીએ છીએ.

એજ લી.

**પંડિત શ્રી છબીલદાસ કેશરીચંદ** સંઘવી. ખંભાત—

★

# વિષયાનુક્રમણિકા


| નંબર | નામ | પૃષ્ટ |
|---|---|---|
| | ચૈત્યવંદન વિભાગ | |
| ૧ | શ્રી આદીશ્વરજીનું | ૧ |
| ૨ | ,, સિદ્ધચક્રજીનું | ૧ |
| ૩ | ,, સીમંધર સ્વામિજીનું | ૨ |
| ૪ | ,, સિદ્ધચક્રજીનું | ૨ |
| ૫ | ,, પંચતીર્થનું | ૩ |
| ૬ | ,, ,, | ૩ |
| ૭ | ,, વાસુપૂજ્ય સ્વામીનું | ૪ |
| ૮ | ,, મલ્લિનાથજીનું | ૪ |
| ૯ | ,, ચોવીશજિન ભગગણત્રીનું | ૪ |
| ૧૦ | ,, દીવાળી પર્વનું | ૫ |
| ૧૧ | ,, ગૌતમ સ્વામીનું | ૫ |
| ૧૨ | ,, અષ્ટાપદજીનું | ૬ |
| ૧૩ | ,, જીનપૂજાનું | ૬ |
| ૧૪ | એકસો સીત્તેર જિનનું | ૬ |
| ૧૫ | શ્રી પ્રદક્ષિણાનું | ૭ |
| ૧૬ | ,, ઉપદેશનું | ૭ |
| ૧૭ | ,, ચોથનું | ૮ |
| ૧૮ | ,, રોહિણીનું | ૮ |
| ૧૯ | ,, નેમિનાથજીનું | ૯ |
| ૨૦ | ,, શાન્તિનાથજીનું | ૯ |
| | ॥ સ્તવન-ઢાળ-વિભાગ ॥ | |
| ૧ | શ્રી ચોવીશજિનેશ્વરના છંદ | ૧૦ |
| ૨ | ,, ગૌતમ સ્વામીજીનો છંદ | ૧૭ |
| ૩ | ,, બીજનું સ્તવન | ૧૭ |
| ૪ | ,, પંચમીનું ,, ઢાળ-૫ | ૨૦ |
| ૫ | ,, અષ્ટમીનું સ્તવન ઢાળ-૨ | ૩૦ |
| ૬ | ,, મૌન એકાદશીનું ઢાળ-૩ | ૩૩ |
| ૭ | ,, છ આવશ્યકનું ઢાળ-૬ | ૩૭ |
| ૮ | ,, ષટ્ પર્વીનું ઢાળ-૯ | ૪૩ |
| ૯ | ,, છઠ્ઠા અટ્ઠાઈનું ઢાળ-૯ | ૫૪ |
| ૧૦ | ,, રૂષભદેવ સ્વામિનું ઢાળ-૬ | ૬૨ |
| ૧૧ | ,, મહાવીરસ્વામિના સત્તાવીસ ભવનું ઢાળ-૫ | ૭૦ |
| ૧૨ | ,, મહાવીર સ્વામિના પંચ કલ્યાણકનું ઢાળ-૩ | ૭૭ |
| ૧૩ | ,, આંતરાનું સ્તવન | ૮૫ |

| નંબર | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૪ | ,, બાર આરાનું સ્તવન ઢાળ-૧૨ | ૮૭ |
| ૧૫ | ,, દીવાળીનું સ્તવન ઢાળ-૧૦ | ૯૮ |
| | ,, વીર જિનસ્તવન | ૧૧૫ |
| ૧૬ | ,, શત્રુંજય ઉધ્ધાર સ્તવન ઢાળ-૧૨ | ૧૧૬ |
| ૧૭ | ,, નેમજીનું સ્તવન ઢાળ-૧૨ | ૧૩૨ |
| ૧૮ | ,, નેમનાથનો સલોકો | ૧૪૩ |
| ૧૯ | ,, સમકિતનું સ્તવન ઢાળ-૨ | ૧૫૫ |
| ૨૦ | ,, જ્ઞાન--દર્શન ચારિત્રનું ઢાળ-૨ | ૧૫૮ |
| ૨૧ | ,, દાન મહિમા સ્તવન | ૧૬૨ |
| ૨૨ | ,, શિયલમહિમા સ્તવન | ૧૬૪ |

॥ સ્તવન-વિભાગ ॥

| નંબર | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ભરત ક્ષેત્રના લેખનું સ્તવન | ૧૬૬ |
| ૨ | શ્રી આદિનાથ જન્મ વધાઈનું સ્તવન | ૧૬૯ |
| ૩ | ,, આદીશ્વરજીનું સ્તવન | ૧૭૦ |
| ૪ | ,, ,, | ૧૭૦ |
| ૫ | ,, ,, | ૧૭૧ |
| ૬ | ,, ,, | ૧૭૨ |
| ૭ | ,, ,, | ૧૭૪ |
| ૮ | ,, ,, | ૧૭૪ |
| ૯ | ,, ,, | ૧૭૫ |
| ૧૦ | ,, ,, | ૧૭૬ |
| ૧૧ | ,, ,, | ૧૭૭ |
| ૧૨ | ,, શત્રુંજયનું સ્તવન | ૧૭૮ |
| ૧૩ | ,, ,, | ૧૭૯ |
| ૧૪ | ,, ,, | ૧૮૦ |
| ૧૫ | ,, અજિતનાથ પ્રભુ સ્તવન | ૧૮૧ |
| ૧૬ | ,, અજિતનાથજીનું સ્તવન | ૧૮૨ |
| ૧૭ | સંભવનાથજિન સ્તવન | ૧૮૩ |
| ૧૮ | ,, અભિનંદનસ્વામિનું | ૧૮૪ |
| ૧૯ | ,, અભિનંદનસ્વામિનું | ૧૮૫ |
| ૨૦ | ,, સુમતિનાથ જિનનું | ૧૮૬ |
| ૨૧ | ,, પદ્મપ્રભુ સ્વામીનું | ૧૮૭ |
| ૨૨ | ,, સુપાર્શ્વ જિનનું | ૧૮૭ |
| ૨૩ | ,, ચંદ્રપ્રભ જિનનું | ૧૮૮ |
| ૨૪ | , સુવિધિનાથ જિનનું | ૧૮૯ |
| ૨૫ | ,, શીતલનાથજીનું | ૧૯૦ |
| ૨૬ | ,, શ્રેયાંસ જિનનું | ૧૯૧ |
| ૨૭ | ,, વાસુપૂજ્ય સ્વામીનું | ૧૯૨ |
| ૨૮ | ,, વિમલનાથસ્વામીનું | ૧૯૨ |

| નંબર | | નામ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૨૯ | ,, | અનંતનાથ સ્વામીનું | ૧૯૩ |
| ૩૦ | ,, | ધર્મનાથ જિનનું | ૧૯૪ |
| ૩૧ | ,, | શાંતિનાથજીનું | ૧૯૫ |
| ૩૨ | ,, | ,, | ૧૯૬ |
| ૩૩ | ,, | કુંથુનાથજીનું | ૧૯૭ |
| ૩૪ | ,, | અરનાથજીનું | ૧૯૮ |
| ૩૫ | ,, | મલ્લિનાથજીનું | ૨૦૦ |
| ૩૬ | ,, | મુનિસુવ્રત સ્વામીનું | ૨૦૧ |
| ૩૭ | ,, | નમિનાથજીનું | ૨૦૨ |
| ૩૮ | ,, | નેમિનાથજીનું | ૨૦૩ |
| ૩૯ | ,, | ,, | ૨૦૪ |
| ૪૦ | ,, | ,, | ૨૦૬ |
| ૪૧ | ,, | ,, | ૨૦૭ |
| ૪૨ | ,, | પાર્શ્વનાથજીનું | ૨૦૮ |
| ૪૩ | ,, | સંખેશ્વર પાર્શ્વનાથનું | ૨૦૯ |
| ૪૪ | ,, | ,, | ૨૧૦ |
| ૪૫ | ,, | ,, | ૨૧૦ |
| ૪૬ | ,, | મહાવીર સ્વામીજીનું | ૨૧૧ |
| ૪૭ | ,, | ,, | ૨૧૪ |
| ૪૮ | ,, | દીવાળીનું સ્તવન | ૨૧૫ |
| ૪૯ | ,, | મહાવીર સ્વામીજીનું | ૨૧૬ |
| ૫૦ | ,, | ,, | ૨૧૮ |
| ૫૧ | ,, | ગૌતમ સ્વામીજીનું | ૨૨૦ |
| ૫૨ | ,, | પજુસણનું | ૨૨૧ |
| ૫૩ | ,, | સીમંધરસ્વામીજીનું | ૨૨૩ |
| ૫૪ | ,, | ,, | ૨૨૪ |

| નંબર | | નામ | પૃષ્ટ |
|---|---|---|---|
| ૫૫ | ,, | ,, | ૨૨૪ |
| ૫૬ | ,, | અનંતવીર્ય જિનનું | ૨૨૫ |
| ૫૭ | ,, | વિહરમાન જિનનું | ૨૨૭ |
| ૫૮ | ,, | સમવસરણનું | ૨૨૮ |
| ૫૯ | ,, | પરમાત્માનું | ૨૨૯ |
| ૫૯ | ,, | જિન પ્રતિમાનું | ૨૩૦ |
| ૬૦ | ,, | સામાન્યજિનનું | ૨૩૧ |
| ૬૧ | ,, | સંસાર સ્વરૂપનું | ૨૩૨ |
| ૬૨ | ,, | અષ્ટાપદજીનું | ૨૩૩ |
| ૬૩ | | ,, | ૨૩૫ |
| ૬૪ | | ,, | ૨૩૫ |
| ૬૫ | ,, | ચોવીશ જિનેશ્વરના પરિવારનું | ૨૩૬ |
| ૬૬ | ,, | ઋષભદેવ સ્વામીનું | ૨૩૯ |
| ૬૭ | ,, | સામાન્યજિનનું | ૨૪૧ |
| ૬૮ | ,, | ,, | ૨૪૨ |
| ૬૯ | ,, | ખંભાત મંડન જિનભુવનનું | ૨૪૩ |
| ૭૦ | ,, | સંપ્રતિ રાજાનું | ૨૪૫ |
| ૭૧ | ,, | નવપદજીનું સ્તવન | ૨૪૬ |
| ૭૨ | | ,, | ૨૪૭ |
| ૭૩ | ,, | સ્થંભન પાર્શ્વ-નાથજીનું | ૨૪૮ |
| ૭૪ | ,, | ચિંતામણિ પાર્શ્વજિનનું | ૨૫૦ |
| ૭૫ | ,, | ગોડીપાર્શ્વજિનનું | ૨૫૬ |

| નંબર | નામ | પૃષ્ટ |
|---|---|---|
| ૭૬ | ,, મહાવીરજિન-તપશ્ચર્યા વર્ણનનું | ૨૫૨ |
| ૭૭ | ,, નેમરાજુલનું સ્તવન | ૨૫૪ |
| ૭૮ | ,, આદિનાથજિનસ્તવન | ૨૫૫ |
| ૭૯ | શ્રી સુવિધિજિન સ્તવન | ૨૫૬ |
| ૮૦ | ,, શીતલનાથ જિન સ્તવન | ૨૫૭ |
| ૮૧ | ,, શાંતિનાથ જિનસ્તવન | ૨૫૮ |
| ૮૨ | ,, મલ્લિનાથજીનું સ્તવન | ૨૫૯ |
| ૮૩ | ,, સીમંધરસ્વામી વિનતિનું | ૨૬૦ |
| ૮૪ | ,, મહાવીર સ્વામીનું પારણું | ૨૬૧ |
| ૮૫ | ,, ચિન્તામણી પાર્શ્વ-નાથ શ્લોક | ૨૬૪ |

## ॥ સ્તુતિ-વિભાગ ॥

| નંબર | નામ | પૃષ્ટ |
|---|---|---|
| ૧ | શ્રી રૂષભદેવની સ્તુતિ | ૨૬૫ |
| ૨ | ,, શાંતિનાથજીન સ્તુતિ | ૨૬૫ |
| ૩ | ,, અગોયારસની સ્તુતિ | ૨૬૬ |
| ૪ | ,, સિદ્ધચક્રની સ્તુતિ | ૨૬૭ |
| ૫ | ,, રાત્રિભોજનની સ્તુતિ | ૨૬૮ |
| ૬ | ,, અધ્યાત્મ સ્તુતિ | ૨૬૯ |
| ૭ | ,, શાન્તિનાથજી સ્તુતિ | ૨૭૦ |
| ૮ | ,, મહાવીર સ્વામીની સ્તુતિ | ૨૭૦ |
| ૯ | ,, અધ્યાત્મ સમસ્યા સ્તુતિ | ૨૭૧ |
| ૧૦ | ,, ,, | ૨૭૧ |
| ૧૧ | ,, રોહિણીની સ્તુતિ | ૨૭૨ |
| ૧૨ | ,, સીમંધર સ્વામીસ્તુતિ | ૨૭૨ |
| ૧૩ | ,, સિધ્ધાચલજીની સ્તુતિ | ૨૭૩ |
| ૧૪ | ,, સીમંધર સ્વામી-સ્તુતિ | ૨૭૪ |
| ૧૫ | ,, નેમનાથજીની સ્તુતિ | ૨૭૪ |
| ૧૬ | ,, સંખેશ્વર પાર્શ્વનાથજી સ્તુતિ | ૨૭૫ |
| ૧૭ | ,, નેમનાથજીનું ચૈત્યવંદન | ૨૭૫ |
| ૧૮ | ,, સોળસતીઓની સ્તુતિ | ૨૭૫ |

## ॥ સજ્ઝાય-વિભાગ ॥

| નંબર | નામ | પૃષ્ટ |
|---|---|---|
| ૧ | ,, ગૌતમ પૃચ્છાની સજ્ઝાય | ૨૭૬ |
| ૨ | ,, બારવ્રતની સજ્ઝાય | ૨૭૯ |
| ૩ | ,, કલાવતીની સજ્ઝાય | ૨૮૧ |
| ૪ | ,, નેમ રાજુલની ,, | ૨૮૫ |

| નંબર | | નામ | | પૃષ્ટ |
|---|---|---|---|---|
| ૫ | ,, | મરૂદેવી માત્તાની | ,, | ૨૮૮ |
| ૬ | ,, | અંજના સતીની | | ૨૮૮ |
| | | સજ્ઝાય | | |
| ૭ | ,, | અમકા સતીની | ,, | ૨૯૧ |
| ૮ | ,, | શિખામણની | ,, | ૨૯૪ |
| ૯ | ,, | ચેતનને ઉપદેશની | ,, | ૨૯૫ |
| ૧૦ | ,, | તેર કાઠીયાની | ,, | ૨૯૭ |
| ૧૧ | ,, | ઉપદેશક | ,, | ૨૯૮ |
| ૧૨ | ,, | પૂન્યપાપના કુટુંબની | ,, | ૩૦૦ |
| ૧૩ | ,, | વૈરાગ્યની | ,, | ૩૦૧ |
| ૧૪ | ,, | મનભમરાની | ,, | ૩૦૨ |
| ૧૫ | ,, | જંબુ સ્વામીની | ,, | ૩૦૪ |
| ૧૬ | ,, | દેવાનંદાની | ,, | ૩૦૭ |
| ૧૭ | ,, | સંગતની | ,, | ૩૦૮ |
| ૧૮ | ,, | ઉપદેશની | ,, | ૩૧૦ |
| ૧૯ | ,, | સ્થુલિભદ્રની | ,, | ૩૧૧ |
| ૨૦ | ,, | કર્મની | ,, | ૩૧૧ |
| ૨૧ | ,, | વૈરાગ્યની | ,, | ૩૧૩ |
| ૨૨ | ,, | વર્ધમાન તપની | ,, | ૩૧૪ |
| | | ઢાળ—૨ | | |
| ૨૩ | ,, | આધ્યાત્મિક | ,, | ૩૧૬ |
| ૨૪ | ,, | આત્મા વિષે | ,, | ૩૧૭ |
| ૨૫ | ,, | આધ્યાત્મિક | ,, | ૩૧૮ |
| ૨૬ | ,, | આત્મા વિષે | ,, | ૩૧૯ |
| ૨૭ | | ,, | | ૩૨૧ |

| નંબર | | નામ | | પૃષ્ટ |
|---|---|---|---|---|
| ૨૮ | ,, | ભવિષ્યની | ,, | ૩૨૨ |
| ૨૯ | ,, | રાવણ મંદોદરીની | ,, | ૩૨૩ |
| ૩૦ | ,, | કળિયુગની | ,, | ૩૨૪ |
| ૩૧ | ,, | ગૌતમ સ્વામીની | ,, | ૩૨૫ |
| ૩૨ | ,, | સીતાજીની | ,, | ૩૨૭ |
| ૩૩ | ,, | અઢાર નાતરાની | ,, | ૩૨૮ |
| ૩૪ | ,, | ધમ્મો મંગલની | ,, | ૩૩૦ |
| ૩૫ | ,, | ઉપદેશની | ,, | ૩૩૧ |
| ૩૬ | ,, | ધન્નાજીની | ,, | ૩૩૨ |
| ૩૭ | ,, | શાલિભદ્રજીની | ,, | ૩૩૩ |
| ૩૮ | ,, | વહુની સજ્ઝાય | | ૩૩૫ |
| ૩૯ | ,, | બાહુબલિજીની | ,, | ૩૩૬ |
| ૪૦ | ,, | મરૂદેવીમાતાનો | ,, | ૩૩૬ |
| ૪૧ | ,, | સુજ્યેષ્ઠાની | ,, | ૩૩૮ |
| ૪૨ | ,, | સંતોષની | ,, | ૩૩૯ |
| ૪૩ | ,, | ઇરિયાવહિની | ,, | ૩૩૯ |
| ૪૪ | ,, | રોહિણીની | ,, | ૩૪૦ |
| ૪૫ | ,, | મોક્ષનગરની | ,, | ૩૪૨ |
| ૪૬ | ,, | વણઝારાની | ,, | ૩૪૨ |
| ૪૭ | ,, | રાજુલની | | ૩૪૪ |
| ૪૮ | ,, | દિવાળીપર્વની | ,, | ૩૪૫ |
| ૪૯ | ,, | ચંદન બાલાની | ,, | ૩૪૬ |
| ૫૦ | ,, | સુલસાસતીની | ,, | ૩૪૭ |
| ૫૧ | ,, | ભરત ચક્રવર્તિની | ,, | ૩૪૯ |
| ૫૨ | ,, | કાર્તિક શેઠની | ,, | ૩૪૯ |
| ૫૩ | ,, | મેઘકુમારની | ,, | ૩૫૦ |

| નંબર | નામ | પૃષ્ટ |
|---|---|---|
| ૫૪ ,, | ત્રિશલામાતાની ,, | ૩૫૧ |
| ૫૫ ,, | વૈરાગ્યની ,, | ૩૫૨ |
| ૫૬ ,, | નવકારવાળીની ,, | ૩૫૩ |
| ૫૭ ,, | લોભની ,, | ૩૫૪ |
| ૫૮ ,, | વજ્રસ્વામીની ,, | ૩૫૫ |
| | ઢાળ—૧૫ | |
| ૫૯ ,, | એકાદશીની ,, | ૩૭૦ |
| ૬૦ ,, | ગુરૂવિનયની ,, | ૩૭૧ |
| ૬૧ ,, | ગજસુકુમાલની ,, | ૩૭૧ |
| ૬૨ ,, | નેમનાથજીની ,, | ૩૭૨ |
| ૬૩-૬૪ | જીવને શીખામણની | ૩૭૪ |
| | ઢાળ—૨ | |
| ૬૫ ,, | વૈરાગ્યની ,, | ૩૭૬ |
| ૬૬ ,, | અંતસમય-આરાધના ,, | ૩૭૭ |
| ૬૭ ,, | જીવને શિખામણની ,, | ૩૭૯ |
| ૬૮ ,, | અધ્યાત્મની ,, | ૩૮૦ |
| ૬૯ ,, | મૂર્ખમનને શિખામણ | ૩૮૧ |
| ૭૦ ,, | કાયા અને જીવની | ૩૮૧ |
| ૭૧ ,, | કાયાને જીવનો ઉત્તર | ૩૮૨ |
| ૭૨ ,, | આત્માને ઉપદેશની,, | ૩૮૪ |
| ૭૩ ,, | સમકિતની ,, | ૩૮૫ |
| ૭૪ ,, | સુખડલીની ,, | ૩૮૫ |
| ૭૫ ,, | નંદાસતીની ,, | ૩૮૬ |
| ૭૬ ,, | વૈરાગ્યના ,, | ૩૮૭ |

| નંબર | નામ | પૃષ્ટ |
|---|---|---|
| ૭૭ ,, | સોદાગરની ,, | ૩૮૮ |
| ૭૮ ,, | વિનયની ,, | ૩૮૮ |
| ૭૯ ,, | જીવને શિખામણની | ૩૮૯ |
| ૮૦ ,, | દશ વૈકાલિકની ,, | ૩૯૦ |
| | ૧ અધ્યયનની | |
| ૮૧ ,, | બીજા ,, | ૩૯૧ |
| ૮૨ ,, | ત્રીજા ,, | ૩૯૩ |
| ૮૩ ,, | ચોથા ,, | ૩૯૪ |
| ૮૪ ,, | પાંચમા ,, | ૩૯૬ |
| ૮૫ ,, | છઠ્ઠા ,, | ૩૯૮ |
| ૮૬ ,, | સાતમા ,, | ૩૯૯ |
| ૮૭ ,, | આઠમા ,, | ૪૦૧ |
| ૮૮ ,, | નવમા ,, | ૪૦૩ |
| ૮૯ ,, | દસમા ,, | ૪૦૫ |
| ૯૦ ,, | અગીઆરમા ,, | ૪૦૬ |
| ૯૧ ,, | ઇલાચીપુત્રની ,, | ૪૦૮ |
| ૯૨ ,, | દ્રૌપદીની | ૪૧૦ |
| ૯૩ ,, | ધર્મના ચારપ્રકારની | ૪૧૩ |
| ૯૪ ,, | કોણિક પુત્રની | ૪૧૪ |
| ૯૫ ,, | નેમ રાજુલની | ૪૧૬ |
| ૯૬ ,, | ભાવ વિષે સજઝાય | ૪૧૭ |
| ૯૭ ,, | શ્રીઆત્મિક ,, | ૪૧૮ |
| ,, | ધર્મપુત્રીને પત્ર | ૪૧૯ |
| ', | સોનેરી સુવાકયો | ૪૨૪ |

# શુદ્ધિ પત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૩ | ૧૩ | કરે | કહે |
| ૨૭ | ૫ | પાયો | પામો |
| ૨૯ | ૪ | કવલીયો | કવલી-ઘો |
| ૩૬ | ૩ | ભળે | ભવે |
| ૪૩ | ૧૦ | ઈબ્યારશ | ઈગ્યારશ |
| ૪૩ | ૧૧ | શભ | શુભ |
| ૪૪ | ૫ | મેહનો | તેહનો |
| ૪૪ | ૧૪ | શેઠણા | શેઠના |
| ૪૬ | ૪ | મહિર | માહરે |
| ૪૮ | ૧૪ | કુર્ય | કર્મ |
| ૫૦ | ૧૧ | બને | ને |
| ૫૨ | ૧૧ | પર્વતિધિ | પર્વતિથિ |
| ૫૭ | ૮ | આસરા | અપ્સરા |
| ૬૧ | ૩ | આરણા | આચરણા |
| ૯૩ | ૨ | સોપને | સોયને |
| ૯૩ | ૧૦ | મન્ય | મન્ય |
| ૧૦૬ | ૧૨ | બાપ્પભટ્ટ | બપ્પભટ્ટ |
| ૧૧૨ | ૯ | એહવ | એહવે |
| ૧૧૪ | ૧૦ | ચાંપો | ચાપ્યો |
| ૧૧૯ | ૨ | ચાથે | ચોથે |
| ૧૨૬ | ૭ | પંચાણું | પંચાણું |
| ૧૩૬ | ૨૨ | એન | એમ |

| પૃષ્ટ | પંક્તી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૩૭ | ૧ | ભેરીયેરે | ભેટીએરે |
| ૧૩૮ | ૧૮ | કહેશે | કહેશે |
| ૧૫૮ | ૧૩ | લાલના | લલના |
| ૧૭૬ | ૧ | ત્યારે | ત્યાંરે |
| ૧૮૩ | ૯ | ષદ | ષટ |
| ૨૦૬ | ૧૪ | મુફતે | મુકતે |
| ૨૦૯ | ૧૦ | પણુ | પણ |
| ૨૧૩ | ૯ | મહહરૂ | માહરૂં |
| ૨૧૭ | ૧૫ | ચોવીશુ | ચોવીશ |
| ૨૨૨ | ૨૦ | ગીતા | ગીત |
| ૨૩૧ | ૧૦ | લડાઈ | લખાઈ |
| ૨૫૪ | ૭ | કોરાણું | કોરાણું |
| ૨૬૬ | ૯ | સપ્રહ્ય | સપ્રહ્મ |
| ૨૭૯ | ૧૨ | પડયું | પડયું |
| ૨૯૫ | ૧૩ | કુક | ક્રૂર |
| ૩૧૮ | ૧૧ | ટોકડી | ટોડડી |
| ૩૨૩ | ૯ | પાયે | પાગે |
| ૩૩૮ | ૧૮ | અવગ્મું | અવળું |
| ૩૩૯ | ૪ | પોટીયાં | પોઢીયાં |
| ૩૭૨ | ૧૧ | ક્ષેણી | શ્રેણી |
| ૩૮૫ | ૧૨ | લિંઘ | લિંગ |
| ૩૮૭ | ૧૨ | લાશ | લાખ |
| ૩૯૦ | ૫ | અનંની | અનંતી |

★

## : શ્રી સરસ્વતી દેવીની સ્તુતિ :

વીણા પુસ્તક ધારિણી ભગવતિ, દેવેન્દ્ર સંસેવિતા,
વાગ્દેવી જયતાત્ સુરાસુરનરૈઃ સંપૂજિતા સન્મુખા,
સંસારાર્ણવતારિણી વિજયિની, દારિદ્ર નિર્નાશિની,
વિઘ્નધ્વાન્તહરી સુસૌખ્ય જનની, સર્વાર્થ સંસાધિની.
॥ ૧ ॥

## ॥ શ્રી વિષહર પાર્શ્વનાથનો મહામંત્ર ॥

ૐ જિતુ ૐ જિતુ ૐ જિતુ ઉપશમ ધરી,
ૐ પાર્શ્વ અક્ષર જપંતે;
ભૂતને પ્રેત જ્યોતિષ વ્યંતર સુરા,
ઉપશમે વાર એકવીશ ગુણંતે. ॥ ૐ જિતું૦ ॥ ૧ ॥
દુષ્ટ ગ્રહ રોગ તિમ શોક જરા જંતુને,
તાવ એકાંતરો, દિન તપંતે;
ગર્ભ બંધન વારણ સર્પ વીંછી વિષ,
બાલકા બાલની વ્યાધિ હંતે. ૐ જિતું ॥ ૨ ॥
શાયણી ડાયણી રોહિણી રાંધણી,
ફોટિકા મોટિકા દુષ્ટ હંતિ;
દાઢ ઉંદરતણી કોલ નોલાતણી,
શ્વાન શિયાળ વિકરાળ દંતી. ॥ ૐ જિતું ॥ ૩ ॥
ધરણ પદ્માવતી સમરી શોભાવતી,
વાટ આઘાટ અટવી અટંતે;
લક્ષ્મી લુંદો મળે, સુજશ વેળા વળે;
સયલ આશા ફળે, મન હસંતે. ॥ ૐ જિતું ॥ ૫ ॥

અષ્ટ મહા ભય હરે, કાન પીડા ટળે,
ઉંદરે શૂળ શીશક ભણંતે;
વદતિ વર પ્રીતશ્યું, પ્રીતિ વિમળ પ્રભો!
પાર્શ્વ જિન નામ અભિરામ મંતે. ।। ઓંજિતું ।। ૫ ।।

## ।। શ્રી સરસ્વતીની સ્તુતિ ।।

યસ્યાઃ પ્રસાદ–પરિવર્ધિત શુદ્ધ– બોધાઃ,
પારં વ્રજન્તિ સુધિયઃ શ્રુતતોય રાશેઃ;
સાનુગ્રહા મમ સમીહિત સિદ્ધયેડસ્તુ,
સર્વજ્ઞ શાસનરતા, શ્રુત દેવતાડસૌ. ।।

## ।। શ્રી સરસ્વતી મંત્ર ।।

ॐ ह्रीं वद वद वावागदिनि ! भगवती ! सरस्वती !
श्रुतदेवी ! मम जाडयं हर हर स्वाहाः श्री भगवत्यै नमः
स्वाहा ठः ठः ठः स्वाहाः ॥
આ જાપ ત્રણ માસ સુધી કરવો.

## –ઃશ્રી –સ્તંભન પાર્શ્વનાથ સ્તુતિ ઃ–

કલ્યાણ કેલી કમલા કમલાય માન,
પ્રોદ્દામ ધામ મહિમા મહિમા નિધાન,
જાત્યશ્મ ગર્ભ મણિ મેચક કાન્તિ દેહં,
શ્રી સ્તભનાધિપતિ પાર્શ્વ જિનં સ્તુવે હમ્ ।। ૧ ।।
નાગેન્દ્ર નિર્મિત ફણાઙ્કિત મૌલિ પાર્શ્વ,
યો ભાત્યુપાસક સુરા સુર નાથ પાર્શ્વ,
યત્તીર્થર ક્ષણ પરો, દિતિ તોડસ્તિ પાર્શ્વ,
શ્રી સ્તંભનાધિપતિરસ્તુ સુખાય પાર્શ્વઃ ।। ૨ ।।

## -: શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની સ્તુતિ :-

પાતાલં કલયન્ ધરાં ધવલય ન્નાકા શમા પુરયન્,
દિક્ ચક્રં કલયન્ સુરા સુરનર શ્રેણીં ચ વિસ્મા પયન્,
બ્રહ્માંડં સુખયન્ જલનિ જલધેઃ ફેનચ્છલી લોલયન્,
શ્રી ચિંતામણિ પાર્શ્વ સંભવ યશો હંસશ્ચિરં રાજતે ॥ ૧ ॥

## —: શ્રીસંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ :—

શ્રીમદ્ ગુર્જરદેશ ભૂષણ મણિ, સર્વ જ્ઞતા ધારકમ્
મિથ્યા જ્ઞાન તમઃ ચલાય નવિધા, વિદ્યુત્ પ્રભં તાયિનમ્
પાર્શ્વ સ્થાપક પાર્શ્વ યક્ષપતિના, સંસેવ્ય પાર્શ્વ દ્વયમ્
શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ મહિમા નન્દેત વન્દે સદા. ॥ ૧ ॥

## —: શ્રી પાર્શ્વનાથ ભગવાનના સ્તુતિ :

પ્રોદ્યત્ સૂર્યસમં સુરા સુરાનરૈઃ સંસેવિતં નિર્મલં,
શ્રીમત્ પાર્શ્વ જિનં જિનપતિં કલ્યાણ વલ્લી ઘનમ્
તીર્થેશં સુરરાજ વન્દિતપદં લોકત્રયી પાવનં,
વન્દે ઽહં ગુણ સાગરં સુખકરં વિશ્વૈક ચિન્તામણિમ્ ॥ ૧ ॥
ભાસ્વદ્દેવ વિનિર્મિતે વરતરે સિંહાસને સંશ્રિતમ્
ચંચચ્ચામર વિજયમાન મનિશં છત્રત્રયી રાજિતમ્
રૂપ્ય સ્વર્ણમણિ પ્રભાસિત વરૈ વપ્ર મયૈ ભૂષિતમ્
વન્દેઽહં જિન પાર્શ્વ દેવ વિમલં, ભાનૂયમાનોદયમ્
॥ ૨ ॥

## ॥ શ્રી માણિભદ્રજીનો જાપ ॥

જાપ શરૂ કરતાં પહેલાં બોલાવાના પદ

॥ श्री तीर्थंकर- गणधरप्रसादात् एषयोग फलतु;

श्री सद्गुरु प्रसादात् एषयोगः फलतु, ॥

## ॥ જાપ

ॐनमो भगवते माणिभद्राय, क्षेत्रपालाय, कृष्णरूथाय, चतुर्भूजाय, जिनशासन भक्ताय, नवनाग सहस्त्रबलाय, किंन्नर किंपुरुष गंधर्व यक्ष राक्षस भूत प्रेत पिशाच, सर्व शाकिनीनां निग्रहं कुरु कुरु स्वाहा.

मां रक्ष रक्ष स्वाहा.

## દાનનાં પાંચ ભૂષણ:

૧ પાત્રને દેખી દાતારની આંખમાં હર્ષના આંસુ આવે.
૨ પાત્રને દેખી દાતારની રામરાજી વિકસ્વર થાય.
૩ પાત્રને દેખી બહુમાનની લાગણી ઉત્પન્ન થાય.
૪ પાત્રને દેખી તેમની અનુમોદના કરે.
૫ પાત્રને દેખી મીઠા વચનથી બોલાવે.

## :દાનનાં પાંચ દૂષણ :

૧ દાન આપવામાં જરાપણ આદર જણાય નહિં.
૨ દાન આપતાં વિલંબ કરે.
૩ દાન આપતાં કડવા વચન બોલે.
૪ દાન આપતાં મોઢું ચઢાવે.
૫ દાન આપીને પાછળથી પશ્ચાતાપ કરે.

## ॥ શ્રી ગોડી પાર્શ્વનાથનું--સ્તવન ॥

મેરે સાહિબ તુમહી હો – એ દેશી

પ્રભુ શ્રી ગોડીચા પાસજી, આશ પુરો કૃપાલ;
જગ માંહે જાણે સહુ, તુમ હો દીન દયાલ ॥ પ્ર ॥ ૧ ॥

બિરૂદ ગરીબ નિવાજનું, અશરણ આધાર;
પતિત પાવન પરમેસરૂ, સેવક સાધાર. ॥ પ્ર ॥ ૨ ॥
ભૂત પ્રેત પીડે નહિ, ધરતાં તુમ ધ્યાન;
ગયવરના અસ્વારને, કહો કિમ અડે શ્વાન. ॥ પ્ર ॥ ૩ ॥
એકતારી તુમ ઉપરે, દ્દઢ સમકિત ધારી;
ભક્ત વચ્છલ ભગવંતજી, કરો ભવ જલ ચારી. ॥ પ્ર ॥ ૪ ॥
પાય પડલ જાયે પરાં, વેદન વિસરાળ;
કહે લાવણ્ય તુમ નામથી, હોવે મંગલ માળ. ॥ પ્ર ॥ ૫ ॥

## શ્રી મહાવીર સ્વામીનું—સ્તવન

### ॥ રાગ ધનાશ્રી ॥

દીઠો દીઠો હો ત્રિશલાકો નંદન દીઠો. થીરપુર મંડન વીરજિનેસર,
નિરખત અમીય પઈઠો; ॥ દીઠો ॥ ૧ ॥
શૂલપાણી સુર સમતા ધારી, તે ચમરો ઉગાર્યો;
શ્રેણિકને નિજ પદવી દીધી, ચંડકોશિયો તાર્યો.
॥ દીઠો ॥ ૨ ॥
ઇંદ્રભૂતિ અભિમાન ઉતારી, કીધો નિજ પટ્ટધારી;
અડદ તણા બાકુલા લેઈ, ચંદનબાળા તારી.
॥ દીઠો ॥ ૩ ॥
ઘમનમુકુરિમે તેં થિર કીનો, સંયમ શમ રસ ભીનો;
રોહિણીયો હણીયો નહિ અભયે, જે તુજ વયણે લીનો.
॥ દીઠો ॥ ૪ ॥
શિવસુખ કારક દુઃખ નિવારક, તારક તું પ્રભુ મીલીયો;
જ્ઞાન વિમલ કહે વીર જિનેસર, દરિસણ સુર તરૂ ફળીયો.
॥ દીઠો ॥ ૫ ॥

*

## અમારું નવું પ્રકાશન

# શ્રી જિનેન્દ્ર દર્શન ચોવીશી

## તથા અનાનુપૂર્વી ( આવૃત્તિ ચોથી )

સંપૂર્ણ પરિકર સાથેના ચોવીશ ભગવાન તથા ગૌતમ સ્વામી સિદ્ધચક્ર, વીશસ્થાનક, ઘંટાકર્ણ, માણીભદ્ર, પદ્માવતીદેવી, ચક્રેશ્વરીદેવી, અંબિકાદેવી તથા શત્રુંજયાદિ તીર્થો સાથે ૪૪ પૂર્ણરંગી ચિત્રો સાથે ભારે આર્ટ પેપર ઉપર સુઘડ છપાઈ સાથે પ્લાસ્ટીક કવર સાથે કીં. રૂા. ૨) વધુ લેનારને યોગ્ય કમીશન આપવામાં આવશે.

---

## શ્રી જૈન કલા સાહિત્ય પ્રકાશન ગૃહના

## બે નવાં પ્રકાશનો

### શ્રીપાળ રાજાનો રાસ (સચિત્ર) રૂા. ૭-૫૦

### ચિત્રમય શ્રીપાળ રાસ

એક રંગી તથા રંગીન બ્લોકો ઉપરાંત ચિત્રો સાથે
સુંદર ત્રિરંગી જેકેટ તથા કલાત્મક બોક્ષ સાથે મૂલ્ય રૂ. ૨૫-૦૦
વધુ નકલ મેળવનારને યોગ્ય કમીશન આપવામાં આવશે.

---

જૈન ધર્મના તમામ પ્રકારનાં સસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી તેમજ અન્ય સંસ્થાના પ્રકાશનો તથા આગમોનાં ભાષાન્તર, ધર્મશાસ્ત્રો, ગદ્યપદ્ય ચરિત્રો, તેમજ પાઠશાલા ઉપયોગી પ્રકાશનો મળશે. મોટું સૂચિપત્ર મંગાવો.

# જૈન પ્રકાશન મંદિર

પ્રો. જસવંતલાલ ગિરધરલાલ શાહ

૩૦૯/૪ દોશીવાડાની પોળ—અમદાવાદ.

# અમારાં નૂતન પ્રકાશનો

| | મૂલ્ય |
|---|---|
| ૧ વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૬ જેમાં પ્રાચીન પૂર્વાચાર્ય વિરચિત પૂજાઓનો સંગ્રહ છે. | ૩–૫૦ |
| ૨ વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૯ | ૫–૦૦ |
| ૩ વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૧૧ | ૬–૦૦ |
| ૪ નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ | ૪–૫૦ |
| ૫ જૈન સજ્ઝાયમાળા (સચિત્ર) | ૩–૦૦ |
| ૬ દેવવંદનમાળા (કથાઓ સહિત) | ૨–૫૦ |
| ૭ પંચપ્રતિક્રમણ વિધિ સહિત | ૨–૫૦ |
| ૮ બે પ્રતિક્રમણ વિધિ સહિત | ૧–૨૫ |
| ૯ જિનેન્દ્રદર્શન ચોવીશી (પરિકર યુક્ત) | ૧–૫૦ |
| ૧૦ નવસ્મરણ (સચિત્ર) | ૧–૦૦ |
| ૧૧ નવસ્મરણ (પોકેટ) | ૧–૨૫ |
| ૧૨ સ્નાત્રપૂજા | ૦–૨૫ |
| १ सामायिक सूत्र | ०–२५ |
| २ सामायिक सूत्र (सचित्र) | ०–४० |
| ३ देवसिराई | ०–७५ |
| ४ बे प्रतिक्रमण विधि सहित | १–५० |
| ५ पंचप्रतिक्रमण विधि सहित | ३–०० |
| ६ विविध पुजा संग्रह भा. १ थी ७ | ५–०० |
| ७ विविध पुजा संग्रह भा. १ थी १० | ७–०० |
| ८ पंच प्रतिक्रमण मूळ | १–५० |

તે સિવાય જૈનધર્મનાં તમામ પ્રકારનાં પુસ્તકો, પ્રતો વિગેરે મળશે.

વધુ માટે સૂચિપત્ર મંગાવો.

**જસવંતલાલ ગિરધરલાલ શાહ**

ઠે. જૈન પ્રકાશન મંદિર, ૩૦૯/૪ ડોશીવાડાની પોળ,

અમદાવાદ–૧.

# શ્રી પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ

## ચૈત્યવંદન વિભાગ

### ૧ ॥ શ્રી આદીશ્વરજીનું ચૈત્યવંદન ॥

કલ્પ વૃક્ષની છાંયડી, નાનડીયો રમતો;
રત્નહિંડોળે હિંચતો, માતાને મન ગમતો. ॥૧॥
સુરદેવી બાલક થઈ, ઋષભજીને તેડે;
વ્હાલા લાગો છો પ્રભુ, હૈડાશું ભીડે. ॥૨॥
જિનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન;
ઇંદ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો સામાન. ॥૩॥
ચોરી બાંધી ચિહું દિશે, સુર ગૌરી ગીત ગાવે;
સુનંદા સુમંગળા, ઋષભજીને પરણાવે. ॥૪॥
સયલ સંગ છડી કરી, કેવળ જ્ઞાનને પામે;
અષ્ટ કર્મનો ક્ષય કરી, પંહોંચ્યા શિવ ધામે. ॥૫॥
ભરતે બિંબ ભરાવીયાએ, શત્રુંજય ગિરિરાય;
શ્રી વિજયપ્રભસૂરીતણો, ઉદય રતન ગુણ ગાય. ॥૬॥

### ૨ ॥ શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન ॥

પહેલે પદ અરિહંતના, ગુણગાઓ નિત્યે;
બીજે સિદ્ધતણા ઘણા, સમરો એક ચિત્તે. ॥૧॥
આચાર્ય ત્રીજે પદે, પ્રણમો બિહું કર જોડી;
નમીયે શ્રી ઉવજ્ઝાયને, ચોથે મદ મોડી. ॥૨॥

પંચમ પદ સર્વ સાધુનુંએ, નમતાં નાણો લાજ;
એ પરમેષ્ઠી પંચને, ધ્યાને અવિચલરાજ. ॥૩॥
દંસણ શંકાદિક રહિત, પદ છઠ્ઠે ધારો;
સર્વનાણ પદ સાતમેં, ખિણ એક નવિ વિસારો. ॥૪॥
ચારિત્ર ચોક્ખું ચિત્તથી, પદ અષ્ટમેં જપીએ;
સકલ ભેદ વિચે દાન ફલ, તપ નવમેં તપીયે. ॥૫॥
એ સિદ્ધચક્ર આરાધતાં, પુરે વાંછિત કોડ;
સુમતિવિજય કવિરાયનો, રામ કહે કર જોડ. ॥૬॥

## ૩ ॥ શ્રી સીમંધરસ્વામીજી ચૈત્યવંદન ॥

પહેલા પ્રણમું વિહરમાન, શ્રી સીમંધર દેવ;
પૂર્વ દિશે ઈશાણ ખુણે, વંદુ હું નિત્યમેવ. ॥૧॥
પુક્ખલવઈ વિજયા તિહાં, પુંડરીકિણી નયરી;
શ્રી શ્રેયાંસ રાજા ભલો, જીત્યા સવિ વયરી. ॥૨॥
દેહમાન ધનુષ પાંચસે, માતા સત્યકીનંદ;
રૂકિમણી રાણી નાહલો, વૃષભ લંછન જિનચંદ. ॥૩॥
ચૌરાશીલખ પૂરવ આય, સોવન વરણી કાય;
વીશ લખ પૂરવ કુમારી વાસી, તેમ તેસઠરાય. ॥૪॥
ગણધર ચોરાશી કહાએ, મુનિવર એકસો કોડી;
પંડિત ધીરવિમલતણો, જ્ઞાનવિમલ કહે કરજોડી. ॥૫॥

## ૪ ॥ શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન ॥

શ્રી સિદ્ધચક્ર મહામંત્રરાજ, પૂજા પરિસિદ્ધ;
જાસ નમનથી સંપજે, સંપૂરણ રિદ્ધ. ॥૧॥

અરિહંતાદિક નવપદ, નિત્ય નવનિધિ દાતા;
એ સંસાર અસાર સાર, હોય પાર વિખ્યાતા. ॥૨॥
અમલાચલ પદ સંપજે, પુરે મનના કોડ;
મોહન કહે વિધિયુત કરો, જિમ હોય ભવનો છોડ. ॥૩॥

## ૫ ॥ શ્રી પંચતીર્થનું ચૈત્યવંદન ॥

સિદ્ધાચલ ગિરનાર ગીરિ, અર્બુદ અતિ ઉત્તંગ;
સમેત શિખર જિન વીશના, મોક્ષ કલ્યાણક ચંગ. ॥૧॥
કોટી શિલા અષ્ટાપદે, મેરૂ રૂચક સમીપ;
શાશ્વત જિનવર ગૃહ ઘણા, શ્રી નંદીશ્વર દ્વીપ. ॥૨॥
દેવલોક ગ્રૈવેક છે, ભવનપતિ વર ભવન;
જિનવર બિંબ અનેક છે, પૂજું તે સર્વ સુમન. ॥૩॥
વિહરમાન જિનવર ભલા, અતીત અનાગત અદ્ધા;
નામ સ્થાપના દ્રવ્ય ભાવ, ચાર નિક્ષેપા લદ્ધા. ॥૪॥
સહજાનંદી સુખ કરૂં એ, પરમ દયાળ પ્રધાન;
પુન્ય મહોદય પૂજતાં, લહીયે પરમ કલ્યાણ. ॥૫॥

## ૬ ॥ શ્રી પંચતીર્થનું ચૈત્યવંદન ॥

સુખદાયિ શ્રી આદિનાથ, અષ્ટાપદ વંદો;
ચંપાપુરી શ્રી વાસુપૂજ્ય, મુખ પુનમ ચંદો. ॥૧॥
ગિરનારે શ્રી નેમનાથ, સુખ સુર તરૂ કંદો;
સમેત શિખર શ્રી પાર્શ્વનાથ, પૂજી મન આણંદો. ॥૨॥
અપાપા નયરી વીરજીએ, કલ્યાણક શુભ ઠામ;
રૂપ વિજય કહે સાહિબા, એ પાંચે આતમ રામ. ॥૩॥

## ૭ ।। શ્રી વાસુપૂજ્યસ્વામી ચૈત્યવંદન ।।

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વાસુપૂજય કુળ ચંદ્રમા, માતા જયા નામ. ।।૧।।
મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વળી, બોંતર લાખ વખાણ. ।।૨।।
સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય. ।।૩।।

## ૮ ।। શ્રી મલ્લિનાથજી ચૈત્યવંદન ।।

પહેલું ચોથું પાંચમું, ચારિત્ર ચિત્ત લાવે;
ક્ષપક શ્રેણી જીનજી ચઢી, ઘાતિ કર્મ ખપાવે. ।।૧।।
દીક્ષા દિન શુભ ભાવથી. ઉપન્યું કેવળ જ્ઞાન;
સમવસરણ સુરવર રચે, ચઉવિહ સંઘ મંડાણ. ।।૨।।
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
તસ પદ પદ્મ નમ્યા થકી, ચિદ્રૂપ ચિત્ત ઠાય. ।।૩।।

## ૯ ।। શ્રી ચોવીશ જિન ભવગણત્રી ચૈત્યવંદન ।।

પ્રથમ તીર્થંકર તણા હુવા, ભવ તેર કહીજે;
શાંતિ તણા ભવ બાર સાર, નવ ભવ નેમ લહીજે. ।।૧।।
દશ ભવ પાસ જિણંદના, સત્તાવીશ શ્રી વીર;
શેષ તીર્થંકર ત્રિહું ભવે, પામ્યા ભવજલ તીર. ।।૨।।
જીહાંથી સમકિત ફરશીયું એ, તિહાંથી ગણીયે તેહ;
ધીરવિમલ પંડિત તણો, જ્ઞાન વિમલ ગુણ ગેહ. ।।૩।।

## ૧૦ ।। શ્રી દીવાળીપર્વ ચૈત્યવંદન ।।

ત્રીસ વરસ કેવલી પણે, વિચરે મહાવીર;
પાવાપુરી પધારીયા, શ્રી જિન શાસન ધીર. ।।૧।।
હસ્તીપાલ નૃપ રાયની, રજુકા સભા મોઝાર;
ચરમ ચોમાસું ત્યાં રહ્યા, લહી અભિગ્રહ સાર. ।।૨।।
કાશી કોશલ દેશના, ઘણા રાય અઢાર;
સ્વામી સુણી સહુ આવીયા. વંદણને નિરધાર. ।।૩।।
સોળ પહોર દીધી દેશના, જાણી લાભ અપાર;
દીધી ભવિ હિત કારણે, પીધી તેહીજ પાર. ।।૪।।
દેવશર્મા બોધન ભણી, ગોયમ ગયા સુજાણ;
કાર્તિક અમાવાસ્યાદિને, પ્રભુ પામ્યા નિર્વાણ. ।।૫।।
ભાવ ઉદ્યોત ગયો હવે, કરો દ્રવ્ય ઉદ્યોત;
ઈમ કહી રાય સર્વે મલી, કીધી દીપક જયોત. ।।૬।।
દીવાળી તિહાંથી થઈ એ, જગમાંહે પ્રસિદ્ધ;
પદ્મ કહે આરાધતાં, લહિએ અવિચલ રિદ્ધ. ।।૭।।

## ૧૧ ।। શ્રી ગૌતમ સ્વામીજી–ચૈત્યવંદન ।।

ગૌતમ જિન આણા ગયે, દેવ શર્મ કે હેત;
પ્રતિબોધિ આવત સુના, જાના નહિં સંકેત. ।।૧।।
વીર પ્રભુ મોક્ષે ગયા, છોડી મુજ સંસાર;
હાહા ભરતે હો ગયા, મોહ અતિ અંધાર. ।।૨।।
વીતરાગ નહિં રાગ હૈ, એક પકખો મુજ રાગ;
નિષ્ફળ એમ ચિંતત ગયો, ગૌતમ મનસે રાગ. ।।૩।।
માન કિયો ગણધર હુવો, રાગ કિયો ગુરૂભક્તિ;
ખેદ કીયો કેવળ લીયો, ઐસે અદ્‌ભૂત શકિત. ।।૪।।

દીપ જગાવે રાય તે, તિણે દીવાળી નામ;
એકમે ગૌતમ કેવલી, ઉત્સવ દિન અભિરામ. ॥૫॥

## ૧૨॥ શ્રી અષ્ટાપદજીનું ચૈત્યવંદન ॥

અષ્ટાપદ આદિ અનેક, જગતીરથ મોટા;
તેહથી અધિકું સિદ્ધક્ષેત્ર, એહ વચન નવિ ખોટા. ॥૧॥
જે માટે એ તીરથ સાર, સાસય પ્રતિ રૂપ;
જે અનાદિ અનંત શુદ્ધ, ઈમ કહે જિન ભૂપ. ॥૨॥
કલિ કાલ પણ જેહનો એ, મહિમા પ્રબલ પડુર;
શ્રી વિજયરાજસૂરીંદથી, દાનં વધે બહુ નૂર. ॥૩॥

## ૧૩ ॥ શ્રી જીન પૂજાનું ચૈત્યવંદન ॥

નિજ રૂપે જિન નાથકે, દ્રવ્યે પણ તિમહી;
નામ સ્થાપના ભેદથી, પ્રગટે જગ માંહિ. ॥૧॥
અધ્યાતમથી જોડીયે, નિક્ષેપા ચાર;
તો પ્રભુ રૂપ સમાન ભાવ, પામે નિરધાર. ॥૨॥
પાવન આતમને કરે એ, જન્મ જરાદિક દૂર;
તે પ્રભુ પૂજા ધ્યાનથી, રામ કહે સુખ પુર. ॥૩॥

## ૧૪॥ એકસો સીત્તેર જિનનું ચૈત્યવંદન ॥

સોળે જિનવર શામળા, રાતા ત્રીશ વખાણ;
લીલા મરકત મણિસમા, અડત્રીશ ગુણખાણ. ॥૧॥
પીળા કંચન વર્ણસમા, છત્રીશે જિનચંદ;
શંખવર્ણ સોહામણું, પચાશે સુખકંદ. ॥૨॥
સીત્તેરસો જિનવંદીયે એ, ઉત્કૃષ્ટા સમકાળ;
અજિતનાથ વારે હુઆ, વંદુ થઈ ઉજમાળ. ॥૩॥

નામ જપંતા જીનતણું, દુર્ગતિ દૂરે જાય;
ધ્યાન ધ્યાતા પરમાત્મનું, પરમ મહોદય થાય. ॥૪॥
જિનવર નામે જશ ભલો, સફલ મનોરથ સાર;
શુદ્ધપ્રતીતિ જીનતણી, શિવસુખ અનુભવપાર. ॥૫॥

## ૧૫ ॥ શ્રી પ્રદક્ષિણાનું ચૈત્યવંદન ॥

કાળ અનાદિ અનંતથી, ભવભ્રમણાનો નહીંપાર;
તે ભ્રમણા નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ વાર. ॥૧॥
ભમતીમાં ભમતાં થકાં, ભવભાવઠ દૂર પલાય;
દર્શન જ્ઞાન ચારિત્રરૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય. ॥૨॥
જન્મ મરણાદિભય ટળે, સીજે જો દર્શન કાજ;
રત્નત્રય પ્રાપ્તિ ભણી, દર્શન કરો જીનરાજ. ॥૩॥
જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેતુ;
જ્ઞાન વિના જગજીવડા, ન લહે તત્ત્વ સંકેત. ॥૪॥
ચય તે સંચય કર્મનો, રિકત કરે વળી જેહ;
ચારિત્ર નિર્યુકિતએ કહ્યું, વંદુ તે ગુણ ગેહ. ॥૫॥
દર્શન જ્ઞાન ચારિત્ર એ રત્નત્રયી નિરધાર;
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવ દુઃખ ભંજનહાર. ॥૬॥

## ૧૬ ॥ શ્રી ઉપદેશનું ચૈત્યવંદન

ક્રોધ કાંઈ ન નીપજે, સમકિત લુંટાય;
સમતા રસથી જીલીયે, તો વેરી કોઇ ન થાય. ॥૧॥
વ્હાલા શું વઢીયે નહિં, છટકી ન દીજે ગાળ;
થોડે થોડે છંડીએ, જીમ છંડે સરોવર પાર. ॥૨॥
અરિહંત સરખી ગોઠડી, ધર્મસરીખો સ્નેહ;
રત્ન સરીખા બેસણા, ચંપક વરણી દેહ. ॥૩॥

ચંપકે પ્રભુજીને પૂજીયા, ન દીધું મુનિને દાન;
તપ કરી કાયા ન શોષવી, કીમ પામશો નિરવાણ. ॥૪॥
આઠમ પાખી ન ઓળખી, એમ કરે શું થાય;
ઉન્મત્તા સરખી માંકડી, ભોંય ખણંતિ જાય. ॥૫॥
આંગણે મોતી વેરીયા, વેલે વીંટાણી વેલ;
હીરવિજય ગુરૂ હીરલો, મારૂં હૈડું રંગનીરેલ. ॥૬॥

## ૧૭॥ શ્રી ચોથનું ચૈત્યવંદન ॥

સર્વારથ સિદ્ધથે થકી, ચવીયા આદિ જીણંદ;
પ્રથમ રાય વિનિતા વસે, માનવભવ સુખ કંદ. ॥૧॥
યોનિ નકુલ જિણંદને, હાયન એક હજાર;
મૌનાતીતે કેવલિ, વડ હેઠે નિરધાર. ॥૨॥
ઉત્તરાષાઢા જન્મ છે એ, ધનરાશિ અરિહંત;
દશ સહસ પરિવારશું, વીર કહે શિવકંત. ॥૩॥

## ૧૮॥ શ્રી રોહિણીનું ચૈત્યવંદન ॥

રોહિણીતપ આરાધિયે, શ્રી શ્રી વાસુપૂજ્ય;
દુઃખ દોહગ દૂરે ટળે, પૂજક હોએ પૂજ્ય. ॥૧॥
પહેલાં કીજે વાસક્ષેપ, પ્રહ ઉઠીને પ્રેમે;
મધ્યાહ્ને કરી ધોતીયા, મન વચન કાય ખેમે. ॥૨॥
અષ્ટ પ્રકારની વિરચીયે, પૂજા નૃત્ય વાજિંત્ર;
ભાવે ભાવના ભાવીયે, કીજે જન્મ પવિત્ર. ॥૩॥
ત્રિહું કાળે લઈ ધૂપ દીપ, પ્રભુ આગળ કીજે;
જિનવર કેરી ભકિતશું, અવિચળ સુખ લીજે. ॥૪॥

જિનવર પૂજા જિન સ્તવન, જિનનો કીજે જાપ;
જિનવર પદને ધ્યાઈએ, જિમ નાવે સંતાપ. ॥૫॥
કોડ કોડ ફળ લીજીએ, ઉત્તર ઉત્તર ભેદ;
માન કહે વિધે કરો, જિમ હોય ભવનો છેદ. ॥૬॥

## ૧૯॥ શ્રી નેમીનાથજિન ચૈત્યવંદન ॥

વિશુદ્ધવિજ્ઞાનભૃતા વરેણ, શિવાત્મજેન પ્રશમાકરેણ;
યેન પ્રયાસેન વિનૈવ કામં, વિજિત્ય વિક્રાન્તનરં પ્રકામં ॥૧॥
વિહાય રાજ્યં ચપલ સ્વભાવં, રાજીમતિં રાજકુમારિકાં ચ;
ગત્વા સલીલં ગિરિનાર શૈલં,ભેજે વ્રતં કેવલમુક્તિયુક્તં ॥૨॥
નિઃશેષ યોગીશ્વર મૌલિરત્નં, જિતેન્દ્રિયત્વેવિહિતપ્રયત્નમ્;
તમુત્તમાનન્દ નિધાનમેકં,નમામિ નેમિંવિલસદ્વિવેકમ્ ॥૩॥

## ૨૦ ॥ શ્રી શાન્તિનાથજીનું ચૈત્યવંદન ॥

શાંતિકરણ શ્રીશાંતિજી, અચિરા રાણી નંદ;
વિશ્વસેન રાય કુલ તિલક, અમીય તણો એ કંદ. ॥૧॥
ધનુષ ચાલીસની દેહડી, લાખ વરસનું આય;
મૃગલંછન બીરાજતા, સોવન સમ કાય. ॥૨॥
શરણે આવ્યું પારેવડું, જીવદયા પ્રતિપાળ;
રાખ રાખ તું રાજવી, મુજને સિંચાણો ખાય. ॥૩॥
જીવથી અધિક પારેવડું, રાખ્યું તેં પ્રભુ નાથ;
દેવ માયા ધારણ સમે, ન ચલ્યા મેઘરથ રાય. ॥૪॥
દયાથી દો પદવી લહી એ, સોળમા શાંતિનાથ;
પુન્યે સિદ્ધિ વધુ વર્યા, મુક્તિ હાથો હાથ ॥૫॥

# સ્તવન-ઢાળ-વિભાગ

## ચોવીશ જિનેશ્વરના છંદ

॥ દુહા ॥

આર્યા બ્રહ્મ સુતા ગિર્વાણી, સુમતિવિમલ આપો બ્રહ્માણી;
કમલ કમંડલ પુસ્તક પાણી, હું પ્રણમું જોડી જુગ પાણી. ॥૧॥
ચોવીસે જિનવરતણા, છંદ રચું ચોસાલ;
ભણતાં શિવ સુખ સંપજે, સુણતાં મંગલ માલ. ॥૨॥

॥ छंद जाति सवैया ॥

આદિ જિણંદ નમે નરઇંદ સપુનમચંદ સમાન મુખં,
શમામૃત કંદ ટાલે ભવફંદ મરૂદેવીનંદ કરંત સુખં;
લગે જસ પાય સુરિંદ નિકાય ભલા ગુણ ગાય ભવિકજનં,
કંચન કાય નહિં જસમાય નમે સુખથાય શ્રીઆદિજિનં ॥૧॥
અજિત જિણંદ દયાલમયાલ વિસાલ કૃપાલ નયન જુગં,
અનુપમ ગાલ મહામૃગ ચાલ સુભાલ સુજાનું બાહુ જુગં;
મનુષ્ય મેલીહ મુનિસરસીંહ અબીર નરીહ ગયે મુગતી,
કહે નય ચિત્તધરી બહુ ભકિત નમે જિનનાથ ભલી જુગતી ॥૨॥
અહોસંભવનાથ અનાથકો નાથમુગતિકોસાથમિલ્યોપ્રભુમેરો,
ભવો દધિપાજ ગરિબ નિવાજ સવે સિરતાજ નિવારત ફેરો ।
જિતારીકો જાત સુસેના માત નમે નરજાત મિલી બહુ ઘેરો,
કહે નય શુદ્ધ ધરિબહુ બુદ્ધ, જિતાવની નાથ હું સેવક તેરો ॥૩॥

અભિનંદન સ્વામ લિધે જશ નામ સરેસવિ કામ ભવિકતણો,
વનિતા જસ ગામ નિવાસકો ઠામ કરે ગુણ ગ્રામ નરિંદ ઘણો ।
મુનીશ્વર રૂપ અનુપમભૂપ અકલ સ્વરૂપ જિનંદ તણો,
કહે નય ખેમ ધરી બહુ પ્રેમ નરે નર પાવત સુખ ઘણો ॥૪॥
નરિંદ મલ્હાર વિરાજિત સોવનવાન સમાન તનુ,
ચંદ સુરચંદ વદન સુહાવત રૂપવિનિર્જિત કામતનુ ।
કર્મકી કોડ સવે દુઃખ છોડ નમે કરજોડ કરી ભકિત,
વંશ ઇક્ષ્વાકુ વિભૂષણ સાહિબ સુમતિ જીનંદ ગયે મુકિત ॥૫॥
હંસપાદતુલ્ય રંગરમિ અર્ધરાગરંગ અઢિસે ધનુષચંગ દેહકો પ્રમાણ હે,
ઉગતો દિણંદ રંગ લાલ કેસુ ફુલરંગ રૂપ હે અનંગ ભંગ અંગ કેરો વાન હે ।
ગંગકોતરંગ દેવનાથહિ અભંગ જ્ઞાનકો વિલરંગ શુદ્ધ જાકો ધ્યાનહે;
નિવારીએ કલેશ સંગ પદ્મપ્રભુ સ્વામી ધીંગ, દિજિએ સુમતિ સંગ પદ્મ કેરો જાણ હે ॥૬॥
જિણંદ સુપાસ તણા ગુણ રાસ ગાવે ભવિ ભાસ આનંદ ઘણો,
ગમે ભવિપાસ મહિમા નિવાસ પૂરે સવિ આસ કુમતિ હણે. ।
ચિહું દિસે વાસ સુગંધ સુખાસ ઉસાસ નિસાસ જિનેંદ્ર તણો,
કહે નય ખાસ મુનીંદ્રસુપાસ તણો જસવાસ સદૈવ ભણો ॥૭॥
ચંદ્ર ચંદ્રિકા સમાન રૂપ શૈલસે સમાન દોઢસો ધનુષમાન દેહકો પ્રમાણ હે,
ચંદ્રપ્રભુ સ્વામી નામ લીજીયે પ્રભાત જામ પામીયે સુખ ઠાણ ગાય જસનામ હે ।

મહાસેન અંગ જાત લક્ષ્મણાભિધાન માત
સવિજગજંતુ તાત ચંદ્ર સમકાંત હે;
કહે નય છોડી વાત ધ્યાઈએ જો દિન રાત
પામીયે તો સુખ સાત દુખકો ભીજાત હે ॥૮॥
દુધ સિંધુ ફેન પીંડ ઉજલો કપુર ખંડ
ધેનુ ખીર કોમંડ શ્વેત પદ્મ ખંડ હે,
ગંગ કો પ્રવાહ પિંડ શંભુ શેલ શુદ્ધ દંડ અમૃત—
સરસ કુંડ શુદ્ધ જાકો તુંડ હે ।
સુવિધિ જિનંદ સંત કીજીયે કર્મ અંત
શુભ ભક્તિ જાસદંત શ્વેત જાકો વાન હે;
કહે નય સુણો સંત પૂજીયે જો પુષ્પદંત પામીયે તો
સુખ સંત શુદ્ધ જાકો ધ્યાન હે ॥૯॥
શિતલ શિતલ વાણી ઘનાઘન ચાહક કે ભવિ કોક કિશોરા,
કોક દિણંદ પ્રજાસુ નરીંદ વલી જીમ ચાહત ચંદ ચકોરા ।
વિંધ ગયંદ શુચિ સુરિંદ સતિ નિજ કંત સુમેઘમયૂરા;
કહે નય નેહ ધરી ગુણ ગેહ તથા હું ધાવત સાહેબ મેરા ॥૧૦॥
વિષ્ણુ ભૂપકો મલ્હાર જગ જંતુ સુખકાર
વંશકો શૃંગારહાર રૂપકો અમારહે,
છોડી સવિ ચિત્તકાર માન મોહકો વિકાર
કામ ક્રોધકો સંચાર સર્વ વેરી વાર હે ।
આદર્યો સંજમ ભાર પંચ મહાવ્રત સાર
ઉતારે સંસાર પાર જ્ઞાન કો ભંડાર હે;
ઈગ્યારમો જિણંદ સાર ખડગી જિવ ચિહ્ન ધાર
કહે નય વારોવાર મોક્ષકો દાતાર હે ॥૧૧॥

લાલ કેસુ ફુલ લાલ રતિ અર્ધ રંગ લાલ,
ઉગતો દિણુંદ લાલ લાલચોળ રંગ હૈ,
કેસરીકી જીહ લાલ કેસરકા ઘોલ લાલ
ચુનડીકો રંગ લાલ. લાલ પાન રંગ હૈ।
લાલ કીર ચંચૂલાલ હીંગલો પ્રવાલ લાલ
કોકિલાકી દ્રષ્ટિ લાલ લાલ ધર્મરંગ હૈ;
કહે નય તેમ લાલ બારમો જિણંદ લાલ
જયા દેવિમાત લાલ લાલ જાકો અંગ હૈ ૧૨.

કૃતવર્મ નરિંદ તણો એહ નંદ નમંત સુરેન્દ્રપ્રમોદ ધરી,
ગમે દુખ દંદ દીયે સુખવૃંદ જાકે પદ સોહત્ત ચિત્ર ધરી।
વિમલ જિણંદ પ્રસન્ન વદન જાકે શુભમન સુગંગ;
પરિનમે એક મન્ન કહે નય ધન્ય નમો જિનરાજ દિણંદ
સુપ્રીત ધરી ॥૧૩॥

અનંત જિણંદ દેવ દેવમાં દેવાધિદેવ પૂજો ભવિ નિતમેવ
ધરી બહુ ભાવના,
સુરનર સારે સેવ સુખ કીયો સ્વામિ દેવ
તુજ પાખે ઓર દેવ ન કરૂં હું સેવના।
સિંહસેન અંગ જાત સુજસાભિધાન માત
જગમાં સુજસ ખ્યાત ચીહું દિશે વ્યાપતો;
કહે નય તાસ વાત કીજીયે જો સુપ્રભાત
નિજ હોઈ સુખ સાત કીર્તિ કોડ આપતો ॥૧૪॥

જા કે પ્રતાપ પરાજિત નિર્બલ ભૂતલ થઇ ભમે ભાનુ આકાશે,

સૌમ્ય વદન વિનિર્જિત અંતર શ્યામ શશિ નવિ હોત પ્રકાશે,
ભાનુ મહિપતિ વસે કુસેસય બોધ ન દીપત ભાનુ પ્રકાશે,
નમે નય નેહ નિતુ સાહિબ એહ ધર્મ જિણંદ
ત્રિજગ પ્રકાશે ॥ ૧૫ ॥

સોલમા જિણંદ નમે શાંતિ હોય ઠામો ઠામે
સિદ્ધિ હોઈ સર્વ કામે નામ કે પ્રભાવ થે,
કંચન સમાન વાન ચાલીશ ધનુષમાન
ચક્રવર્તિકોભિધાન દીપતો તે સુરથે ।
ચૌદરયણ સમાન દીપતા નવય નિધાન
કરતા સુરેંદ્રગાન પુણ્ય કે પ્રભાવ થે,
કહે નય જોડી હાથ અબ હું થયો સનાથ
પાઈયો સુમતિ સાથ શાંતિનાથ કે દિદાર થે ॥ ૧૬ ॥

કહે કુંથુ જિણંદ મયાલ દયાલ નિધિ સેવકની અરદાસ સુણો,
ભવભીમ મહાર્ણવ પૂર અગાહ અથાગ ઉપાધિ સુનીર ઘણો ।
બહુ જન્મજરામરણાદિવિભાવ નિમિત્ત ઘણાદિકલેસ ઘણો;
અબ તારક તાર કિયા પર સાહિબ સેવક જાણી
એ છે આપણો ॥ ૧૭ ॥

અરદેવ સુદેવ કરે નર સેવ સવે દુખ દોહગ દૂર કરે,
ઉપદેશ ઘનાઘન નીર ભરે ભવિ માનસ માનસ ભૂરી તરે ।
સુદર્શન નામ નરેસર અંગજ ભવ્ય મને પ્રભુ જાસ વસે;
તસ સંકટ શોક વિયોગ કુયોગ દરિદ્ર કુસંગતિ
ન આવત પાસે ॥ ૧૮ ॥

નીલ કીર પંખ નીલ નાગવલિ પત્ર નીલ
તરૂવરરાજી નીલ પંખ નીલ નીલ દ્રાખ હે,

કાચકો સુગોલ નીલ પાછિકો સુરંગ નીલ
ઇંદ્રનીલ રત્ન નીલ પત્રનીલ યાસ હે।
જમુના પ્રવાહ નીલ ભૃંગરાજ પંખી નીલ
જેહવો અશોકવૃક્ષ નીલ નીલ રંગ હે;
કહે નય તેમ નીલ રાગ થે અતીવ નીલ મલ્લિનાથ
દેવ નીલ નીલ જાકો અંગ હે ॥ ૧૯ ॥

સુમિત્ર નરિંદ તણો વરનંદ સુચંદ્ર વદન સોહાવત હે,
મંદર ધીર સેવે નરહીર સુસામ શરીર વિરાજિત હે।
કજ્જલવાન સુકચ્છપ યાન કરે ગુણ ગાન નરિંદ ઘણો;
મુનિસુવ્રત સ્વામિ તણો અભિધાન લહે
નયમાન આનંદ ઘણો ॥ ૨૦ ॥

અરિહંત સરૂપ અનુપમ રૂપકે સેવક દુઃખને દુર કરે,
નિજવાણી સુધારસ મેઘ જલે ભવીમાનસ માનસ ભૂરી ભરે।
નમિ નાથકો દર્શન સાર લહી કુણ વિષ્ણુ મહેશ ઘરે જો ફરે;
અબ માનવ મુઢ લહી કુંણ સાકર છોડકે
કંકર હાથ ધરે ॥ ૨૧ ॥

જાદવ વંસ વિભૂષણ સાહિબ નેમિજિણંદ મહાનંદકારી,
સમુદ્ર વિજય નરિંદ તણો સુત ઉજવલ સંખ સુલક્ષણ ધારી,
રાજુલ નાર મુકી નિરધાર ગયે ગિરનાર કલેસ નિવારી,
કજ્જલકાય શિવાદેવી માય નમે નય પાય
મહાવ્રત ધારી ॥ ૨૨ ॥

પાર્શ્વનાથ અનાથકો નાથ સનાથ ભયો પ્રભુ દેખત થે,
સવિ રોગ વિજોગ કુજોગ મહા દુઃખ દુર ગયે પ્રભુ ધ્યાવત થે।

અશ્વસેન નરેશ સપુત વિરાજિત ઘના ઘનવાન સમાન તનુ;
નય સેવક વંછિત પૂરણુ સાહિબ અભિનવ કામ
કરીરમનુ ॥ ૨૩ ॥

કુકમઠ કુલંઠ ઉલંઠ હઠી હઠ ભંજન જાસ પ્રતાપ વિરાજે,
ચંદન વાણી સુવામાનંદન પુરૂસાદાણી બિરૂદ જસ છાજે ।
જસ નામકે ધ્યાન થકો સવિ દોહગ દ્રારિદ્ર દુઃખ મહા ભય ભાંજે;
નયસેવક વંછિત પૂરણુ સાહિબ અષ્ટમહાસિદ્ધિ નિત્ય નીવાજે
॥ ૨૪ ॥

સિદ્ધારથ ભૂપતણા પ્રતિકરૂપ નમે નર ભૂપ આનંદ ધરી,
અચિંત્ય સ્વરૂપ અનુપમ રૂપકે લંછન સોહત જાસ હરી ।
ત્રિસલાનંદન સમુદ્રમકંદન લઘુપણે કંપિત મેરૂ ગિરિ;
નમે નય ચંદવદન વિરાજિત વીર જિણંદ સુપ્રીત ધરી ॥ ૨૫ ॥
ચોવીસ જિનંદતણા ઈહ છંદ ભણે ભવિવૃંદ જે ભાવ ધરી,
તસ રોગ વિયોગ જોગકુ ભોગ સવિ દુઃખ દોહગ દૂર ટળે ।
તસ અંગણ બાર ન લાભે પાર સુમતિ તોખાર હેખાર કરે;
કહે નયસાર સુમંગલ ચાર ઘરે તસ સંપદ ભૂરી ભરે ॥ ૨૬ ॥
સંવેગી સાધુ વિભૂષણ વંસ વિરાજિત શ્રીનય વિમલ જનાનંદકારી,
તસ સેવક સંજમધીર સુધીરકે ધીર વિમલ ગણી જયકારી ।
તાસ પદાંબુજ ભૃંગ સમાન શ્રીનય વિમલ મહાવ્રત ધારી;
કહે એ છંદ સુણો ભવિ વૃંદકે ભાવ ધરીને ભણો નરનારી ॥ ૨૭ ॥

॥ શ્રી ॥ ॥ શ્રી ॥ ॥ શ્રી ॥

---

## ૨॥ શ્રી ગૌતમસ્વામીજીનો છંદ ॥

વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન.॥ ૧ ॥
ગૌતમ નામે ગયવર ચઢે, મન વાંછિત હેલા સંપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ. ॥ ૨ ॥
જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢુંકડા;
ભૂત પ્રેતનવિ મંડે પ્રાણ, તે ગૌતમના કરૂં વખાણ. ॥ ૩ ॥
ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જિન શાસન શણગાર, ગૌતમ નામે જય જયકાર.॥૪॥
શાલ દાલ સુરહાં ઘૃત ગોળ, મનવંછિત કાપડ તંબોળ;
ઘરે સુઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત. ॥૫॥
ગૌતમ ઉગ્યો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગ જાણ;
મ્હોટાં મંદિર મેરૂ સમાન,ગૌતમ નામે સફળ વિહાણ. ॥૬॥
ઘર મયગળ ઘોડાની જોડ, વારૂ પહોંચે વંછિત કોડ;
મહીયલ માને મોટા રાય, જો તુઠે ગૌતમના પાય. ॥ ૭ ॥
ગૌતમ પ્રણમ્યાં પાતિક ટળે, ઉત્તમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન. ॥ ૮ ॥
પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ;
કહે લાવણ્યસમય કર જોડ, ગૌતમ તૂઠે સંપત્તિ કોડ. ॥ ૯ ॥

## ३. श्री बीजनुं स्तवन

### ॥દુહા॥

સરસ વચન રસ વરસતિ, સરસતી કલા ભંડાર ॥
બીજતણો મહિમા કહું, જિમ કહ્યા શાસ્ત્ર મોઝાર ॥ ૧ ॥

જંબુ દ્વિપના ભરતમાં, રાજગૃહી નગરી ઉદ્યાન ।
વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન ॥ ૨ ॥
શ્રેણિક નામે ભૂપતિ, બેઠા બેસણ ઠાય ।
પુછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય ॥ ૩ ॥
ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ, દેશના દિયે જીનરાય ।
કમલ સુકોમલ પાંખડી, ઈમ જિન હૃદય સોહાય ॥ ૪ ॥
શશિપ્રગટ જિમ તે દિને, ધન તે દિન સુવિહાણ ।
એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ ॥ ૫ ॥

॥ઢાળ ॥ ૧ ॥

કલ્યાણક જીનનાં કહું સુણ પ્રાણીજી, અભિનંદન અરિહંત
એ ભગવંત ભવિ પ્રાણિજીરે । મહા સુદ બીજને દીને ॥ સુ ॥
પામ્યા શીવ સુખસાર હરખ અપાર ॥ ભવિ ॥ ॥ ૧ ॥
વાસુ પૂજય જિન બારમા ॥ સુ ॥ એજ તિથે થયું નાણ ॥
સફલ વિહાણુ ॥ ભવિ૦ ॥ અષ્ટ કરમ ચુરણ કરી ॥ સુણો૦ ॥
અવગાહન એકવાર ॥ મુગતિ મોઝાર ॥ ભ૦ ॥ ॥ ૨ ॥
અરનાથ જીનજી નમું ॥ સુણો ॥
અષ્ટાદશમો અરિહંત ॥ એ ભગવંત ॥ ભવિ૦ ॥
ઉજવલ તિથિ ફાગુણ ભલી ॥ સુણો ॥
વરીયા શીવ વધુ સાર ॥ સુંદર નાર ॥ ભવિ ॥ ॥ ૩ ॥
દશમા શીતલ જિનેસરૂ ॥ સુણો ॥
પરમ પદની વેલ ॥ ગુણનીગેલ ॥ ભવિ૦ ॥
વૈશાખ વદી બીજને દિને ॥ સુણો ॥
મુકયો સરવ એ સાથ ॥ સુર નર નાથ ॥ ભવિ૦ ॥ ॥ ૪ ॥

શ્રાવણ સુદની બીજ ભલી સુણો૦ ॥
સુમતિનાથ જિનદેવ ॥ સારે સેવ ॥ ભવિં૦ ॥
ઈણતિથિએ જિનવર ભલા ॥ સુણો ॥
કલ્યાણક પંચ સાર ॥ ભવનો પાર ॥ ભવિ૦ ॥ ૫ ॥

॥ ઢાળ ॥ ૨ ॥

જગપતિ જિન ચોવીસમોરે લાલ,
એ ભાખ્યો અધિકારરે ॥ ભવિકજન ॥
શ્રેણિક આદે સહુ મિલ્યારે લાલ ॥
શક્તિ તણે અનુસારરે ભવિકજન,
ભાવ ધરીને સાંભળોરે લાલ ॥
આરાધો ધરી ખંતરે ભવિ૦ ॥ ૧ ॥
દોય વરસ દોય માસની રે લાલ, આરાધો ધરી હેતરે ॥ ભવિ૦ ॥
ઉજમણું વિધિશું કરો રે લાલ,
બીજ તે મુક્તિ મહંતરે ॥ ભ૦ ॥ ભા૦ ॥૨॥
મારગ મિથ્યા દુરે તજોરે લાલ,
આરો ગુણના થોકરે ॥ભ૦॥
વીરની વાણી સાંભળીરે લાલ,
ઉછરંગ થયો બહુ લોકરે ॥ભ૦॥ ભા૦ ॥૩॥
ઇણિ બીજે કેઈ તર્યારે લાલ
વળી તરશે કેઈ શેષરે ॥ ભ૦ ॥
શશિનિધિ અનુમાનથીરે લાલ,
સઈલા નાગ ધર અંકરે ॥ભ૦॥ ભા૦ ॥૪॥
અસાડ સુદી દશમી દીને રે લાલ,
એ ગાયો સ્તવન રસાલરે ॥ ભ૦ ॥

નવલવિજય સુપસાયથીરે લાલ, ચતુરને મંગલ માલરે
॥ ભ૦ ॥ ભા૦ ॥ ૫ ॥

॥ કલશ ॥

ઇમ વીર જિનવર સયલ સુખ કર ગાયો અતિ ઉલટ ભરે,
અસાડ ઉજ્વલ દશમી દિવસે સંવત અઢાર અઠ્ઠોત્તરે,
બીજ મહિમા એમ વરણવ્યો રહી સિદ્ધપુર ચોમાસુએ;
જેહ ભવિક ભાવે સુણે ગાવે તસ ઘર લીલ વિલાસ એ ॥૧॥

## ૪ अथ श्री पंचमी स्तवन

॥ ઈડર આંબા આંબલીરે ॥ એ દેશી ॥

॥ ઢાલ ૧ ॥

શ્રી ગુરૂ ચરણ નમી કરીરે, પ્રણમી સરસ્વતી માય ॥
પંચમી તપ વિધિશું કરોરે, નિર્મળ જ્ઞાન ઉપાય ॥
ભવિકજન કીજે એ તપ સાર ॥૧॥
જનમ સફલ નિરધાર ॥ ॥ ભવિક૦ ॥
લહીએ સુખ શ્રીકાર ॥ ભવિક૦ કીજે૦ ॥ એ આંકણી ॥
સમવસરણ દેવે રચ્યું રે, બેઠા નેમી જિણંદ;
બારે પરખદા આગલેરે, ભાખે શ્રી જિનચંદ ॥ ભ. ॥૨॥
જ્ઞાન વડો સંસારમાંરે, શિવપુરના દાતાર;
જ્ઞાન રૂપી દીવો કહ્યોરે, પ્રગટયો તેજ અપાર ॥ ભવિક ॥૩॥
જ્ઞાન લોચન જબ નિરખીયેરે, તવ દેખે લોક અલોક ।
પશુઆ પરે તે માનવીરે, જ્ઞાન વિના સવિ ફોક ॥ ભવિક ॥ ૪ ॥

જ્ઞાની શ્વાસોશ્વાસમાંરે, કરમ કરે જે નાશ ।
નારકીના તે જીવને રે, કોડી વરસ સુવિલાસ ॥ ભવિક ॥૫॥
આરાધક અધિકો કહ્યો રે, ભગવતિ સૂત્ર મોઝાર ।
ક્રીરીઆવંતને આગલે રે, ઉનસકલ શિરતાજ
॥ ભવિક ॥૬॥
કષ્ટ ક્રિયા તો સહુ કરે રે, તેહથી નહિં કોઈ સિદ્ધિ ।
જ્ઞાન ક્રિયા જબ દો મિલેરે, તબ પામો બહુંલી રિદ્ધ
॥ ભવિક ॥ ૭ ।
કુણે આરાધી એહવીરે, કોઇને ફલી તત કાલ,
તેહ ઉપર તુમે સાંભલોરે, એહની કથા રસાલ
॥ ભવિક ॥૮॥
જંબુદ્વીપ સોહામણોરે, ભરત ક્ષેત્ર અભિરામ ।
પદ્મપુર નગરે શોભતોરે, અજિતસેન રાય નામ ॥ભવિક ॥૯॥
શીલ સૌભાગી આગલેરે, યશોમતિ રાણી નાર ।
વરદત્ત બેટો તેહનોરે, મૂરખમાં શિરદાર ॥ભવિક ॥૧૦॥
માત પિતા મન રંગ શું રે, મુકે અધ્યાપક પાસ ।
પણ તેહને નવી આવડેરે, વિદ્યા વિનય વિલાસ
॥ ભવિક ॥૧૧॥
જિમ જિમ યૌવન જાગતોરેં, તિમ તિમ તનુ બહુ રોગ ।
કોઢ થયો વળી તેહનેરે, વિસમા કરમના ભોગ
॥ ભવિક ॥૧૨॥
આદરીએ આદર કરીરે, સૌભાગ્ય પંચમી સાર ।
સુખ સઘલાં સહેજે મિલેરે, પામે જ્ઞાન અપાર
॥ ભવિક ॥૧૩॥

॥ દુહા ॥

તિલકપુર શેઠ વસે તિહાં, સિંહદાસ ગુણવંત ।
જૈન ધરમ કરતાં લહે, કંચન કોડિ અનંત ॥૧॥
કપુરતિલકા સુંદરી, ચાલે કુલ આચાર ।
તેહની કુંખે અવતરી, ગુણમંજરી વરનાર ॥૨॥
મુંગી થઇતે બાલિકા, વચન દે નહિં એક ।
જિમ જિમ અતિ ઔષધ કરે, તિમ તિમ તનુ બહુ રોગ ॥૩॥
સોલ વરસ તેહને થયાં, પરણે નહિં કુમાર ।
એહને કોઇ વંછે નહિં, સ્વજનાદિક પરિવાર ॥૪॥

॥ ઢાળ ॥ ૨ ॥

બન્યોરે કુંવરજીનો સેહેરો ॥ એ દેશી ॥
એહવે આવી સમોસર્યા, શ્રી વિજયસેન સુરિંદરે ॥સુંદરા॥
જ્ઞાની ગુરૂને વાંદવા, પુત્ર સહિત ભૂપ વૃંદરે ॥સુંદર ॥૧॥
સદ્ગુરૂ દીએ દેશનારે, સાંભલો ચતુર સુજાણરે ॥સુંદરા॥
જ્ઞાન ભણો ભવિ ભાવસું, જિમ લહો કોડી કલ્યાણરે
॥ સું ॥ સ ॥ ૨ ॥

સિંહદાસ સુત આપણો, આવી નમ્યો કર જોડીરે ॥ સું ॥
વિધિશું વાંદી દેશના, સાંભલવાના કોડ રે ॥સું॥ સ૦ ॥૩॥
જ્ઞાન આશાતના જે કરે, તે લહે દુઃખ અનેકરે ॥ સું ૦ ॥
વાચા નવિ ઉપજે, બાલ પરે વિવેકરે॥ સું ॥ ॥ સ૦ ॥ ૪ ॥
ઈહભવ પર ભવ દુઃખલહે, દુષ્ટ કુષ્ઠાદિક રોગ રે ॥ સું૦ ॥
પરભવ પુત્ર ન સંપજે, કલત્રાદિક વિયોગ રે
॥સું૦ ॥ સ૦ ॥ ૫ ॥

સિંહદાસ પુછે હવે, નિજ બેટીની વાત્ રે ॥ સું૦ ॥
શે કરમે રોગ ઉપનો, તે કહો સકલ અવદાતરે
॥ સું૦ ॥ સ૦ ॥ ૬ ॥

ગુરૂ કહે શેઠજી સાંભલો, પુરવ ભવ વિરતંતરે ॥ સું૦ ॥
ધાતકી ખંડ મધ્ય ભરતમાં, ખેટક નગર નિરખંતરે
॥ સુ૦ ॥ સ૦ ॥ ૭ ॥

જિનદેવ વણીક વસે તિહાં; સુંદરી નામે નાર રે ॥ સું૦ ॥
પાંચ બેટા ગુણ આગલા, ચાર સુતા મનોહાર રે
॥ સું૦ ॥ સ૦ ॥ ૮ ॥

એક દિન ભણવા મુકીયા, હુંશ ધરી મનમાંહિરે ॥ સું૦ ॥
ચપલાઈ કરે ચોગુણી, ન ભણે હરખે ઉછાંહિરે
॥ સું૦ ॥ સ૦ ॥ ૯ ॥

શીખામણ પંડયો દીએ, આવી રૂએ માતા પાસ રે ॥ સું૦ ॥
કોપ કરી વલતું કહે, બેઠા ઘર વાસ રે ॥ સું ॥સ૦ ॥ ૧૦ ॥
ચુલામાંહી નાખિયાં, પુસ્તક પાટી સોયરે ॥ સું૦ ॥
રીસે ધમધમતી કહે, આખર મરશે સહુ કોય રે
॥ સું૦ ॥ સ૦ ॥ ૧૧ ॥

કંથ કરે નારી પ્રત્યે, કોણ દીએ કન્યાદાન રે ॥ સું૦ ॥
મુરખ ગુણ ગ્રહે નહિં, ન લહે આદર માન રે
॥ સું૦ ॥ સ૦ ॥ ૧૨ ॥

બિહું જણ માંહિ બોલતાં, ક્રોધ વસ્યો વિકરાલરે ॥ સુ૦ ॥
જિનદેવે માર્યું મુશલું, મરણ પામી તત્કાલ રે
॥ સું૦ ॥ સ ॥ ૧૩ ॥

તેહ મરી ગુણમંજરી, અવતરી તારે ગેહ રે ॥ સું૦ ॥
જાતિ સ્મરણ ઉપનું, પ્રગટી પુન્યની રેહ રે
॥ સું૦ ॥ સ૦ ॥ ૧૪ ॥
સાચું સાચું સહુ કહે, જ્ઞાન ભણો ગુણ ખાણ રે ॥ સું૦ ॥
તપનો જો ઉદ્યમ કરો, તો લહો કેવલનાણ રે
॥ સું૦ ॥ સ૦ ॥ ૧૫ ॥

॥ દુહા ॥

પાંસઠ મહિના કીજીયે, માસ માસ ઉપવાસ ॥
પોથી થાપો આગલે, સ્વસ્તિક પુરો ખાસ ॥૧॥
પાંચ પાચ ફુલ મુકીયે, પાંચ જાતિના ધાન ॥
પાંચ વાટી દીવો કરો, પાંચ ઢોઉ પકવાન ॥૨॥
કુસુમ ભલાં આણી કરી, ધૂપ પુજા કરી સાર ॥
"નમો નાણસ્સ" ગૂણુણું ગણો, ઉત્તર દિશિ દોય હજાર ॥૩॥
ભકિત કરે સાહમ્મી તણી, શકિત તણે અનુસાર ।
જીનવર જુગતે પુજતાં, પામે મોક્ષ દુવાર ॥૪॥
બાર ઉપવાસ ન કરી શકે, વરસા માંહિ દીન એક ।
જીવ જીવ આરાહિયે, આણી પરમ વિવેક ॥૫॥

॥ ઢાળ ॥ ૩ ॥

॥ ચુડલે યોવન ઝલ રહ્યો ॥ એ દેશી ॥

॥ રાયજન ॥ મુનીવર દીએ ધર્મ દેશના,
સુણીયે દેઈ કાન ॥ રા૦ ॥
આલસ મુકી આદરો,
અજુઆલો જિન જ્ઞાન ॥ રા૦ ॥ મુ૦ ॥૧॥

રાય પૂછે હરખે કરી, સાંભલો ગુરૂ ગુણવંત ॥ રાયજન ॥
વરદત્તે કર્મ કીશ્યાં કર્યાં, કોઢે અંગ ગલંત
॥ રા૦ ॥ મુ૦ ॥૨॥
ભવિક જીવ હિત કારણે, ગુરૂ કહે મધુરી વાણી
॥ રા૦ ॥
પૂરવ ભવની વારતા, સાંભલો ચતુર સુજાણ ॥રાય॥
મુ૦ ॥૩॥
જંબુ દ્વિપ ભરત ક્ષેત્રમાં, શ્રીપુરનગર વિસાલ
॥ રા૦ ॥
વસુ શેઠના સુત બે ભલા, વસુસાર વસુદેવ નિહાલ
॥ રા૦ ॥ મુ૦ ॥૪॥
વનરમતાં ગુરૂ વાંદિયા, શ્રીમુનિસુંદરસુરિ ॥રા૦॥
સાંભલતાં સંજમ લીયે, તપ કરે આનંદપુર
॥ રા૦ ॥ મુ૦ ॥૫॥
સકલ કલાગુણ આગલો, લઘુભાઈ અતિસાર ॥ રા૦ ॥
વસુદેવને કીધો પાટવી, પંચ સયાં સિરદાર
॥ રા૦ ॥ મુ૦ ॥૬॥
પગ પગ પુછે તેહને, સૂત્ર અરથ નિરધાર ॥ રા૦ ॥
પલક એક ઉંઘે નહિ, તવ ચિંતે અણગાર ॥ રા૦ ॥મુ૦॥૭॥
પાપ લાગ્યું મુજ કીહાં થકી, એવડો શો કંઠ શોષ ॥ રા૦ ॥
મૂઢ મૂરખ સંસારમાં, કાયા કરે નિજ પોષ
॥ રા૦ ॥ મુ૦ ॥૮॥

બાર દિવસે મૌને રહ્યો, પ્રગટ થયો તવ પાપ ॥રા૦॥
જેવાં કરમ જે કો કરે, તે લહે સઘલાં આપ
॥ રા૦ ॥ મુ૦ ॥૯॥
તુજ કુલે આવી અવતર્યો, દીપાવ્યો તુજ વંશ ॥રા૦॥
વૃદ્ધ ભાઈ મરી ઉપન્યો. માન સરોવર હંસ
॥ રા૦ ॥ મુ૦ ॥૧૦॥
સયલ કથા સુણુતાં લહ્યો, જાતિ સમરણ બાલ ॥રા૦॥
ધન ધન જ્ઞાની ગુરૂ મલ્યા, રોગ થયા આલમાલ
॥ રા૦ ॥ મુ૦ ॥૧૧॥
વિધિ સાથે પંચમી કરે, રાજાદિક પરિવાર ॥રા૦॥
રોગ ગયા સવિ તેહના, જિમ જાયે તડકે ઠાર
॥ રા૦ ॥ મુ૦ ॥૧૨॥
સ્વયંવર મંડપ માંડીઓ, પરણી એક હજાર ॥રા૦॥
હરખ્યો વરદત્ત ઈંમ કહે, જૈન ધરમ જગ સાર
॥ રા૦ ॥ મુ૦ ॥૧૩॥
રાજ થાપી નિજ પુત્રને, સાધે શિવપુર સાથ ॥રા૦॥
અજીતસેન ચારિત્ર લીયો, સાચા શ્રી ગુરૂ હાથ
॥ રા૦ ॥ મુ૦ ॥૧૪॥
સુખ વિલસે સંસારના, વરતાવે નિજ આણ ॥રા૦॥
પુત્ર જન્મ એ હવે થયો, ઉગ્યો અભિનવ ભાણ
॥ રા૦ ॥ મુ૦ ॥૧૫॥

॥ દુહા ॥

ગુણમંજરી સુંદર ભઇ, પરણી સા જિનચંદ ।
ચારિત્ર સાધી નીરમલું, પામે વૈજયંત સુરિંદ ॥૧॥

વરદત્ત મનમાં ચિંતવે, આપું સુતને રાજ ।
હવે હું સંજમ આદરૂં, સાધું આતમ કાજ ॥૨॥
અશુભ ધ્યાન દુરે કરે, કરતાં જીનવર ધ્યાન ।
કાલ ધરમ પામી ઉપન્યો, પુષ્કલાવતિ વિજય પ્રધાન ॥૩॥

**॥ ઢાલ ॥ ૪ ॥**

॥ સહીયાંહે પીઉ ચાલીયો ॥ એ દેશી ॥

સૌભાગ્ય પંચમી આદરો, જિમ પાયો હો સુખ સઘલાં વડવીરતો,
ચોથભત્તે શુદી પંચમી, વ્રત ધરવું હો ભોંયે સુવું ધીરતો ॥ સૌ ॥૧॥

ત્રણ કાલ દેવ વાંદીએ, કીજે દીજે હો ગુરૂને બહુ માનતો;
પડિક્કમણાં દોય વારનાં, જિમ વાધે હો ઉત્તમ ગુણ–ગ્યાનતો ॥ સૌ ॥૨॥

નયરી પુંડરિગીણિ સોહતી, વિરાજે હો અમરસેન ભૂપાલતો;
તસ ઘરણી શીલે સતી, ગુણવતી કુખે હો અવતરીયો બાલતો ॥ સૌ ॥૩॥

સજ્જન સંતોષી સામટાં, નામ થાપે હો સુરસેન અભિરામતો;
ચંદ્રકલા જેમ વાધતી, તેમ સાધે હો વાધે નિજ નામતો ॥ સૌ ॥૪॥

યૌવનવય જાણી પિતા, સો કન્યા હો પરણાવી સારતો;
રાજ દેઇ નિજ પુત્રને, અમરસેન પહોચતોં હો પરલોક. મોજાસ્તો ॥ સૌ ॥૫॥

શ્રી સીમંધર આવ્યા સાંભળી, વાંદવાને હો તીહાં આવે ભૂપતો;
જ્ઞાન આરાધન દેશના, દેખાડે હો વરદત્ત સ્વરૂપતો
॥ સૌ ॥ ૬ ॥

સૂરસેન હવે વિનવે, પ્રભુ પ્રકાશો હો તે કુણ વરદત્તતો;
સકલ વાત માંડી કહી, તપ માંડયો હો કીજે રંગ રત્તતો
॥ સૌ ॥ ૭ ॥

જિનવર વાંદી આવીયા, સંવેગે હો મુકે ઘર ભારતો;
સિંહતણી પરે આદરી, જિણે તરીએ હો ભવજલનો પારતો
॥ સૌ ॥ ૮ ॥

પંચ મહાવ્રત આદરે, સહસ વરસ હો પામે કેવલ જ્ઞાનતો;
અવિચલ સુખ એણે લહ્યાં, ઈમ નિસુણિ હો આરાધો જ્ઞાનતો
॥ સૌ ॥ ૯ ॥

જંબુદ્વિપ માંહે વલી, વિજય રમણી હો નગરી ચોસાલતો;
અમરસેન અમરાવતિ, પુણ્ય પ્રગટયો હો આવ્યો એ બાલતો
॥ સૌ ॥ ૧૦ ॥

ગુણમંજરી જીવ ઉપનો, રાજાને હો હુઓ ઉછરંગતો;
રાજ કરે નિજ તાતનું, પ્રેમે પરણે હો કન્યા સુખ સંગતો
॥ સૌ ॥ ૧૧ ॥

એક દીન મનમાં ચિંતવે, હું તો સાધુ હો નિજ આતમ
કાજ તો ।
ચાર સહસ્સ બેટા થયા, પાટ આપે હો નિજસુત શિરતાજતો
॥ સૌ ॥ ૧૨ ॥

સિંહ તણી પરે નીકલે, લાખ પૂરવ હો સંયમ શીરતાજતો ।
તપ તપે અતિ આકરા, કેવલ પામી હો લહે શિવરાજતો
॥ સૌ ॥૧૩॥

## ॥ઢાળ॥ ૫॥

રાગ ધનાશ્રી ॥ ખજાનાની ॥

તપ ઉજમણું એણી પરે સુણીએ, વિત્તસારુ ધન ખરચોજી ।
પાંચમ દિન પામી કીજીયે, જ્ઞાનાદિકને આચરોજી ॥
પાંચપ્રતિ સિદ્ધાંત નીસારી, પાઠાં પાંચે રૂમાલજી ।
ખડીયો લેખણ પાટી પોથી, ઠવણી કવલીઆ લાલજી ॥ ૧ ॥
સ્નાત્ર મહોત્સવ વિધિશું કીજે, રાત્રી જગે ગીત ગાયોજી ।
ચૈત્યાદિકની પૂજા કરતાં, જીનવરના ગુણ ગાઓજી ॥
ગુણમંજરી વરદત્તતણી પરે, કીજે ત્રિકરણશુદ્ધજી ।
એ વિધ કરતાં થોડે કાલે, લહીયે સઘળી સિદ્ધજી ॥૨॥
વાસકુંપી ધૂપ ધાણું વલિ કીજીયે, ઝરમર પાંચ મંગાવોજી ॥
ગુરૂને વાંદી પુસ્તક પુંજી. સામી સામીણો નોતરાવોજી ।
ગુરૂને તેડી બે કર જોડી, આદરશું વહોરાવોજી ॥
પારણું કીજે લાહો લીજે, પાંચમ તપ ઊજવાળોજી ॥૩॥
નેમિ જિણેસર અતિ અલવેસર, કેશર વર સમ કાયાજી ।
એ ઉપદેશ સુણીને સમજ્યા, જ્ઞાન લોચન દેખાયાજી ॥
વરદત્ત ગણધર આગે કહીઓ, લહીઓ ભવિજન પ્રાણીજી ।
સૌભાગ્ય પંચમીતપ આરાહો, નિસુણો જીનવર વાણીજી ॥૪॥
દેહ નિરોગી સોભાગી થાઓ, પાઓ રંગ રસાલજી ।
મુરખ પણું દુરે છાંડો, માંડો જ્ઞાન વિશાલાજી ॥

સૌભાગ્ય પંચમી જે નર કરશે, તે વરશે મંગલ માલજી ।
ગજરથ છોડો સુંદર મંદિર, મણિમય ઝાકઝમાલજી
॥ ૫ ॥
સંવત સત્તર અઠ્ઠાવનમાંહિ, સિદ્ધપુર રહી ચોમાસજી ।
કાર્તિકસુદિ પાંચમદીને ગાયો, સફલ ફલી મુજ આશજી ॥
તપગચ્છ નાયક દિનકર સરખા, શ્રી વિજયપ્રભ સુરિંદાજી ।
શ્રી વિજયરત્નસૂરીશ્વર રાજે, પ્રણમે પરમાનંદજી ॥૬॥

**કલશ**

ઈમ નેમિજિનવર સયલ સુખકર, ઉપદિશે ભવિ હિતકરો ।
તપગચ્છ નાયક સુખદાયક, લાયકમાંહિ પુરંદરો ॥
શ્રી લાલકુશલ વિબુધ સુખકર, વીરકુશળ પંડિત વરો ।
સૌભાગ્યકુશલ સુગુરૂ સેવક, કેશવ કુશલ જયકરો ॥
॥ ઈતિ શ્રી સૌભાગ્ય પંચમી સ્તવન સંપૂર્ણમ્ ॥

## ૯. श्री अष्टमी स्तवन

**॥ દુહા ॥**

જય હંસાસણી શારદા, વરદાતા ગુણવંત ॥
માતા મુજ કરૂણા કરી, મહિયલ કરો મહંત ॥ ૧ ॥
સોલકલા પૂરણ શશિ, નિર્જિત એણે મુખેણ ॥
ગજ ગતિ ચાલે ચાલતી, ધારતી ગુણવર શ્રેણ ॥ ૨ ॥
કવિ ઘટના નવનવિ કરે, કેવલ આણી ખંત ॥
માતા તુજ સુપસાઉલે, પ્રગટે ગુણ બહુ ભ્રાંત ॥ ૩ ॥
માતા કરૂં તુજ સાન્નિધ, અષ્ટમી સ્તવન ઉદાર ॥
શત મુખ જીભે કો સ્તવે, તુજ ગુણ નાવે પાર ॥ ૪ ॥

## ॥ઢાળ॥ ૧॥

॥ નવમા નેમિ જિણંદને ॥ એ દેશી ॥

અષ્ટમી તિથિ ભવિ આચરો, સ્થિર કરી મન વચ કાયરે ॥
ધ્યાન ધરમનું ધ્યાઈએ, ટાળીયે દુષ્ટ અપાયરે ॥ અ૦ ॥૧॥

પોસહ પણ ધરીયે સહી, સમતા ગુણ આદરીયેરે ॥
રાજ્ય કથાદિક વરજીએ, ગુણીજન ગુણ આચરીએરે
॥ અ૦ ॥૨॥

ષડલેશ્યા માંહે કહી, આદ્ય ત્રિહું અપ્રશસ્તરે ॥
વરજો સજ્જન દૂર એ, ધરો ત્રિહું એમ પ્રશસ્તરે
॥ અ૦ ॥૩॥

શલ્ય ત્રિહું દુરે તજો, વરજો કુમતિ કુનારીરે ॥
સદ્ગતિ કેરી નિવારિકા, દુર્ગતિ કેરી એ બારીરે
॥ અ૦ ॥૪॥

રમીયે સુમતિ નારીસું, કરીયે દાન સહાયરે ॥
મૈત્રી પ્રમોદ કરૂણાદિક, ધરીયે દિલ સુખ દાયરે
॥ અ૦ ॥૫॥

વાચના પૃચ્છના તિમ વલી, અનુપ્રેક્ષા ધર્મ સંગરે ॥
પરાવર્તના પંચ ભેદ એ, કરીએ ધરી મનરંગરે
॥ અ૦ ॥ ૬ ॥

જ્ઞાનાવરણીય દર્શના, વરણી વેદનીય તેમરે ॥
મોહ આયુ નામ ગોત્ર એ, આઠમું અંતરાયરે
॥ અ૦ ॥ ૭ ॥

એ અષ્ઠ કર્મ વિનાશિની; અષ્ટમી તિથિ જિન ભાખીરે ॥૯
આરાધનાદિક એ ક્રિયા, માનવ ગતિ એક સાખીરે
॥ અ૦ ॥૮॥

॥ઢાળ॥ ૨ ॥

॥ મુનિવર આર્યસુહસ્તીરે ॥ એ દેશી ॥

બાસઠ માર્ગણા દ્વારરે પ્રભુજીએ કહ્યાં,
સુંદર સુલલીત વચણથી એ ॥
તેહમાં દશ દ્વારરે મોક્ષ જિનેશ્વરે કહિયા,
અવરમાં નવિ લહ્યાં એ ॥૧॥
તિણ કારણ દિવ્ય મોક્ષરે,
કારણ સુખ તણા પામે માનવ ભવથકી એ ॥
દુલ્લહો દશ દ્રષ્ટાંત એ, લહીય મનુજ ભવ
હારો મત વિષય થકી એ ॥ ૨ ॥
પંચ ભરત મઝારરે, પંચ ઐરાવત પંચ મહા વિદેહમાં એ ॥
પંદર કર્મ ભૂમિરે નાણી જીનવરે, ધર્મ કહ્યો નહિ
અન્યાયમાં રે ॥ ૩ ॥
ક્રોધ માનને માયારે, લોભ તિમ વલી,
એ ચારે દુઃખ દાયીયારે ॥
અપ્રત્યાખ્યાનાદિકરે. કરતાં ભેદ એ,
સોલ હોએ તનો ભાઇયાએ ॥ ૪ ॥
થોડા પણ એ કષાયરે કીધાં દુઃખ દીએ,
મિત્રાનંદ તણી પરે એ ॥
તે માટે તજો દુરરે, હૃદય થકી વલી,
જેમ અનુક્રમે શિવ સુખ વરો એ ॥ ૫ ॥

અષ્ટમી તિથિ આરાધેરે, અષ્ટપ્રવચન,

માતા આરાધક કહું એ ।

અનુક્રમે લહે નિર્વાણુરે, એ તિથિ આરાધે,

મુકિત રમણી સન્મુખ જુવે એ ।। ૬ ।।

અભયદાન સુપાત્રરે, અષ્ટમી પર્વણી,

લીજે અઢળક વિત્તશું એ ।

પામે બહૂલી ઋદ્ધિરે પ્રમોદશું,

લીજે લાહો વિત્તશું એ ।। ૭ ।।

।। કલશ ।।

શ્રીપાર્શ્વજિન પસાય ઇણિપરે સંવત સત્તર અઢાર એ ।

વૈશાખ સુદી વર અષ્ટમી દિન, કુમતિ દિનપતિ વાર એ ।।

શ્રીશુભવિજય ઉવઝાય જયકર, શિષ્ય ગંગવિજય તણો ।

નય શિષ્ય પભણે ભક્તિ રાગે, લહ્યો આનંદ અતિ ઘણો ।। ૧ ।।

।। ઇતિ શ્રી અષ્ટમી સ્તવનમ્ ।।

## ६. श्री मौन एकादशी स्तवन

।। ઢાલ ૧ ।।

પ્રણમી પુછે વીરનેરે, શ્રીગોયમ ગણરાય ।

મૃગશિર સુદિ એકાદશીરે, તપથી શું ફલ થાયરે ।।

જિનવર ઉપદિશે, તિહાં સાંભલે સહુ સમુદાયરે

।। જિન૦ ।। ૧ ।।

વીર કહે ગોયમ સુણોરે, હરિ આગલ કહ્યો નેમ,

તેમ તુમ આગલ હું કહુંરે, સાંભલો મન ધરી પ્રેમરે

।। જિન૦ ।। ૨ ।।

દ્વારિકા નયરી સમોસર્યારે, એક દિન નેમિ જિણંદ ॥
કૃષ્ણ આવ્યા તિહાં વાંદવારે, પુછે પ્રશ્ન નરિંદરે
॥ જિન૦ ॥ ૩ ॥

વર્ષ દિવસનાં દિન મિલીરે, તિનસો સાઠ કહંત ॥
તેહમાં દિન કુણ એહવોરે, તપથી બહુ ફલ હુંતરે
॥ જિન૦ ॥ ૪ ॥

મૃગશિર શુદિ એકાદશીરે, વર્ણવી શ્રી જગનાથ ॥
દોઢસો કલ્યાણક થયાંરે, જિનનાં એકણ સાથરે
॥ જિન૦ ॥ ૫ ॥

શ્રીઅરજિન દીક્ષા ગ્રહીરે, "નમિ" ને કેવલ નાણ ॥
જન્મ દીક્ષા કેવલ લહ્યારે, શ્રીમલ્લિ જગ ભાણરે
॥ જિન૦ ॥ ૬ ॥

વર્તમાન ચોવિસીનારે, ભરતે પંચ કલ્યાણ ॥
એ પાંચે ભરતે થઈરે, પંચાધિક વીશ જાણરે
॥ જિન૦ ॥ ૭ ॥

પાંચે ઐરવતે મિલીરે, કલ્યાણક પંચ પંચ ॥
દશ ક્ષેત્ર સહુ એ મીલીરે, પચાસ કલ્યાણકે સંચરે
॥ જિન૦ ॥ ૮ ॥

અતીત અનાગત કાલનારે, વર્તમાનનાં વલી જેહ ॥
દોઢસો કલ્યાણક કહ્યાં રે, ઉત્તમ ઇણ દિન એહરે
॥ જિન૦ ॥ ૯ ॥

જે એકાદશી તપ કરે રે, વિધિ પૂર્વક ગુણ ગેહ ॥
દોઢસો ઉપવાસો તણોરે, ફલ લહે ભવિયણ તેહરે
॥ જિન૦ ॥ ૧૦ ॥

## ॥ ઢાલ ૨ ॥

॥ ઘોડી તો આવી તારા દેશમાં મારૂજી ॥ એ દેશી ॥

હવે એકાદશી તપ માધવજી, વિધિ કહું નિર્મળ,
બુદ્ધિ હો ગુણરાગી નરેશ્વર, સાંભલો જાદવજી દેવ જુહારો
॥ મા૦ ॥
ગુરૂવંદો ભાવ વિશુદ્ધિ હો ॥ ગુ૦ ॥ ૧ ॥
અહરત્તો પોસહ કરી ॥ મા૦ ॥ ગુરૂમુખે કરો પચ્ચક્ખાણ હો
॥ ગુ૦ ॥
દેવવંદો ત્રણ ટંકના ॥ મા૦ ॥ સાંભલો સદગુણી વાણીહો
॥ ગુ૦ ॥ ૨ ॥
દોઢસો કલ્યાણુક તણો ॥ મા૦ ॥ ગણણો ગણો એકમને હો
॥ ગુ૦ ॥
ભણુણ ગણુણ કિરીયા વિના ॥ મા૦ ॥ નવિ બોલે અન્ય
વચન હો ॥ ગુ૦ ॥ ૩ ॥
મૌન ગ્રહો નિશી દિવસનો ॥ મા૦ ॥ રાખો શુભ પરિણામ
હો ॥ ગુ૦ ॥
મૌન એકાદશી તે ભણી ॥ મા૦ ॥ નિરૂપમ એવું નામહો
॥ ગુ૦ ॥ ૪ ॥
પ્રથમ દિને એકાણું ॥ મા૦ ॥ પારણે એહિજ રીતો હો
॥ ગુ૦ ॥
બાર વર્ષ તપ ઈમ કરે, ॥ મા૦ ॥ શુદ્ધ ધર્મ શું પ્રીતહો
॥ ગુ૦ ॥ ૪ ॥
અંગ અગ્યારે તે ભણે ॥ મા૦ ॥ પડિમા તપ કરે અગ્યાર
હો ॥ ગુ૦ ॥

પ્રતિમાસે ઉપવાસનો ॥ મ૦ ॥ તપ કર નિરૂપમ વારહો
॥ ગુ૦ ॥ ૬ ॥
સુવ્રત શેઠ તણીપરે ॥ મ૦ ॥ મન રાખે સ્થિરતા જોગ હો
॥ ગુ૦ ॥
તો એકાદશી દશમે ભળે ॥ મા૦ ॥ લહે શિવ વધૂ સંજોગ હો
॥ ગુ૦ ॥ ૭ ॥

॥ ઢાલ ॥ ૩ ॥

॥ દેશી લલનાની ॥

હવે ઉજમણું તપ તણું, એકાદશી દિનસાર લલના,
દિન ઇગ્યારે દેહરે, સ્નાત્ર પૂજા અધિકાર લલના ॥
ભગવંત ભાખે હરિભણી ॥ ૧ ॥

ઢોણુ ઢોવિયે દેહરે, ધાન્ય ઈગ્યાર પ્રકાર ॥ લ૦ ॥
શ્રીફલ ફોફલ સુખડી, નવ નવી ભાત ઇગ્યાર ॥ લ૦ ॥ ૨ ॥
કેસર સુખડ ધોતીયાં, કાંચન કલશ શૃંગાર ॥ લ૦ ॥
ધૂપ ધાણાને વાટકી, અંગલૂહણા ઘનસાર ॥ લ૦ ॥ ભ૦ ॥ ૩ ॥
અંગ ઈગ્યારે લિખાવીયે, પુંઠાને રૂમાલ ॥ લ૦ ॥
ઝારી દોરા દાબડી, લેખણ કાંબી નિહાલ ॥ લ૦ ॥ ભ૦ ॥ ૪ ॥
ઝલહલ ચન્દ્રુઆ ભલા, ઠવણી સ્થાપના કાજ ॥ લ૦ ॥
પાટી જપમાલા ભલી, વાસના વટુઆ સાજ
॥ લ૦ ॥ ભ૦ ॥ ૫ ॥
વીજણાને વળી પૂજણા, કવળી કોથળી તામ ॥ લ૦ ॥
રેશમની પાટી રૂચડી, મુહપત્તિ જયણા કામ
॥ લ૦ ॥ ભ૦ ॥ ૬ ॥

જ્ઞાનના ઉપગરણ ભલા, ઈગ્યાર ઇગ્યાર માન ॥ લ૦ ॥
સાધર્મિક ઈગ્યારને, પોષીજે પક્વાન ॥ લ૦ ॥ ભ૦ ॥ ૭ ॥
તે સાંભલી હરિ હરખીયા, આદરે વ્રત પચ્ચક્ખાણ ॥ લ૦ ॥
તિથિ એકાદશી તપ કરે, બાર વર્ષ ગુણ ખાણ
॥ લ૦ ॥ ભ૦ ॥ ૮ ॥
તીર્થંકર પદ તિણ થકી, ગોમ નિકાચિત કીધ ॥ લ૦ ॥
અમમ નામે જિન બારમા, હોસી તપ ફલ સીધ
॥ લ૦ ॥ ભ૦ ॥ ૯ ॥
ઈણ વિધિ શ્રી વીરે કહ્યો, એ અધિકાર અશેષ ॥ લ૦ ॥
તેહ ભણી તપ તુમે આદરો, લેશો સુખ સુવિશેષ
॥ લ૦ ॥ ભ૦ ॥ ૧૦ ॥

॥ કલશ ॥

શ્રી વીર જિનવર સયલ સુખ કર, વરણવી એકાદશી,
તે સુણીય વાણી ભવિકપ્રાણી, તપકરણ મન ઉલ્લસી ॥
જશવંત સાગર સુગુણ આગર, શિષ્ય જિનેન્દ્ર સાગરે,
એકાદશી યહ સ્તવન કીધો, સુણીય ભવિયણ આદરે ॥ ૧ ॥
॥ ઇતિ શ્રી મૌન એકાદશી સ્તવનમ્ ॥

## ૭–अथ श्री छ आवश्यकनुं स्तवन.

॥ દુહા ॥

ચોવીસે જિનવર નમું, ચતુર ચેતના કાજ ।
આવશ્યક જિણે ઉપદિશ્યા, તે થુણશ્યું જિનરાજ ॥ ૧ ॥
આવશ્યક આરાધિયે, દિવસ પ્રત્યે દોયવાર ।
દુરિત દોષ દૂરે ટળે, એ આતમ ઉપકાર ॥ ૨ ॥

સામાયિક ચઉવિસથ્થો, વંદન પડિક્કમણેણ ।
કાઉસગ્ગ પચ્ચક્ખાણ કર, આગમ નિર્મળ એણ ॥ ૩ ॥
ઝેર જાય જિમ જાંગુલી, મંત્ર તણો મહિમા ય ।
તેમ આવશ્યક આદરે, પાતક દુર પલાય ॥૪॥
ભાર તજી જિમ ભાર વહી, હેલે હળવો થાય ।
અતિચાર આલોચતાં, જન્મ દોષ તિમ જાય ।

## ॥ ઢાલ ૧ ॥

॥ કપુર હોય અતિ ઉજલું રે ॥ એ દેશી ॥

પહેલું સામાયિક કરો રે, આણી સમત્તા ભાવ,
રાગદ્વેષ દૂરે કરોરે, આતમ એહ સ્વભાવરે ।
પ્રાણી સમતા છે ગુણગેહ, એતો અભિનવ અમૃત મેહરે
॥ પ્રાણી ॥ ૧ ॥

આપે આપ વિચારીએ રે, રમીએ આપ સ્વરૂપ ।
મમતા જે પર ભાવની રે, વિષમા તે વિષ કુપરે
॥ પ્રાણી ॥ ૨ ॥

ભવભવ મેળવી મુકીયાં રે, ધન કુટુંબ સંજોગ ।
વાર અનંતી અનુભવ્યાં રે, સવિ સંજોગ વિજોગરે
॥ પ્રાણી ॥ ૩ ॥

શત્રુ મિત્ર જગકો નહીં રે, સુખ દુઃખ માયા જાલ ।
જો જાગે ચિત્ત ચેતના રે, તો સવિ દુઃખ વિસરાલરે
॥ પ્રાણી ॥ ૪ ॥

સાવદ્ય જોગ સવિ પરિહરોરે, એ સામાયિક રૂપ ।
હુઆ એ પરિણામથી રે, સિદ્ધ અનંત અરૂપરે
॥ પ્રાણી ॥ ૫ ॥

॥ ઢાલ ૨ ॥

॥ સાહેલડીની દેશી ॥

આદીશ્વર આરાહીયે સાહેલડીરે, અજીત ભજો ભગવંત તો ।
સંભવનાથ સોહામણા ॥સા૦॥ અભિનંદન અરિહંત તો ॥૧॥
સુમતિ પદ્મપ્રભ પૂજીએ, ॥સા૦॥ સમરૂં સ્વામિ સુપાર્શ્વતો ।
ચંદ્રપ્રભ ચિત્ત ધારીયે,॥સા૦॥ સુવિધિ સુવિધિ ઋદ્ધિ વાસતો ॥ ૨ ॥
શીતલ ભૂતલ દિનસણી, ॥સા૦॥ શ્રી પુરણ શ્રેયાંસ તો ।
વાસુપૂજ્ય સુર પૂજીઆ ॥સા૦॥ વિમલ વિમલ જસ હોત તો ॥ ૩ ॥
કરૂં અનંત ઉપાસના ॥સા૦॥ ધર્મ ધર્મ ધુર ધારતો ।
શાંતિ કુંથુ અર મલ્લી નમું ॥સા૦॥ મુનિસુવ્રત વડવીરતો ॥ ૪ ॥
ચરણ નમું નમી નાથના ॥સા૦॥ નેમીશ્વર કરૂં ધ્યાન તો ।
પાર્શ્વનાથ પ્રભુ પૂજીએ ॥સા૦॥ વંદુ શ્રી વર્ધમાનતો । ॥૫॥
એ ચોવીસે જિનવરા ॥સા૦॥ ત્રિભુવન કરણ ઉદ્યોત તો ।
મુકિત પંથ જેણે દાખવ્યો ॥સા૦॥ નિર્મળ કેવલ જયોતિ તો ॥૬॥
સમકિત શુદ્ધ એહથી હોય ॥સા૦॥ લીજે ભવનો પાર તો ।
બીજું આવશ્યક ઇશ્યું ॥સા૦॥ ચઉવિસથ્થો સાર તો ॥૭॥

॥ ઢાલ ૩ ॥

॥ ગીરિમાં ગોરી ગીરૂઓએ–એ દેશી ॥

બેકર જોડી ગુરૂ ચરણે દેઉ વાંદણાં રે ।
આવશ્યક પચવીશ ધારોરે, દોષ બત્રીસ નિવારીએરે ॥૧॥

ચારવાર ગુરૂ ચરણે, મસ્તક નામીએરે । બાર કરી આવર્ત ખામોરે ।
ખામોરે ખામોરે વલી તેત્રીસ આશાતનારે ॥૨॥
ગીતાર્થ ગુણી ગિરૂઆ ગુરૂને વંદતારે, નીચગોત્ર ક્ષય જાય ।
થાયેરે થાયેરે ઉંચ ગોત્રની અરજનારે ॥૩॥
આણ ઓલંગે કોઇ ન જગમાં તેહનીરે, પરભવ લહે સૌભાગ્ય ।
ભાગ્યરે ભાગ્યરે દીપે જગમાં તેહનુંરે ॥૪॥
કૃષ્ણરાય મુનિવરને દીધાં વાંદણાં રે, ક્ષાયિક સમકિત સાર ।
પામ્યારે પામ્યારે તીર્થંકર પદ પામશે રે ॥૫॥
શીતલ આચાર્ય જિમ ભાણેજનેરે, દ્રવ્ય વાંદણાં દીધ ।
ભાવેરે ભાવેરે દેતાં વલી કેવલ લહ્યુંરે ॥૬॥
એ આવશ્યક ત્રીજું એણીપણે જાણજો રે, ગુરૂવંદણ અધિકાર ।
કરજોરે કરજોરે વિનય ભકિત ગુણવંતનીરે ॥૭॥

॥ ઢાલ ૪ ॥

॥ ચેતન ચેતોરે ચેતના—એ દેશી ॥

જ્ઞાનાદિક જિનવર કહ્યાં રે, જે પાંચે આચાર તો ।
દોયવાર તે દિન પ્રતિરે, પડિક્કમીએ અતિચાર ।
જયો જિન વીરજી એ ॥૧॥
આલોઇને પડિક્કમીએરે, મિચ્છામિ દુક્કડં દેય ।
મન વચ કાયા શુદ્ધ કરીરે, ચારિત્ર ચોખું કરેય ॥ જયો૦ ॥૨॥
અતિચાર શલ્ય ગોપવેરે, ન કરે દોષ પ્રકાશ ।
માછી મલ્લ તણી પરેરે, તે પામે પરિહાસ ॥ જયો૦ ॥૩॥

શલ્ય પ્રકાશે ગુરૂ મુખેરે, હોય તસ ભાવ વિશુદ્ધ ।
તે હસી હારે નહીં રે, કરે કર્મશું યુદ્ધ ॥જયો૦ ॥૪॥
અતિચાર ઈમ પડિક્કમીરે, ધર્મ કરી નિઃશલ્ય ।
જિત પતાકા તિમ વરીરે, જિમ જગપલ્લહી મલ્લ ॥જયો૦॥૫॥
વંદિત્તું વિધિશું કહોરે, તિમ પડિક્કમણા સૂત્ર ।
ચોથું આવશ્યક ઈસ્યુંરે, પડિક્કમણા સૂત્ર પવિત્ર ॥જયો૦ ॥૬॥

## ॥ ઢાલ ૫ ॥

॥ હવે નિસુણો ઈહાં આવીયા—એ દેશી ॥

વૈદ્ય વિચક્ષણ જેમ હરે એ, પહેલાં સોલ વિકારતો ।
દોષ શેષ પછી રૂઝવા એ, કરે ઔષધ ઉપચારતો ॥ ૧॥
અતિચાર વ્રણ રૂઝવાએ, કાઉસગ્ગ તિમ હોય તો ।
નવ પલ્લવ સંયમ હુવે એ, દૂષણ નવી રહે કોયતો ॥૨॥
કાયાની સ્થિરતા કરી એ, ચપલ ચિત્ત કરી ઠામતો ।
વચન જોગ સવિ પરિહરીએ, રમીએ આતમ રામતો ॥૩॥
શ્વાસ ઉશ્વાસાદિક કહ્યા એ, જે સોલે આગારતો ।
તેહ વિના સવિ પરિહરી એ, દેહ તણા વ્યાપારતો ॥૪॥
આવશ્યક એ પાંચમું એ, પંચમ ગતિ દાતારતો
મન શુદ્ધે આરાધિએ એ, લહીએ ભવનો પારતો ॥૫॥

## ॥ ઢાલ ૬ ॥

॥ વાલમ વહેલારે આવજો—એ દેશી ॥

સુગુણ પચ્ચક્ખાણ આરાધજો, એહ છે મુક્તિનું હેતરે ।
આહારની લાલચ પરિહરો, ચતુર ચિત્ત તું ચેતરે
॥સુ૦॥૧॥

શલ્ય કાઢયું વ્રણ રૂજવ્યું, ગઇ વેદના દૂર રે ।
પછી ભલા પથ્ય ભોજન થકી, વધે દેહ જેમ નૂર રે
॥સુ૦॥૨॥

તિમ પડિક્કમણ કાઉસગ્ગથી, ગયો દોષ સવિ દુષ્ટરે ।
પછી પચ્ચક્ખાણ ગુણ ધારણે, હોયે ધર્મ તનુ પુષ્ટરે
॥સુ૦॥૩॥

એહથી કર્મ કાદવ ટલે, એહ છે સંવર રૂપરે ।
અવિરતિ કુપથી ઉદ્ધરે, તપ અલંકાર સ્વરૂપરે
॥સુ૦॥૪॥

પૂર્વજન્મ તપથી આદર્યો, વિશલ્યા થઈ નાર રે ।
જેહના નવણના નીરથી, શમે સકલ વિકારરે
॥સુ૦॥૫॥

રાવણે શકિત શસ્ત્રે હણ્યો, પડયો લક્ષ્મણ સેજ રે ।
હાથ અડતાં સચેતન થયો, વિશલ્યા તપ તેજરે
॥સુ૦॥૬॥

છઠ્ઠું આવશ્યક કહ્યું એહવું તે પચ્ચક્ખાણ રે ।
છએ આવશ્યક જેણે કહ્યાં, નમું તે જગ ભાણરે
॥સુ૦॥૭॥

## ॥ કલશ ॥

તપગચ્છ નાયક મુકિત દાયક, શ્રી વિજયદેવ સૂરીશ્વરો ।
તસ પદ દીપક મોહ જીપક, શ્રી વિજય પ્રભુસૂરિ ગણધરો ।
શ્રી કીર્તિવિજય ઉવઝાય સેવક વિનય વિજય વાચક કહે ।
છ આવશ્યક જે આરાધે, તેહ શિવ સંપદ લહે ॥૧॥

॥ ઇતિ ષડાવશ્યક સ્તવનમ ॥

## ૮ ॥ अथ श्री षट्पर्वी महात्म्य स्तवन ॥

### ॥ ઢાલ ॥ ૧ ॥

શ્રી ગુરૂ પદ પંકજ નમીરે, ભાખું પર્વ વિચાર ।
આગમ ચારિત્રને પ્રકરણે રે, ભાખ્યો જેમ પ્રકારો રે ॥
ભવિયણ સાંભલો ॥ ૧ ॥

નિદ્રા વિકથા ટાલીરે, મુકી આમળો ॥ એ આંકણી ॥
ચરમ જિણંદ ચોવીશમોરે, રાજ ગૃહી ઉદ્યાન ।
ગૌતમ ઉદ્દેશી કહે રે, જીનપતિ શ્રી વર્ધમાનરે
॥ ભવિ. ॥ ૨ ॥

પક્ષમાં ષટ્ તિથિ પાળીએ રે, આરંભાદિક ત્યાગ ।
માસમાં ષટ પર્વી તિથિ રે, પોસહ કેરા લાગરે
॥ ભવિ. ॥ ૩ ॥

દુવિધ ધર્મ આરાધવારે; બીજ તે અતિ મનોહાર,
પંચમી નાણ આરાધવારે, અષ્ટમી કર્મ ક્ષય કારરે
॥ ભવિ. ॥ ૪ ॥

ઇગ્યારશ ચૌદશી તિથિરે, અંગ પૂર્વને કાજ ।
આરાધી શભ ધર્મને રે, પામો અવિચલ રાજ રે
॥ ભવિ. ॥ ૫ ॥

ધનેશ્વર પ્રમુખે થયારે, પર્વ આરાધ્યાંરે એહ ।
પામ્યા અવ્યાબાધને રે, નિજ ગુણ રિદ્ધિ વરેહરે
॥ ભવિ. ॥ ૬ ॥

ગૌતમ પૂછે વીરનેરે, કહો તેનો અધિકાર ।
સાંભળી પર્વ આરાધવારે, આદર હોય અપારરે,
॥ ભવિ. ॥ ૭ ॥

## ॥ ઢાલ ૨ ॥

॥ એકવીસાની. એ દેશી ॥

ધનપુરમાં રે શેઠ ધનેશ્વર, શુભમતિ શુદ્ધ શ્રાવકરે,
પર્વતિથે પોસહ વ્રતી, ધન શ્રી તસરે, પત્ની નામ સોહામણો ।
ધનસાર સૂતરે, મેહનો જન્મનો કામણો ॥ ૧ ॥
॥ ત્રોટક ॥ કામણો નિજહિત કારણ માટે, શેઠજી આઠમ દિને,
લઇ પોસહ શૂન્ય ઘરમાં, રહ્યા કાઉસગ્ગ સ્થિર મને ।
ઇણ અવસરે સોહમ ઇંદો, બેઠો નિજ સુર પર્ષદા,
કરે પ્રશંસા શેઠની ઈમ, સાંભલો સહુ સુર તદા ॥ ૨ ॥
જો ચળાવેરે સુરપતિ જઈને આપ હિ,
પણ શેઠજીરે પોસહ માંહિ ચલે નહિં ।
ઇમ નિસુણીરે મિથ્યાત્વી એક ચિંતવે,
હું ચલાવુંરે જઈને હરકોઈ કૌતુકે ॥૩ ॥
॥ ત્રોટક ॥ શેઠણા મિત્રનું રૂપ કરીને, કોટી સુવર્ણનો ઢગ કરી,
કહે લ્યોએ શેઠ તો પણ નવિ ચલ્યા જેમ સુરગિરી,
પછી પત્નીનું રૂપ કરીને, આલિંગનાદિક બહુ કરે ।
અનુકુલ ઉપસર્ગે તો હી શેઠજી, ધ્યાન અધિકેરૂં ધરે ॥ ૪ ॥
કરે બિહામણું રે તાપ પ્રમુખ દેખાડતો,
નારીને સુતરે આવી ઈણિ પરે ભાખતો ।
પ્યારો પોસહરે અવસર તુમચો બહુ થયો,
તબ શેઠજીરે ચિંતવે કાલ કેતો થયો ॥ ૫ ॥

।।ત્રોટક।। સજ્ઝાયને અનુસાર કરીને, જાણ્યું છે હજી રાત એ;
પોસહ હમણાં પારીએ કિમ, નવી થયો પ્રભાત એ ।
તબ પિશાચનું રૂપ કરીને, ચામડી ઉતારતો,
ઘાત ઉછાલન શિલાસ્ફાલન, સાયર માંહિ નાંખતો ।। ૬ ।।
ઈમ પ્રતિકુલરે ઉપસર્ગે પણ નવિ ચલ્યા,
પ્રાણાંતરે અષ્ટમી વ્રતથી નવી ચલ્યા ।
તબ તે સુર રે માગ માગ મુખ ઈમ કહે,
પણ ધ્યાનમાંરે તે વાત પણ નવી લહે ।। ૭ ।।
।।ત્રોટક।। તવ રત્ન અનેક કોટિ, વૃષ્ટિ કીધી જાણીએ,
બહુ જણા પર્વ આરાધવાને, સાદરા ગુણ ખાણ એ ।
રાજા પણ તે દેખી મહિમા, શેઠને માને ઘણું,
કહે ધન્ય ધન્ય શેઠજી તુમ, સફલ જીવિત હું ગણું ।। ૮ ।।

।। ઢાલ ૩ ।।

।। સાહેલડી–એ દેશી ।।

તેહ નગર માંહે વસે સાહેલડીરે, ત્રણ પુરૂષ ગુણવંતતો ।
ઘાંચી હાલી એક ધોબી સાહેલડીરે, ષટપર્વી પાલંતતો
।। ૧ ।।
સાધર્મિક જાણી કરી ।।સા૦।। શેઠ કરે બહુ માનતો ।
પારણે અશન વસન તથા ।।સા૦।। દ્રવ્ય તણું બહુ દાનતો
।। ૨ ।।
સાધર્મિક સગપણ વડું ।।સા૦।। એ સમ અવર ન કોયતો ।
શેઠ સંગાતે ત્રણ જણા ।।સા૦।। સમકિત દ્રષ્ટિ હોયતો ।
।। ૩ ।।

એક દિન ચૌદસને દિને ાાસાાાા રાય ધોબીને ગેહતો ।
ચિવર રાય રાણી તણાં ાાસાાાા મોકલિયાં વર નેહતો
ાા ૪ ાા

આજજ ધોઈ આપજો ાાસાાાા મહોચ્છવ કૌમુદી કાલતો ।
રજક કહે સુણો માહેર ાાસાાાા કુટુંબ સહિત વ્રત પાલતો
ાા ૫ ાા

ધોવું નહિં ચૌદસ દિને ાાસાાાા તવ નૃપ બોલે વાણતો ।
નૃપ આણાયે નિયમ શો ાાસાાાા જેહથી જાયે પ્રાણતો
ાા ૬ ાા

સજ્જન શેઠ પણ ઈમ કહે ાાસાાાા એહમાં હઠ નહિં થાયતો ।
રાજ કોપ અપભ્રાજના ાાસાાાા ધર્મતણી પણ હાણતો
ાા ૭ ાા

વળી રાયાભિયોગેણં ાાસાાાા છે આગાર પચ્ચક્ખાણતો ।
તવ ધોબી ચિત્ત ચિંતવે ાાસાાાા દઢતા વિણ ધર્મ હાણતો
ાા ૮ ાા

ધોવું નવિ માન્યું તિણે ાાસાાાા રાયે સુણી તે વાત તો ।
કુટુંબ સહિત નિગ્રહ કરૂં ાાસાાાા કાલે જો હું નૃપ સાચતો
ાા૯ાા

દૈવયોગે તે રાતમાં ાાસાાાા શૂલ વ્યથા નૃપ થાયતો ।
હાહાકાર નગર થયો ાાસાાાા ઈમ દિન ત્રણ વહી જાયતો
ાા ૧૦ ાા

પડવે દિન ધોઇ કરી ાાસાાાા આપ્યાં વસ્ત્ર તે રાયતો ।
વ્રત નિર્વાહ સુખે થયો ાાસાાાા ધર્મ ત્રણે સુપસાયતો
ાા ૧૧ ાા

## ॥ ઢાલ ૪ ॥

*॥ ભરત નૃપ ભાવશું—એ દેશી ॥*

નરપતિ ચૌદસને દિને એ, ઘાણી વાહન આદેશ ।
કરે તેલી પ્રતે એ, રજકપરે તે અશેષ ।
વ્રત નિયમ પાલિયે એ ॥૧॥ આંકણી ॥
ભૂપતિ કોપે કલકલ્યો એ, ઇણ અવસર પર ચક્ર ।
આવ્યું દેશ ભાંજવા એ, મહાદુર્દાન્ત તે ચક્ર
॥ વ્રતનિ૦ ॥ ૨ ॥
નૃપ પણ સન્મુખ નીકલ્યો એ, યુદ્ધ કરણને કાજ ।
વિકલ ચિત્તથી થયો એ, ઈમ રહી તેલિની લાજ
॥ વ્રતનિ૦ ॥ ૩ ॥
હાલિને આઠમ દિને એ, દીધું મુહૂર્ત તત્કાલ ।
તીણે પણ ઇમ કહ્યુંએ, ખેડીશ હલ હું કાલ ।
॥ વ્રતનિ૦ ॥ ૪ ॥
કોપે ભરાણો ભૂપતિ એ, ઇણ અવસર તિહાં મેહ ।
વરસણ લાગ્યો ઘણું એ, ખેડી ન થાશે હેવ
॥વ્રતનિ૦ ॥ ૫ ॥
ત્રણે અખંડ વ્રત પાલતાં એ, પુણ્ય અતોલથી તેહ ।
મરણ પામી સ્વર્ગે ગયા એ, છઠ્ઠે દેવલોકે જેહ
॥વ્રતનિ૦ ॥ ૬ ॥
ચઉદ સાગરને આઉખે એ, ઉપના તે તતખેવ ।
હવે શેઠ ઉપના એ, બારમે દેવલોકે દેવ
॥ વ્રતનિ૦ ॥ ૭ ॥

મૈત્રી થઇ એ ચારને એ, શ્રેષ્ઠી સુરને તામ ।
કહે ત્રણ દેવતા એ, પ્રતિબોધજો અમ સ્વામ
॥ વ્રતનિ૦ ॥ ૮ ॥

તે પણ અંગિકરે તદા એ, અનુક્રમે ચ્યવિયા તેહ ।
ઉપન્યા ભિન્ન દેશમાં એ, નરપતિ કુલમાં તેહ
॥ વ્રતનિ૦ ॥ ૯ ॥

જે ધીર વીર હીર નામથી એ, દેશ ઘણી વડરાય ।
થયા વ્રત દૃઢ થકી એ, બહુ નૃપ પ્રણમે પાય
॥ વ્રતનિ૦ ॥ ૧૦ ॥

## ॥ ઢાલ ૫ ॥

॥ સુરતિ માસની એ દેશી ॥

ધીરપુરે એક શેઠને, પર્વ દિને વ્યવહાર ।
કરતાં લાભ ઘણો હોવે, લોકને અચરિજકાર ।
અન્યદિને હાનિ પણ, હોયે પુન્ય પ્રમાણ ।
એક દીન પૂછે જ્ઞાનીને, પૂર્વભવ મંડાણ ॥ ૧ ॥
જ્ઞાની કહે સુણ પરભવ, નિર્ધન પણ વ્રત રાગ ।
આરાધીને પર્વતિથે, આરંભનો ત્યાગ ।
અન્યદિને તુમે કીધો, સહેજે પણ વ્રતભંગ ।
તીણે એ કર્યં બંધાણાં, સાંભલો એ કંત ॥ ૨ ॥
સાંભલી તે સહ કુટુંબશું, પાલે વ્રત નીરમાય ।
બીજ પ્રમુખ આરાધે, સવિશેષે સુખ દાય ।
ગ્રાહક પણ બહુ આવે અર્થે, થાવે લાભ અપાર ।
વિશ્વાસી બહુ લોકથી, થયો કોટી સીરદાર ॥ ૩ ॥
નિજકુલ શોષક વાણીઆ, જાણો આ જગત પ્રસિદ્ધ ।

તિણે જઇ રાયને વાણીએ, ઈણીપરે ચુગલી કીધ ।
ઇણે કોટી નિધાન લાધો, તે સ્વામીનો હોય ।
નરપતિ પૂછે શેઠને વાત કહો સહુ કોય ॥ ૪ ॥
શેઠ કહે સુણો નરપતિ, મ્હારે છે પચ્ચક્ખાણ ।
સ્થૂલ મૃષાવાદને વળી, સ્થૂલ અદત્તાદાન ।
ગુરૂ પાસે વ્રત આદર્યું, તે પાલું નીરમાય ।
પિશુન વણીક કહે સ્વામી એ, ધર્મ ધુતારો થાય ॥ ૫ ॥
તસ વચને કરી તેહના, દ્રવ્યતણો અપહાર ।
કરીને ભૂપતિ રાચે, પુત્ર સહિત નિજ દ્વાર ।
રાજદ્વારે રહ્યો ચિંતવે, આજ લહ્યો મેં કષ્ટ ।
પણ આજ પંચમી તિથિતિણે, લાભ હોય કોઇ લષ્ટ ॥ ૬ ॥
પ્રાતઃસમે નૃપ દેખે, ખાલિ નિજ ભંડાર ।
શેઠ ઘર મણિ રત્ન સુવર્ણ, ભર્યા શ્રી શ્રીકાર ।
આવી વધામણી રાયને, તે બિહુની સમકાળ ।
શેઠ તેડી કહે નરપતિ, વાત સુણો ઇણતાલ ॥ ૭ ॥

॥ ઢાલ ૬ ॥

॥ હરણી જવ ચરે લલના એ દેશી ॥

ભૂપતિ ચમકયો ચિત્તમાં લલના, લાલહો, દેખી એ અવદાત
વ્રત ઇમ પાલીયે લલના ।
ખેદ લહી ખામે ઘણું લલના, લાલહો પ્રશ્ન પૂછે સુખ શાત ।
વ્રત ઈમ પાલીયે લલના ॥ ૧ ॥
કહો શેઠ એ કેમ નીપન્યું લલના, લાલહો તુજ ઘર ધન
કિમ હોય ॥ વ્ર૦ ॥

શેઠ કહે જાણું નહિં લલના, લાલહો; કિણી પરે એ મુજ થાય
શ્ર૦ ॥ ૨ ॥
પણ મુજ પર્વને દિહાડલે લલના, લાલહો લાભ અણ-
ચિંત્યો થાય ॥ શ્ર ॥
પર્વદિને વ્રત પાલીયું લલના, લાલહો તે પુન્યનો મહિમાય
॥ શ્ર ॥ ૩ ॥
પર્વમહિમા ઈમ સાંભલી લલના, લાલહો ભૂપતિને તત્કાલ
॥ શ્ર ॥
જાતિ સ્મરણ ઉપન્યું લલના, લાલહો નિજ દીઠો રસાલ
॥ શ્ર ॥ ૪ ॥
ધોબીનો ભવ સાંભર્યો લલના, લાલહો પાલ્યું જે વ્રત સાર
॥ શ્ર૦ ॥
જાવ જીવ નૃપ આદરે લલના, લાલહો ષટ પર્વી વ્રત ધાર
॥ શ્ર૦ ॥ ૫ ॥
આવી વધામણી તેણે સમે લલના, લાલહો સ્વામિ
ભરાણા ભંડાર ॥ શ્ર૦ ॥
વિસ્મિત થયો રાય તદા લલના, લાલહો હિયડે હર્ષ અપાર
॥ શ્ર૦ ॥ ૬ ॥

॥ ઢાલ ૭ ॥

॥ સાહેબજી શ્રી વિમલાચલ ભેટીયે હો લાલ એ-દેશી ॥

સાહેબજી શેઠ અમર પ્રગટ થયો હો લાલ, ભાખે રાયને એમ
॥ સા૦ ॥
તું નવિ મુજ બને ઓળખે હો લાલ, હું આવ્યો
તુજ પ્રેમ ॥ ૧ ॥

સાહેબજી પર્વતિથિ ઈમ પાળીયે હો લાલ,
સાહેબજી શ્રેષ્ટી સુરહું જાણ જો હો લાલ,
તુજ પ્રતિબોધન આજ ॥ સા૦ ॥
શેઠ સાનિધ્ય કરવા વલી હો લાલ, કીધું મેં સવી કાજ
॥ સા૦ ॥ પર્વ ॥ ૨ ॥
સાહેબજી ધર્મ ઉદ્યમ કરે જે સદા હો લાલ, જાવું છું
સુણી વાત ॥ સા૦ ॥
તૈલિક હાલિક રાયને હો લાલ, પ્રતિબોધન અવદાત
॥ સા૦ ॥ પર્વ ॥ ૩ ॥
તિહાં જઈ પૂર્વ ભવતણો હો લાલ, રૂપ દેખાવે તાસ
॥ સા૦ ॥
દેખીને તે પામીયા હો લાલ, જાતિસ્મરણ ખાસ
॥ સા૦ ॥ પર્વ ॥ ૪ ॥
તે બેઉ શ્રાવક થયા હો લાલ, પાલે નિત ષટ પર્વ ॥ સા૦ ॥
ત્રણે તે નર રાયને હો લાલ, સહાય કરે તે સુપર્વ
॥ સા૦ ॥ પર્વ ॥ ૫ ॥
નિજનિજ દેશે નિવારતા હો લાલ, મારી વ્યસન સવિ જેહ
॥ સા૦ ॥
ચૈત્ય કરાવે તેહવા હો લાલ, પ્રતિમા ભરાવે તેર
॥ સા૦ ॥ પર્વ ॥ ૬ ॥
સંઘ ચલાવે સામટા હો લાલ, સ્વામિ વચ્છલ ભલી ભાતે
॥ સા૦ ॥
પર્વદિને નિજ નગરમાં હો લાલ, પડહ અમારી વિખ્યાત
॥ સા૦ ॥ પર્વ ॥ ૭ ॥

પર્વ તિથિ સહુ પાલતા હો લાલ, રાજા પ્રજા બહુ ધર્મ
॥ સા૦ ॥
ઇતિ ઉપદ્રવ સહુ ટાલે હો લાલ, નિજ પર ચક્રભર્મ
॥ સા૦ ॥ પર્વ ॥ ૮ ॥
ધર્મથી સુરસાનિધ્ય કરે હો લાલ, ધર્મ પાલી પાલે રાજ
॥ સા૦ ॥
કોઇ સદ્દગુરૂ સંજોગથી હો લાલ, રૂષિરાજ થયા ત્રણે
॥ સા૦ ॥ પર્વ ॥ ૯ ॥

## ॥ ઢાલ ૮ ॥

॥ ટુંક અને ટાડા વિચરે રે–એ દેશી ॥

ત્રણે નરપતિ આદર્યો રે, ચોકખો ચારિત્રભાર, સંયમ રંગ લાગ્યોરે ।
તપ તપતા અતિ આકરારે, પાલે નિરતિચાર
॥ સંયમ૦ ॥ ૧ ॥
ધ્યાન બલે ખેરૂ કર્યારે, ઘન ઘાતિ જે ચાર ॥ સંયમ ॥
કેવલ જ્ઞાન લહિ કરીરે, વિચરે મહિયલ સાર
॥ સંયમ ॥ ૨ ॥
શ્રેષ્ઠી સુર મહિમા કરે રે, ઠામ ઠામ મનોહાર ॥ સંયમ ॥
દેશના દેતા કેવલીરે, ભાખે નિજ અધિકાર
॥ સંયમ ॥ ૩ ॥
પર્વતિધિ આરાધિયેરે, ભવિયણ ભાવ ઉલ્લાસ ॥ સંયમ ॥
ઈમ મહિમા વિસ્તારીને રે, પામ્યા શિવપુર વાસ
॥ સંયમ ॥ ૪ ॥

બારમા દેવલોકથી ચવીરે, શ્રેષ્ઠી સુર થયા રાય ॥ સંયમ ॥
મહિમા પર્વનો સાંભલીરે, જાતિ સ્મરણ થાય
॥ સંયમ ॥ ૫ ॥
સંજમ ગ્રહી કેવલ લહીરે, પામ્યા અવિચલ ઠાણ ॥ સંયમ ॥
અવ્યાબાધ સુખી થયારે, કેવલ ચિદ્દ્ આરામ
॥ સંયમ ॥ ૬ ॥

## ॥ ઢાલ ૯ ॥

॥ ગીરૂઆરે ગુણ તુમ તણા–એ દેશી ॥

ઉજમણાંએ તપ તણાં કરો, તિથિ પરિણામ ઉપગરણારે ।
રત્નત્રણ સાધન તણા ભવિ, ભવસાયર નિસ્તરણારે
॥ ઉ૦ ॥ ૧ ॥
જો પણ સહુ દિન સાધવા, તો પણ તેની અણશકતે રે ।
પર્વ તિથિ આરાધીને, તુમે ઉજવજો બહુ ભકિતરે
॥ ઉ૦ ॥ ૨ ॥
શ્રાદ્ધવિધિ વરગ્રંથમાં, ભલો ભાખ્યો એ અવદાતો રે ।
ભગવતિને મહાનિશીથમાં કહ્યો, તિથિઅધિકાર વિખ્યાતોરે
॥ ઉ૦ ॥ ॥૩ ॥
તપગચ્છ ગગનાંગણ રવિ, વિજયસિંહ ગણધારો રે ।
અંતેવાસી તેહના, શ્રીસત્યવિજય સુખકારોરે ॥ ઉ૦ ॥ ૪ ॥
કર્પૂરવિજય વર તેહના, વર ક્ષમાવિજય પન્યાસે ।
જીનવિજય જગમાં જયો; શિષ્ય ઉત્તમવિજય તે ખાસરે
॥ ઉ૦ ॥ ૫ ॥
તસ પદ ચરણ ભમર સમા, રહિ સાણંદ ચોમાસું રે ।

અઢાર ત્રીસ સંવત્સરે, સુદ તેરસ ફાગુણ માસોરે
॥ ઉ૦ ॥ ૬ ॥

પદ્મવિજય ભકતે કરી, શ્રી વિજય ધર્મસૂરી રાજે રે ।
વર્ધમાન જિન ગાઈયા, શ્રી અમીઝરા પ્રભુ પાસે રે
॥ ઉ૦ ॥ ૭ ॥

॥ કલશ ॥

પર્વતિથિ આરાધો, સુવ્રત સાધો; લાધ્યો ભવ સફલો કરો ।
સંવેગ સંગી તત્ત્વરંગી, ઉત્તમ વિજય ગુણાકરો ।
તસ શિષ્ય નામે, સુગુણ કામેં, પદ્મવિજયે આદર્યો. ।
શુભ એહ આદર, ભવિ સહાગર, નામ ષટ્ પર્વી ધર્યો ॥
॥ ઈતિ ષટ્ પર્વી મહિમા ગુણ વર્ણન સ્તવન સંપૂર્ણ ॥

## ९. अथ श्री छ अट्ठाइनुं स्तवन

॥ દુહા ॥

સ્યાદ્વાદ શુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જીનચંદ;
પરમ પંચ પરમેષ્ઠિમાં, તસ ચરણ સુખ કંદ ॥ ૧ ॥
ત્રિગુણ ગોચર નામ જે, બુદ્ધિ ઇશાનમાં તેહ;
થયા લોકોત્તર સત્ત્વથી, તે સર્વે જીન ગેહ ॥ ૨ ॥
પંચ વર્ણ અરિહા વિભુ, પંચ કલ્યાણક ધ્યેય;
ષટ્ અઠ્ઠાઈ સ્તવન રચ્યું, પ્રણમી અનંત ગુણગેહ ॥ ૩ ॥

॥ ઢાલ ૧ ॥

॥ કપુર હોયે અતિ ઉજળો – એ દેશી ॥

ચૈત્ર માસ સુદિ પક્ષમાંરે, પ્રથમ અઠ્ઠાઈ સંયોગ,
જીહાં સિદ્ધચક્રની સેવનારે, અધ્યાતમ ઉપયોગરે ભવિકા;

પર્વ અઠ્ઠાઇ આરાધ, મનવાંછિત સુખ સાધરે
ભવિકા ॥ ૧ ॥

પંચ પરમેષ્ઠી ત્રિકાલનારે, ઉત્તર ચઉ ગુણકંત;
શાશ્વતા પદ સિદ્ધચક્રનારે, વંદતાં પુન્ય મહંતરે
॥ ભવિકા૦ ॥ ૨ ॥

લોચનકર્ણ યુગલ મુખે રે, નાસિકા અગ્ર નિલાડ;
તાલુ શિર નાભિ હૃદે રે, ભમુહ મધ્યે ધ્યાન પાઠ રે
॥ ભવિકા૦ ॥ ૩ ॥

આલંબન સ્થાનક કહ્યાં રે, જ્ઞાનીએ દેહ મઝાર;
તેહમાં વિગત વિષય પણે રે, ચિત્તમાં એક આરાધરે
॥ ભવિકા૦ ॥ ૪ ॥

અષ્ટ કમલદલ કર્ણિકારે, નવપદ થાપો ભાવ;
બહિર યંત્ર રચી કરી રે, ધારો અનંત અનુભાવરે
॥ ભવિકા૦ ॥ ૫ ॥

આસો સુદી સાતમ થકી રે, બીજી અઠ્ઠાઈ મંડાણ;
બસેં ત્રેતાલીસ ગુણે કરી રે, અસિઆ ઉસાદિક ધ્યાનરે
॥ ભવિકા૦ ॥ ૬ ॥

ઉત્તરાધ્યયન ટીકા કહે રે, એ દોય શાશ્વતિ પાત્ર,
કરતા દેવ નંદીશ્વરે રે, નર જિમ ઠામ સુપાત્ર રે
॥ ભવિકા૦ ॥ ૭ ॥

## ॥ ઢાલ ૨ ॥

॥ ભવિકા સિદ્ધચક્ર – એ દેશી ॥

અસાઢ ચોમાસાની અઠ્ઠાઇ, જીહાં અભિગ્રહ અધિકાઇ,
કૃષ્ણ કુમારપાલ પરે પાલો, જીવ દયા ચિત્ત લાઈ રે પ્રાણી,

અઠ્ઠાઇ મહોત્સવ કરીયે, સચિત આરંભ પરિહરિયેરે
પ્રાણી ॥ ૧ ॥
દિશિ ગમન તજો વર્ષા સમયે, ભક્ષ્યાભક્ષ્ય વિવેક રે;
અછતિ વસ્તુ પણ વિરતિયે બહુ ફલ, વંકચૂલ વિવેક રે
॥ પ્રાણી૦ ॥ ૨ ॥
જે જે દેહ ગ્રહીને મૂકયા, દેહથી જે હિંસા થાય;
પાપ આકર્ષણ અવિરતિ યોગે, તે જીવ કર્મ બંધાય રે
॥ પ્રાણી૦ ॥ ૩ ॥
સાયક દેહના જીવ જે ગતિમાં, વસિયા તસ હોય કર્મ,
રાજા રંક ક્રિયા સારીખી, ભગવંત અંગનો મર્મ રે
॥ પ્રાણી૦ ॥ ૪ ॥
ચોમાસી આવશ્યક કાઉસગ્ગના, પંચ શત માન ઉસાસ,
છટ્ઠ તપની આલોયણ કરતાં, વિરતિ સધર્મ ઉલ્લાસ રે
॥ પ્રાણી૦ ॥ ૫ ॥

## ॥ ઢાલ ૩ ॥

॥ જીન રયણુજી – એ દેશી ॥

કાર્તિક સુદિમાંજી, ધર્મવાસર અડ ધારીયે,
તિમ વલી ફાગુણેજી, પર્વ અઠ્ઠાઈ સંભારીએ,
ત્રણ અઠ્ઠાઈજી, ચૌમાસી ત્રણ કારણી,
ભવિભાવનાજી, પાતિક સર્વ નિવારણી ॥ ૧ ॥
નિવારણી પાતિક તણીએ જાણી, અવધિ જ્ઞાને સુરવરા,
નિકાય ચારના ઇંદ્ર હર્ષિત, વંદે નિજ નિજ અનુચરા,
અઠ્ઠાઈ મહોત્સવ કરણ સમયે, શાશ્વતા એ દેખીએ,
સવિ સજ્જ થાઓ દેવ દેવી, ઘંટ નાદ વિશેષ એ ॥ ૨ ॥

વલી સુરપતિજી, ઉદ્‌ઘોષણ સુર લોકમાં,
નીપજાવેજી પરિકર સહિત અશોકમાં,
દ્વિપ આઠમેજી, નંદીશ્વર સવિ આવીઆ,
શાશ્વતિ પ્રતિમાજી, પ્રણમી વધાવે પ્રાણીઆ ॥ ૩ ॥
ભાવીઆ પ્રણમી વધાવે પ્રભુને હર્ષ બહુલે નાચતા,
બત્રીસ વિધના કરીય નાટક કોડિ સુરપતિ યાચતા,
હાથ જોડી માન મોડી અંગ ભાવ દેખાવતિ,
આસરા રંભા અતિ અચંભા અરહા ગુણ આલાવતિ ॥ ૪ ॥
ત્રણ અઠ્ઠાઈમાંજી, ષટ્ કલ્યાણુક જિન તણાં,
તથા આલયજી, બાવન જિનના બિંબ ઘણા,
તસ સ્તવનાજી, અદ્‌ભૂત અર્થ વખાણતાં,
ઠામે પહોંચેજી, પછે જિન નામ સંભારતાં, ॥ ૫ ॥
સંભારતાં પ્રભુનું નામ નિશ દિન, પર્વ અઠ્ઠાઈ મન ધરે,
સમકિત નિર્મળ કરણ કારણ, શુભ અભ્યાસ એ અનુસરે,
નર નારી સમકિત વંત ભાવે એહ પર્વ આરાધશે,
વિઘ્ન નિવારે તેહના સવિ, સૌભાગ્ય લક્ષ્મી વાધશે ॥ ૬ ॥

॥ ઢાલ ૪ ॥

॥ આદિ જિણંદ મયા કરી – એ દેશી ॥

પર્વ પજુસણમાં સદા, અમારી પડહો વજડાવો રે,
સદા ભક્તિ દ્રવ્ય ભાવથી, સાહમિવચ્છલ શુભ ભાવ રે
મહોદય પર્વ મહિમા નિધિ ॥ ૧ ॥
સાહમિવચ્છલ એકણ પાસે, એકત્ર કર્મ સમુદાયરે,
બુદ્ધિ તુલાએ તોલીએ, તુલ્ય લાભફલ થાયરે
॥ મ૦ ॥ ૨ ॥

ઉદાયી ચરમ રાજ ઋષિ, તિમ કરો ખામણા સત્યરે,
મિચ્છામિ દુક્કડં દઇને, ફરી સેવો પાપ વત્તરે
॥ મ૦ ॥ ૩ ॥
તેહ કહ્યા માયા મૃષાવાદી, આવશ્યક નિર્યુક્તિ માંહેરે,
ચૈત્ય પરિવાડિ કીજીએ, પૂજા ત્રિકાલ ઉછાહેરે
॥ મ૦ ॥ ૪ ॥
છેલ્લી ચાર અઠ્ઠાઇએ, મહા મહોત્સવ કરે દેવારે,
જીવાભિગમે ઈમ ઉચ્ચરે, પ્રભુશાસનના એ મેવારે
॥ મ૦ ॥ ૫ ॥

## ॥ ઢાલ–૫ ॥

॥ અરણિક મુનિવર–એ દેશી ॥

અઠ્ઠમનો તપ વાર્ષિક પર્વમાં, શલ્ય રહિત અવિરૂદ્ધરે,
કારક સાધક પ્રભુના ધર્મનો, ઇચ્છારોધે હોય શુદ્ધરે,
તપને સેવોરે કાંતા વિરતિના ॥ ૧ ॥
સો વર્ષે કર્મ અકામથી, નારકી તેતો સકામે રે;
પાપ રહિત હોય નવકારશી થકી, સહસ તે પોરસી ઠાયરે
॥ તપ ॥ ૨ ॥
વધતો વધતો તપ કરવા થકી, દશ ગુણો લાભ ઉદારરે;
દશ લાખ કોડ વર્ષનું, અઠ્ઠમે દુરિત મટે નિરધારરે
॥ તપ ॥ ૩ ॥
પચ્ચાસ વર્ષ સુધી તપ્યા લક્ષ્મણી, માયા તપ નવ શુદ્ધરે;
અસંખ્યભવ ભમ્યા એક કુવચન થકી, પદ્મનાભ વારે સિદ્ધરે
॥ તપ ॥ ૪ ॥

આહાર નિહરતારે સમ્યગ્ તપ કહ્યો, જુઓ અભ્યંતર તત્ત્વરે,
ભવોદધિ સેતુરે અઠ્ઠમતપભણી, નાગકેતુ તપ ફલ સત્ત્વરે
॥ તપ ॥ ૫ ॥

॥ ઢાલ-૬ ॥

॥ સ્વામિ સીમંધર-એ દેશી ॥

વાર્ષિક પડિક્કમણાં વિષે, એક હજાર શુભ આઠરે;
શ્વાસઉસાસ કાઉસગ્ગતણાં, આદરી તજો કર્મ કાઠરે.
પ્રભુ તુમ શાસન અતિ ભલું ॥ ૧ ॥
દુગ લખ ચઉસય અડ કહ્યાં, પલ્ય પણુયાલીસ હજારરે;
નવ ભાંગે પલ્યના ચઉ ગ્રહ્યા, શ્વાસમાં સુરઆયુ સારરે
॥ પ્ર૦ ॥ ૨ ॥
ઓગણીસ લાખને ત્રેસઠી, સહસ બસેં સતસઠ્ઠિરે;
પલ્યોપમ દેવનું આઉખું, નવકાર કાઉસગ્ગ જિઠ્ઠરે,
॥ પ્ર૦ ॥ ૩ ॥
એકસઠ લાખ ને પણુતીસા, સહસ બસેં દશ જાણરે;
એટલા પલ્યનું સુર આઉખું, લોગસ્સ કાઉસગ્ગ માનરે
॥ પ્ર૦ ॥ ૪ ॥
ધેનુ ધન રૂપેરે જીવનાં, અચલ છે આઠ પ્રદેશરે;
તેહ પરે સર્વ નિર્મળ કરે, પર્વ અઠ્ઠાઇ ઉપદેશરે
॥ પ્ર૦ ॥ ૫ ॥

॥ ઢાલ-૭ ॥

॥ લીલાવંત કુંવર-એ દેશી ॥

સોહમ કહે જંબુ પ્રત્યે, જ્ઞાનાદિ ધર્મ અનંતરે વિનીત,
અર્થ પ્રકાશે વીરજી, તિમ મેં રચીઓ સિદ્ધાંતરે વિનીત
પ્રભુ આગમ ભલો વિશ્વમાં ॥ ૧ ॥

ષટ લાખ ત્રણસેંને તેત્રીશ, એગુણસાઠ હજારરે વિનીત,
પિસ્તાલીસ આગમ તણો, સંખ્યા જગદાધારરે
॥ વિ૦ ॥ ૨ ॥
અથમીએ જિન કેવલ રવિ, સુત દીયે વ્યવહારરે ॥ વિ૦ ॥
ઉભય પ્રકાશ સૂત્રનો, સંપ્રતિ બહુ ઉપગારરે
॥ વિ૦ ॥ ૩ ॥
પુન્ય ક્ષેત્રમાં સિદ્ધગિરિ, મંત્રમાંહે નવકારરે ॥ વિ૦ ॥
શુકલ ધ્યાન છે ધ્યાનમાં, કલ્પસૂત્ર સારરે
॥ વિ૦ ॥ ૪ ॥
વીર વર્ણન છે જેહમાં, શ્રી પર્વ તસુ સેવરે ॥ વિ૦ ॥
છટ્ઠ તપે કલ્પસૂત્ર સુણે મુદા, ઉચિત વિધિ તત ખેવરે
॥ વિ૦ ॥ ૫ ॥

## ॥ ઢાલ-૮ ॥

॥ તપ શું રંગ લાગ્યો-એ દેશી ॥

નેઉ સહસ સંપ્રતિ નૃપેરે, ઉધર્યા જૈન પ્રાસાદરે,
છતિસ સહસ નવાં કર્યાં રે, નિજ આયુ દિનવાદરે
મનને મોદેરે પૂજોપૂજો મહોદય પર્વ મહોત્સવ મોટો રે ॥ ૧ ॥
અસંખ્ય ભરતના પાટવીરે, અઠ્ઠાઈ ધર્મના કામિરે;
સિદ્ધગિરિયે શિવપુરી વર્યા રે, અજરામર શુભ ધામિરે
॥ મ૦ ॥ ૨ ॥
યુગ પ્રધાન પૂર્વ ધણીરે, વયર સ્વામિ ગણધારરે;
નિજ પિતુ મિત્ર પાસે જઈરે, જાચ્યાં ફૂલ તૈયારરે,
॥ મ૦ ॥ ૩ ॥

વીશલાખ ફૂલ લેઈનેરે, આવ્યા ગિરિ હિમવંતરે;
શ્રી દેવી હાથે લીયાંરે, મહાકમલ ગુણવંતરે,
॥ મ૦ ॥ ૪ ॥
પછે જિન રાગીને સુપિયારે, સુભિક્ષ નયર મઝારરે;
સુગત મત ઉચ્છેદિનેરે, શાસન શોભા અપારરે,
॥ મ૦ ॥ ૫ ॥

## ॥ ઢાલ-૯ ॥

॥ ભરત નૃપ ભાવશું એ-એ દેશી ॥

પ્રતિહારજ અડ પામીયે એ, સિદ્ધ પ્રભુના ગુણ આઠ
હર્ષ ધરી સેવીયે એ,
જ્ઞાન દર્શન ચારિત્રનાંએ, આઠ આરણા પાઠ ॥ હર્ષ ॥
સેવો સેવો પર્વ મહંત ॥ હર્ષ ॥ ૧ ॥
પવયણ માતા સિદ્ધિનું એ, બુદ્ધિગુણ અડદ્રષ્ટિ ॥ હર્ષ ॥
ગણિ સંપદ અડ સંપદાએ, આઠમી ગતિ દિયે પુષ્ટિ
॥ હર્ષ ॥ ૨ ॥
આઠ કર્મ અડ દોષને એ, અડમેલ મેલિ પ્રમાદ ॥ હર્ષ ॥
પરિહરિ આઠ કારણ ભજીએ, આઠ પ્રભાવક વાદ ॥ હર્ષ ॥ ૩ ॥
ગુર્જર દિલ્લિ દેશમાં એ, અકબર શાહ સુલતાન ॥ હર્ષ ॥
હીરજી ગુરૂનાં વયણથીએ, અમારી પડહ વજડાવી ॥ હર્ષ ॥૪॥
સેનસૂરિ તપગચ્છ મણિએ, તિલક આણિંદ મુણિંદ ॥ હર્ષ ॥
રાજયમાન રિદ્ધિ લહે એ, સૌભાગ્યલક્ષ્મીસૂરીંદ ॥ હર્ષ ॥ ૫ ॥
સેવો સેવો પર્વ મહંત ॥ હર્ષ ॥ પૂજો જીન પદ અરવિંદ
॥ હર્ષ ॥

પુન્ય પર્વ સુખકંદ ।। હર્ષ ।। પ્રગટે પરમાનંદ ।। હર્ષ ।।
કહે એમ લક્ષ્મીસુરીંદ ।। હર્ષ ।। ૬ ।।

।। કલશ ।।

એમ પાર્શ્વ પ્રભુનો પસાય પામી, નામે અઠ્ઠાઈ ગુણ કહ્યા;
ભવિ જીવસાધો નિત્ય આરાધો; આત્મ ધર્મે ઉમહ્યા ।। ૧ ।।
સંવત જીન અતિશય, વસુ સસી (૧૮૩૪) ચૈત્રી પુનમે ધ્યાઈયા.
સૌભાગ્યસૂરિ શિષ્ય લક્ષ્મીસૂરિ બહુ, સંઘ મંગલ પાઈયા ।। ૨ ।।

—ઇતિ અઠ્ઠાઈ સ્તવન સંપૂર્ણ—

## १०. अथ श्री ऋषभदेव स्वामिनुं स्तवन

।। દુહા ।।

પુરિસાદાણી પાસજી, બહુ ગુણ મણિ વાસ ।
ઋદ્ધિ વૃદ્ધિ મંગલ કરણ, પ્રણમું મન ઉલ્લાસ ।। ૧ ।।
સરસતિ સાંમિની વિનવું, કવિજન કેરી માંય ।
સરસ વાણી મુજને દીયો, મોટો કરી પસાય ।। ૨ ।।
લબ્ધિ વિનય ગુરૂ સમરીએ, અહનિંશ હર્ષ ધરેવ ।
જ્ઞાન દ્રષ્ટિ જેથી લહી, પદ પંકજ પ્રણમેવ ।। ૩ ।।
પ્રથમ જિણેસર જેહુઓ, મુનિવર પ્રથમ વખાણ ।
કેવલ ધર પહેલો જે કહ્યો, પ્રથમ ભિક્ષાચર જાણ ।। ૪ ।।
પહેલો દાતા એ કહ્યો, આ ચોવીસી મઝાર ।
તેહ તણા ગુણ વરણવું, આણી હર્ષ અપાર ।। ૫ ।।

## ॥ ઢાલ ૧ ॥

॥ ધન્ય ધન્ય સંપ્રતિ સાચો રાજા ॥

॥ એ દેશી ॥ રાગ આશાવરી ॥

પહેલે ભવ ધન સાર્થવાહે, સમકિત પામ્યા સાર રે ।
આરાધી બીજે ભવ પામ્યા, જુગલ તણો અવતાર રે ॥ ૧ ॥
સેવો સમકિત સાચું જાણી, એ સવિ ધર્મની ખાણીરે ।
નવિ પામે જે અભવ્ય અનાણી, એહવી જિનની વાણીરે
॥ સેવો૦ ॥ ૨ ॥
જુગલ ચવિ પહેલે દેવલોકે, ભવ ત્રીજે સુર થાયરે ।
ચોથે ભવે વિદ્યાધર કુલે થયા, મહાબલ નામે રાયરે
॥ સેવો ॥ ૩ ॥
ગુરૂ પાસે દીક્ષા પાલીને, અણુસણ કીધું અંતરે ।
પાંચમે ભવે બીજે દેવલોકે, લલિતાંગ સુર દીપંતરે
॥ સેવો ॥ ૪ ॥
દેવ ચવી છઠ્ઠે ભવે રાજા, વજ્રસંઘ એણે નામરે ।
તીહાંથી સાતમે ભવે અવતરીઆ, જુગલા ધર્મશું રે
॥ સેવો૦ ॥ ૫ ॥
પૂર્ણ આયુ કરી આઠમે ભવે, સુધર્મ દેવલોક દેવરે ।
દેવતણી ઋદ્ધિ બહુલી પામ્યા, દેવતણા વલી ભોગોરે
॥ સેવો૦ ॥ ૬ ॥
મુનિભવ જિવાનંદ નવમે ભવે, વૈદ્ય ચવિ થયો દેવરે ।
સાસુની વૈયાવચ્ચ કરી, દિક્ષા લઈ પાળે સ્વયમેવરે
॥ સેવો૦ ॥ ૭ ॥

વૈદ જીવ દસમે ભવે સ્વર્ગે, બારમેં સુર હોય રે ।
તિહાં કણે આયુ ભોગવી પુરૂં, બાવીસ સાગરે જોય રે
॥ સેવો૦ ॥ ૮ ॥

અગીયારમે ભવે ચવીને, ચક્રી હુઓ વજનાભરે ।
દીક્ષા લઇ વીસ સ્થાનક સાધી, લીધો જિનપદ લાભરે
॥ સેવો૦ ॥ ૯ ॥

ચૌદ લાખ પૂર્વની દીક્ષા, પાલી નિર્મળ ભાવેરે ।
સર્વાર્થ સિદ્ધ અવતરીયા, બારમે ભવ આય રે
॥ સેવો ॥ ॥ ૧૦ ॥

તેત્રીસ સાગર આઉ પ્રમાણે, સુખ ભોગવે તિહાં દેવરે ।
તેરમા ભવ કેરો હવે હું, ચરિત્ર કહું સંખેવરે
॥ સેવો ॥ ॥ ૧૧ ॥

## ॥ ઢાલ–૨ ॥

॥ વાડી ફુલી અતિ ભલી મન ભમરા રે ॥ એ દેશી ॥

જંબુદ્વીપ સોહામણું ॥ મન મોહનારે ॥ લાખજોજન
પરિમાણ ॥ લાલ મન મોહનારે ॥

દક્ષિણભરત ભલું તિહાં ॥ મન. ॥ અનુપમ ધર્મનું ઠામ
॥ લાલ ॥ ૧ ॥ સ્વર્ગપુરી અવતાર ॥ લાલ૦ ॥

નાભીરાય કુલગર તિંહા ॥ મન૦ ॥ મરૂદેવી તસ નારિ
॥ લાલ૦ ॥ ૨ ॥

પ્રીતિ ભક્તિ પાલે સદા ॥ મન૦ ॥ પીયુશું પ્રેમ અપાર
॥ લાલ૦ ॥

સુખ વિલસે સંસારના ॥ મન૦ ॥ સુર પરે સ્રી ભરથાર
॥ લાલ૦ ॥ ૩ ॥

એક દિન સૂતી માલીયે ॥ મન૦ ॥ મરૂદેવી સુપવિત્ર
॥ લાલ૦ ॥
ચોથ અંધારી અષાડની ॥ મન૦ ॥ ઉત્તરાષાઢા નક્ષત્ર
॥ લાલ૦ ॥ ૪ ॥
તેત્રીસ સાગર આઉખે ॥મન૦ ॥ ભોગવી અનુપમ સુખ
॥ લાલ૦ ॥
સર્વાર્થ સિદ્ધથી ચવી ॥ મન૦ ॥ સુર અવતરીયો કુખ
॥ લાલ૦ ॥ ૫ ॥
ચઉદ સુપન દીઠાં તીસે ॥ મન૦ ॥ રાણી મધ્યમ રાત
॥ લાલ૦ ॥
જઈ કહે નિજ કંતને ॥ મન૦ ॥ સુપન તણી સવિ વાત
॥ લાલ૦ ॥ ૬ ॥
કંથ કહે નિજ નારીને ॥ મન૦ ॥ સુપન અર્થ વિચાર
॥ લાલ૦ ॥
કુલ દીપક ત્રિભુવનપતિ ॥ મન૦ ॥ પુત્ર હોશે સુખકાર
॥ લાલ૦ ॥ ૭ ॥
સુપન અર્થ પીઉથી સુણી ॥ મન૦ ॥ મન હરખ્યાં મરૂદેવ
॥ લાલ૦ ॥
સુખે કરી પ્રતિપાલના ॥ મન૦ ॥ ગર્ભ તણી નિતમેવ
॥ લાલ૦ ॥ ૮ ॥
નવ માસ વાડા ઉપરે ॥ મન૦ ॥ દિન હુવા સાડીસાત
॥ લાલ૦ ॥
ચૈત્ર વદ આઠમે દિને ॥ મન૦ ॥ ઉત્તરાષાઢા વિખ્યાત
॥ લાલ૦ ॥ ૯ ॥

મઝીમ રયણીને સમે ॥ મન૦ ॥ જન્મ્યો પુત્ર રતન
॥ લાલ૦ ॥
જન્મ મહોચ્છવ તવ કરે ॥ મન૦ ॥ દિશિકુમરી છપન્ન
॥ લાલ૦ ॥ ૧૦ ॥

॥ઢાળ॥ ૩॥
॥ દેશી હમચડીની ॥

આસન કંપ્યું ઈંદ્રતણું રે, અવધિજ્ઞાને જાણી,
જિનનો જન્મ મહોચ્છવ તવ કરવા, આવે ઇંદ્ર ઇંદ્રાણીરે
॥ હમચડી ॥ ૧ ॥
સુર પરિવારે પરિવર્યારે, મેરૂ શિખર લઈ જાય,
પ્રભુને નવણ કરીને પૂજી, પ્રણમી બહુ ગુણ ગાયરે
॥ હમચડી ॥ ૨ ॥
આણી માતા પાસે મેલી, સુર સુરલોકે પહુંતા,
દિન દિન વાધે ચંદ્રતણી પરે, દેખી હરખે માતા રે
॥ હમચડી ॥ ૩ ॥
વૃષભ તણું લંછન પ્રભુ ચરણે, માત પિતાએ દેખી,
સુપન માંહિ વલી વૃષભ જે પહેલો, દીઠો ઉજ્વલ પેખીરે
॥ હમચડી ॥ ૪ ॥
તેહથી માત પિતાએ દીધું, ઋષભકુમાર ગુણગેહ,
પાંચસે ધનુષ પ્રમાણે ઉંચી, સોવન વરણી દેહરે
॥ હમચડી ॥ ૫ ॥
વીસ પૂર્વ લખ કુમાર પણે રે, રહીયા પ્રભુ ઘર વાસે,
સુમંગલા સુનંદા કુંવારી, પરણ્યા દોય ઉલાસેરે
॥ હમચડી ॥ ૬ ॥

ત્યાશી લાખ પૂર્વ ઘરવાસે, વસીય ઋષભ જિણંદ,
ભરતાદિક સુત શત હુઆ એ, પુત્રી દોય સુખ કંદરે
॥ હમચડી ॥ ૭ ॥

તવ લોકાંતિક સુર આવીને રે, કહે પ્રભુ તીર્થ થાપો,
દાન સંવચ્છરી દેઈ દિક્ષા, સમય જાણી પ્રભુ આણી રે
॥ હમચડી ॥ ૮ ॥

દીક્ષા મહોચ્છવ કરવા આવે, સપરિવાર સુરિંદો,
શિબિકા નામે સુદર્શના, આગલ ઠવે નરીંદ રે
॥ હમચડી ॥ ૯ ॥

॥ ઢાલ ૪ ॥

॥ રાગ મારૂ ॥ એ દેશી ॥

ચૈત્ર વદી આઠમ દીનેરે, ઉત્તરાષાઢારે ચંદ,
શિબિકાયે બેસી ગયા રે, સિદ્ધારથ વનચંદ ॥ ૧ ॥
ઋષભ સંયમ લીયે ॥ એ આંકણી ॥

અશોક તરૂ તલે આવીને રે, ચઉ મુઠી લોચ કીધ,
ચાર સહસ વડ રાજવીરે, સાથે ચારિત્ર લીધરે
॥ ઋ૦ ॥ ૨ ॥

ત્યાંથી વિચર્યા જીનપતિરે, સાધુ તણે પરિવાર,
ઘર ઘર ફરતાં ગોચરીરે, મહીઅલ કરે વિહારરે
॥ ઋ૦ ॥ ૩ ॥

ફરતાં તપ કરતાં થકાંરે, વરસ દિવસ હુઆ જામ,
ગજપુર નયર પધારીયારે, દીઠા શ્રેયાંસે તામરે
॥ ઋ૦ ॥ ૪ ॥

વરસી પારણું જિન જઈરે, શેલડી રસ તિહાં કીધ,
શ્રેયાંસે દાન દેઈનેરે, પરભવ શંબલ લીધરે ॥ ઋ૦ ॥ ૫ ॥
સહસ વરસ લગે તપ તપીરે, કર્મ કર્યાં ચકચુર,
પુરિમતાલ પુર આવીયારે, વિચરતાં બહુ ગુણ પુર્યારે
॥ ઋ૦ ॥ ૬ ॥
ફાગણ વદી અગીયારસેરે, ઉત્તરાષાઢારે યોગ,
અઠ્ઠમ તપ વડ હેઠલેરે, પામ્યા કેવલનાણરે ॥ ઋ૦ ॥ ૭ ॥

॥ઢાળ॥ ૫॥

॥ કપુર હોવે અતિ ઉજલોરે ॥ એ દેશી ॥

સમવસરણ દેવે મલીરે, રચિયું અતિહિ ઉદાર,
સિંહાસન બેસી કરીરે, દીએ દેશના જિન સાર
॥ ચતુરનર ॥ ૧ ॥
કીજે ધર્મ સદાઇ, જિમ તુમ શિવસુખ થાય
॥ ચતુરનર ॥ કીજે ॥
બારે પરખદા આગલેરે, કહે ધર્મ ચ્યાર પ્રકાર,
અમૃતસમ દેશના સુણીરે, પ્રતિબોધ્યા નર નાર
॥ ચતુરનર ॥ ૨ ॥
ભરત તણા સુત પાંચસેરે, પુત્રી સાતસેં જાણ,
દિક્ષા લીયે જિનજી કનેરે, વૈરાગે મન આણ
॥ ચતુરનર ॥ ૩ ॥
પુંડરીક પ્રમુખ થયારે, ચોરાસી ગણધાર,
સહસ ચોરાસી તિમ મલીરે, સાધુતણો પરિવાર
॥ ચતુરનર ॥ ૪ ॥

બ્રાહ્મી પ્રમુખ વલી સાહુણીરે, ત્રણ લાખ સુવિચાર,
પાંચ સહસ ત્રણ લાખ ભલારે, શ્રાવક સમકિત ધાર
॥ ચતુરનર ॥ ૫ ॥

ચોપન સહ પંચ લાખ કહીરે, શ્રાવિકા શુદ્ધ આચાર,
ઇમ ચઉવિહ સંઘ થાપીનેરે, ઋષભ કરે વિહાર
॥ ચતુરનર ॥ ૬ ॥

ચારિત્ર એક લાખ પૂર્વનુંરે, પાલ્યું ઋષભ જિણંદ,
ધર્મ તણે ઉપદેશથીરે, તાર્યાં ભવિજન વૃંદ
॥ ચતુરનર ॥ ૭ ॥

મોક્ષ સમય જાણી કરીરે, અષ્ટાપદ ગિરિ આય,
સાધુ સહસ દશસું તિહાંરે, અણસણ કીધું ભાવ
॥ ચતુરનર ॥ ૮ ॥

મહા વદી તેરસ દિનેરે, અભિનક્ષત્ર ચંદ્ર યોગ,
મુક્તિ પહોત્યા ઋષભજીરે, અનંત સુખ સંજોગ
॥ ચતુરનર ॥ ૯ ॥

## ॥ ઢાલ ॥ ૬ ॥

॥ રાગ ધનાશ્રી ॥ કડખાની ॥ એ દેશી ॥

તું જયો તું જયો ઋષભ જિન, તું જયો,
અલજયો હું તુમ દરસન કરવા,
મેહેર કરો ધણી, વિનવું તુમ ભણી,
અવર ન કોઈ ધણી જ ઉધરવા ॥ તુજ ॥ ૧ ॥
જગમાંહે મેહને મોર જિમ પ્રીતડી,

પ્રીતડી જેહવી ચંદ્ર ચકોર,
પ્રીતડી રામ લક્ષ્મણ તણી જેહવી,
રાતદિન નામ ધ્યાઉં દરસ તોરા ॥ તુજ ॥ ૨ ॥
શિતલ સુર તરૂ તણી તીહાં છાંયડી, શિતલો ચંદ ચંદન ઘસારો,
શીતલું કેલ કપુર જિન શિતલું,
શિતલો તિમ મુઝ મુખ તમારો ॥ તુજ ॥ ૩ ॥
મીઠડો શેલડી રસ જિમ જાણીએ, ખટરસ દ્રાક્ષ મીઠી વખાણી,
મિઠડી આંબલા શાખ તિમ તુમ તણી,
મિઠડી મુજ મન તિમ તુમ વાણી ॥ તુજ ॥ ૪ ॥
તુમ તણા ગુણ તણો પાર હું નવિ લહુ,
એક જીભે કેમ મેં કહીજે,
તાર મુજ તાત સંસાર સાગર થકી,
રંગશું શીવરમણી વરીજે ॥ તુજ ॥ ૫ ॥

॥ કલશ ॥

ઈમ ઋષભ સ્વામિ મુક્તિ ગામી, ચરણ નામી શીર એ ।
મરૂદેવી નંદન, સુખ નંદન, પ્રથમ જિન જગદીશ એ ।
મનરંગ આણી, મુખ વાણી, ગાઈઓ જગ હિત કરૂ ।
કવિરાય લબ્ધિ નિજ સુસેવક, પ્રેમવિજય આનંદ વરો ॥

॥ ઈતિ શ્રી ઋષભ સ્વામિના તેર ભવનું સ્તવન ॥

## ૧૧ ॥ શ્રી મહાવીર સ્વામીના સત્તાવીસ ભવનું પંચ ઢાલીયું ॥

॥ દુહા ॥

શ્રી શુભ વિજય સુગુરૂ નમી, નમી પદ્માવતી માય,
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય ॥ ૧ ॥

સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય,
જો વલી સંસારે ભમે, તો પણ મુક્તે જાય ॥ ૨ ॥
વીર જીનેશ્વર સાહિબો, ભમિયો કાલ અનંત,
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત ॥ ૩ ॥

## ॥ ઢાલ પહેલી ॥

પહેલે ભવે એક ગામનોરે, રાય નામે નયસાર;
કાષ્ટ લેવા અટવી ગયોરે, ભોજન વેળા થાયરે–પ્રાણી
ધરિયે સમકિત રંગ, જીમ પામીયે સુખ અભંગરે પ્રાણી
॥ ધરિયે ॥ ॥ ૧ ॥

મન ચિંતે મહીમા નીલો રે, આવે તપસી કોય,
દાન દેઇ ભોજન કરૂં રે, તો વાંછિત ફલ હોય રે પ્રાણી
॥ ધરિયે ॥ ૨ ॥

મારગ દેખી મુનિવરારે, વંદે દેઇ ઉપયોગ,
પૂછે કેમ ભટકો ઈહાંરે, મુનિ કહે સાથ વિયોગરે પ્રાણી
॥ ધરિયે ॥ ૩ ॥

હર્ષ ભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ,
ભોજન કરી કહે ચાલીયેરે, સાથ ભેળા કરૂં આજરે પ્રાણી
॥ ધરિયે ॥ ૪ ॥

પગવટીએ ભેગા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ,
સંસારે ભૂલા ભમોરે, ભાવ માર્ગ અપવર્ગ રે પ્રાણી
॥ ધરિયે ॥ ૫ ॥

દેવ ગુરૂ ઓળખાવીયા રે, દીધો વિધિ નવકાર,

પશ્ચિમ મહાવિદેહમાં રે; પામ્યો સમકિત સારરે પ્રાણી
॥ ધરિયે ॥ ૬ ॥
શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મઝાર,
પલ્યોપમ આયુ ચવીરે, ભરત ઘરે અવતારરે પ્રાણી
॥ ધરિયે ॥૭ ॥
નામે મરીચી યૌવનેરે, સંયમ લીયે પ્રભુ પાસ,
દુષ્કર ચરણ લહી થયોરે, ત્રિદંડિક શુભ વાસરે પ્રાણી
॥ ધરિયે ॥ ૮ ॥

॥ઢાળ ॥ ૨ ॥

॥ વિવાહલાની દેશી ॥

નવો વેશ રચે તેણી વેલા, વિચરે આદીશ્વર ભેળા,
જળ થોડે એ સ્નાન વિશેષે, પગે પાવડી ભગવે વેષે ॥ ૧ ॥
ધરે ત્રિદંડી લાકડી મોટી, શીર મુંડણ ને ધરે ચોટી,
વળી છત્ર વિલેપન અંગે, સ્થુલથી વ્રત ધરતો રંગે ॥ ૨ ॥
સોનાની જનોઇ રાખે, સહુને મુનિ મારગ ભાખે,
સમવસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જીનેશ ॥ ૩ ॥
જીન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચી નામ,
વીર નામે થશે જીન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા ॥ ૪ ॥
ચક્રવર્તિં વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે,
મરીચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ જ કહેતા ॥ ૫ ॥
તમે પુન્યાઈવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જીન થાશો,
નવિ વંદુ ત્રિદંડિક વેષ, નમું ભક્તિયે વીર જિનેશ ॥ ૬ ॥
એમ સ્તવના કરી ઘર જાવે, મરીચિ મન હર્ષ ન માવે,
મારે ત્રણ પદવીની છાપ, દાદા જીન ચક્રી બાપ ॥ ૭ ॥

અમે વાસુદેવ ધુર થઈશું, કુલ ઉત્તમ મારૂં કહીશું,
નાચે કુલ મદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો ॥૮॥
એક દિન તનું રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે,
ત્યારે વંછે ચેલો એક, તવ મલીયો કપિલ અવિવેક. ॥૯॥
દેશના સુણી દીક્ષા વાંછે, કહે મરીચી લીયો પ્રભુ પાસે,
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે ॥૧૦॥
તુમ દર્શને ધર્મનો વ્હેમ, સુણી ચિંતે મરીચી એમ,
મુજ યોગ્ય મલ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો ॥૧૧॥
મરીચી કહે ધર્મ ઉભયમાં, લીયે દીક્ષા યૌવન વયમાં,
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર ॥૧૨॥
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમે સ્વર્ગે સધાય,
દશ સાગર જીવિત ત્યાંહી, શુભવીર સદા સુખ માંહી ॥૧૩॥

## ॥ ઢાળ ॥ ૩ ॥

### ॥ ચોપાઈની દેશી ॥

પાંચમે ભવે કોલ્લાગ સન્નિવેષ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ,
એંશી લાખ પૂર્વ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી ॥૧॥
કાલ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર,
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય ॥૨॥
સૌધર્મે મધ્ય સ્થિતિયે થયો, આઠમે ચૈત્ય સન્નિવેષે ગયો,
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લાખ સાઠે મુઓ ॥૩॥
મધ્યસ્થિતિયે સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદીરપુર દ્વિજઠાણ,
લાખ છપન્ન પૂર્વા પુરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી ॥૪॥

ત્રીજે સ્વર્ગે મધ્ય આયુ ધરી, બારમે ભવ શ્વેતાંબીપુરી,
પૂર્વ લાખ ચુમાલીશ આય, ભારદ્વાજ ત્રિદંડીક થાય ॥૬॥
તેરમે ચોથે સ્વર્ગે મલી, કાલે ઘણો સંસારે ભમી,
ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીસ લાખ પૂર્વને આય ॥૭॥
થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો,
સોળમે ભવ કોડ વર્ષ સમાય, રાજકુંવર વિશ્વભૂતિ થાય ॥૭॥
સંભૂતિમુનિ પાસે અણગારૂ, દુક્કર તપ કરી વર્ષ હજાર,
માસખમણ પારણે ધરી દયા, મથુરામાં ગોચરીયે ગયા ॥૮॥
ગાયે હણ્યા મુનિ પડયા વશા, વિશાખ નંદી પિતરીયા હસ્યા,
ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી ॥૯॥
તપ બળથી હોજો બળ ઘણી, કરી નિયાણું મુનિ અણસણી,
સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા ॥૧૦॥

## ॥ ઢાળ ॥ ૪ ॥

અઢારમે ભવે સાત સુપન સૂચિત સતિ,
પોતનપુરીયે પ્રજાપતિ રાણી મૃગાવતિ,
તસ સુત નામે ત્રિપૃષ્ટ વાસુદેવ નિપજ્યા,
પાપ ઘણું કરી સાતમી નરકે ઉપજ્યા ॥ ૧ ॥
વીશમે ભવ થઇ સિંહ ચોથી નરકે ગયા,
તિહાંથી ચવિ સંસારે ભવ બહુલા થયા,
બાવીશમે નર ભવ લહી, પુણ્ય દશા વર્યા,
ત્રેવીશમે રાજધાની મૂકાયે સંચર્યા ॥ ૨ ॥
રાય ધનંજય ધારણીયે જનમીયા,
લાખ ચોરાશી પૂર્વ આયુ જીવિયા,

પ્રિય મિત્ર નામે ચક્રવર્તિ દીક્ષા લહી,
કોડી વર્ષ ચારિત્ર દશા પાલી સહી. ॥ ૩ ॥
મહા શુક્રે થઈ દેવ ઇણે ભરતે ચવી,
છત્રિકા નગરીયે જિત શત્રુ રાજવી,
ભદ્રા માય લાખ પચવીશ વર્ષ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી ॥ ૪ ॥
અગીયાર લાખને એંશી હજાર છશે વળી,
ઉપર પિસ્તાલીશ અધિક પણ દિન રૂળી,
વીશ સ્થાનક માસખમણે, જાવજીવ સાધતા,
તીર્થંકર નામ કર્મ તિહાં નિકાચતા ॥ ૫ ॥
લાખ વર્ષ દીક્ષા પર્યાય તે પાળતા,
છવ્વીશમે ભવ પ્રાણત કલ્પે દેવતા,
સાગર વીશનું જીવિત સુખભર ભોગવે,
શ્રી શુભવીર જીનેશ્વર ભવ સુણજો હવે ॥ ૬ ॥

॥ ઢાલ ૫ ॥

નયર માહણ કુંડમાં વસે રે, મહા ઋદ્ધિ ઋષભદત્ત નામ,
દેવાનંદા દ્વિજ શ્રાવિકારે, પેટ લીયો પ્રભુ વિસરામરે,
પેટ લીયો પ્રભુ વિસરામ ॥ ૧ ॥
બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય,
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કૂખે છટકાય રે. ત્રિશલા૦
॥ ૨ ॥
નવ માસાંતરે જનમીયા રે, દેવ દેવી ઓચ્છવ કીધ,

પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. નામે૦
॥ ૩ ॥

સંસાર લીલા ભોગવી રે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ,
બાર વર્ષે હુઆ કેવલી રે, શિવવહુનું તિલક શિર દીધરે. શિર૦
॥ ૪ ॥

સંઘ ચતુર્વિધ સ્થાપીયો રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર,
સંયમ દેઈ શિવ મોકલ્યા રે, ભગવતિ સૂત્રે અધિકારરે. ભગ૦
॥ ૫ ॥

ચોત્રીશ અતિશય શોભતારે, સાથે ચૌદ સહસ અણગાર,
છત્રીસ સહસ તે સાધવી રે, બીજો દેવ દેવી પરિવાર રે, બીજો૦
॥ ૬ ॥

ત્રીશ વર્ષ પ્રભુ કેવલી રે, ગામ નગર તે પાવન કીધ,
બહોંતેર વર્ષનું આઉખું રે, દીવાલીયે શિવપદ લીધરે, દીવા૦
॥ ૭ ॥

અગુરૂલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ,
મોહરાય મલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશરે, તન૦
॥ ૮ ॥

તુમ સુખ એક પ્રદેશનું રે, નવી આવે લોકાકાશ,
તો અમને સુખીયા કરો રે, અમે ધરી તુમારી આશરે, અમે૦
॥ ૯ ॥

અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરૂ ઉપદેશ,
લાલચ લાગી સાહિબા રે, નવિ ભજીયે કુમતિનો લેશરે. નવિ૦
॥ ૧૦ ॥

મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ,
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભવીર સદા સુખવાસ રે, શુભ૦
॥ ૧૧ ॥

॥ કલશ ॥

ઓગણીશ એકે વર્ષ છે કે પૂર્ણિમા શ્રાવણ વરો,
મેં થુણ્યો લાયક, વિશ્વનાયક વર્ધમાન જીનેશ્વરો,
સંવેગ રંગ તરંગ ઝીલે, જશ વિજય સમતા ધરો,
શુભ વિજય પંડિત ચરણ સેવક વીર વિજય જય જય કરો
॥ ૧ ॥

## ૧૨. ॥ શ્રી મહાવીર સ્વામિનું પંચકલ્યાણકનું ત્રણ ઢાલનું સ્તવન ॥

॥ દુહા ॥

શાસન નાયક શિવકરણ, વંદુ વીર જિણંદ,
પંચ કલ્યાણક જેહના, ગાશું ધરી આણંદ ॥ ૧ ॥
સુણતાં થુણતાં પ્રભુ તણા, ગુણ ગીરૂઆ એકવાર,
ઋદ્ધિ વૃદ્ધિ સુખસંપદા, સફલ હુએ અવતાર. ॥ ૨ ॥

॥ ઢાળ ॥ ૧ ॥

॥ બાપલડી સુણ જીભલડી ॥ એ દેશી ॥

સાંભળજો સસ્નેહી સયણાં, પ્રભુના ચરિત્ર ઉલ્લાસે,
જે સાંભળશે પ્રભુ ગુણ એહના, સમકિત નિર્મળ થાશેરે
॥ સાં૦ ॥ ૧ ॥

જંબુ દ્વીપે દક્ષિણ ભરતે, માહણ કુંડ ગામે,
ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામેરે ।। સાં૦ ।। ૨ ।।
આષાઢ સુદી છઠ્ઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવિયા,
ઉત્તરાફાલ્ગુની યોગે આવી, તસ કુખે અવતરીયારે
।। સાં૦ ।। ૩ ।।

તિણ રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે,
પ્રભાતે સુણી કંથ ઋષભદત્ત, હિયડામાંથી હરખે રે
।। સાં૦ ।। ૪ ।।

ભાંખે ભોગ અર્થ સુખ હોસ્યે, હોસ્યે પુત્ર સુજાણ,
તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણ
।। સાં૦ ।। ૫ ।।

ભોગ ભલા ભોગવતા વિચરે, એહવે અચરિજ હોવે,
શતક્રતુ જીવ સૂરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવે રે
।। સાં૦ ।। ૬ ।।

કરી વંદનને ઇંદ્ર સન્મુખ, સાત આઠ પગ આવે,
શક્રસ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન સોહાવેરે
।। સાં૦ ।। ૭ ।।

શંસય પડિયો એમ વિમાસે, જિન ચક્રી હરી રામ,
તુચ્છ દરિદ્ર માહણ કુલ નાવે, ઉગ્રભોગ વિણ ધામે રે
।। સાં૦ ।। ૮ ।।

અંતિમ જિન માહણ કુલ આવ્યા, એહ અછેરૂં કહીએ,
ઉત્સર્પિણી અવસર્પિણી અનંતી, જાતાં એહવું લહી એ રે
।। સાં૦ ।। ૯ ।।

ઇણ અવસર્પિણી દશ અચ્છેરાં, થયાં તે કહીએ તેહ,
ગર્ભહરણ, ગોસાલા ઉપસર્ગ, નિષ્ફલ દેશના જેહરે
॥ સાં૦ ॥ ૧૦ ॥
મૂલવિમાને રવિશશી આવ્યા, ચમરાનો ઉત્પાત,
એ શ્રી વીર જિણેસર વારે, ઉપનાં પંચ વિખ્યાતરે,
॥ સાં૦ ॥ ૧૧ ॥
સ્ત્રી તીર્થંકર મલ્લિ જિન વારે, શીતલને હરિવંશ,
ઋષભને અઠ્ઠોત્તર સો સીધા, સુવિધિ, સુવિધિ અસંજતી શંસરે
॥ સાં ॥ ૧૨ ॥
શંખ શબ્દ મીલીયા હરિ હરિસ્યું, નેમીસરને વારે,
તીમ પ્રભુજી નીચ કુલે અવતરીયા, સુરપતિ એમ વિચારેરે
॥ સાં૦ ॥ ૧૩ ॥

॥ ઢાલ ૨ ॥

॥ નદી યમુના કે તીર ॥ એ દેશી ॥

ભવ સતાવીસ સ્થુલ માંહિ, ત્રીજે ભવે,
મરીચી કીયો કુલનો મદ, ભરત યદા સ્તવે,
નીચ ગોત્ર કરમ તિહાં બાંધ્યું તે વળી,
અવતરીયા માહણ કુલ અંતિમ જિનપતિ ॥ ૧ ॥
અતિ અઘટતું એહ થયું થાશે નહિં,
જે પ્રસવે જિન ચક્રી નીચ કુલે નહિં,
ઈહાં મારો આચાર ધરૂં કુલે, હરિણગમેષી
દેવ તે ઠાવે એટલે ॥ ૨ ॥
કહે માહણ કુંડ નયરે જોઇ ઉચિત કરો,
દેવાનંદા કુખેથી પ્રભુને સંહરો,

નયર ક્ષત્રીયકુંડ રાય સિદ્ધારથ ગેહિની,
ત્રિશલા નામે ધરો પ્રભુ કુખે તેહની ॥ ૩ ॥

ત્રિશલા ગર્ભ લઈને ધરો માહણી ઉરે,
બ્યાસી સાત વસીને કહ્યું તીમ સુર કરે,
માહણી દેખે સુપન જાણે ત્રિશલા હર્યો,
ત્રિશલા સુપન લહે તવ ચૌદ અલંકર્યાં ॥ ૪ ॥

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
હાથી વૃષભ સિંહ લક્ષ્મી માલા સુંદરૂં, શશી રવિ,
૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
ધ્વજ કુંભ પદ્મસરોવર સાગરૂ, દેવવિમાન રયણપુંજ
૧૪
અગ્નિ વિમલે, એહવે દેખે ત્રિશલા એહકે પીઉને વિનવે ॥ ૫ ॥

હરખ્યો રાય સુપન પાઠક તેડાવિયા,
રાજ ભોગ સુતફળ સુણી તેહ વધાવિયા,
ત્રિશલારાણી વિધિસ્યું ગર્ભ સુખે હવે,
માય તણે હિત કે પ્રભુ નિશ્ચલ રહે ॥ ૬ ॥

માય ધરે દુઃખ જોર વિલાપ ઘણું કરે,
કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે,
ગર્ભ હર્યો મુજ કેણ હવે કેમ પામીએ,
દુઃખનો કારણ જાણી વિચાર્યું સ્વામિયે ॥ ૭ ॥

અહો અહો મોહ વિટંબણ જાલમ જગતમેં,
અણ દીઠે દુઃખ એવડો ઉપાયો પલકમેં,
તવ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું,
માત પિતા જીવતાં સંયમ નવિ ગ્રહું ॥ ૮ ॥

કરૂણા આણી અંગ હલાવ્યું જિનપતિ,
બોલી ત્રિશલા માત હિયે ઘણું હિસતી,
અહો મુજ જાગ્યાં ભાગ્ય ગર્ભ મુજ સલસલ્યો,
સેવ્યો શ્રી જિનધર્મ કે સુરતરૂ જિમ ફલ્યો ॥ ૯ ॥
સખીય કહે શીખામણ સ્વામિની સાંભલો,
હળવે હળવે બોલો હસો રંગે ચલો,
ઇમ આનંદે વિચરતા ડોહલા પુરતે,
નવ મહિના ને સાડાસાત દિવસ થતે ॥ ૧૦ ॥
ચૈત્ર તણી સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા,
જોગે જનમ્યા વીર કે તવ વિકસી ધરા,
ત્રિભુવન થયો ઉદ્યોત કે રંગ વધામણા,
સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા ॥ ૧૧ ॥
આવી છપન્ન કુમારી કે ઓચ્છવ પ્રભુ તણે,
ચલ્યું રે સિંહાસન ઇંદ્રકે ઘંટા રણઝણે,
મળી સુરની કોડ કે સુરવર આવીયો,
પંચ રૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીયો ॥ ૧૨ ॥
એક કોડ સાઠ લાખ કલશ જલશું ભર્યા,
કિમ સહેસ્યે લઘુ વીર કે ઇંદ્ર શંસય ધર્યા,
પ્રભુ અંગુઠે મેરૂ ચાંપ્યો અતિ ઘડ ઘડે,
ગડ ગડે પૃથિવ લોક જગતના લડથડે ॥ ૧૩ ॥
અનંત બળી પ્રભુ જાણી ઇંદ્રે ખમાવિઓ,
ચાર વૃષભનાં રૂપ કરી જલ નામીઓ,

પૂજી અરચી પ્રભુને માય પાસ ધરે,
ધરી અંગુઠે અમૃત ગયા નંદીશ્વરે ॥ ૧૪ ॥

॥ ઢાલ ॥ ૩ ॥

॥ દેશી હમચડીની ॥

કરી મહોચ્છવ સિદ્ધારથ ભૂપ, નામ ધરે વર્ધમાન,
દિન દિન વાધે પ્રભુ સુરતરૂ જિમ, રૂપ કલા અસમાનરે
॥ હમચડી ॥ ૧ ॥

એક દિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જબ જાવે,
ઈંદ્રે મુખે પ્રશંસા સુણી તિહાં, મિથ્યાત્વિ સુર આવેરે
॥ હમચડી ॥ ૨ ॥

અહિરૂપે વિટાણો તરૂસ્યું, પ્રભુ નાખ્યો ઉછાલી,
સાત તાડનું રૂપ કર્યું તબ, મુકે નાંખ્યો વાળીરે
॥ હમચડી ॥ ૩ ॥

પાયે લાગીને તે સુર ખામે, નામ ધરે મહાવીર,
જેવો ઈંદ્રે વખાણ્યો સ્વામી, તેવો સાહસ ધીરરે,
॥ હમચડી ॥ ૪ ॥

માતા પિતા નિશાળે મુકે, આઠ વરસના જાણી,
ઈંદ્ર તણા તિહાં શંસય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણીરે
॥ હમચડી ॥ ૫ ॥

અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદા રાણી,
અઠ્ઠાવીશે વરસે પ્રભુનાં, માત પિતા નિર્વાણીરે
॥ હમચડી ॥ ૭ ॥

દોય વરસ ભાઈને આગ્રહ, પ્રભુ ઘર વાસે વસીયા,

ધર્મ પંથ દેખાડો ઈમ કહે, લોકાંતિક ઉલસીયારે
॥ હમચડી ॥ ૭ ॥

એક ક્રોડ આઠ લાખ સોનઈયા, દિન દિન પ્રભુજી આપે,
ઈમ સંવચ્છરી દાન દઈને, જગનાં દારિદ્રય કાપેરે
॥ હમચડી ॥ ૮ ॥

છાંડયાં રાજ અંતેઉર પ્રભુજી, ભાઈ એ અનુમતિ દીધી,
મૃગશીર વદ દશમી ઉત્તરાયે, વીરે દીક્ષા લીધીરે
॥ હમચડી ॥ ૯ ॥

ચઉ નાણી તિણ દીનથી પ્રભુજી, વરસ દિવસ ઝાઝેરે,
ચિવર અર્ધ બ્રાહ્મણને દીધું, ખંડ ખંડ બે ફેરીરે
॥ હમચડી ॥ ૧૦ ॥

ઘોર પરિષહ સાડા બારે, વરસ જે જે સહીયા,
ઘોર અભિગ્રહ જે જે ધરિયા, તે નવિ જાયે કહીયારે
॥ હમચડી ॥ ૧૧ ॥

સુલપાણી ને સંગમદેવે, ચંડકોસી ગોસાલે
દીધું દુઃખ ને પાયસ રાંધી, પગ ઉપર ગોવાલેરે.
॥ હમચડી ॥ ૧૨ ॥

કાને ગોપે ખીલા માર્યા, કાઢતાં મુકી રાડી,
જે સાંભલતાં ત્રિભુવન કંપ્યા, પર્વત શિલા ફાટીરે
॥ હમચડી ॥ ૧૩ ॥

તે તેં દુષ્ટ સહુ ઉધરીયા, પ્રભુજી પર ઉપગારી,
અડદ તણા બાકુલા લઇને, ચંદનબાલા તારીરે
॥ હમચડી ॥ ૧૪ ॥

હોય છ માસી નવ ચઉ માસી, અઢીમાસી ત્રણ માસી,
દોઢ માસી બે બે કીધાં, છ કીધાં બે માસીરે
॥ હમચડી ॥ ૧૫ ॥

બાર માસ ને પખ બહોંતેર, છઠ્ઠબસેં ઓગણત્રીસ વખાણું,
બાર અઠ્ઠમ ભદ્રાદિ પ્રતિમા, દીન દોઈ ચાર દશ જાણુંરે
॥ હમચડી ॥ ૧૬ ॥

ઇમ તપ કીધાં બારે વરસે, વીર પાણી ઉલ્લાસે,
તેમાં પારણાં પ્રભુજીએ કીધાં, ત્રણસે ઓગણ પચાસરે
॥ હમચડી ॥ ૧૭ ॥

કર્મ ખપાવી વૈશાખમાસે, સુદ દશમી શુભ જાણ,
ઉત્તરા યોગ શાલિ વૃક્ષતલે, પામ્યા કેવલ નાણરે.
॥ હમચડી ॥ ૧૮ ॥

ઇંદ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધર પદવી દીધી,
સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા, સંઘસ્થાપના કીધીરે
॥ હમચડી ॥ ૧૯ ॥

ચઉદ સહસ અણગાર સાધ્વી, સહસ છત્રીસ કહીજે,
એક લાખ ને સહસ ગુણ સઠ્ઠિ, શ્રાવક શુદ્ધ કહીજેરે
॥ હમચડી ॥ ૨૦ ॥

તીન લાખ અઢાર સહસ વલી, શ્રાવિકા સંખ્યા જાણી,
ત્રણસેં ચૌદ પૂર્વ ધારી, તેરસેં ઓહી નાણીરે
॥ હમચડી ॥ ૨૧ ॥

સાત સયાં તે કેવલ નાણી, લબ્ધિધારી પણ તેતા,
વિપુલ મતિયા પાંચસેં કહીયા, ચારસેં વાદી જિત્યારે
॥ હમચડી ॥ ૨૨ ॥

સાતસેં અંતેવાસી સીધ્યા, સાધ્વી ચૌદસેં સાર,
દિન દિન તેજ સવાયે દીપે એ, પ્રભુજીનો પરિવારરે
॥ હમચડી ॥ ૨૩ ॥
ત્રીસ વરસ ઘર વાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે,
તીસ વરસ કેવલ બેંતાલીસ, વરસ સમણા મધ્યેરે
॥ હમચડી ॥ ૨૪ ॥
વરસ બહોંતેર કેરૂ આયુ, વીર જિણંદનું જાણો,
દીવાલી દિન સ્વાતિ નક્ષત્ર, પ્રભુજીનો નિરવાણરે
॥ હમચડી ॥ ૨૫ ॥
પંચ કલ્યાણક એમ વખાણ્યા, પ્રભુજીના ઉલ્લાસે,
સંઘતણે આગ્રહ હરખ ધરીને, સુરત રહી ચોમાસુંરે
॥ હમચડી ॥ ૨૬ ॥

॥ કલશ ॥

ઇમ ચરમ જિનવર, સયલ સુખ કર, થયો અતિ ઉલટ ધરી,
અષાડ ઉજ્વલ પંચમી દિન, સંવત શત ત્રીહોંતરે ।
ભાદ્રવા સુદ પડવા તણે દિન, રવિવાર ઉલટ ભરો,
વિમલ વિજય ઉવઝાય પયકજ, ભ્રમર સમ શુભ શિષ્યએ,
રામ વિજય જિનવર નામે, લહે અધિક જગીસ એ ॥૧॥
॥ ઈતિશ્રી વીર જિન પંચ કલ્યાણક સ્તવન સંપૂર્ણ ॥

## १३. ॥ अथ श्री आंतरानुं स्तवन ॥

॥ દુહા ॥

શારદ શારદના સુપરે, પદ પંકજ પ્રણમેય
ચોવિસે જિન વરણવું, અંતર સુત સંખેય. ॥ ૧ ॥

વીર પાર્શ્વને આંતરૂં, વરસ અઢીસેં હોય,
પંચ કલ્યાણક પાર્શ્વના સાંભલજો સહુ કોય. ॥ ૨ ॥

॥ ઢાલ ॥ ૧ ॥

નિરૂપમ નયરી વણારસીજી, શ્રી અશ્વસેન નરિંદતો,
વામારાણી ગુણ ભર્યાજી, મુખ જિમ પુનમ ચંદતો ।
ભવિ ભાવ ધરીને પ્રણમો, પાસ જિણંદતો ॥ એ આંકણી
॥ ૧ ॥

પ્રાણત કલ્પ થકી ચવ્યાજી, ચૈત્ર વદી ચોથને દીન તો ।
તેહની કુખે અવતર્યાજી, પ્રભુ જીમ કંદર સિંહ તો
॥ ભવિ૦ ॥ ૨ ॥

પોષ બહુલ દશમી દિનેજી, જન્મ્યા પાસ કુમાર તો ।
જોવન વય પ્રભુ આવીયાજી, વરીયા પ્રભાવતી નારી તો
॥ ભવિ૦ ॥ ૩ ॥

કમઠ તણો મદ ગાલીયોજી, ઉધર્યો નાગ સજોર તો ।
વદ અગીયારસ પોસનીજી, સંજમ લીયે ઋદ્ધિ છોડ તો
॥ ભવિ૦ ॥ ૪ ॥

ગાજ વિજ ને વાયરોજી, મુસલધાર મેઘ તો ।
ઉપસર્ગ કમઠે કર્યોજી, ધરણેંદ્રે નિવાર્યો તેહ તો
॥ ભવિ૦ ॥ ૫ ॥

કર્મ ખપાવી કેવલ લહીજી, ચૈત્ર વદી ચોથ સુજાણ તો
શ્રાવણ સુદી દિન આઠમેજી, પ્રભુજીનું નિર્વાણ તો
॥ ભવિ૦ ॥ ૬ ॥

એકસો વરસનું આઉખુંજી, પાસ ચરિત્રે કહ્યું એમ તો.
વરસ ચોરાસી સહસનુંજી, આંતરૂં પાસને નેમ તો
॥ ભવિ૦ ॥ ૭ ॥

## १४. ॥ श्री बार आरानुं स्तवन ॥

### ॥ દુહા ॥

સરસ્વતિ ભગવતિ ભારતિ, બ્રહ્માણી કરી સાર,
આરા બાર તણા વલી, કહીશું સોય વિચાર ॥૧॥
વર્ધમાન જિનવર નમું, જસ અતિશય ચોત્રીસ;
સમવસરણ બેઠા પ્રભુ, વાણી ગુણ પાંત્રીસ ॥૨॥
ગૌતમ પૂછે વીરને, પર ઉપગારી અકામી,
અનેક બોલ વિવરી કરી, ભાખે ત્રિભુવન સ્વામિ ॥૩॥

### ॥ ઢાલ-૧ ॥ ચોપાઈ ॥

સ્વામિ વચન કહે સુકુમાલ, આ કહીયે અવસર્પિણી કાલ,
દશ કોડા કોડિ સાગર જોય, તિહાં ષટ્ આરા ગૌતમ હોય,
॥ ૧ ॥

સુસમ સુસમા પહેલો સાર, ત્યારે જુગલ ધરે અવતાર,
બીજો સુસમા આરો લહું, ત્યારે જુગલ જુગલણી કહું.
॥ ૨ ॥

સુસમ દુસમા ત્રીજો વલી, ત્યારે જુગલ કહે કેવલી,
અંતે કુલગર હુઆ સાત, નાભિ હુઆ આદીશ્વર તાત.
॥ ૩ ॥

॥ દુહા ॥

આદિ ધર્મ જેણે થાપીઓ, શીખવ્યા પુરૂષ અનંત ।
ત્રીજા આરા માંહે વલી, મુકિત ગયા ભગવંત ॥૧॥

॥ ઢાલ ॥ ૨ ॥

॥ રાગ પરઝીયો ॥ મનોહરજીની ॥ એ દેશી ॥

પછી વલી ગૌતમ ચોથે આરે, હુઆ ત્રેવીસ જિણંદો ।
એકાદશ ચક્રવર્તિ તિહાં હુઆ, ત્રીજે ભરત નરિંદોરે ॥૧॥
ગૌતમ સાંભલોરે, દિન દિન પડતો કાલ ॥ એ આંકણી ॥
ક્રોધ લોભ મદ મત્સર વધશે, દે અણહુંતા આલ
॥ ગૌ૦ ॥ દિન૦ ॥ ૨ ॥

ચક્રી આઠ ગયા નર મુકિત, બે ચક્રી સુર મોટા,
સુભૂમરાય બ્રહ્મદત્ત ગયા નરકે, પુન્ય કાજ હુઆ ખોટા
॥ ગૌ૦ ॥ દિન૦ ॥ ૩ ॥

વાસુદેવ નવ નિશ્ચિત હુઆ, નરક તણી લહી વાટયો,
જે ભૂપતિ સંગ્રામ કરંતા, ત્રિણ સંયાને સાઠયો
॥ ગૌ૦ ॥ દિન૦ ॥ ૪ ॥

ઇહ પ્રતિ વાસુદેવ નવ નીકા, નવિ છંડે નર નારી,
વાસુદેવ તણે કરે પરિ, તે નરક તણા અધિકારી
॥ ગૌ૦ ॥ દિન૦ ॥ ૫ ॥

નવ બલદેવ હુઆ ઈણે આરે, નવ નારદ તે મોટા;
સુરગતિ મુકિત તણા ભજનારા, શિયલ વજા કછોટા
॥ ગૌ૦ ॥ દિન૦ ॥ ૬ ॥

॥ દુહા ॥

ગૌતમ અંત્યે હૂં હુવો, તવ કાયા કર સાત,
મુજ શાસન માંહે જેહવું, હશે તે ભાખું વાત ॥૧॥

॥ ઢાલ ૩ ॥

ભાખે વીર જિણેસર ત્યારે, મેં સંજમ લીધો જયારે ।
વરસ ત્રણ ગયાં તિહાંય શાલે, ત્યારે કુશિષ્ય મિલ્યો ગોશાલેરે
॥ ભાખે૦ ॥ ૧ ॥
તેજો લેશ્યા તે પણ ગ્રહી તો, દોય મુનિવર જિન દહતુ જાઈ રે,
અંતે પાતક આલોઈને, બારમે સ્વર્ગે સુર હોઈ રે
॥ ભાખે૦ ॥ ૨ ॥

॥ દુહા ॥

વીર કહે કેવલ પછી, વિચ માંહે એતો કાલ,
ચઉદ વરસે ઉપન્યો, નિન્હવ સોય જમાલ ॥૧॥
તિષ્યગુપ્ત બીજો સહી, સોલે વરસે તેહ,
અંતે તે પાછા વલે, સમકિત પામે જેહ ॥૨॥

॥ ઢાલ ૪ ॥

॥ રાગ ગોડી ॥ ભાવી પટધર વીરનો ॥ એ દેશી ॥

દુસમ આરો રે આગલે, વીસ સો વરસનું આય,
હોશે વરસ વીરનું, દોય હાથની કાય,
કહું તુજ ગૌતમ ગણધરા ॥ ૧ ॥
વળી કહે વીર જીણેસરૂ, માહરો સુધર્મા શિષ્ય,
છેડે હોશે દુપ્પસહમુનિ, તે વિચે ઉદય ત્રેવીસ
॥ કહું૦ ॥ ૨ ॥

યુગ પ્રધાન જિણે કહ્યા, જસ એક અવતાર,
પંચમ આરે તે તે હસે, દોય સહસને ચાર
॥ કહું ॥ ૩ ॥

યુગ પ્રધાન સરિખા હશે, મુનિવર લાખ અગીયાર,
તે ઉપર અધિકા કહું, મુનિવર સોલ હજાર
॥ કહું૦ ॥ ૪ ॥

જૈન ભૂપતિ જગમાં હશે, કરશે ધર્મ ઉદ્ધાર,
લાખ અગીયારને ઉપરે, સંખ્યા સોલ હજાર
॥ કહું૦ ॥૫ ॥

વીર પછી ગોતમ જશે, બારે વરસે મોક્ષ,
વીસે સિદ્ધિ ગતે સુધર્મા, પ્રણમી પાતિક શોષ
॥ કહું૦ ॥ ૬ ॥

॥ દુહા ॥

વીર થકી વરસ ચોસઠે, મુક્તિ જંબુ સ્વામિ,
જંબુ જાતે લહી જશે, દશ વાનાં તસ ઠામ ॥ ૧ ॥

## ॥ ઢાલ ૫ ॥

॥ રાગ આશાવરી– કાનજી બજાવે વાંસલી એ દેશી ॥

મનઃ પર્યવ ત્યારે નહીં રે, પરમ અવધિ જ્ઞાન ।
પુલાક લબ્ધિ આહાર તનુરે, ક્ષપક શ્રેણી નિધાન ॥૧॥
ઉપશમ શ્રેણી જિન કલ્પશું રે, સંજમ ત્રિણ જાય ।
કેવલ જ્ઞાન નવમું લહેરે, તવ મોક્ષ પલાય ॥૨॥
વીર કહે વરસ મુજ પછી રે, ચિઉત્તરે થાય ।
પ્રભવ સ્વામિ ત્રીજે પાટે રે, પરલોકે જે જાય ॥૩॥

શય્યંભવસૂરિ મુનિવરૂરે, જે ચોથે પાટે થાય ।
વીરથી વરસ અઠાણું એ રે, લહે શુભગતિ વાટ ॥૪॥
વીરથી વરસ ગયાં ઘણાં રે, એકસો અડતાલ ।
યશોભદ્ર સુર લોકમાં રે, તબ દેતા ફાલ ॥૫॥
છઠ્ઠે પાટે સંભૂતિવિજય રે, હોશે પંડિત જાણ ।
વીરથી એકસો સિત્તેરે રે, વરસે નિરવાણ. ॥૬॥

॥ દુહા ॥

તબ પૂર્વ ઓછા થયા, સુણ ગૌતમ કહે વીર,
ભદ્રબાહુ લગે તે હશે, જેહમાં અર્થ ગંભીર. ॥૧॥

॥ ઢાલ ૬ ॥

॥ રાગ ગોડી ॥ સિંહતણીપરે એકલો એ દેશી ॥

વરસ બસેં ચઉદે વલીરે, નિન્હવ ત્રીજો જે હોય ।
આષાઢાચારજ તણોરે, શિષ્ય કહો વલી સોયરે ।
ગૌતમ સાંભલોરે ॥૧॥
નિન્હવ સો વર્ષે સહીરે, પામે સમકિત સાર ।
બસે પંદર વર્ષે વલીરે, સ્થુલિભદ્ર લહે પારો રે
॥ ગૌ૦ ॥ ૨ ॥
પૂર્વ અનુયોગ ત્યારે નહીંરે, સૂક્ષ્મ મહાપ્રણિધાન ।
પહેલું સંઘયણ થાકીઉંરે, વલી પહેલું સંસ્થાનોરે
॥ ગૌ૦ ॥ ૩ ॥
બસેં વીસ વર્ષે વલીરે, નિન્હવ ચોથોરે જેહ ।
અશ્વમિત્ર નામ જે હશેરે, પાછો વલશે નર તેહરે
॥ ગૌ૦ ॥ ૪ ॥

વીર પછી વરસ જશેરે, બસેંને અઠ્ઠાવીશ, ।
તવ નિન્હવ હોશે પાંચમોરે, ધન ગુપ્તનો શિષ્યરે
॥ ગૌ૦ ॥ ૫ ॥

॥ દુહા ॥

ગંગાચરજ તે સહી, તેમ તે આણે ઠાહિં ।
ચારસે ને સિત્તોરે, વીરથી વિક્રમ રાય ॥૧॥
જે નિજ સંવત પામશે, પર દુઃખ ભંજણહાર ।
જૈન શિરોમણિ તે હશે, શુરવીર દાતાર ॥૨॥

॥ ઢાલ ૭ ॥

॥ રાગ ધનાશ્રી—પાટ કુસુમની ન પુજ રૂપે એ દેશી ॥

વીર કહે વરસ મુજથી જાશે, પંચસયાં ચઉંઆલ,
રોહગુપ્તિ નિન્હવ હોય છઠ્ઠો, ભમશે તે બહુ કાલહો ગૌતમ
દિનદિન કુમતિ વધશે ॥૧॥
ભૂપતિ નહિં કોઇ સંયમ ધારી, દાન પચાવી દેશે હો ગૌતમ.
પંચસયાં ચોરાસી વરસે, હોશે ગોષ્ઠામાહીલ,
સાતમો નિન્હવ તેને કહીએ, ચાલે ભુંડી ચાલે હો
॥ ગૌ૦ ॥૨॥
પંચસયાં ચૌરાસી ગૌતમ, વરસ ગયાં તું જોઈ,
દસ પૂર્વ થાક ત્યારે, વયર સ્વામિ લગે હોઇ હો
॥ ગૌ૦ ॥ ૩ ॥
વીરથી વરસ છસે નવ જાયે, મત દિગંબર થાય,
સર્વ વિસંવાદી એ નિન્હવ, આઠમો તેહ કહાય હો
॥ ગૌ૦ ॥ ૪ ॥

વરસ છસે ને સોલજ અંતે, પૂર્વ સાડા નવ છેદ,
દુર્બલિકાપુત્ર જ લગે હોઇ, પાછલ સોપને ખેદ હો
॥ ગૌ૦ ॥ ૫ ॥

॥ દુહા ॥

નવસેં ત્રાણું વરસજ ગયે, પુસ્તકારૂઢ જ હોય,
ચોથે પર્યુષણ આણસે, કલિકાચાર્ય સોય ॥ ૧ ॥

॥ ઢાલ ૮ ॥

॥ રાગ–પરજીઓ ॥ હિતકરી હીરજીનું એ દેશી ॥

વીરથી વરસ હજાર ગયા પછીરે, પૂર્વ હોયે તવ છેદોરે ।
તેરસયારે વરસે મત હશેરે, બોલે નવનવ ભેદોરે ।
ઇન્દ્રભૂતિ મોહ્યોરે વીર વચન રસેરે ॥૧॥ એ આંકણી ॥
દિનદિન કાલ પડતો સહી હશેરે, પુન્યવંતા નર ક્યાંહીરે ।
નીચ કુલીરે નરપતિ બહુ થશે રે, પાપતણી મતિ પ્રાહેરે
॥ ઈંદ્ર૦ ॥ ૨ ॥
વાસ વૈરાગ્ય વિનય થોડા થશેરે, ન મલે મન્થ મન્નોરે ।
સુપુરૂષ છતે સહુ સગપણ છાંડશેરે, વહાલો હોશે ધન્નોરે
ઈંદ્ર૦ ॥ ૩ ॥
કલિયુગમાં હેરે મુનિ લોભી હશેરે, વિરલા કંહી વ્યવહારોરે ।
ધર્મ તજશે ક્ષત્રી નર વલીરે, બ્રહ્મ ધરે હથિયારોરે ।
॥ ઈંદ્ર૦ ॥ ૪ ॥

॥ દુહા ॥

ગૌતમ વીર થકી જશે, વરસ સયાં ઓગણીસ ।
પાંચ માસને ઉપરે, ભાષા બારજ દીસ ॥ ૧ ॥

## ॥ ઢાલ ૯ ॥

॥ રાગ રામ ગીરી ॥ રામ ભણે હરી ઉઠીયે એ દેશી ॥

તામ કલંકીરે ઉપજે, કુલ ચંડાલ અસારરે ।
માતા જસોદારે બ્રાહ્મણી, હોશે તીહાં અવતારરે ।
દુર્ગતિ ગામીરે તે સહી ॥ ૧ ॥
ચૈત્ર સુદિરે આઠમ દિને, વિષ્ણુ જનમ તે હોયરે ।
દેહ વરણ તસ ઉજલું, પીલાં લોચન દોઈરે
॥ દુ૦ ॥ ૨ ॥
રૂદ્ર કલંકી ચતુર્મુખ, એ હોશે ત્રણ જે નામોરે ।
છાસી વરસનું આઉખું, પાટલીપુર જસ ગામરે
॥ દુ૦ ॥ ૩ ॥
છઠ્ઠો ભાગજ ભીખનો, લેશે કલંકી રાયરે,
ષટ્ દરસણને માને નહિં, દંડ કુદંડ થાયરે
॥ દુ૦ ॥ ૪ ॥
ઈંદ્ર ઈહાં પછે આવશે, ધરશે વિપ્રનું રૂપરે ।
વેગે હણશે રે રાયરે, લેશે નરકનું કૂપ રે ॥ દુ૦ ॥ ૫ ॥

## ॥ દુહા ॥

તેહનો સુત સુંદર હશે, દત્ત ભૂપ અભિરામ,
શત્રુંજય ઉદ્ધાર કરાવશે, રાખે જગમાં નામ ॥ ૧ ॥

## ॥ ઢાલ ૧૦ ॥

॥ રાગ રામ ગીરિ – પ્રણમી તુમ ગુરૂજી એ દેશી ॥

આગલ આરે પાંચમેજી, દુપ્પસહ મુનિવર હોય ।
સુરગતિ માંહેથી આવશેજી, આગલ સુરપતિ સોય ।

સોભાગી છેહલો મુનિવર એહ ॥ ૧ ॥ એ આંકણી ॥
છેહલો સંઘ દુપ્પ સહતણોજી, આણ ન ખંડે તેહ
॥ સોભાગી૦ ॥

વીસ વરસનું આઉખુંજી, બાર વરસ ઘર વાસ ।
ચાર વરસ મુનિવરપણુંજી, વરસ ચાર ગચ્છ ધાર ॥
॥ સો૦ ॥ ૨ ॥

ફલ્ગુ શ્રી નામે સાધ્વીજી, નાગિલ શ્રાવક સોય ।
સત્ય શ્રી નામે શ્રાવિકાજી, સંઘ ચતુર્વિધ હોય
॥ સો૦ ॥ ૩ ॥

સુવિહિત સંઘ છેલ્લો સહીજી, અલ્પ આઉખુંરે ત્યાંહી ।
સંઘશ્રુત શ્રેય વલીજી, જાશે પોરજ માંહે
॥ સો૦ ॥ ૪ ॥

વિમલવાહન નરપતિજી, સુધર્મ મંત્રીરે જેહ ।
ન્યાય નિતિ અગ્નિ જશેજી, વળી મધ્યાહને તેહ
॥ સો૦ ॥ ૫ ॥

### ॥ દુહા ॥

જૈન ધર્મ એતાં લગે, પછી નહિં પુન્ય દાન,
વાયુ મેઘ ભુંડા હશે, સુણ ગૌતમ તસ માન ॥ ૧ ॥

### ॥ ઢાલ ૧૧ ॥

॥ રાગ સારંગ ॥ મગધ દેશનો રાજા રાજેસર એ દેશી ॥

માન પ્રકાશે મેઘજ કેરૂં, પહેલો તે જલધાર ।
બીજો અગ્નિ તણો તિહાં હોશે, ત્રીજો તે વિષધાર હો ।
ગૌતમ સુણ તું મધુરી વાણ ॥ ૧ ॥

ચોથો આંબિલનો ઘન વરસે, વીજલીનો વરસાદ ।
એકે કો મેઘ ત્યાંહિ વરસે, વાસર રાત જ સાતહો
॥ ગૌ૦ ॥ ૨ ॥

બોતેર બીલ વૈતાઢય જ કેરાં, વળી શાશ્વતાં ત્યાંય ।
નર નારી પંખી હય હરણાં, તે રહેશે તે માંહે હો
॥ ગૌ૦ ॥ ૩ ॥

આગળ છઠ્ઠો આરો હોશે, દુસમ દુસમા નામ,
એકવીસ સહસ વરસનો જાણો, નહિં નગરી નહિં ગામ હો
॥ ગૌ૦ ॥ ૪ ॥

ગર્ભ ધરે ખટ વરસની નારી, બિલ વાસી મછ ખાય ।
છિલ્લે કાયા એક હાથની હોશે, સોલ વરસનું આયુ હો
॥ ગૌ૦ ॥ ૫ ॥

॥ દુહા ॥

આગલ વલી ઉત્સર્પિણી, ત્યાં ષટ્ આરા જોય ।
પહેલો છઠ્ઠો સારિખો, દુસમ દુસમા સોય ॥ ૧ ॥

॥ ઢાલ ૧૨ ॥ રાગ કેદારો ॥

॥ વાંદાંયણાના એ દેશી ॥

આગલ બીજો આરો સારો, ત્યારે મેઘ હોશે વલી ચારો ।
પુષ્કરાવર્ત ખીર અમૃત અપારો,
ચોથે વરસે ઘૃતની ધારો ॥ ૧ ॥

બાલશે વન વનસ્પતિ, બહુ ગામો,
આગલ સાતે કુલગરે તામો ।

દુસમ સુસમા ત્રીજો અભિરામો,
ત્રેવીસ જિનનાં તિહાં ઠામો ॥ ૨ ॥
નવ નારદ ચક્રી અગી આરો,
નવ બલદેવ હશે તિહાં સારો ।
વાસુદેવ નવ તેણી વારો,
નવ પ્રતિ વાસુદેવ અપારો ॥ ૩ ॥
સુસમ દુસમા ચોથા માંહિ,
એક જિનવર એક ચક્રી ત્યાંહિ ।
અંતે જુગલ હોશે બહુ જાંહિ,
આઉ પલ્યોપમ ભદ્રક માંહિ ॥ ૪ ॥
આગલ સુસમ પંચમ આરો,
જુગલ દેહ બે ગાઉ ધારો ।
છઠ્ઠો સુસમ સુસમા સંભારો,
જુગલ દેહ બે ગાઉ વિચારો ॥ ૫ ॥
પૂછયાં વચન કહ્યાં વલી વીરે,
ચિત્તમાં ધરીયાં ગૌતમ ધીરે ।
ભણતાં સુણતાં સુખહ શરીરે,
ઋદ્ધિ રમણી ઘર ભરી વીરે ॥ ૬ ॥

॥ કલશ ॥

ભલે સ્તવન કીધુ, નામ દીધું, ગૌતમ પ્રશ્નોત્તર સહી ।
સંવત સિદ્ધિ મુનિ અંગચંદે, ભાદ્રવા સુદિ તિહાં તહિં
॥ ૧ ॥
તપગચ્છ તિલક સમાન સોહે, ગુરૂ શ્રી વિજયાનંદ સૂરીશ્વરૂ ।

સાગણનો વીત ઋષભ શ્રાવક, કહે ગચ્છ મંગલ કરૂં
॥ ૨ ॥

॥ ઇતિ શ્રી બાર આરાનું સ્તવન ॥

## १९ ॥ अथ दीवाली स्तवन ॥

### ॥ ઢાલ ૧ ॥ રાગ રામગિરિ ॥

શ્રી શ્રમણ સંઘ તિલોકપમં, ગૌતમં, સુગતિ પ્રણિપત્ય પાદાર-
વિંદં;
ઇંદ્રભૂતિ પ્રભવમંહસો મોચકં, કૃત કુશલ કોટિ કલ્યાણ કંદં
॥ ૧ ॥

મુનિ મન રંજણો સયલ દુઃખ ભંજણો, વીર વર્ધમાનો
જીણંદો;
મુગતિ ગતિ જીમ લહી, તિમ કહું સુણ સહી,
જીમ હોએ હર્ષ હઈડે આણંદો ॥ મુ૦ ॥ ૨ ॥

કરીય ઉદ્ઘોષણા દેહ પુર પાટણે, મેઘ જીમ દાન જલ બહુલ
વરસી;
ધણ કણગ મોતિયા ઝગ મગે જોતિયા,
જીન દેઈ દાન ઇંમ એક વરસી૦ ॥ મુ૦ ॥ ૩ ॥

દોય વિણ તોય ઉપવાસ આદે કરી, માગસિર કૃષ્ણ દશમી
દિહાડે;
સિદ્ધિ સામ્હા થઈ વીર દીક્ષા લેઇ,
પાપ સંતાપ મલ દૂર કાઢે ॥ મુ૦ ॥ ૪ ॥

બહુલ બંભણ ઘરે, પારણું સાંમિએ., પુણ્યે પરમાન્ન મધ્યાહ્ન
કીધું;

ભુવન ગુરૂ પારણા પુન્યથી બંભણે,
આપ અવતાર ફલ સયલ લીધું. ॥ મુ૦ ॥ ૫ ॥
કર્મ ચંડાલ ગોસાલ સંગમ સુરો, જીણ જીન ઉપરે ઘાત મંડયો;
એવડો વયર તેં પાપિયા સેં કર્યો,
કર્મ કોડિ તુંહિજ સબલ દંડયો ॥ મુ૦ ॥ ૬ ॥
સહજ ગુણ રોષિઓ, નામે ચંડ કોષિઓ, જીન પદે સ્વાન જિમ જેહ વિલગો;
તેહને બુઝવિ ઉદ્ધર્યો જગપતિ,
કીધલો પાપથી અતિ હેં અલગો ॥ મુ૦ ॥ ૭ ॥
વેદયામા ત્રિયામ લગેં ખેદીયો, ભેદીયો તુઝ નવિ ધ્યાન કુંભો;
શૂલ પાણિ અન્નાણિ અહો બુઝવ્યો,
તુઝ કૃપા પાર પામે ન સંભો ॥ મુ૦ ॥ ૮ ॥
સંગમે પીડીયો પ્રભુ સજલ લોયણે, ચિંતવે છુટશ્યે કિમ એહો;
તાસ ઉપરે દયા એવડી શી કરી,
સાપરાધે જને સબલ નેહો ॥ મુ૦ ॥ ૯ ॥
ઈમ ઉપસર્ગ સહેતાં તરણિ મિતવર, સાર્ધ ઉપર અધિક પક્ષ એકે;
વીર કેવલ લહ્યું, કર્મ દુઃખ સવિ દહ્યું;
ગહ ગહ્યું સુર નિકર નર અનેકે. ॥ મુ૦ ॥ ૧૦ ॥
ઈંદ્રભૂતિ પ્રમુખ, સહસ ચઉદશ મુનિ, સાહુણી સહસ છત્રીસ વિહસી;
ઓગણસાઠ સહસ એક લાખ શ્રદ્ધાલુઆ,
શ્રાવિકા ત્રિલખ અઢાર સહસી ॥ મુ૦ ॥ ૧૧ ॥

ઈમ અખિલ સાધુ પરીવાર શું પરવર્યો,
જલધિ જંગમ જીસ્યો ગુહિર ગાજે;
વિચરતા દેશ પરદેશ નિય દેશના,
ઉપદિશે સયલ સંદેહ ભાંજે ॥ મુ૦ ॥ ૧૨ ॥

॥ ઢાલ-૨ ॥

॥ વિવાહલાની દેશી ॥

હવે નિય આય અંતિમ સમે, જાણિય શ્રી જિન રાય રે,
નયરી અપાપાએં આવીયા, રાય સમાજને ઠાય રે;
હસ્તિ પાલગરાયે દીઠલા, અવિચડા અંગણ બારરે,
નયણ કમલ દોય વિહસીયા, હરસીલા હઇડા મઝારરે ॥ ૧૩ ॥
ભલે ભલે પ્રભુજી પધારીયા, પાવસ પાવન કીધા રે,
જનમ સફલ આજ અમ તણો, અમ્હ ઘરે પાઉલાં દીધારે;
રાણી રાય જિન પ્રણમીયા, મોટે મોતિયડે વધાવિરે,
જિન સન્મુખ કર જોડીય, બેઠલા આગલે આવિરે ॥ ૧૪ ॥
ધન અવતાર અમારડો, ધન દિન આજુનો એહોરે;
સુર તરૂ આંગણે મોરિઓ, મોતિયડે વૂઠલો મેહોરે;
આશ્યું અમારડે, એવડો, પૂરવ પુન્યનો નેહોરે,
હૈડલો હેજે હરસિઓ, જો જિન મલિઓ સંજોગો રે ॥ ૧૫ ॥
અતિ આદર અવધારિરે, ચરમ ચોમાસલું રહિયારે,
રાય રાણી સુર નર સવે, હિયડલા માંહે ગહ ગહિયારે;
અમૃતથી અતિ મીઠડી, સાંભલી દેશના જિનનીરે,
પાપ સંતાપ પુરો થયો, શાતા થઇ તન મનનીરે ॥ ૧૬ ॥

ઇંદ્ર આવે આવે ચંદ્રમા, આવે નર નારીના વૃંદરે,
ત્રણ પ્રદક્ષિણા દેઈ કરી, નાટિક નવ નવે છંદરે;
જિનમુખવયણની ગોઠડી, તિહાં હોયે અતિ ઘણી મીઠીરે,
તે નરજ તેહજ વરણવે, જીણે નિજ નયણલે દીઠીરે
॥ ૧૭ ॥

ઇમ આણંદે અતિક્રમ્યા, શ્રાવણ ભાદરવો આસોરે,
કૌતક કોડિલો અનુક્રમે, આવિયડો કાર્તિક માસોરે;
પાખિ પર્વ પન્હોતલું, પોહ તલું પુન્ય પ્રવાહિરે,
રાય અઢાર તિહાં મિલ્યા, પોસહ લેવા ઉછાંહિરે
॥ ૧૮ ॥

ત્રિભુવન જન સવિ તિહાં મિલ્યા, શ્રી જિન વંદન કામોરે,
સહેજ સંતિકરણ તિહાં થયો, તિલ પડવા નહિ ઠાંમોરે;
ગોયમ સ્વામિ સમોવડી, સ્વામિ સુધર્મા તિહાં બેઠારે,
ધનધન તે જિણે આપણે, લોયણે જિનવર દિઠારે ॥ ૧૯ ॥

પૂરણ પુન્યના ઓષધે, પોષધ વ્રત વેગે લિધારે,
કાર્તિક કાલી ચઉદશે, જિનમુખે પચ્ચક્ખાણ કિધાંરે;
રાય અઢાર પ્રમુખ ઘણે, જિન પગે વાંદણાં દિધાંરે,
જીન વચનામૃત તિહાં ઘણે, ભવિયણે ઘટઘટ પીધાંરે. ॥૨૦॥

॥ ઢાલ ૩ ॥

॥ રાગ મારૂ ॥

**શ્રી જગદીશ દયાળુ દુઃખ દૂર કરેરે, કૃપા કોડી તુજ જોડી;**
**જગમાંરે જગમાંરે કહિએં કેહને વીરજી રે. ॥ ૨૧ ॥**
**જગજનને કુણ દેશે એહવી દેશનારે, જાણી નિજ નિરવાણ;**

નવ રસરે નવ રસરે સોલ પહોર દિયે દેશનારે. ॥ ૨૨ ॥
પ્રબલ પુન્યફલ સંસુચક સોહામણારે, અજઝયણાં પણ પન્ન;
કહિયાંરે કહિયાંરે મહિયાં સુખ સાંભલી હોએરે. ॥ ૨૩ ॥
પ્રબલ પાપ ફલ અજઝયણાં તિમ તેટલાંરે, અણપુછયાં છત્રીસ;
સુણતાં સુણતાંરે ભણતાં સવિ સુખ સંપજેરે. ॥ ૨૪ ॥
પુણ્યપાલ રાજા તિહાં ધર્મ કથાંતરેરે, કહો પ્રભુ પ્રતક્ષ દેવ;
મુજનેરે (૨) સુપન અર્થ સવિ સાચલોરે. ॥ ૨૫ ॥
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
ગજ વાનર ખીર દ્રુમ વાયસ સિંહ ઘડોરે કમલબીજ ઈમ આઠ;
દેખીરે (૨) સુપન સભય મુઝ મન હુઓરે. ॥ ૨૬ ॥
ઉખર બીજ કમલ અસ્થાંનકે સિંહનુંરે, જીવ રહિત શરીર;
સોવનરે (૨) કુંભ મલિન એ શું ઘટેરે. ॥ ૨૭ ॥
વીર ભણે ભુપાલ સુણો મન થીર કરીરે, સુમિણ અર્થ સુવિચાર;
હૈડેરે હૈડેરે ધરજયો ધર્મ ધુરં ધરૂરે. ॥ ૨૮ ॥

## ॥ ઢાલ-૪ ॥

શ્રાવક સિંધુર સારિખા, જીનમતના રાગી,
ત્યાગી સહ ગુરૂ દેવધર્મ, તત્વેં મતિ જાગિ,
વિનય વિવેક વિચારવંત, પ્રવચન ગુણ પૂરા,
એહવા શ્રાવક હોયસે, મતિ મંત સનુરા ॥ ૨૯ ॥
લાલચે લાગા થોડિલેં, સુખેં રાત્રિ રહિયા,
ઘરવાસે, આશા અમર, પરમારથ દ્રહિયા,
વ્રતવૈરાગ થકી નહિં, કોઈ લેશે પ્રાયે,
ગંજ સુપને ફલ એહ, નેહ નવિ માંહો માંહે ॥ ૩૦ ॥

વાનર ચંચલ ચપલ જાતિ, સરખા મુનિ મોટા,
આગલ હોસ્યે લાલચિ, લોભી મન ખોટા,
આચારજ આચારહિણુ, પ્રાયે પરમાદિ,
ધર્મ ભેદ કરસ્યે ઘણા, સહજે સ્વારથ વાદી. ॥ ૩૧ ॥

કો ગુણવંત મહંત સંત, મોહન મુનિ રૂડા,
મુખ મીઠા માયાવિયા, મનમાંહે કુડા,
કરસ્યે માંહેમાંહે વાદ, પરવાદેં નાસે,
બીજા સુપન તણો વિચાર, ઈમ વીર પ્રકાશે. ॥ ૩૨ ॥

કલ્પવૃક્ષ સરિખા હોસ્યે, દાતાર ભલેરા,
દેવ ગુરૂ વાસના, વરિ વારિના વેરા,
સરલ વૃક્ષ સવિને દીએં, મનમાં ગહગહતા,
દાતા દુરલભ વૃક્ષ રાજ, ફલ ફુલે ભરતા. ॥ ૩૩ ॥

કપટી જિનમત લિંગિયા, વળી બબૂલ સરિખા,
ખીર વૃક્ષ આડા થયા, જીમ કંટક તિખા,
દાન દેયંતા વારસી, અલ્પ પાવન પાત્રી,
ત્રીજા સુપન વિચાર કહ્યો, નિજ ધર્મ વિધાત્રી. ॥ ૩૪ ॥

સિંહ કલેવર સારિખો, નિજ શાસન સબલો,
અતિ દુર્દાંત અગાહનિય, જિન વાયક જમલો,
પર શાસન સાવજ અજ, તે દેખી કંપે,
ચઉથા સુપન વિચાર ઈમ, જિન મુખથી જંપે. ॥ ૩૫ ॥

ગચ્છ ગંગાજલ સારીખો, મૂકી મતિ હિણા,
મુનિ મન રાચે છિલ્લરે, જીમ વાયસ દીણા,
વંચક આચારજ અનેક, તિણે ભુલવિયા,

તે ધર્માંતરે આદરે, જડમતિ બહુ ભવિયાં ॥ ૩૬ ॥
પંચમ સુપન વિચાર એહ, સુણીઓ રાજાને,
છઠ્ઠે સોવન કુંભ દીઠો, મઈલો સુંણિ કાને,
કો કો મુનિ દરસણ ચારિત્ર, ગ્યાન પૂરણ દેહા,
પાલે પંચાચાર ચારૂ, છંડી નિજ ગેહા. ॥ ૩૭ ॥
કો કપટી ચારિત્ર વેષ, લેઈ વિપ્રતારે,
મઇલો સોવન કુંભ જીમ, પિંડ પાપે ભારે,
છઠ્ઠા સુપન વિચાર એહ, સાતમે ઈંદિવર,
ઉકરડે ઉતપત્તિ થઈ, તે શું કહો જિણવર ॥ ૩૮ ॥
પુણ્યવંત પ્રાણિ હુસ્યે, પ્રાહિં મધ્યમ જાતિ,
દાતા ભોકતા ઋદ્ધિવંત, નિરમલ અવદાત,
સાધુ અસાધુ જતિ વંદે, તવ સરીખા કીજે,
તે બહુ ભદ્રક ભવિયણે, સ્પો ઉલંભો દીજે. ॥ ૩૯ ॥
રાજા મંત્રિ પરે સુસાધુ, આપોપું ગોપી,
ચારિત્ર સુધુ રાખસ્યે, સવિ પાપ વિલોપી,
સપ્તમ સુપન વિચાર વીર, જિનવરે ઈંમ કહિયો,
અઠ્ઠમ સુપન તણો વિચાર, સુણિ મન ગહગહિઓ. ॥ ૪૦ ॥
દિધાનું પરભવ પુણ્ય ફલ, કાંઇ ન લહિયે,
પાત્ર અપાત્ર વિચાર ભેદ, ભોલા નવિ લહેસ્યે,
પુણ્ય અર્થે તે અર્થ આથ, કુપાત્રે દેહસ્યે. ॥ ૪૧ ॥
ઉખર ભૂમિ દૃષ્ટ બીજ, તેહનો ફલ કહિએ,
અષ્ટમ સુપન વિચાર ઈંમ, રાજા મન ગ્રહિયે,
એહ અનાગત સવિ સરૂપ, જાણિ તિણે કાલે,
દીક્ષા લીધી વીર પાસ, રાજા પુન્યપાલે. ॥ ૪૨ ॥

## ॥ ઢાલ ૫ ॥

॥ રાગ ગોડી ॥

ઈંદ્રભૂતિ અવસર લહિરે, પુછે કહો જિનરાય,
સ્યું આગલ હવે હોયસ્યેરે, તારણ તરણ જીહાજોરે,
કહે જીન વીરજી ॥ ૪૩ ॥

મુજ નિરવાણ સમય થકીરે, ત્રિહું વરસે નવ માસ,
આઠેરા તિહાં બેસસ્યે રે, પંચમ કાલ નિરાસોરે.
॥ કહે૦ ॥ ૪૪ ॥

બારે વરસે મુઝ થકીરે, ગૌતમ તુજ નિરવાણ,
સોહમ વીશે પામશેરે, વરસે અખય સુખ ઠાણોરે. ॥૪૫॥

ચઉસઠ વરસે મુજ થકીરે, જંબુને નિરવાણ,
આથમશે આદિત્ય થકીરે, અધિકું કેવલનાણોરે.
॥ કહે૦ ॥ ૪૬ ॥

મન પજ્જવ પરમાવધિરે, ક્ષપકોપશમ મન આંણ,
સંયમ ત્રિણ જિન કલ્પનીરે, પુલાગાહારગ હાંગણે.
॥ કહે૦ ॥ ૪૭ ॥

સિજ્જંભવ અવકાણેરે, કરસ્યે દસ (વૈ) આલિય,
ચઉદ પૂર્વિ ભદ્રબાહૂથીરે થાસ્યે સયલ વિલિઓરે.
॥ કહે૦ ॥ ૪૮ ॥

દોય શત પન્નરે મુઝ થકીરે, પ્રથમ સંઘયણ સંઠાણ,
પૂર્વાણુઓગ તે નવિ હુસ્યે, મહાપ્રાણ નવિ ઝાણોરે.
॥ કહે૦ ॥ ૪૯ ॥

ચઉત્રયપને મુઝ થકીરે, હોસ્યે કાલિક સૂર,
કરસ્યે ચઉથી પજુસણેરે, વરગુણ રયણનો પૂરોરે
॥ કહે૦ ॥ ૫૦ ॥

મુઝથી પણ ચોરાશિયેરે, હોસ્યે વયર કુમાર,
દસ પૂર્વિં અધિકા લિઓરે, રહસ્યે તિહાં નિરધારોરે
॥ કહે૦ ॥ ૫૧ ॥

મુઝ નિર્વાણ થકી છસેંરે, વિસ પછી વનવાસ,
મુકી કરશે નગરમાંરે, આર્યરક્ષિત મુનિ વાસોરે.
॥ કહે૦ ॥ ૫૨ ॥

સહસેં વરસેં મુઝ થકીરે, ચઉદ પૂરવ વિચ્છેદ,
જોતિષ પણ મિલતાં હૂસેરે, બહૂલ મતાંતર ભેદોરે.
॥ કહે૦ ॥ ૫૩ ॥

વિક્રમથી પંચ પંચ્યાશિએંરે, હોસ્યે હરિભદ્ર સૂરિ,
જિન શાસન અજુવાલસેરે, જેહથી ફરિયાં સવિ ફરોરે
॥ કહે૦ ॥ ૫૪ ॥

દ્વાદશ સત્તસત્તર સમેંરે, મુઝથી મુનિ સુરહરિ,
બાપ્પભટ્ટ સૂરિ હોયસેરે, તે જિન શાસન વીરેરે.
॥ કહે૦ ॥ ૫૫ ॥

મુઝ પ્રતિબિંબ ભરાવસ્યેરે, આંમરાય ભૂપાલ,
સાર્દ્ધ ત્રિકોટી સોવન તણોરે, તાસ વયણથી વિશાલોરે.
॥ કહે૦ ॥ ૫૬ ॥

ષોડશ શત ઓગણોત્તરેરે, વરસે મુઝથી મુણિંદ,
હેમસૂરિ ગુરૂ હોયસ્યેરે, શાસન ગયણ દિણંદોરે.
॥ કહે૦ ॥ ૫૭ ॥

હેમસૂરિ પડિબોહસેરે, કુમાર પાલ ભૂપાલ,
જીનમંડિત કરસ્યે મહીરે, જિન શાસન પ્રતિપાલોરે.
॥ કહે૦ ॥ ૫૮ ॥

ગૌતમ નબળા સમયથીરે, મુઝ શાસન મન મેલ,
માંહો માંહે સવિ હોસ્યેરે, મચ્છ ગલાગલ પેખોરે.
॥ કહે૦ ॥ ૫૯ ॥

મુનિ મોટા માયાવિયારે, વેઢીગારા વિશેષ,
આપ સવારથ વસી થયારે, એ વિંટબશ્યે વેષોરે.
॥ કહે૦ ॥ ૬૦ ॥

લોભિ લખપતિ હોયસ્યેરે, જમ સરિખા ભૂપાલ,
સજ્જન વિરોધિ જન હૂસેરે, નવિ લજ્જાલુ દયાલોરે.
॥ કહે૦ ॥ ૬૧ ॥

નિરલોભિ નિરમાઈયારે, સુધા ચારિત્રવંત,
થોડા મુનિ મહિયલે હૂસેરે. સુણ ગૌતમ ગુણવંતરે.
॥ કહે૦ ॥ ૬૨ ॥

ગુરૂ ભગતિ શિષ્ય થોડલારે, શ્રાવક ભગતિ વિહીણ,
માતપિતાના સુત નહીરે, તે મહિલાના આધિનોરે.
॥ કહે૦ ॥ ૬૩ ॥

દુપ્પસહસૂરિ ફલગુ સિરીરે, નાયલ શ્રાવક જાણ,
સચ્ચસિરિ તિમ શ્રાવિકારે, અંતિમ સંઘ વખાણ્યોરે.
॥ કહે૦ ॥ ૬૪ ॥

વરસ સહસ એકવીસતેરે, જિન શાસન વિખ્યાત,
અવિચલ ધર્મ ચલાવશેરે, ગૌતમ આગમ વાતોરે.
॥ કહે૦ ॥ ૬૫ ॥

દુષમે દુષમા કાલનીરે, તે કહિયે શી વાત,
કાયર કંપે હૈડલોરે, જે સુણતાં અવદાતોરે.
॥ કહે૦ ॥ ૬૬ ॥

## ॥ ઢાલ ૬ ॥

॥ પિઉડો ઘરે આવે. એ દેશી ॥

મુઝસું અવિહડ નેહ બાંધ્યો, હેજ હૈડા રંગે,
દઢ મોહ બંધણ સબલ બાંધ્યો, વજ્ર જિમ અભંગ,
અલગ થયા મુજ થકી એહને, ઉપજસેરે કેવલ નિય અંગકે,
ગૌતમરે ગુણવંતા. ॥ ૬૭ ॥

અવસર જાણી જિનવરે, પુછિયા ગોયમ સ્વાંમ,
દોહગ દુખિયા જીવને, આવિયે આપણ કામ,
દેવશર્મા બંભણો, જઈ બુઝવો એણે ઢુકડે ગાંમકે
॥ ગૌ૦ ॥ ૬૮ ॥

સાંભળી વયણ જિણંદનું, આણંદ અંગ ન માય,
ગૌતમ બે કર જોડી, પ્રણમ્યા વીર જિનના પાય,
પાંગર્યા પૂરવ પ્રીતથી, ચઉનાણીરે મનમાં નિરમાયકે.
॥ ગૌ૦ ॥ ૬૯ ॥

ગૌતમ ગુરૂ તિહાં આવિયા, વંદાવિયો તે વિપ્ર,
ધસમસ કરતાં બંભણે, બારી વાગીરે થઈ વેદન વિપ્રકે.
॥ ગૌ૦ ॥ ૭૦ ॥

ગૌતમ ગુરુનાં વયણલાં, નવિ ધર્યાં તિણે કાન,
તે મરી તસ શિર કૃમિ થયો, તસ ચરીયોરે પોતાને જ્ઞાનકે.
॥ ગૌ૦ ૭૧ ॥

## ॥ ઢાલ ૭ ॥

॥ રાગ રામગિરિ ॥

ચોસઠ મણનાં તે મોતી ઝગમગેરે, ગાજે ગુહિર ગંભીર શિરેરે,
પુરાં તેત્રીસ સાગર પૂરવેરે, નાદે લિણા લવ સત્તમિયા સૂરરે;
વીરજી વખાણેરે જગજન મોહિયોરે, ॥ ૭૨ ॥
અમૃતથી અધિકી મીઠી વાંણીરે, સુણતાં સુખડો જે મનડે સંપજેરે,
તે લહેસ્યે જે પહોંચસ્યે નિર્વાણરે ॥ ૭૩ ॥
વાણિ પડછંદે સુર પડિબોહીયારે, સુણતાં પામે સુખ સંપત્તિની કોડરે,
બીજા અડલ ઉલટથી ઘણારે, આવી બેઠા આગલ બે કર જોડીરે ॥ વીરજી ॥ ૭૪ ॥
સોહમ ઇંદો શાસન મોહીયોરે, પૂછે પરમેસરને તુમ આયરે,
બે ઘડિવધારો સ્વાતિથકી પરહુંરે, તો ભસ્મ ગ્રહ સઘલો દૂરે જાયરે ॥ વીરજી૦ ॥ ૭૫ ॥
શાસન શોભા અધિકી વાધશ્યેરે, સુખીયા હોશે મુનિવરના વૃંદરે,
સંઘ સયલને સવિ સુખ સંપદારે, હોશે દિન દિનથી પરમાનંદરે. ॥ વીરજી ॥ ૭૬ ॥
ઇંદા ન કદારે કહિએ કેહનુંરે, કેંણે સાંધ્યું નવિ જાએ આય રે,
ભાવિ પદારથ ભાવે નિપજેરે, જે જિમ સરજ્યો તે તિમ થાયરે. ॥ વીરજી ॥ ૭૭ ॥
સોળ પહોરની દેતા દેશનારે, પરમાધાનક નામા રૂઅડો અજઝયણરે,

કહેતાં કાતિ વદિ કહુ પરગડિરે, વીરજી પોહોતા પંચમી
ગતિ રયણુરે. ॥ વીરજી ॥ ૭૮ ॥

જ્ઞાન દીવોરે જબ દૂરે થયોરે, તવ કિધી દેવે દીવાની શ્રેણિરે,
તિમ રે ચિંહૂં વરણે દીવા કીધલારે, દિવાલી કહિએં છે
કારણુ તેણુરે. વીરજી ॥ ૭૯ ॥

આંસૂ પરિપૂરણુ નયણુ આખંડલોરે, મૂકિ ચંદનની
ચેહમાં અંગરે,

કીધો દેવે દહન સઘલે મિલિજીરે, હા ધિગૂ ધિગૂ સંસાર
વિરંગરે. ॥ વીરજી૦ ॥ ૮૦ ॥

## ॥ ઢાલ ૮ ॥

॥ રાગ વિરાગ ॥

વંદેસુ વેગે જઇ વીરો, ઇમ ગૌતમ ગહગહતા,
મારગે આવતાં સાંભલિઉં, વીર મુગતિ માંહે પોહતારે,
જિનજી તું નિસનેહી મોટો,
અવિહડ પ્રેમ હતો તુજ ઉપરે, તે તેં કીધો ખોટોરે
॥ જિનજી ॥ ૮૧ ॥

હે હે વીર કર્યો અણુઘટતો, મુજ મોકલિઓ ગાંમે,
અંત કાલે બેઠાં તુજ પાસે, હૂં સ્યે નાવત કામરે.
॥ જિનજી ॥ ૮૨ ॥

ચૌદ સહસ મુજ સરિખા તાહરે, તુજ સરિખો મુજ તુંહિ,
વિસવાસી વીરે છેતરીયો, તે સ્યા અવગુણ મુહિરે.
॥ જિનજી ॥ ૮૩ ॥

કો કેહને છેહડે નવિ વલગે, જો મિલતો હોએ સબલો,
મિલતાસ્યું જેણે ચિત્ત ચોર્યો, તે તિણે કર્યો નિબલોરે.
॥ જિનજી ॥ ૮૪ ॥

નિઠુર હૈડા નેહ ન કિજે, નિસનેહી નર નિરખી,
હૈડાં હેજે મિલે જિહાં હરખી, તે પ્રીતલડિ સરીખિરે.
॥ જિનજી ॥ ૮૫ ॥

તેં મુજને મનડો નવિ દીધો, મુજ મનડેં તેં લીધો,
આપ સવારથ સઘલો કિધો, મુગતિ જઇને સિદ્ધોરે.
॥ જિનજી ॥ ૮૬ ॥

આજ લગે મુજ તુજસું અંતર, સુપનંતર નવિ હુંતો,
હૈડા હેજે હિયાલી છંડી, મુજને મુકયો રોવંતોરે.
॥ જિનજી ॥ ૮૭ ॥

કો કેહશું બહુ પ્રેમ મ કરશ્યો, પ્રેમ વિટંબણ વિરૂઈ,
પ્રેમે પરવશ જે દુઃખ પામે, તે કથા ઘણું ગિરૂઇરે.
॥ જિનજી ॥ ૮૮ ॥

નિસનેહી સુખિયા રહે સઘલે, સસનેહી દુઃખ દેખે,
તેલ દુગ્ધ પરે પરની પીડા, પામે નેહ વિશેષેરે.
॥ જિનજી ॥ ૮૯ ॥

સમવસરણ કહિએં હવે હોસે, કહો કુણ નયણે જોશે,
દયા ધેનુ પુરી કુંણ દોહસ્યે, વૃષ દધિ કુંણ વિલોસેરે.
॥ જિનજી ॥ ૯૦ ॥

ઇણ મારગ જે વાલ્હા જાવે, તે પાછા નવિ આવે,
મુજ હૈયડો દુખડે ન સમાએ, તે કહો કુણ સમાવેરે,
॥ જિનજી ॥ ૯૧ ॥

ઘો દરિસણ વીરા વાલાને, જે દરિસણના તરસ્યારે,
જો સુહણે કેવારે દેખસું, તો દુઃખ દૂરે કરશુંરે.
॥ જિનજી ॥ ૯૨ ॥

પુણ્ય કથા હવે કુણ કેલવશે, કુંણ વાલ્હા મેલવશેરે,
મુજ મનડો હવે કુણ ખેલવશે, કુમતિ જિમ તિમ લવસેરે.
॥ જિનજી ॥ ૯૩ ॥

કુણ પૂછયાનો ઉત્તર દેશે, કુંણ સંદેહ ભાંજશેરે,
સંઘ કમલ વન કિમ વિકસસે, હું છદ્‌મસ્થા વેસેરે.
॥ જિનજી ॥ ૯૪ ॥

હું પરાપુરવસું અજાણ, મેં જિન વાત ન જાણિ,
મોહ કરે સવિ જગ અનાણી, એહવી જીનજીની વાણીરે.
॥ જિનજી ॥ ૯૫ ॥

એહવે જિન વયણે મન વાલ્યો, મોહ સબલ બલ કાપ્યો,
ઇંણ ભાવે કેવલ સુખ આપ્યો, ઇંદ્રે જિનપદ થાપ્યોરે.
॥ જિનજી ॥ ૯૬ ॥

ઇંદ્રે જુહાર્યા ભટ્ટારક, જુહાર ભટ્ટારક તેણે,
પર્વ પન્હોતું જગમાં વાપ્યું, તે કિજે સવિ કેણેરે.
॥ જિનજી ॥૯૭

રાજા નંદિવર્ધન નુંતરીઓ, ભાઈ બહિનર બીજે,
તે ભાવડ બીજ હૂઈ જગ સઘલે, બહેન બહૂ પરે કિજેરે.
॥ જિનજી ॥ ૯૮ ॥

॥ ઢાલ ૯ ॥

॥ વિવાહલાની ॥

પરિહરીએ નવરંગ ફાલડીએ, માંડિ મૃગમદ કેસર ભાલડીએ,

ઝબ ઝબકે શ્રવણે ઝાલડીએ, કરિ કંઠે મુગતાફલ માલડીએ.
॥ જિં૦ ॥ ૯૯ ॥

ઘર ઘર મંગલ માલડીએ, જપે ગોયમ ગુણ જપ માલડીએ,
પહોતલો પરવ દીવાલડીએ, રમે રસભર રમત બાલડીએ.
॥ જિં૦ ॥ ૧૦૦ ॥

શોક સંતાપ સવિ કાપીઓએ, ઈંદ્રે ગોયમ વીરપદે થાપીઓએ,
નારી કહે સાભલ કંતડાએ, જપો ગોયમ નામ એકંતડીએ.
॥ જિ ॥૦ ૧૦૧ ॥

લ્યો લખ લાભ લખેશરીએ, ઘો મંગલ કોડી કોડેશરીએ,
જાપ જપો થઈ સુ-તપેસરીએ, જીમ પામીએ ઋદ્ધિ
પરમેશરીએ, ॥ જિ૦ ॥ ૧૦૨ ॥

લહિએં દિવાલડી દાડલોએ, એતો પુણ્યનો ટબકો ટાલુઓએ,
સુકૃત સિરિ દઢ કરો પાલડીએ, જિમ ઘર હોય નિત્ય
દિવાલડીએ. ॥ જ૦ ॥ ૧૦૩ ॥

॥ ઢાલ-૧૦ ॥

હવે મુનિસુવ્રત સીસોરે, જેહની સબલ જગીસો રે,
તે ગુરૂ ગજપુરે આવ્યારે, વાદી સવિ હાર મનાવ્યા રે, ॥ ૧ ॥
પાવસ ચઉમાસું રહિયારે, ભવિયણ હયડે ગહગહીઆરે,
નમુચિ ચક્રવર્તિં પદ્મરે, જસુ હિયડે નવિ છદ્મરે, ॥ ૨ ॥
નમુચિ તસ નામે પ્રધાનરે, રાજા દિએ બહુ માન રે,
તિણે તિહાં રિઝવી રાયરે, માગી મોટો પસાય રે. ॥ ૩ ॥
લીધો ષટ્ ખંડ રાજરે, સાત દિવસ માંડી આજ રે,
પૂર્વે મુનિસું વિરોધ્યોરે, તે કિણે નવિ પ્રતિબોધ્યો રે. ॥ ૪ ॥

તે મુનિસું કરે બંડોરે, મુઝ ધરતિ સવિ છંડો રે,
વિનવીઓ મુનિ મોટેરે, નવિ માને કર્મિં ખોટો રે. ॥ ૫ ॥
સાઠસયાં વર્ષ તપ તપિઓરે, જે જિન કિરીયાનો ખપીઓ રે,
નામે વિષ્ણુકુમાર રે, સયલ લબધિનો ભંડાર રે ॥ ૬ ॥
ઉઠ ક્રમ ભૂમિ લેવારે, જોવા ભાઈની સેવા રે,
દ્યો ત્રિપદિભૂમિ દાનરે, ભલે ભલે આવ્યા ભગવાન રે. ॥ ૭ ॥
વયણે ધડહડીઓરે, તે મુનિ બહુ કોપે ચઢિયો રે,
કિધો અદ્ભૂત રૂપરે, જોયણ લાખ સરૂપ રે. ॥ ૮ ॥
પ્રથમ ચરણ પૂર્વે દીધોરે, બીજો પશ્ચિમે કીધો રે,
ત્રિજો તસ પુઠે થાપ્પોરે, નમુચિ પાતાલેં ચાંપ્પો રે. ॥ ૯ ॥
થરહરીઓ ત્રિભુવનરે, ખલભલિઓ સવિ જન રે,
સલસલિઓ સુર દિન્નરે, પડયો નવિ સાંભલીએ કન્નરે. ॥ ૧૦ ॥
એ ઉત્પાત અત્યંતરે, દૂરિ કરો ભગવંત રે,
હે હે સ્યું હવે થાશે રે, બોલે બહુ એક સાસે રે. ॥ ૧૧ ॥
કરણે કિન્નર દેવારે, કડુઆ ક્રોધ સમેવા રે,
મધુર મધુર ગાએ ગિતરે, બેકર જોડિ વિનીત રે. ॥ ૧૨ ॥
વિનય થકી વેગે વલિઓરે, એ જિનશાસન બલિઓ રે,
દાનવ દેવો ખમાવ્યોરે, નર નારીએ વધાવ્યોરે. ॥ ૧૩ ॥
ગાવલડી ભેંસ ભડકીરે, જે દેખી દૂર તટકીરે,
તે જતને કરી ગ્રહીએ રે, આરતિ ઉતારી મેરઈએરે. ॥ ૧૪ ॥
નવલે અવતારે આવ્યારે, જીવિત ફલ લહિ ફાવ્યારે,
શેવ સુંહાલિ કંસારરે, ફલ લીયું નવે અવતારરે. ॥ ૧૫ ॥
છગણ તણો ઘરબારરે, નમુચિ લખ્યું ઘરનારરે,
તે જિમ જિમ ખેરૂ થાયરે, તિમ તિમ દુઃખ દૂરે જાયરે ॥ ૧૬ ॥

મંદિર મંડાણ માંડયારે, દાલિદ્ર દુઃખ દૂરે છાંડયા રે,
કાતિ વદિ પડવે પરવેરે, ઈમ એ આદરીઓ સર્વેરે. ॥૧૭॥
પુણ્યે નરભવ પામિરે, ધર્મ પુન્ય કરો નરધાંમી રે,
પુણ્યે ઋદ્ધિ રસાલીરે, નિત નિત પુન્યે દિવાલીરે. ॥૧૮॥

॥ કલશ ॥

જિન તું નિરંજણ સજલ રંજણ, દુઃખ ભંજણ દેવતા,
ઘો સુખ સાંમિ મુગતિ ગાંમિ, વીર તુઝ પાય સેવતા,
તપગચ્છ ગયણ દિણંદ દહદિસે, દીપતો જગ જાણીએ,
શ્રી હીરવિજય સુરિંદ સહગુરૂ, તાસ પાટ વખાણીયે૦ ॥૧૯॥
શ્રી વિજય સેન સૂરીસ સહગુરૂ, વિજય દેવ સૂરિસરૂ,
જે જપે અહનિશ નામ જેહનો, વર્ધમાન જિનેશ્વરૂ,
નિર્વાણ સ્તવન મહિમા ભવન, વીર જિનનો જે ભણે,
તે લહે લીલા લબ્ધિ લચ્છી, શ્રી ગુરૂ હર્ષ વધામણે૦ ॥૨૦॥
॥ઈતિ શ્રી વીર નિર્વાણ મહિમા દીપાલિકા સંપૂર્ણ૦ ॥

## શ્રી વીરજિન સ્તવન

વીર હમણેં આવે છે મારે મંદિરીએ, મંદિરીએરે વીર
મંદિરીએ, વી૦ ॥
પાયે પડીને મેં તો ગોદ બિછાઉં, નિતનિત વીનતડી કરીએ.
વી૦ ॥ ૧
સજન કુટુંબ પુત્રાદિકને, હરખે ઇણિ પેરે ઉચ્ચરિએ.
॥ વી૦ ॥ ૨
જબ પ્રભુ આંગણે વીર પધારે, તવ વચ્છ સનમુખ ડગ ભરીએ.
વી૦ ॥ ૩

સયણા સુણોને ભવિયણ, પડિલાભિજે તો ભવસાયર તરીએ.
વી૦ ॥ ૪
અપ્રતિબંધપણે મહાવીરજી, ઘર ઘર ભીક્ષાને ફરીયે.
વી૦ ॥ ૫
અભિનવ શેઠ તણે ઘેર પારણું, કિધું ફરતાં ગોચરીએ.
વી૦ ॥ ૬
ઈમ ભાવના કરતા શ્રવણે સુણી, દેવ દુંદુભી રે ચિત્ત ભરીએ.
વી૦ ॥ ૭
બારમા કલ્પે જિરણ આયુ બાંધ્યું, વીર જીનને ઉત્તમ ચિત્ત
ધરીએ. વી૦ ॥ ૮
તસ પદ પદ્મની સેવા કરતાં, સેજે શિવસુંદરી વરિએરે.
વી૦ ॥ ૯

## ૧૬. ॥ શત્રુંજય ઉદ્ધાર ॥

વિમલગિરિવર વિમલગિરિવર, મંડણો જિનરાય,
શ્રી રિસહેસર પાય નમીય;
ધરીય ધ્યાન શારદ દેવીય, શ્રી સિદ્ધાચલ ગાયસ્યું એ;
હૈયે ભાવ નિર્મળ ધરેવી, શ્રી શત્રુંજય તીરથ વડું એ;
જીહાં સિદ્ધ અનંતી કોડિ, જિહાં મુનિવર મુગતે ગયા,
તે વંદુ બે કર જોડી ॥ ૧ ॥

### ॥ ઢાલ ૧ ॥

॥ આદનરાય પુંહતા—એ દેશી ॥

બે કર જોડીને જિન પાય લાગું, સરસ્વતિ પાસે વચન રસ
માગું;

શ્રી શત્રુંજય ગિરિ તીરથસાર, થુણવા ઉલટ થયોરે અપાર
॥ ૨ ॥

તીરથ નહીં કોઈ શત્રુંજય તોલે, અનંત તીર્થંકર એણી પરે
બોલે;

ગુરૂ મુખે શાસ્ત્રનો લહીય વિચાર, વરણવું શેત્રુંજા તીરથ
ઉદ્ધાર ॥ ૩ ॥

સુરવરમાંહી વડો જિમ ઇંદ્ર, ગ્રહગણમાંહિ વડો જિમ ચંદ્ર;
મંત્ર માંહિ જિમ શ્રી નવકાર, જળદાયક માંહ્ય જિમ જળધાર.
॥ ૪ ॥

ધર્મ માંહિ દયા ધર્મ વખાણ, વ્રતમાંહિ જિમ બ્રહ્મવ્રત જાણ;
પર્વતમાંહિ વડો મેરૂ હોય, તિમ શત્રુંજય સમ તીરથ ન કોય.
॥ ૫ ॥

॥ ઢાળ ૨ ॥

॥ રાગ–ત્રિણ પલ્યોપમનો ॥

આગે એ આદિ જિણેસર, નાભિનંદ નરિંદ મલ્હાર;
શત્રુંજે શિખર સમોસર્યા, પૂર્વ નવાણું એ વાર ॥ ૬ ॥
કેવલ જ્ઞાન દિવાકર, સ્વામિ શ્રી રિષભ જિણંદ,
સાથે ચોરાશી ગણધરા, સહસ ચોરાશી મુણિંદ ॥ ૭ ॥
બહુ પરિવારે પરિવર્યા, શ્રી શત્રુંજય એક વાર,
રિષભ જિણંદ સમોસર્યા, મહિમા લહીએ ન પાર ॥ ૮ ॥
સુર નર કોડી મિલ્યા તિહાં, ધર્મ દેશના જિન ભાસે,
પુંડરિક ગણધર આગળે, શત્રુંજય મહિમા પ્રકાસે. ॥ ૯ ॥
સાંભળો પુંડરિક ગણધરા, કાળ અનાદિ અનંત,
એ તીરથ છે શાશ્વતું, આગે અસંખ્ય અરિહંત. ॥ ૧૦ ॥

ગણધર મુનિવર કેવળી, પામ્યા અનંતી એ કોડી,
મુગતે ગયા એણે તીર્થે, વળી જાશે કર્મ વિછોડી. ॥૧૧॥
ક્રૂર હોય જે જીવડા, તિર્યંચ પંખી કહે જે,
એ તીરથ સેવ્યા થકી, તે સીજે ભવ ત્રીજે. ॥ ૧૨ ॥
દીઠા દુર્ગતિ નિવારે, સારે વંછિત કાજ,
સેવ્યો શ્રીશંત્રુજય ગિરિવર, આપે અવિચળ રાજ. ॥ ૧૩ ॥

॥ ઢાલ-૩ ॥

॥ સહીઅર સમાણી આવો વેગે-એ રાગ ॥

ઉત્સર્પિણી અવસર્પિણી આરા, બેહુ મિલીને બારજી,
વીસ કોડાકોડી સાગર તેહનું, માને કહ્યું નિરધારજી.
॥ ૧૪ ॥
પહેલો આરો સુષમ સુષમા, સાગર કોડાકોડી ચારજી.
ત્યારે એ શત્રુંજય ગિરિવર, એંસી યોજન અવતારજી.
॥ ૧૫ ॥
ત્રણ કોડા કોડી સાગર આરો, બીજો સુષમ નામજી.
તે કાળે એ શ્રી સિદ્ધાચલ, સીત્તેર જોયણ અભિરામજી.
॥ ૧૬ ॥
ત્રીજો સુષમ દુષમ આરો, સાગર કોડાકોડી દોયજી,
સાઠ જોયણનું માન શત્રુંજય, તદાકાળે તું જોયજી.
॥ ૧૭ ॥
ચોથો દુષમ સુષમ જાણો, પાંચમો દુષમ આરોજી,
છઠ્ઠો દુષમ દુષમ કહીએ, એ ત્રણ થઈય વિચારોજી.
॥ ૧૮ ॥

એક કોડા કોડી સાગર કેરૂં, એહનું કહીએ માનજી,
ચોથે આરે શત્રુંજય ગિરિ, પચાસ જોયણ પરધાનજી,
॥ ૧૯ ॥

પાંચમો છઠ્ઠો એકવીસ એકવીસ, સહસ વરસ વખાણોજી.
બાર જોયણ સાત હાથનો, તદા વિમળગિરિ જાણોજી.
॥ ૨૦ ॥

તેહ ભણી સદાકાળ એ તીરથ, શાશ્વત જિનવર બોલેજી,
ઋષભદેવ કહે પુંડરિક નિસુણો, નહિ કોઇ શત્રુંજય તોલેજી.
॥ ૨૧ ॥

નાણ અને નિર્વાણ મહાજસ, લેશો તમે ઇણ ઠામોજી,
એહ ગિરિ તીરથ મહિમા ઇણ જગે, પ્રગટ હોશે તુમ નામેજી.
॥ ૨૨ ॥

॥ ઢાલ-૪ ॥

॥ જિનવર શું મેરો મન લીણો-એ દેશી ॥

સાંભળી જિનવર મુખથી સાચું, પુંડરિક ગણધાર રે,
પંચ કોડી મુનિવરશું ઈણ ગિરિ, અણસણ કીધું ઉદારરે.
॥ ૨૩ ॥

નમોરે નમો શ્રીશત્રુંજા ગિરિવર, સકળ તીરથ માંહિ સારરે,
દીઠે દુર્ગતિ દૂર નિવારે, ઉતારે ભવ પારરે. ॥ નમો૦
॥ ૨૪ ॥

કેવળ લઈ ચૈત્રી પુનમ દિન, પામ્યા મુગતિ સુઠામરે,
તદાકાળથી પૃથ્વી પ્રગટિયું, પુંડરિકગિરિ નામરે. નમો૦
॥ ૨૫ ॥

નયરી અયોધ્યાએ વિચરતા પહોંતા, તાતજી ઋષભ જિણંદરે,
સાઠ સહસ એમ ખટ ખંડ સાધી, ઘેર આવ્યા ભરત
નરિંદરે ॥ નમો૦ ॥ ૨૬ ॥
ઘેર જઈ માયને પાયે લાગી, જનની દ્યો આશીષરે,
વિમળાચળ સંઘાધિપ કેરી, પહોંચજો પુત્ર જગીશરે.
નમો૦ ॥ ૨૭ ॥
ભરત વિમાસે સાઠ સહસ સમ, સાધ્યા દેશ અનેકરે.
હવે હું તાત પ્રત્યે જઈ પુછું, સંઘપતિ તિલક વિવેકરે.
॥ નમો૦ ॥ ૨૮ ॥
સમોસરણે પહોંચ્યા ભરતેસર, વંદી પ્રભુના પાયરે,
ઈંદ્રાદિક સુરનર બહુ મિલિયા, દેશના દે જિનરાયરે.
॥ નમો ॥ ૨૯ ॥
શત્રુંજા સંઘાધિપ યાત્રા ફળ, ભાખે શ્રી ભગવંતરે,
તવ ભરતેસર કરે રે સજાઈ, જાણી લાભ અનંતરે.
॥ નમો ॥ ૩૦ ॥

## ॥ ઢાલ-૫ ॥

॥ કનક કમળ પગલાં ઠવે એ-એ રાગ. ॥

### ॥ રાગ-ધનાશ્રી માંરૂણી. ॥

નયરી અયોધ્યાથી સંચર્યા એ, લેઈ લેઈ રિધ્ધી અશેષ,
ભરત નૃપ ભાવશું એ, શત્રુંજય યાત્રા રંગ ભરે એ;
આવે આવે ઉલટ અંગ, ભરત નૃપ ભાવશું એ. ॥ ૩૧ ॥
આવે આવે ઋષભનો પુત્ર, વિમળગિરિ યાત્રાએ એ,
લાવે લાવે ચક્રવર્તિની રિદ્ધ. ॥ આં૦ ॥ મંડળીક મુગટ વરધન
ઘણાં એ,

બત્રીસ સહુસ નરેશ. ।। ભ૦ ।। ૩૨ ।।
ઢમ ઢમ વાજે છંદશું એ, લાખ ચોરાશી નિસાણ ।। ભ૦ ।।
લાખ ચોરાશી ગજ તૂરી એ, તેહના રત્ન જડિત પલાણ.
।। ભ૦ ।। ૩૩ ।।

લાખ ચોરાશી રથ ભલાએ, વૃષભ ધોરી સુકુમાળ, ।। ભ૦ ।।
ચરણે ઝાંઝરુના તણા એ, કેડે સોવન ઘુઘર માળ.
।। ભ૦ ।। ૩૪ ।।

બત્રીસ સહુસ નાટક સહી એ, ત્રણ લાખ મંત્રી દક્ષ.
।। ભ૦ ।।

દીવીધરા પંચ લાખ કહ્યા એ, સોળ સહુસ સેવા કરે યક્ષ.
।। ભ૦ ।। ૩૫ ।।

દશ કોડી આલંભ ધજા ધરાએ, પાયક છન્નું કોડ, ।। ભ૦ ।।
ચોસઠ સહુસ અંતેઉરી એ, રૂપે સરખી જોડ. ।। ભ૦ ।। ૩૬ ।।
એક લાખ સહુસ અઠાવીસ એ, વારાંગનાનાં રૂપ નિહાળ,
।। ભ૦ ।।

શેષ તુરંગમ સવિ મિલી એ, કોડી અઢાર નિહાળ. ।।ભ૦।।૩૭।।
ત્રણ કોડી સાથે વેપારીયા એ, બત્રીસ કોડી સૂઆર ।।ભ૦ ।।
શેઠ સાર્થવાહ સામટા એ, રાય રાણાનો નહીં પાર.
।। ભ૦ ।। ૩૮

નવનિધિ ને ચૌદરયણ શું એ, લીધો લીધો સવિ પરિવાર,
।। ભ૦ ।।

સંઘપતિ તિલક સોહામણું એ, ભાલે ધરાવ્યું સાર.
।। ભ૦ ।। ૩૯ ।।

પગે પગે કરમ નિકંદતા એ, આવ્યા આસન જામ, ॥ ભ૦ ॥
ગિરિ પેખી લોચન ઠર્યાં એ, ધન ધન શેત્રુંજા નામ.
॥ ભ૦ ॥ ૪૦ ॥

સોવન ફળ મુગતા ફળે એ, વધાવ્યો ગિરિ રાજ, ॥ ભ૦ ॥
દેઈ પ્રદક્ષિણા પાખતી એ, સીધ્યાં સઘળાં કાજ.
॥ ભ૦ ॥ ૪૧ ॥

## ॥ ઢાલ ૬ ॥

॥ જય માળાની દેશી. ॥

કાજ સીધાં સકલ હવે સાર, ગિરિ દીઠે હરખ અપાર,
એ ગિરિવર દરિસણ જેહ, યાત્રા ફળ કહીએ તેહ. ॥૪૨॥
સૂરજ કુંડ નદીય શેત્રુંજી, તીરથ જળે નાહ્યાં રંજી,
રાયણ તળે ઋષભ જિણંદા, પહેલાં પગલાં પૂજે નરિંદા.
॥ ૪૩ ॥

વળી ઇંદ્ર વચન મન આણી, શ્રી ઋષભનું તીરથ જાણી,
તવ ચક્રી ભરત નરેશ, વાર્દ્ધકિને દીધો આદેશ. ॥૪૪॥
તિણે શેત્રુંજા ઉપર ચંગ, સોવન પ્રાસાદ ઉત્તુંગ,
નીપન્યો અતિ મનોહર, એક કોસ ઉંચો ચોબાર. ॥૪૫॥
ગાઉ દો વિસ્તારે કહીએ, સહસ ધનુષ્ય પહોળપણે લહીએ,
એકેક બારણે જોઈ, મંડપ એકવીસજ હોઈ. ॥૪૬॥
એમ ચારે દીશે ચોરાશી, મંડપ રચિયા સુપ્રકાશી,
તિહાં રયણમેં તોરણ માળ, દીસે અતિ ઝાક ઝમાળ. ॥૪૭॥
વિચે ચિહું દિશે મૂળ ગભારે, થાપી જિન પ્રતિમા ચારે,
મણિમય મૂરતિ સુખકંદ, થાપ્યા શ્રી આદિ જિણંદ. ॥૪૮॥

ગણધર વર પુંડરિક કેરી, થાપી બિહુ પાસે મૂર્તિ ભલેરી,
આદિ જીન મૂર્તિ કાઉસગીયા, નમિ વિનમિ બેહુ પાસે
ઠવીયા. ॥૪૯॥

મણિ સોવન રૂપ પ્રાકાર, રચ્યું સમોસરણ સુવિચાર,
ચિહું દિશે ચઉ ધર્મ કહંતા, થાપી મૂર્તિ શ્રી ભગવંતા.
॥ ૫૦ ॥

ભરતેસર જોડી હાથ, મૂર્તિ આગળે જગનાથ,
રાયણ તળે જમણે પાસે, પ્રભુ પગલાં થાપ્યાં ઉલ્લાસે.
॥ ૫૧ ॥

શ્રી નાભિ અને મરૂદેવી, પ્રાસાદશું મૂર્તિ કરેવી,
ગજવર ખંધે લઈ મુક્તિ, કીધી આઈની મૂર્તિ ભક્તિ.
॥ ૫૨ ॥

સુનંદા સુમંગલા માતા, બ્રાહ્મી સુંદરી બ્હેની વિખ્યાતા,
વળી ભાઈ નવાણું પ્રસિદ્ધ, સવિ મૂર્તિ મણિમય કીધ.
॥ ૫૩ ॥

નીપાઇ તીરથમાળ, સુપ્રતિષ્ઠા કરાવી વિશાળ,
યક્ષ ગોમુખ ચક્કેસરી દેવી, તીરથ રખવાળ ઠવેવી.
॥ ૫૪ ॥

એમ પ્રથમ ઉદ્ધારજ કીધો, ભરતે ત્રિભુવન જસ લીધો,
ઇંદ્રાદિક કીરતિ બોલે, નહિં કોઈ ભરત નૃપ તોલે.
॥ ૫૫ ॥

શત્રુંજય મહાત્મ્ય માંહિ, અધિકાર જોજો ઉછાંહી,
જિન પ્રતિમા જિનવર સરખી, જુઓ સૂત્ર ઉવાઇ નિરખી.
॥ ૫૬ ॥

॥ વસ્તુ છંદ ॥

ભરતે કીધો ભરતે કીધો, પ્રથમ ઉદ્ધાર, ત્રિભુવન કીર્તિ
વિસ્તારી,
ચંદ સૂરજ લગે નામ રાખ્યું, તિણે સમે સંઘપતિ કેટલા,
હુવા સૌ એમ શાસ્ત્ર ભાખ્યું, કોડી નવાણું નરવર હુઆ,
નેવ્યાસી લાખ, ભરત સમે, સંઘપતિ વળી સહસ
ચોરાશી ભાખ. ॥ ૫૭ ॥

॥ ઢાલ ૭ ॥

॥ ચોપાઈની ચાલ. ॥

ભરત પાટે હુવા આદિત્યયસા, તસ પાટે તસ સુત મહાજસા,
અતિબળભદ્ર અને બળવીર્ય, કીર્તિવીર્ય અને જળવીર્ય.
॥ ૫૮ ॥
એ સાતે હુઆ સરિખી જોડી, ભરત થકી ગયા પૂરવ છ કોડી,
દંડવીર્ય આઠમે પાટે હવો, તેણે ઉદ્ધાર કરાવ્યો નવો.
॥ ૫૯ ॥
ઇંદ્રે સોઈ પ્રશંસ્યો ઘણું, નામ અજવાળ્યું પૂર્વજતણું,
ભરત તણી પેરે સંઘવી થયો, બીજો ઉદ્ધાર એહનો કહ્યો.
॥ ૬૦ ॥
ભરત પાટે એ આઠે વળી, ભુવન આરીસામાં કેવળી,
એણે આઠે સવિ રાચી રીતિ, એક ન લોપી પૂર્વજ રીતિ.
॥ ૬૧ ॥
એકસો સાગર વીત્યા જિસે, ઇશાનેન્દ્ર વિદેહમાં તિસે,
જિન મુખે સિદ્ધ ગિરિ સુણ્યો વિચાર, તિણે કીધો ત્રીજો
ઉદ્ધાર. ॥ ૬૨ ॥

એક કોડી સાગર વળી ગયાં, દીઠાં ચૈત્ય વિસંસ્થૂળ થયાં,
માહેંદ્ર ચોથો સુર લોકેંદ્ર, કીધો ચોથો ઉદ્ધાર ગીરીન્દ્ર.
॥ ૬૩ ॥

સાગર કોડી ગયાં દશ વળી, શ્રી બ્રહ્મેન્દ્ર ઘણું મન રૂળી,
શ્રી શત્રુંજય તીરથ મનોહાર, કીધો તેણે પાંચમો ઉદ્ધાર.
॥ ૬૪ ॥

એક કોડી લાખ સાગર અંતરે, ચમરેન્દ્રાદિક ભુવન ઉદ્ધરે,
છઠ્ઠો ઇન્દ્ર ભુવનપતિ તણો, એ ઉધ્ધાર વિમળ ગિરિ સુણો.
॥ ૬૫ ॥

પચાસ કોડી લાખ સાગર તણું, આદિ અજીત વચ્ચે
અંતર ભણું,
તેહ વચ્ચે હુવા સુક્ષ્મ ઉધ્ધાર, તે કહેતાં નવિ લહીએ પાર.
॥ ૬૬ ॥

હવે અજિત બીજા જિન દેવ, શ્રી શેત્રુંજે સેવા મિસિ હેવ,
સિધ્ધક્ષેત્ર દેખી ગહગહ્યા, અજિતનાથ ચોમાસું રહ્યા.
॥ ૬૭ ॥

ભાઈ પિતરાઇ અજિત જિન તણો, સગર નામે બીજો
ચક્રવર્તિં ભણો,
પુત્ર મરણે પામ્યો વૈરાગ, ઈંદ્રે પ્રીછવ્યો મહા ભાગ્ય.
॥ ૬૮ ॥

ઈંદ્ર તે વચન હૈડામાં ધરી, પુત્ર મરણ ચિંતા પરિહરી,
ભરત તણી પરે સંઘવી થયો, શ્રી શત્રુંજય યાત્રા ગયો.
॥ ૬૯ ॥

ભરત મણિમય બિંબ વિશાલ, કર્યા કનકમય પ્રાસાદ ઝમાલ,
તે પેખી મન હરખ્યો ઘણું, નામ સાંભળ્યું પૂર્વજ તણું.
॥ ૭૦ ॥

જાણી પડતો કાળવિશેષ, રખે વિનાશ ઉપજે રેષ,
સોવન ગુફા પશ્ચિમ દિશિ જિહાં, રયણબિંબ ભંડાર્યાં તિહાં
॥ ૭૧ ॥

કરી પ્રાસાદ સયળ રૂપાનાં, સોવન બિંબ કરી થાપના,
કર્યા અજિત પ્રાસાદ ઉદાર, એ સાગર સાતમો ઉદ્ધાર.
॥ ૭૨ ॥

પચાસ કોડી પંચાણું લાખ, ઉપર સહસ પંચોતેર ભાખ,
એટલા સંઘવી ભૂપતિ થયા, સાગર ચક્રવર્તિ વારે કહ્યા.
॥ ૭૩ ॥

ત્રીસ કોડી દસ લાખ કોડી સાર, સગર અંતર કર્યો ઉદ્ધાર,
વ્યંતરેન્દ્ર આઠમો સુચંગ, અભિનંદન ઉપદેશ ઉત્તુંગ.
॥ ૭૪ ॥

વારે શ્રીચંદ્ર પ્રભુ તણે, ચંદ્રશેખર સુત આદર ઘણે,
ચંદ્રજસા રાજા મન રંગ, નવમો ઉદ્ધાર કર્યો શેત્રુંજ.
॥ ૭૫ ॥

શાંતિનાથ સોળમા સ્વામ, રહ્યા ચોમાસું વિમળગિરિ ઠામ,
તસ સુત ચક્રાયુધ રાજિયો, તેણે દશમો ઉદ્ધારજ કીઓ.
॥ ૭૬ ॥

કીઓ શાંતિ પ્રાસાદ ઉદ્દામ, હવે દશરથ સુત રાજા રામ,
એકાદશમો કર્યો ઉદ્ધાર, મુનિસુવ્રત વારે મનોહાર.
॥ ૭૭ ॥

નેમિનાથ વારે નિરધાર, પાંડવ પાંચે કર્યો ઉદ્ધાર,
શ્રીશત્રુંજયગિરિ પુગી રળી, એકાદશમો જાણો વળી.
॥ ૭૮ ॥

॥ ઢાલ ૮ ॥

॥ રાગ–વધરાડી. ॥

પાંડવ પાંચ પ્રગટ હુવા, ખોઈ અક્ષોણી અઢારરે,
પોતાની પૃથ્વી કરી, કીધો માયને જુહાર રે, ॥૭૯॥
કુંતા મા એમ ભણે, વત્સ સાંભળો આપરે,
ગોત્રનિકંદન તુમે કર્યો, તે કિમ છુટશો પાપરે. ॥૮૦॥
પુત્ર કહે સુણ માવડી, કહો અમ શો ઉપાયરે,
તે પાતિક કિમ છુટીએ, વળતું પભણે માયરે. ॥૮૧॥
શ્રી શત્રુંજય તીરથ જઈ, સૂરજ કુંડે સ્નાનરે,
ઋષભ જિણંદ પૂજા કરી, ધરો ભગવંતનું ધ્યાનરે. ॥૮૨॥
માત શિખામણ મન ધરી, પાંડવ પાંચે તામરે,
હત્યા પાતિક છૂટવા, પહોંચ્યા વિમળગિરિ ઠામરે. ॥૮૩॥
જિનવર ભક્તે પૂજા કરી, કીધો બારમો ઉદ્ધારરે,
ભુવન નિપાયો કાઠમય, લેપમય પ્રતિમા સારરે. ॥૮૪॥
પાંડવ વીર વચ્ચે આંતરૂ, વરસ ચોરાશી સહસરે,
ચારશેં સીત્તેર વરસે હવો, વીરથી વિક્રમ નરેશરે. ॥૮૫॥

॥ ઢાલ ૯ ।

ધન્ય ધન્ય શત્રુંજય ગિરિવર, જિહાં હુવા સિદ્ધ અનંતરે,
વળી હોશે ઈણ તીરથે, ઈમ ભાખે ભગવંતરે. ધન્ય ॥૮૬॥
વિક્રમથી એકસો આઠે, વરસે જાવડ શાહરે,

તેરમો ઉદ્ધાર શેત્રુંજે કર્યો, થાપ્યા આદિ જિન નાહરે.
॥ ધ० ॥ ૮૭ ॥

પ્રતિમા ભરાવી રંગ શ્યું, નવા શ્રી આદિ જિણંદરે,
શ્રીશેત્રુંજય શિખરે થાપીયા, પ્રસાદે નયણાનંદરે.
॥ ધ० ॥ ૮૮ ॥

પાંડવ જાવડ આંતરો, પચવીસ કોડી મયાલરે,
લાખ પંચાણું ઉપરે, પંચોતેર સહસ ભૂપાળરે.
॥ ધ० ॥ ૮૯ ॥

એટલા સંઘવી તિહાં હુવા, ચૌદસમો ઉદ્ધાર વિશાળરે,
બાર તેરોત્તરી સોય કરે, મંત્રી બાહડદે શ્રીમાળરે.
॥ ધ० ॥ ૯૦ ॥

બારસેં છયાસીએ મંત્રી વસ્તુપાળે, જાત્રા શેત્રુંજા ગિરિ સારરે,
તિલકા તોરણ શું કર્યો, શ્રી ગિરનારે અવતારરે
॥ ધ० ॥ ૯૧ ॥

સંવત તેર ઇકોત્તરે; શ્રી ઓસવંશ શૃંગારરે,
શાહ સમરો દ્રવ્ય વ્યય કરે, પંચ દસમો ઉદ્ધારરે,
॥ ધ० ॥ ૯૨ ॥

શ્રી રત્નાકર સૂરીસરૂ, વડ તપગચ્છ શૃંગારરે,
સ્વામી ઋષભજ થાપીયા, સમરો શાહ ઉદ્ધાર રે.
॥ ધ० ॥ ૯૩ ॥

॥ ઢાળ ॥ ૧૦ ॥
રાગ ઉલાળાનો ॥

જાવડ સમરા ઉદ્ધાર, એહ વિષે ત્રિણ લખ સાર,

ઉપર સહસ ચોરાશી, એટલા સમકિત વાસી. ॥ ૯૪ ॥
શ્રાવક સંઘપતિ હુઆ, સત્તર સહસ ભાવસાર જુઆ,
ખત્રી સોળ સહસ જાણું, પન્નર સહસ વિપ્ર વખાણું. ॥ ૯૫ ॥

કુલંબી બાર સહસ કહીયે, લેઉઆ નવસહસ લહીયે,
પંચસહસ પિસતાળીશ, એટલા કંસારા કહીશ. ॥ ૯૬ ॥

એ સવિ જિનમત ભાવ્યા, શ્રીશત્રુંજય જાત્રાએ આવ્યા,
અવરની સંખ્યા તે જાણું, પુસ્તક દીઠે વખાણું. ॥ ૯૭ ॥

સાતસેં મેયર સંઘવી, યાત્રા તલહટી તસ હવી,
બહુ શ્રુત વચને રાચું, એ સવી માનજો સાચું. ॥ ૯૮ ॥

ભરત સમરા શાહ અંતરે, સંઘવી અસંખ્યાતા ઈણીપરે,
કેવળી વિણ કુણ જાણે, કિમ છદ્મસ્થ વખાણે. ॥ ૯૯ ॥

નવ લાખ બંદી બંધ કાપ્યા, નવલખ હેમટકા આપ્યા,
તો દેશિ લહિરિએ અન ચાખ્યું, સમરા શાહે નામ રાખ્યું.
॥ ૧૦૦ ॥

પંદર સત્યાસીએ પ્રધાન, બાદશાદિએ બહુ માન,
કરમાશાહે જસ લીધો, ઉદ્ધાર સોળમો કીધો. ॥ ૧૦૧ ॥

એણી ચોવીસીએ, વિમળ ગિરિ, વિમળવાહન નૃપ આદરી,
દુપ્પસહ ગુરૂ ઉપદેશે, ઉધ્ધાર છેલ્લો કરશે. ॥ ૧૦૨ ॥

એમ વળી જે ગુણવંત, તીરથ ઉધ્ધાર મહંત,
લક્ષ્મી લહી વ્યય કરશે, તસ ભવ કાજ તે સરશે.
૯ ॥ ૧૦૩ ॥

## ॥ ઢાળ-૧૧ ॥

॥ રાગ-માહ્રે ધન સુપરતું એ. ॥

ધન ધન શત્રુંજય ગિરિ, સિદ્ધક્ષેત્ર એ ઠામ,
કર્મક્ષય કરવા, ઘર બેઠા જપો નામ. ॥ ૧૦૪ ॥
ચોવીસી એણીએ, નેમ વિના જિન ત્રેવીસ,
તીરથ ભુંઇ જાણી, સમોસર્યા જગદીશ. ॥ ૧૦૫ ॥
પુંડરિક પંચ કોડિશું, દ્રાવિડ વાલિખિલ્લ જોડી,
કાર્તિક પુનમ સિદ્ધા, મુનિવરશું દસ કોડી. ॥ ૧૦૬ ॥
નમિ વિનમિ વિદ્યાધર, દોય કોડિ મુનિ સંજુત્ત;
ફાગણ સુદી દશમી, એણી ગિરિ મોક્ષ પહુત્ત. ॥ ૧૦૭ ॥
શ્રી ઋષભ વંશી નૃપ, ભરત અસંખ્યાતા પાટ,
મુક્તે ગયા ઇણ ગિરિ, એ ગિરિ શિવપુર વાટ. ॥ ૧૦૮ ॥
રામ મુનિ ભરતાદિક, મુનિ ત્રણ કોડીશું ઇમ,
નારદશું એકાણું લાખ, મુનિવર તેમ. ॥ ૧૦૯ ॥
મુનિ શાંબ પ્રદ્યુમ્નશું, સાડી આઠ કોડી સિદ્ધ,
વીસ કોડીશું પાંડવા, મુક્તે ગયા નિરાબાધ. ॥ ૧૧૦ ॥
વળી થાવચ્ચા સુત શુક્ર, મુનિવર ઇણે ઠામ,
સહસ સહસશું સિધ્યા, પંચશત સેલગ નામ. ॥ ૧૧૧ ॥
ઇમ સિદ્ધા મુનિવર, કોડાકોડી અપાર,
વળી સિઝશે ઇણે ગિરિ, કુણ કહી જાણે પાર. ॥ ૧૧૨ ॥
સાત છટ્ઠે દોય અટ્ઠમ, ગણે એક લાખ નવકાર,
શત્રુંજય ગિરિ સેવે, તેહને નહિ અવતાર. ॥ ૧૧૩ ॥

## ॥ ઢાળ ॥ ૧૨ ॥

॥ રાગ વધાવાનો ॥

માનવ ભવમેં ભલે લહ્યો, લહ્યો તે આરિજ દેશ,
શ્રાવક કુળ લાધ્યું ભલું, જો પામ્યોરે વાલ્હો ઋષભ જિણેશ કે.
॥ ૧૧૪ ॥

ભેટયોરે ગિરિરાજ, હવે સિધ્યારે માહરાં વંછિત કાજ કે,
મને ત્રુઠયોરે ત્રિભુવનપતિ આજ કે. ॥ ભેટયોરે ॥ ૧૧૫ ॥

ધન ધન વંશ કુલગર તણે, ધન ધન નાભિ નરિંદ,
ધન ધન મરૂદેવી માવડી, જેણે જાયોરે વહાલો રૂષભ
જિણંદ કે. ॥ ભેટયોરે ॥ ૧૧૬ ॥

ધન ધન શત્રુંજય તીરથ, રાયણરૂખ ધન ધન,
ધન ધન પગલાં પ્રભુ તણાં, જે પેખીરે મોહિયું મુજ મન્ન કે.
॥ ભેટયોરે ॥ ૧૧૭ ॥

ધનધન તે જગે જીવડા, જે રહે શેત્રુંજા પાસ,
અહર્નિંશ ઋષભ સેવા કરે, વળી પૂજેરે પ્રભુ મતિ ઉલ્લાસ કે.
॥ ભેટયોરે ॥ ૧૧૮ ॥

આજ સખી મુજ આંગણે, સુરતરૂ ફળીયો સાર,
ઋષભ જિણેસર વંદિયા, હવે તરિઓરે ભવજળધિ પાર કે.
॥ ભેટયોરે ॥ ૧૧૯ ॥

સોળ અડવીસે આસો માસમાં, શુદી તેરશ કુજ વાર,
અહમદાવાદ નયરમાં, મેં ગાયોરે શેત્રુંજા ઉધ્ધાર કે.
॥ ભેટયોરે ॥ ૧૨૦ ॥

વડ તપ ગચ્છ ગુરૂ ગચ્છ પતિ, શ્રી ધનરત્ન સુરિંદ,
તસુ શિષ્ય તસુ પાટે જયકરૂ, ગુરૂ ગચ્છપતિરે અમરરત્ન
સુરિંદકે. ।। ભેટયો ।। ૧૨૧ ।।
વિજયમાન પટો ધરૂ, શ્રી દેવરત્ન સુરીશ,
શ્રી ધનરત્ન સુરીશના, શિષ્ય પંડિતરે ભાનુ મેરૂ ગણેશકે.
।। ભેટયોરે ।। ૧૨૨ ।।
તસ પદ કમળ ભ્રમર તણે, નયર સુંદર દે આશીષ,
ત્રિભુવન નાયક સેવતાં, પૂગીરે શ્રી સંઘ જગીશકે.
।। ભેટયોરે ।। ૧૨૩ ।।

।। કળશ ।।

ઈમ ત્રિજગ નાયક મુગતિ દાયક, વિમળ ગિરિ મંડણ ધણી;
ઉદ્ધાર શત્રુંજય સાર ગાયો, સ્તવ્યો જિન ભગતિ ઘણી;
ભાનુ મેરૂ પંડિત શિષ્ય દો એ, કર જોડી કહે નર સુંદરો,
પ્રભુ પય સેવા નિત્ય કરેવા, દેઈ દર્શન જયકરો. ।। ૧૨૪ ।।
।। ઈતિ શ્રી શત્રુંજય ઉધ્ધાર સ્તવન સંપૂર્ણ ।।

## ૧૭ ।। શ્રી. નેમજીનું સ્તવન ।।

### ।। ઢાળ ।। ૧ ।।

।। ગુરૂ માહરા શહેરમાં પધારીયારે–એ રાગ ।।

સરસતી ચરણ નમી કરીરે, શ્રી સંખેસર રાયારે,
વાલો મારો નેમજિણંદને ગાઈશુંરે, અરિંહત ગુણ
સંભારતારે,
ભવોભવ પાતિક જાયરે, વાલો એ તો બાવીસમો જિનરાયરે.
।। વાલો ।। ૧ ।।

મિત્ર વચને પ્રભુ આવીયારે, આયુધ શાલા માંહરે, ।। વાલો ।।
લીલાએ શંખ વજાડીયોરે, નેમિસર ઉચ્છાહરે. ।। વાલો ।। ૨ ।।

શંખ શબ્દને સાંભળીરે, ચિંતે દામોદર ધીરરે. ।। વાલો ।।
કુણ મુજ વયરી ઉપન્યોરે, થાવે હરિ દીલગીરરે.
।। વાલો ।। ૩ ।।

આયુધશાલાએ આવીયારે, દીઠો નેમિ કુમારરે, ।। વાલો ।।
બળની પરીક્ષા તેણે કરીરે, હરિ દુઃખ ભરી અપારરે.
।। વાલો ।। ૪ ।।

અંબરે સુર બોલ્યા હરિરે, ન કરે ફિકર લગારરે, ।। વાલો ।।
અણુપરણ્યા નેમિ થશેરે, શિવ સુંદરી ભરતારરે.
।। વાલો ।। ૫ ।।

એમ સુર વાણી સાંભળીરે, હરખે મોરારી ત્યાંહરે, ।। વાલો ।।
તો પણ શંસય ટાલવારે, આવે અંતે ઉર માંહેરે.
।। વાલો ।। ૬ ।।

વિવાહ મનાવો નેમનેોરે, કહે ગોપીને શ્યામરે, ।। વાલો ।।
રૂષભ વિજય કહે આગલે રે, રચના રસ અભિરામરે.
।। વાલો ।। ૭ ।।

## ।। ઢાલ ।। ૨ ।।

।। રાયણને સહકાર વાલા—એ રાગ ।।

સોલે શણગાર સજીરે સાહેલી, ગોપી બત્રીસહજાર વાલા,
નેમિ જિનેસર સાથે લેઈ, આવે સરોવર તીર વાલા,
।। સોલે० ।। ૧ ।।

પ્રભુને સોનાને સિંહાસન થાપી, ગોપી ચિંતે મનમાંહિ વાલા,
જળથી પ્રભુ અકળાશેરે, માનશે ત્યારે વિવાહ વાલા.
॥ સોલે૦ ॥ ૨ ॥

જયાં તત્ક્ષણ આકાશે થઈ વાણી, સંભાળજો હરિ નાર વાલા,
એક હજારને આઠે કલશે, નવરાવ્યા એક ધાર વાલા.
॥ સોલે૦ ॥ ૩ ॥

હર્ષ ધરી જળકેલિ કરેરે, પ્રભુને છાંટે નીર વાલા,
ફુલદડા કેઇ હૃદયે મારે, માનની મદ રસ પૂર વાલા,
॥ સોલે૦ ॥ ૪ ॥

કામ કટાક્ષે કેઈક ઘેરે, લાલ શિવાનો નંદ વાલા,
કેસર સોવન ભરી પીચકારી, મારતી નેણાનંદ વાલા,
॥ સોલે૦ ॥ ૫ ॥

જલક્રીડા કરીને નીસરીયા, ટોલે મિલી સહુ નાર વાલા,
રૂષભ કહે પહેલી પટરાણી, બોલે વયણ રસાલ વાલા.
॥ સોલે૦ ॥ ૬ ॥

## ॥ ઢાલ ॥ ૩ ॥

॥ સુંદર બાઈ ચાલ્યાં સાસરીએ–એ રાગ ॥

કહે રૂખમણી હરિ ઠકુરાણી જોકે, નેમના દીલની જાણીજો,
કાયર છે નેમ નગીના જોકે, નારી ખરચે બીહનો જો,
પ્રભુ જાદવ કુલના રાયા જોકે, લાલ શિવાના જાયા જો.
॥ ૧ ॥

નેઉરને કાંબી વહાલી જોકે, ચુંદડી માગે વાલી જો,
વલી માગે વસ્તુ પ્યારી જોકે, ખરચની ચિંતા ભારી જો.
॥ ૨ ॥

તુજ બાંધવ જે ગિરધારી જોકે, તેને છન્નુ હજારી જો,
શું રંભા હારી જોકે, કામતણી અવતારી જો.
॥ ૩ ॥
હું હરિની જાઉં બલિહારી જોકે, સરખી પાલે નારી જો,
તે સહુના ખરચ ચલાવે જોકે, એક થકી શું જાવે જો.
॥ ૪ ॥
પણ પરણો નારી હરખે જોકે, બાંધવ પૂરૂં કરશે જો,
બહુ બળીયા નામ ધરાવો જોકે, બલને આપ લજાવો જો.
॥ ૫ ॥
તું કાંઇ દીયરીયા જાણે જોકે, સાંભળે નારી ટાણે જો,
એમ સખીઓ મલી સમજાવે જોકે, રૂષભ કવીશ્વર ગાવે જો.
॥ ૬ ॥

### ॥ ઢાલ ૪ ॥

॥ મનમંદિર આવોરે. ॥

સત્ય ભામા ભાખેરે, માનીએ વાતલડી,
દીયર એક પરણોરે, કે માનની પાતલડી. ॥ ૧ ॥
કુણ નારી ના વરીયારે, કે સાંભળ શામળીયા,
સઘલા અબલનારે, કે સબલા વશ પડીયા. ॥ ૨ ॥
જેણે નીપાઇરે, કે આદીશ્વર રાયા,
તે પણ પરણ્યા છે, કે લાલ શિવાના જાયા. ॥ ૩ ॥
પછી સંજમ લીનો કે, જઇ સિદ્ધિમાં વસીયા,
તું કોણ નવો જાગ્યોરે, કે સિદ્ધ તણા રસીયા. ॥ ૪ ॥
કુણ કુણ દલવાનેરે, કે જલભરવા જાશે,
દીયર મત રહેજોરે, કે ભોજાઇના વિશ્વાસે. ॥ ૫ ॥

પરણ્યા વિણ કહો કુણુરે, કે પોતાની પાવે,
નિજ નારી વિના કુણુરે, કે સર્વ વાગે નવરાવે. ॥ ૬ ॥
અલબેલા સાહેબરે, કે શું રહ્યા હઠ તાણી,
એક પદ્મણી પરણોરે, કે રૂષભ તણી વાણી. ॥ ૭ ॥

॥ ઢાલ ૫ ॥

કહે જંબુવતી અલબેલી, જોકે સાચું કહીએ સામળીયા,
તુમ વંશ થયા છે પહેલા, જોકે સાચું૦
મુનિસુવ્રત જિન મહાભાગી જોકે સાચું૦ ॥ ૧ ॥
પ્રભુ સોલમો સંસારી, જોકે સાચું૦
એક લાખને બાણું હજારી, જોકે સાચું૦
તે પણ પરણ્યા છે નારી, જોકે સાચું૦
પછી વિષય દશાને વારી, જોકે સાચું૦ ॥ ૨ ॥
તે જિનજી સંજમ રસીયા, જોકે સાચું૦
જઈ શિવ મંદિરમાં વસિયા, જોકે સાચું૦
તું મત કર છોકર વાદી, જોકે સાચું૦
નહિં શોભે જાદવ ગાદી, જોકે સાચું૦ ॥ ૩ ॥
તને વાંઢો કહીને ગાશે, જોકે સાચું૦
પર ઘર પિરસણ કોણ દેશે, જોકે સાચું૦
પર નારી હસી બોલાવશો, જોકે સાચું૦
તબ તેહના મેણા ખાશો, જોકે સાચું૦ ॥ ૪ ॥
વળી વંશ વધારણ નારી, જોકે સાચું૦
જીહાં તુમ સરીખા અવતારી, જોકે સાચું૦
એન હરિની ગોપી બોલે, જોકે સાચું૦
વયણા રસ અમૃત તોલે, જોકે સાચું૦ ॥ ૫ ॥

## ॥ ઢાલ ૬ ॥

॥ જિમ જિમ એ ગિરિ ભેરીએરે–એ રાગ ॥

જિમ જિમ કહીયે એહુનેરે, તિમ તિમ મુંગો થાય શાહેલી,
જાદવને કહેવાપણું રે, આપણનું શું જાય સાહેલી,
માને તો ઘણું ઈમ ભલું રે, નહીં તો કહીએ ન કાંઇ સાહેલી.
॥ ૧ ॥

જો નહિં પરણે નેમજીરે, લટકાળી એક નાર સાહેલી,
વનના ફુલ તણી પરેરે, જાશે એનો અવતાર સાહેલી.
॥ ૨ ॥

શોભા જો કરશો દેહનીરે, નારી વિના તે ફોક સાહેલી,
છેલાઈ વેશે ચાલતારે, મહેણા દેશે લોક સાહેલી.
॥ ૩ ॥

મુખ મટકે લટકે કરીરે, દેખાડશે કુણુ હેજ સાહેલી,
અલબેલો વિણુ એહનીરે, પાથરશે કુણુ સેજ સાહેલી.
॥ ૪ ॥

આપણે તો કહીએ ઘણું રે, તે તો એહને કાજ સાહેલી,
પદ્માવતિ જાણે માનશેરે, બાવીસમો જિનરાજ સાહેલી.
॥ ૫ ॥

## ॥ ઢાલ ૭ ॥

॥ સહિયર સફળ થયો દિન આજ, ગુરૂને દીઠડારે લોલ–એ રાગ ॥

ગાંધારી કહે નારી વિના કુણુ, લાડ લડાવશે રે લોલ,
પરણ્યા વિણુ કુણુ બીજી વહુ, વર નામ ધરાવશે રે લોલ,

ભોજાઇઓ ફરી ભાખે છે. કે ઝાઝું ન તાણીયે રે લોલ,
છેલ છબીલા મહારાજ કે, અમ કહ્યું માનીએ રે લોલ.
॥ ૧ ॥

સગો પરોણો નારી વિના, કોઈ નાવે બારણે રે લોલ,
સંઘ લઇ સિદ્ધાચલ જાશો, જાત્રા કારણે રે લોલ;
સંઘવણ કહીને કોને ગાશે, ગીત તે બાલિકા રે લોલ,
માલ પહેરીને અવસર, જોઈયે એ જાયા લાડકી રે
લોલ. ॥ ૨ ॥

કન્યા વિણ નેમ દીયરીયા, ગહુંલી કોણ કરે રે લોલ,
કન્યા રત્નની ખાણ, વખાણી શાસ્ત્રે સાંભળી રે લોલ,
ગુરૂ મુખ વાણી સાંભલવા, જાયકે હૈયડે ઉલટ ધરી રે લોલ,
ઘર વિવાહને વલી ઉજાણી, તિહાં પણ આગલી રે
લોલ. ॥ ૩ ॥

એક દિન શરદ પુનમની રાત, જોવાનું નીસરી રે લોલ,
દેખીને મને અંગ વિનાની, પીડા આકરી રે લોલ;
અણપરણ્યા શામલીયા, વાત તું મારી સાંભળી રે લોલ,
જાયા વિણ જન્મારો, જાશે નેમનો કેમ કરી રે લોલ,
॥ ૪ ॥

હું ભાખું છું તુમ દુઃખ ભારી, માનો માહરા રે લોલ,
પણ જાણું વૈરાગી થવાનું છે, મન તાહરૂં રે લોલ;
હરિની ગોપી કોપી કહે છે, કેમ બોલે નહીં રે લોલ,
નેમ નગીનો ઉત્તર નાલે, રૂષભ કહેસ હરિ રે લોલ.
॥ ૫ ॥

॥ ઢાલ ૯ ॥

હરિ નારી બોલે મોહન દેવરીયા, એ તો ધીંગાણા મલી
ટોળી રે, ॥ મો ॥
પણ કહું છું હું અંતર ખોલી, હું તો બાળપણાની ભોળી રે.
॥ મો० ॥ ૧ ॥
કોઇ અંતર કપટ નવી રાખું, જેવું હોય તેવું ભાખું;
જ્ઞાની સરવને બીહાલે, અજ્ઞાનીની પ્રીત ન પાલે રે,
॥ મો० ॥ ૨ ॥
આકાશે ફરતા સુડા રે, તુમથી તો પંખી રૂડા રે;
ક્ષીણ એક નારી રહે દેહ રે, તસ વિરહે કરી ઝૂરે રે.
॥ મો० ॥ ૩ ॥
દિવસે ચુણ કરવા જાવે, સાંજે નિજ માલે આવે;
સુખ માને રમણી મહાલે રે, પશુ જાત થકી શું હારે રે.
॥ મો० ॥ ૪ ॥
છો જાદવ કુલના રાયા, માનો માનો શિવાના જાયા;
ઈમ ગોપી કહે કર ઝાલી, કવિ રૂષભની વાણી રસાલી રે.
॥ મો० ॥ ૫ ॥

॥ ઢાલ ૯ ॥

॥ મોહન મેરે એ રાગ ॥

લખમણા કહે નેમજી, મન મોહન ગારો,
શું હઠ લેઇ બેઠા રે, તુમે જાઓ ઠગારા. ॥ ૧ ॥
હું મન માંહે જાણતી, પ્રભુજી મહા જ્ઞાની;
પણ સંસાર તણી ગતિ, કાંઈ ન જાણી. ॥ ૨ ॥

ચંદ્ર વદની મૃગ લોચની, ગતિ બાલ મરાલી;
મોતી જડી સોના તણી, નાક મેં વાળી. ॥ ૩ ॥
હાર હૈયે સોહામણો, દાંત રેખા સોનાની;
કંચન વાન ને કામિની; દેખત મન હારી. ॥ ૪ ॥
અતિશે રૂપ દેખીને, રઢ લાગશે તમને;
અંગ વિનાનો પીડશે, શું કહાવો અમને. ॥ ૫ ॥
એહવા વચને સ્થિર રહ્યા, ધન નેમ કુમાર;
રૂષભ કહે તે વાંદીયે, નવિ પરણ્યા નાર. ॥ ૬ ॥

## ॥ ઢાલ ૧૦ ॥

॥ રાયણને સહકાર વાલા એ રાગ. ॥

સુસીમાની વાણી ભલી રે, જાણે અમીય સમાન વહાલા;
મુનિવર આવશે આંગણે રે, તેને દેશે કુણ દાન વહાલા.
॥ સુસી ॥ ૧ ॥

આવ્યા ગયા ને સાહેબા રે; સરળ વચ્ચે હોય નાર વહાલા;
ઘર મંડણ રમણી કહો રે, સાજનમાં જયકાર વહાલા.
॥ સુસી ॥ ૨ ॥

યૌવનનો લટકો પ્રભુ રે, તે તો દહાડા ચાર વહાલા;
અવસર ફરી આવે નહિં રે, હૈયડે કરી વિચાર વહાલા.
॥ સુસી ॥ ૩ ॥

એહવા વચન સુણી ગોપીનારે, અહો જગ મોહ વિકાર વહાલા;
મોહ દશા દેખી કરી રે, નેમ હસ્યા તેણી વાર વહાલા.
॥ સુસી ॥ ૪ ॥

સહુ ગોપી મળી તાળી દીધી રે, માન્યા માન્યા વિવાહ વહાલા;
કૃષ્ણ નરેશ્વર સાંભળી રે, હરખ થયો મન માંહિ વહાલા.
॥ સુસી ॥ ૫ ॥

ઉગ્રસેન તણે ઘેર જઇને, માગી સુતા ગુણવંત વહાલા;
રાજુલ સાથે જોડી સગાઇ; જોશીડાને પુછંત વહાલા.
॥ સુસી ॥ ૬ ॥

જોશી શ્રાવણ સુદ દિન છઠ્ઠનું રે, લગન દીધું નીરધાર વહાલા,
માત શિવા ને સમુદ્રવિજયને, યાદવ હર્ષ અપાર વહાલા.
॥ સુસી ॥ ૭ ॥

ધવલ મંગવ ગાવે ગીત રસીલા, સહુ મલી સધવા નાર વહાલા.
રૂષભ કહે પ્રભુ પરણવા જાશે, કહું તેનો અધિકાર વહાલા.
॥ સુસી ॥ ૮ ॥

## ॥ ઢાલ ૧૧ ॥

જીરે સ્નાન કરે હરખે ધરી, મળી સધવા કરે ગીત ગાન;
સુંદર વર શામળીયા, સોળે સજી શણગાર,
લીધા હાથમેં પાન. ॥ સુંદર ॥ ૧ ॥

જીરે મંગલ મુખ ગાવતી, રથે બેઠા નેમ કુમાર;
દશરથ રાયને શ્રીપતિ વર્લી, સાથે દશદશારહ સાથ.
સુંદર ॥ ૨ ॥

જોવા મલ્યા સુર નર તિહાં, કાંઈ યાદવલોક અપાર;
જાનઈયા સાથ ઘણારે, જાણે તેજ કરી દિન કાર.
॥ સુંદર ॥ ૩ ॥

જીરે છન્નુ હજાર રાણી ભલી, મલી શાહુ કારની નાર,
જિમ રૂપે રંભા હારી, વસુદેવની બોંતેર હજાર.
॥ સુંદર ॥ ૪ ॥

જીરે યાદવની બીજી ઘણી, તેહની નારીઓનો કુણગણે પાર;
મંગલ ધવલ ગાવે પુંઠે, રામણ દીવો કરે માતા સાર.
॥ સુંદર ॥ ૫ ॥

જીરે એણી પરે બહુ આડંબરે, પ્રભુ નેમજી પરણવા જાય;
ધોળીતરા ઘર દેખી કરી, પૂછે સારથિ જિનરાય.
॥ સુંદર ॥ ૬ ॥

જીરે સારથિ કહે કર જોડીને, પ્રભુ સસરાના ઘર એહ;
તોરણ આવ્યા નેમજી, કવિ રૂષભ કહે ગુણ ગેહ.
॥ સુંદર ॥ ૭ ॥

## ॥ ઢાલ ૧૨ ॥

॥ અનીહાંરે વાલો વસે વિમળાચલેરે–એ રાગ ॥

સખી હાંરે કંત આવે કેણ શેરીએ, હું તો જોઉં મારા કંતની વાર;
॥ કંત ॥

સખી રાજીમતી કેતી તિણે હર્ષમાંરે. આવી બેઠી ગોખ મજાર;
મૃગ લોચના ને ચંદ્રનારે; સખી સાથે જોવે વર સાર.
॥ કંત ॥ ૧ ॥

સખી મૃગલોચના કહે રાજિમતીરે, વડભાગીણ સહ સીરદાર;
ત્રિભોવન નાથ દયાની નીલોરે, જેહને નેમીધર નાથ.
॥ કંત ॥ ૨ ॥

સખી એહવું સુણીને ચંદ્રાનનારે, કાંઈ બોલી મુખ મચકોડ;
એ વર રૂડો વૈરાગીઓરે, પણ એહમાં છે એક ખોડ.
॥ કંત ॥ ૩ ॥

સખી જોઈને અતિ શામલોરે, તબ બોલી રાજુલ નાર;
કાળી કસ્તુરીને કરી વલ્લીરે, કાલો મેઘ કરે જલધાર.
॥ કંત ॥ ૪ ॥

સખી કાલી કીકી નેત્ર શોભતાંરે; ચિત્રામણે કાલી રેખ;
ચિત્રાવેલ ને ભૂમિકારે, કાલો સોહે માથાનો કેશ.
॥ કંત ॥ ૫ ॥

સખી હિમ દહે ખારૂં લૂણ છેરે, ગોરામાં ગુણ નહિં બ્હેન;
તે સમે રાજેમતિ તણીરે, કાંઈ દાહિણુ ફરકે નેત્ર.
॥ કંત ॥ ૬ ॥

સખી જમણી ફરકે મુજ આંખડીરે, તવ પશુડે કીધો પોકાર;
સારથિને પૂછે નેમજીરે, કવિ રૂષભ કહે નીરધાર.
॥ કંત ॥ ૭ ॥

॥ ઇતિ શ્રી નેમજીનું સ્તવન સંપૂર્ણ ॥

## ૧૮ ॥ શ્રી નેમનાથનો સલોકો ॥

સરસ્વતિ માતા હું તુમ પાય લાગું, દેવ ગુરૂ તણી
આજ્ઞાજ માગું ।

જિહ્વા અગ્રે તું બેસજે આઈ, વાણી તણી તું કરજે સવાઇ.
॥ ૧ ॥

આઘો પાછો કોઇ અક્ષર થાવે, માફ કરજો જે કાંઇ દોષ નાવે;
તગણ સગણને જગણના ઠાઠ, તે આદે દઈ ગણ છે આઠ.
॥ ૨ ॥

ક્રીયા સારા ને ક્રીયા નિષેધ, તેનો ન જાણું ઉંડાર્થ ભેદ ।
કવિજન આગળ મારી શી મતિ, દોષ ટાળજો માતા સરસતી.
॥ ૩ ॥

નેમજી કેરો કહીશું સલોકો, એક ચિતેથી સાંભળજો લોકો;
રાણી શિવાદેવી સમુદ્ર રાજા, તસ કુલ આવ્યા કરવા દીવાજા.
॥ ૪ ॥

ગર્ભે કાર્તિક વદિ બારશે રહ્યા, નવમાસ વાડા આઠ દિન થયા;
પ્રભુજી જન્મ્યાની તારીખ જાણું, શ્રાવણ શુદિ પાંચમ
ચિત્રા વખાણું. ॥ ૫ ॥

જન્મ્યા તણી તો નોબત વાગી, માતપિતાને કીધા વડભાગી;
તરિયા તોરણ બાંધ્યા છે બાર, ભરી મુક્તાફળ વધાવે નાર.
॥ ૬ ॥

અનુક્રમે પ્રભુજી મહોટેરા થાય, ક્રીડા કરવાને નેમજી જાય;
સરખે સરખા છે સંઘાતે છોરા, લટકે બહુ મૂલા કલગી તોરા.
॥ ૭ ॥

રમત કરતા જાય છે તિહાં, દીઠી આયુધશાલા છે જિહાં;
નેમ પૂછે છે સાંભળો ભ્રાત, આ તે શું છે કહો તુમે વાત.
॥ ૮ ॥

ત્યારે સરખા સહુ બોલ્યા ત્યાં વાણ, સાંભળો નેમજી ચતુર
સુજાણ;

તમારો ભાઇ કૃષ્ણજી કહીયે, તેને બાંધવા આયુધ જોઇએ.
॥ ૯ ॥

શંખ ચક્ર ને ગદા એ નામ, બીજો બાંધવ ઘાલે નહિ હામ ।
એહવો બીજો કોઇ બળીયો જો થાય, આવા આયુધ તેણે બંધાય.
॥ ૧૦ ॥

નેમ કહે છે ઘાલું હું હામ, એમાં ભારે મ્હોટું શું કામ;
એવું કહીને શંખજ લીધો, પોતે વગાડી નાદજ કીધો.
॥ ૧૧ ॥

તે ટાણે થયો મ્હોટો ડમડોલ, સાયરનાં નીર ચઢયાં કલ્લોલ;
પર્વતની ટુંકો પડવાને લાગી, હાથી ઘોડા તો જાય છે ભાગી.
॥ ૧૨ ॥

ઝબકી નારીઓ નવ લાગી વાર, તૂટયા નવસરા મોતીના હાર;
ધરા ધ્રુજી ને મેઘ ગડગડીઓ, મ્હોટી ઈમારતો તુટીને પડિયો.
॥ ૧૩ ॥

સહુના કાળજા ફરવાને લાગ્યા, સ્ત્રી પુરૂષ જાય છે ભાગ્યા;
કૃષ્ણ બલભદ્ર કરે છે વાત, ભાઈ શો થયો આ તે ઉત્પાત.
॥ ૧૪ ॥

શંખનાદ તો બીજે નવ થાય, એહવો બળીયો તે કોણ કહેવાય;
કાઢો ખબર આ તે શું થયું, ભાંગ્યું નગર કે કોઈ ઉગરીયું.
॥ ૧૫ ॥

તે ટાણે કૃષ્ણ પામ્યા વધાઇ, એ તો તમારો નેમજી ભાઈ;
કૃષ્ણ પૂછે છે નેમને વાત, ભાઇ શો, કીધો આ તે ઉત્પાત.

 ॥ ૧૬ ॥

નેમજી કહે સાંભળો હરિ, મેં તો અમસ્તી રમત કરી;
અતુલી બળ દીઠું નાનુડે વેષે, કૃષ્ણજી જાણે એ રાજને લેશે.
॥ ૧૭ ॥

ત્યારે વિચાર્યું દેવ મોરારિ, તેને પરણાવું સુંદર નારી;
ત્યારે બળ એનું ઓછું જો થાય, તો તો આપણે અહીં રહેવાય.
॥ ૧૮ ॥

એવો વિચાર મનમાં આણી, તેડયાં લક્ષ્મીજી આદે પટરાણી;
જલક્રીઠા કરવા તમે સહુ જાવો, નેમને તમે વિવાહ મનાવો.
॥ ૧૯ ॥

ચાલી પટરાણી સર્વે સાજે, ચાલો દેવરીયા નાવાને કાજે;
જલક્રીડા કરતાં બોલ્યાં રૂક્ષ્મણી, દેવરીયા પરણો છબીલી રાણી.
॥ ૨૦ ॥

વાંઢા નવી રહીયે દેબર નગીના, લાવો દેરાણી રંગના ભીના;
નારી વિના તો દુઃખ છે ઘાટું, કોણ રાખશે બાર ઉઘાડું.
॥ ૨૧ ॥

પરણ્યા વિના તો કેમજ ચાલે, કરો લટકો ઘરમાં કોણ માલે;
ચુલો ફુંકશો પાણીને ગળશો, વહેલાં મોડાં તો ભોજન કરશો.
॥ ૨૨ ॥

આરણે જાશો અટકાવી તાળું, આવી અસુરા કરશો વાળુ;
દીવાબત્તી કોણજ કરશે, લીંપ્યા વિના તો ઉકેરા વળશે.
॥ ૨૩ ॥

વાસણ ઉપર તો નહીં આવે તેજ, કોણ પાથરશે તમારી સેજ ।
પ્રભાતે લુખો ખાખરો ખાશો, દેવતા લેવા તો સાંજરે જાશો
॥ ૨૪ ॥

મનની વાતો તો કોને કહેવાશે, તે દિન નારીનો ઓરતો થાશે ।
પરોણા આવીને પાછા જાશે, દેશ વિદેશે વાતો બહુ થાશે
॥ ૨૫ ॥

મહોટાના છોરૂ નાનેથી વરિયાં, મારૂં કહ્યું તો માનો દેવરિયા ।
ત્યારે સત્યભામા બોલ્યાં ત્યાં વાણ, સાંભળો દેવરિયા ચતુર
સુજાણ ॥ ૨૬ ॥

ભાભીને ભરોસે નાશીને જાશે, પરણ્યા વિના કોણ પોતાની
થાશે ।
પહેરી ઓઢીને આંગણે ફરશે, ઝાઝાં વાનાં તો તમોને કરશે.
॥ ૨૭ ॥

ઉંચા મન ભાભી કેરાં કેમ સહેશો, સુખ દુઃખની વાત
કોણ આગળ કહેશો ।
માટે પરણોને પાતળીયા રાણી, હું તો નહિં આપું
નાવાને પાણી ॥ ૨૮ ॥

વાંઢા દેવરને વિશ્વાસે રહીએ, સગાં વહાલાંમાં હલકા થઇએ ।
પરણ્યા વિના તો સુખ કેમ થાશે, સગાંને ઘેર ગાવા
કોણ જાશે. ॥ ૨૯ ॥

ગણેશ વધાવા કોને મોકલશો, તમો જાશો તો શી રીતે ખલશો ।
દેરાણી કેરો પાડ જાણીશું, છોરૂ થાશે તો વિવાહ માનીશું.
॥ ૩૦ ॥

માટે દેવરિયા દેરાણી લાવો, અમ ઉપર નથી તમારો દાવો ।
ત્યારે રાધિકા આઘેરાં આવી, બોલ્યાં વચન તો મોઢું મલકાવી
॥ ૩૧ ॥

શી શી વાતો રે કરો છો સખી, નારી પરણવી રમત નથી ।
કાયર પુરૂષનું નથી એ કામ, વાવરવા જોઈયે ઝાઝેરા દામ.
॥ ૩૨ ॥

ઝાંઝર નેપુરને ઝીણી જવમાળા, અણઘટ વીંછુઆ ઘાટ રૂપાળા,
પગ પાને ઝાઝી ઘુઘરીઆ જોઈએ, મહોટે સાંકળે ઘુઘરા જોઇએ
॥ ૩૩ ॥

સોના ચુડલો ગુજરીના ઘાટ, છલ્લા અંગુઠી આરીસા ઠાઠ ।
ઘુઘરી પહોંચી ને વાંક સોનેરી, ચંદન ચુડીની શોભા ભલેરી.
॥ ૩૪ ॥

કલ્લાં સાંકળાં ઉપર સિંહમોરા, મરકત બહુમૂલા નંગ ભલેરા ।
તુળશી પાટીયાં જડાવ જોઇયે, કાળી ગાંઠીથી મનડું મોહે.
॥ ૩૫ ॥

કાંઠલી સોહીએ ઘુઘરીયાલી, મનડું લોભાય ઝુંમણું ભાળી ।
નવસેરો હાર મોતીની માળા, કાને ટંટાળા સોનેરી માળા.
॥ ૩૬ ॥

મચકણિયાં જોઇએ મૂલ ઝાઝાનાં, ઝીણાં મોતી પણ પાણી
તાજાનાં ।
લીલાવટ ટીલડી શોભે બહુ સારી, ઉપર દામણી મૂલની ભારી.
॥ ૩૭ ॥

ચીર ચુંદડી ઘર ચોળા સાડી, પીળી પટોળી માગશે દહાડી ।
આંટચું દડીઓ કસબી સોહિએ, દશરા દીવાળી પહેરવા જોઈએ
॥ ૩૮ ॥

મોંઘા મૂલના કમખા કહેવાય, એવડું નેમથી પુરૂં કેમ થાય ।
માટે પરણ્યાની પાડે છે નાય, નારીનું પુરૂં શી રીતે થાય.
॥ ૩૯ ॥

ત્યારે લક્ષ્મીજી બોલ્યાં પટરાણી, દિયરના મનની વાતો મેં જાણી,
તમારૂં વચણ માથે ધરીશું, બેહુનું પુરૂં અમે કરીશું.
॥ ૪૦ ॥

માટે પરણોને અનોપમ નારી, તમારો ભાઇ કૃષ્ણ મોરારિ ।
બત્રીશ હજાર નારી છે જેહને, એકનો પાડ ચઢશે તેહને.
॥ ૪૧ ॥

માટે હૃદયથી ફીકર ટાળો, કાકાજી કેરૂં ઘર અજવાળો ।
એવું સંભાળી નેમ ત્યાં હસિયા, ભાભીના બોલ હૃદયમાં
વસિયા. ॥ ૪૨ ॥

ત્યાં તો કૃષ્ણને દીધી વધાઈ, નિશ્ચે પરણશે તમારો ભાઈ ।
ઉગ્રસેન રાજા ઘર છે બેટી, નામે રાજુલ ગુણની પેટી.
॥ ૪૩ ॥

નેમજી કેરો વિવાહ ત્યાં કીધો, શુભ લગ્નનો દિવસ લીધો ।
મંડપ મંડાવ્યા કૃષ્ણજી રાય, નેમને નિત્ય ફુલેકાં થાય.
॥ ૪૪ ॥

પીઠી ચોળે ને માનિની ગાય, ધવલમંગલ અતિ વર્તાય ।
તરિયા તોરણ બાંધ્યા છે બહાર, મળી ગાય છે સોહગણ નાર.
॥ ૪૫ ॥

જાન સજાઇ કરે ત્યાં સારી, હલબલ કરે ત્યાં દેવ મોરારિ ।
વહુવારૂ વાતો કરે છે છાને, નહિ રહીયે ઘેર ને જઇશું જાને.
॥ ૪૬ ॥

છપ્પન ક્રોડ જાદવનો સાથ, ભેલા કૃષ્ણ ને બલભદ્ર ભ્રાત ।
ચઢયા ઘોડલે મ્યાના અસવાર, સુખપાલ કેરો લાધે નહિંપાર
॥ ૪૭ ॥

ગાડાં વેલો ને બગીયો બહુ જોડી, મ્યાના ગાડીએ જોતર્યાં ઘોરી ।
બેઠા જાદવ તે વેઢ વાંકડીયા, સોવન મુગટ હીરલે જડિઆ.
॥ ૪૮ ॥

કડાં પોંચીયો બાજુબંધ કશીયા, શાલો દુશાલો ઓઢે છે રસિયા ।
છપ્પન કોટી તો બરાબરીયા જાણું, બીજા જાનૈયા કેટલા વખાણું
॥ ૪૯ ॥

જાનડીયો શોભે બાલુડે વેષે, વિવેક મોતી પરોવે કેશે ।
સોળ શણગાર ધરે છે અંગે, લટકે અલબેલી ચાલે ઉમંગે
॥ ૫૦ ॥

લીલાવટ ટીલી દામણી ચળકે, જેમ વિજળી વાદળે સળકે ।
ચંદ્ર વદની મૃગા જો નેણી, સિંહ કટી જેહની નાગશી વેણી
॥ ૫૧ ॥

રથમાં બેસીને બાળક ધવરાવે, બીજી પોતાનું ચીર સમરાવે ।
એમ અનુક્રમે નાર છે ઝાઝી, ગાય ગીતને થાય છે રાજી.
॥ ૫૨ ॥

કોઇ કહે ધન્ય રાજુલ અવતાર, નેમ સરીખો પામી ભરથાર ।
કોઇ કહે પુન્ય નેમનું ભારી, તે થકી મળી છે રાજુલ નારી
॥ ૫૩ ॥

એમ અન્યોન્ય વાદ વદે છે, મોઢાં મલકાવી વાતો કરે છે ।
કોઇ કહે અમે જઈશું વહેલી, બળદને ઘી પાઇશું પહેલી
॥ ૫૪ ॥

કોઇ કહે અમારા બળદ છે ભારી, પહોંચી ન શકે દેવ મોરારિ ।
એવી વાતોના ગપોટા ચાલે, પોતપોતાના મગનમાં મહાલે.
॥ ૫૫ ॥

બહોંતેર કલાને બુદ્ધિ વિશાલ, નેમજી નાહીને ધરે શણગાર ।
પહેર્યાં પીતાંબર ઝરકસી જામા, પાસે ઉભા છે નેમના મામા
॥ ૫૬ ॥

માથે મુગટ તે હીરલે જડીયો, બહુ મૂલો છે કસબીનો ઘડીયો ।
ભારે કુંડલ બહુમૂલાં મોતી, શહેરની નારી નેમને જોતી.
॥ ૫૭ ॥

કંઠે નવસોરો મોતીનો હાર, બાંધ્યાં બાજુ બંધ નવ લાગી વાર ।
દશે આંગળીએ વેઢને વીંટી, ઝીણી દીસે છે સોનેરી લીંટી
॥ ૫૮ ॥

હીરા બહુ જડીયા પાણીના તાજા, કડાં સાંકળાં પહેરે વરરાજા ।
મોતીનો તોરો મુગટમાં ઢળકે, બહુ તેજથી કલગી ચળકે
॥ ૫૯ ॥

રાધાએ આવી આંખડી આંજી, બહુ ડાહી છે નવ જાય ભાંજી ।

કુંકુમનું ટીલું કીધું છે ભાલે, ટપકું કસ્તુરી કેરૂં છે ગાલે
॥ ૬૦ ॥

પાન સોપારી શ્રીફલ જોડે, ભરી પોસને ચઢયા વરઘોડે।
ચઢી વરઘોડો ચઉટામાં આવે, નગરની નારી મોતીયે વધાવે.
॥ ૬૧ ॥

વાજાં વાગે ને નાટારંભ થાય, નેમ વિવેકી તોરણ જાય ।
ઘુસળ મુસળને રવૈયો લાવ્યા, પોંખવા કારણ સાસુજી આવ્યા.
॥ ૬૨ ॥

દેવ વિમાને જુવે છે ચઢી, નેમ નહીં પરણે જાશે આ ઘડી ।
એવામાં કીધો પશુએ પોકાર, સાંભળો અરજી નેમ દયાળ.
॥ ૬૩ ॥

તમો પરણુશો ચતુર સુજાણ, પ્રભાતે જાશે પશુઓના પ્રાણ ।
માટે દયાળુ દયા મનમાં દાખો, આજ અમોને જીવતાં રાખો
॥ ૬૪ ॥

એવો પશુઓનો સુણી પોકાર, છોડાવ્યા પશુઓ નેમ દયાળ।
પાછા તો ફરીયા પરણ્યાજ નહિં, કુંવારી કન્યા રાજુલ રહી.
॥ ૬૫ ॥

રાજુલ કહે છે ન સિધ્યાં કાજ, દુશ્મન થયાં પશુડાં આજ।
સાંભળો સર્વે રાજુલ કહે છે, હરણીને તિહાં ઓલંભા દે છે.
॥ ૬૬ ॥

ચંદ્રમાને તેં લંછન લગાડયું, સીતાનું હરણ તેં તો કરાવ્યું ।
મ્હારી વેળા તો કયાં થકી જાગી, નજર આગળથી જાને
તું ભાગી ॥ ૬૭ ॥

કરે વિલાપ રાજુલ રાણી, કર્મની ગતિ મેં તો ન જાણી ।
આઠ ભવની પ્રીતિને ઠેલી, નવમે ભવ કુંવારી મેલી.
॥ ૬૮ ॥

એવું નવ કરીએ નેમ નગીના, જાણું છું મન રંગના ભીના ।
તમારા ભાઈએ રણમાં રઝળાવી, તો એ તો નારી ઠેકાણે નાવી
॥ ૬૯ ॥

તમો કુલ તણો રાખો છો ધારો, આ ફેરે આવ્યો તમારો વારો ।
વરઘોડે ચઢી મોટો જશ લીધો, પાછા વળીને ફજેતો કીધો.
॥ ૭૦ ॥

આંખ્યો અંજાવી પીઠી ચોળાવી, વરઘોડે ચઢતાં શરમ કેમ નાવી ।
મ્હોટે ઉપાડે જાન બનાવી, ભાભીઓ પાસે ગાણા ગવરાવી.
॥ ૭૧ ॥

એવા ઠાઠથી સર્વેને લાવ્યા, સ્ત્રી પુરૂષને ભલા ભમાવ્યા ।
ચાનક લાગે તો પાછા ફરજો, શુભ કારજ અમારૂં કરજો.
॥ ૭૨ ॥

॥ ૭૨ ॥

પાછા ન વળીયા એકજ ધ્યાન, દેવા માંડયું તિહાં વર્ષીજ દાન ।
દાન દઈને વિચાર કીધો, શ્રાવણ સુદી છઠનો મુહૂર્ત લીધો.
॥ ૭૩ ॥

દીક્ષા લીધી તિહાં નવ લાગી વાર, સાથે મુનિવર એકહજાર ।
ગિરનારે જઈને કારજ કીધું, પંચાવનમેં દહાડે કેવળ લીધું.
॥ ૭૪ ॥

પામ્યા વધાઈ રાજુલ નારી, પીવા ન રહ્યાં ચાંગલું પાણી ।
નેમને જઈ ચરણે લાગી, પીયુજી પાસે મોજ ત્યાં માગી.
॥ ૭૫ ॥

આપો કેવલ તમારી કહાવું, હું તો શોકને જોવાને જોવું ।
દીક્ષા લઇને કારજ સીધ્યું, ઝટપટ પોતે કેવલ લીધું.
॥ ૭૬ ॥

મલ્યું અખંડ એ આતમરાજ, ગયાં શીવ સુંદરી જોવાને કાજ ।
શુદની આઠમ અસાડ ધારી, નેમજી વરીયા શિવ વધુ નારી.
॥ ૭૭ ॥

નેમ રાજુલની અખંડ ગતિ,વર્ણવવા કેમ થાય મારીજમતિ ।
યથાર્થ કહું બુદ્ધિ પ્રમાણે, બેઉના સુખ તો કેવલી જાણે.
॥ ૭૮ ॥

ગાશે ભણશે ને જે કોઈ સાંભળશે, તેના મનોરથ પૂરા એ કરશે ।
સિદ્ધનું ધ્યાન હ્રુદયે જે ધરશે, તે તો શિવવધૂ નિશ્ચય વરશે.
॥ ૭૯ ॥

સંવત ઓગણીશ શ્રાવણ માસ,વદની પાંચમનો દિવસ ખાસ ।
વાર શુક્રનું ચોઘડીયું સારૂં, પ્રસન્ન થયું મનડું માહરૂં.
॥ ૮૦ ॥

ગામ ગાંગડના રાજા રામસિંગ, કીધો સલોકો મનને ઉછરંગ ।
મહાજનના ભાવથકી મેં કીધો,વાંચી સલોકો સારો જશ લીધો.
॥ ૮૧ ॥

શહેર ગુજરાત રહેવાસી જાણો, વીશા શ્રીમાળી નાત પ્રમાણો ।
પ્રભુની કૃપાથી નવ નિધિ થાય, બેહુ કર જોડી સુરશશિ ગાય.
॥ ૮૨ ॥

નામે દેવચંદ પણ સુરશશિ કહીએ, એહુનો અર્થ એકજ લહીયે ।
દેવ સૂર્યને ચંદ્ર છે શશિ, વિશેષે વાણી હૃદયમાં વસી.
॥ ૮૩ ॥

॥ ઇતિશ્રી નેમનાથનો સલોકો સંપૂર્ણ ॥

## १९. ॥ अथ श्री समकितनुं स्तवन ॥

### ॥ ઢાલ ૧ ॥

॥ તે મુજ મિચ્છામિ દુક્કડં—એ દેશી. ॥

સાંભલ રે તું પ્રાણીયા, સદ્ગુરૂ ઉપદેશો ।
માનવભવ દોહીલો લહ્યો, ઉત્તમ કુલ એસો.
॥ સાં૦ ॥ ૧ ॥

દેવ તત્ત્વ નવી ઓલખ્યો, ગુરૂ તત્ત્વ જાણ્યો,
ધર્મ તત્ત્વ નવિ સદ્દહ્યો, હિયડે જ્ઞાન ન આણ્યો.
॥ સાં૦ ॥ ૨ ॥

મિથ્યાત્વી સુર જિન પ્રત્યે, સરખા કરી જાણ્યા,
ગુણ અવગુણ નવિ ઓલખ્યો, વચણે વખાણ્યા.
॥ સાં૦ ॥ ૩ ॥

દેવ થયા મોહે ગ્રહ્યા, પાસે રહેનારી,
કામ તણે વશ જે પડયા, અવગુણ અધિકારી.
॥ સાં૦ ॥ ૪ ॥

કોઇ ક્રોધી દેવતા, વલી ક્રોધના વાહ્યા,
કોઇ કોઇથી બીહતા, હથીયાર સવાહ્યા.
॥ સાં૦ ॥ ૫ ॥

ક્રૂર નજર જેહની ગણી, દેખંતાં ડરીયે,
મુદ્રા જેહની એહવી, તેહથી શું તરીયે.
॥ સાં૦ ॥ ૬ ॥

આઠ કરમ સાંકળ જડયાં, ભમે ભવહી મોઝારો,
જન્મ મરણ ભવ દેખીયે, પામ્યા નહીં પારો,
॥ સાં૦ ॥ ૭ ॥

દેવ થઈ નાટક કરે, નાચે જણ જણ આગે,
વેષ કરી રાધાકૃષ્ણનો, વલી ભીક્ષા માગે.
॥ સાં૦ ॥ ૮ ॥

મુખે કરી વાયે વાંસલી, પહેરે તન વાઘા,
ભાવંતાં ભોજન કરે, એહવા ભ્રમ લાગા.
॥ સાં૦ ॥ ૯ ॥

દેખો દૈત્ય સંહારવા, થયો ઉદ્યમ વંતો,
હરિ હીરણાંકુશ મારીયો, નરસિંહ બલવંતો.
॥ સાં૦ ॥ ૧૦ ॥

મત્સ્ય કચ્છ અવતાર લઇ, સહુ અસુર વિદાર્યો,
દશ અવતારે જુજુઆ, દશ દૈત્ય સંહાર્યો.
॥ સાં૦ ॥ ૧૧ ॥

માને મૂઢ મિથ્યા મતિ, એહવા પણ દેવો ।
ફરી ફરી અવતાર લે, દેખો કર્મની ટેવો.
॥ સાં૦ ॥ ૧૨ ॥

સ્વામિ સોહે જેહવો, તેહવો પરિવારો,
ઇમ જાણીને પરિહરો, જિન હર્ષ વિચારો.
॥ સાં૦ ॥ ૧૩ ॥

## ॥ ઢાલ ૨ ॥

॥ ઓધવ માધવને કહેજો–એ દેશી ॥

જગનાયક જિનરાજ તે, દાખવિયે સહી દેવ ।
મૂકાણા જે કર્મથી, સારે સુર પતિ સેવ.
॥ જ૦ ॥ ૧ ॥

ક્રોધ માન માયા નહીં, નહીં લોભ અજ્ઞાન ।
રતિ અરતિ વેદે નહિં, છાંડયા મદ સ્થાન.
॥ જ૦ ॥ ૨ ॥

નિદ્રા શોક ચોરી નહીં, નહિં વયણ અલિક ।
મત્સર ભય વધ પ્રાણિનો, ન કરે તહ ફીક.
॥ જ૦ ॥ ૩ ॥

પ્રેમ ક્રીડા ન કરે કદી, નહીં નારી પ્રસંગ ।
હાસ્યાદિક અઢાર એ, નહીં જેહને અંગ.
॥ જ૦ ॥ ૪ ॥

પદ્માસન પુરી કરી, બેઠા શ્રી અરિહંત ।
નિશ્ચય લોયણ તેહના, નાસાગ્રેજ રહંત.
॥ જ૦ ॥ ૫ ॥

જિનમુદ્રા જિન રાજની, દીઠાં પરમ ઉલ્લાસ ।
સમકિત થાયે નિર્મલું, તપે જ્ઞાન ઉજાસ.
॥ જ૦ ॥ ૬ ॥

ગતિ આગતિ સહુ જીવની, દેખે લોકા લોક ।
મનઃપર્યાય સવિતણા, કેવલ જ્ઞાન અલોક.
॥ જ૦ ॥ ૭ ॥

મૂર્તિ શ્રી જિન રાજની; સમતાનો ભંડાર ।
શીતલ નયણ સુહામણો, નહીં વાંક લગાર.
॥ જ૦ ॥ ૮ ॥

હસત વદન હરખે હૈયું, દેખી શ્રી જિનરાય,
સુંદર છબી પ્રભુ દેહની, શોભા વરણવી ન જાય.
॥ જ૦ ॥ ૯ ॥

અવર તણી એહવી છબી, કિહાં એમ ન દીસંત,
દેવતત્ત્વ એ જાણીયે, જિન હર્ષ કહંત.
॥ જ૦ ॥ ૧૦ ॥

## ૨૦. ॥ श्री ज्ञान दर्शन चारित्रनुं स्तवन ॥

### ॥ દુહા ॥

શ્રી ઈંદ્રાદિક ભાવથી, પ્રણમી જગ ગુરૂ પાય ।
તે પ્રભુ વીર જીણંદને, નમતાં અતિ સુખ થાય. ॥ ૧ ॥
જ્ઞાન દર્શન ચારિત્રનો, કહું પરસ્પર સંવાદ,
ત્રિક જોગે સિદ્ધિ હોયે, એવો પ્રવચન વાદ. ॥ ૨ ॥
સમકિત ગુણ જસ ચિત્ત રમ્યો, તેહનો વાદવિવાદ,
સમુદાયથી એક અંશ ગ્રહી, મુખ્ય કરે તિહાં વાદ. ॥ ૩ ॥

### ॥ ઢાલ ૧ ॥

॥ લલનાની–એ દેશી ॥

જ્ઞાનવાદી પહેલો કહે, ત્રિભુવનમાં હું સાર લાલના ।
નય નિક્ષેપ પ્રમાણનો, ચઉ અનુયોગ વિચાર લલના ॥ ૧ ॥
જ્ઞાન ભજો ભવી પ્રાણીયા ॥ એ–આંકણી ॥

સપ્ત ભંગી ષટ્ દ્રવ્યનું, મુજ વિણ કુણ લહે તત્ત્વ લલના ।
બંભી લીપીને પ્રણમીયા, ગણધરાદિક મહાસત્ત્વ લલના ।
॥ જ્ઞા૦ ॥ ૨ ॥
મેરૂ સૂર્ય ને ઇંદ્રની, ઉપમા જ્ઞાનીને હોય લલના ।
મુજ વિણ મૂર્ખ પશુતણી, એવી ઉપમા તસ હોય લલના.
॥ જ્ઞા૦ ॥ ૩ ॥
જ્ઞાન પછી જિનરાજને, અરિહંત પદ હોય ભોગ્ય લલના ।
ભોગવવું તે જ્ઞાનનો, ઉપદેશ કહેવો જે યોગ્ય લલના.
॥ જ્ઞા૦ ॥ ૪ ॥
જ્ઞાન પછી કિરિયા કહી, દશવૈકાલિક વાણી લલના ।
જ્ઞાન ગુણે કરી મુનિ કહ્યા, ઉત્તરાધ્યયન પ્રમાણ લલના.
॥ જ્ઞા૦ ॥ ૫ ॥
દીપક ઘટ દેખાવશે, ઘટથી દીપક ન દેખાય લલના ।
અપ્રતિપાતિ જ્ઞાન ગુણ સહી, મહાનિશીથે કહેવાય લલના.
॥ જ્ઞા૦ ॥ ૬ ॥
અધિકું સર્વ પાતિક થકી, અજ્ઞાની જાણે ન ચોજ લલના ।
આતમ સ્વરૂપ જાણ્યા વિના,જીમ ફિરે જંગલ રોઝ લલના.
॥ જ્ઞા૦ ॥ ૭ ॥
કિરિયા વિણ બહુ સિદ્ધિ લહે, તાપસાદિક દ્રષ્ટાંત લલના ।
ગજ બેઠે મરૂદેવીને, આપી મેં મુકિત એકાંત લલના.
॥ જ્ઞા૦ ॥ ૮ ॥
અજ્ઞાનવાદી ઈમ કહે, આપે મોક્ષ ન જ્ઞાન લલના ।
ઉત્તર ધર્મસંગ્રહણીથી, કરજો મુજ બહુ માન લલના.
॥ જ્ઞા૦ ॥ ૯ ॥

જીવને જ્ઞાન અભેદ છે, મુજ વિણુ જીવ અજીવ લલના ।
અક્ષરનો અનંતમો, ભાગ ઉઘાડો સદૈવ લલના.
જ્ઞા૦ ॥ ૧૦ ॥

ક્રિયા નયે જે બાલ છે, જ્ઞાન નયે ઉજમાલ લલના ।
મુનિને સેવવા યોગ્ય તે, બોલે ઉપદેશ માલ લલના.
જ્ઞા૦ ॥ ૧૧ ॥

દેવાચાર્ય મલ્લવાદીજી, જગ જસવાદ લહંત લલના ।
બૌધ જીત્યા મુજ આશ્રયે, ઇમ બહુ શાસ્ત્રે ઉદંત લલના.
જ્ઞા૦ ॥ ૧૨ ॥

દેહીના મેલ સારીખો, મુજ વિણુ કિરિયા ધંધ લલના ।
તિક્ષ્ણુતા જે જ્ઞાનની, તેહિજ ચરણુ અબંધ લલના.
॥ જ્ઞા૦ ॥ ૧૩ ॥

॥ ઢાલ-૨ ॥

॥ અરણીક મુનિવર ચાલ્યા ગોચરી-એ દેશી ॥

ક્રોડ વરસ તપ જપ કિરિયા કરે, નવિ મીટે કર્મના પાશરે ।
જ્ઞાની તે એક સાસો સાસમાં, અનેક કર્મ કરે નાશરે ।
ગુણીજન વાંદે રે જ્ઞાનને લળી લળી ॥ ૧ ॥ એ આંકણી ।
જ્ઞાનના ગુણને રે ઉત્તમ સંગ્રહે, બાલક માને તે વેષરે ।
મધ્યમ નર કિરિયા ગુણ આદરે, ષોડશકે ઉપદેશ રે.
॥ ગુણી૦ ॥ ૨ ॥

ચારિત્ર હીણોરે જ્ઞાન ગુણે ઘણો, વાંદવો પૂજવો તેહરે ।
થોડા જ્ઞાનીની કિરિયા કલેશ છે, ઉપદેશમાલામાં એહરે.
॥ ગુણી૦ ॥ ૩ ॥

મહીયલ મહાલે રે મેલે વેષથી, બગ વ્યવહારે ચાલે રે ।
જગને ઘાલેરે જ્ઞાન વિના ધંધે, તે કીમ ધર્મને પાલેરે
॥ ગુણી૦ ॥ ૪ ॥

પપીલીયા પાન જીસા કિયા ગુરૂ, જહાજ સમા ગુરૂ જ્ઞાની રે ।
કિરિયા રહિત સિદ્ધ જિણંદને, ભગવતી અંગની વાણી રે
॥ ગુણી ॥ ૫ ॥

મંડુકચુરણ જિમ જલદાગમે, કિરિયાયે તેમ ભય વ્યાધિરે ।
તસ છારકરવારે જ્ઞાનની જ્યોતિ છે, ઉપદેશ પદે એમ સાધીરે
॥ ગુણ૦ ॥ ૬ ॥

એકનો જાણગ સર્વ જાણગ કહ્યો, એહવી છે મારી વડાઈ રે ।
અવિસંવાદ પણે જે જાણવું, તેહીજ સમકિત ભાઇ રે
॥ ગુણી૦ ॥ ૭ ॥

જ્ઞાન વિના કહો સમકિત કીમ રહે, કિરિયા તે જ્ઞાનની દાસીરે ।
છઠ્ઠ તપે સુકી સેવાલ ભોગી કહ્યો, દેખે ન સુખ અવિનાશીરે
॥ ગુણી૦ ॥ ૮ ॥

થોડલી કિરિયારે જ્ઞાનીની ભલી, જીમ સુર નારીના ભાવરે ।
બહુલી કિરિયારે જ્ઞાન વિના કીસી, જીમ અંધ નારીના હાવરે
॥ ગુણી૦ ॥ ૯ ॥

સહસ ત્રેતાલીસ બસે નર બુઝીયા, નંદિષેણ શુભ ભાખેરે ।
જ્ઞાનીએ દીઠું રે તેહીજ વસ્તુ છે, ખર સિંહ સમ અન્ય દાખેરે
॥ ગુણી૦ ॥ ૧૦ ॥

કિરિયા નયનેરે જ્ઞાન કહે તુમે, મુજ થકી ભિન્ન અભિન્નરે ।
ભિન્ન થશો તો રે જડતા પામશો, અભિન્ન તે મુજમાંહી લીનરે
॥ ગુણી૦ ॥ ૧૧ ॥

ન્યાયે ત્રીજોરે જેહને આલંબીયે, જુઓ જુગતિ વિમાસીરે ।
એક પદ પામી ચિલાતિ સુત તર્યો, જ્ઞાનથી સહુ સુખવાસીરે
॥ ગુણી૦ ॥ ૧૨ ॥

## २१ ॥ अथ श्री दान महिमा स्तवन ॥

### ॥ દુહા ॥

પ્રથમ જિણેસર પાય નમી, પામી સુગુરૂ પ્રસાદ ॥
દાન શીયલ તપ ભાવના, બોલીશ હું સંવાદ ॥ ૧ ॥
વીર જિણંદ સમોસર્યા, રાજ ગૃહી ઉદ્યાન ।
સમવસરણ દેવે રચ્યું. બેઠા શ્રી વર્ધમાન ॥ ૨ ॥
બેઠી બારે પરખદા, સુણવા જિનવર વાણ ।
દાન કહે પ્રભુ હું વડો, મુજને પ્રથમ વખાણ ॥ ૩ ॥
સાંભલજો સહુ કો તુમે, કુણ છે મુજ સમાન ।
અરિહંત દીક્ષા અવસરે, આપે પહેલું દાન ॥ ૪ ॥
પ્રથમ પહોરે દાતારનો, લીયે સહુ કોઈ નામ ।
દીધાથી દેવલ ચઢે, સીઝે વંછિત કામ ॥ ૫ ॥
તીર્થંકરને પારણે, કુણ કરે મુજ હોડ ।
વૃષ્ટિ કરૂં સોવન તણી, સાઢી બારહ કરોડ ॥ ૬ ॥
હું જગ સઘલો વશ કરૂં, મુજ મોટી છે વાત ।
કુણ કુણ દાન થકી તર્યા, તે સુણજયો અવદાત ॥ ૭ ॥

### ॥ ઢાલ-૧ ॥

ધન્ય સાર્થવાહ સાધુને, દીધું ઘૃતનું દાન ॥ લલના ॥
તીર્થંકર પદ મેં લીયો, તિણે મુજને અભિમાન
॥ લલના ॥ ૧ ॥

દાન કહે જગ હું વડો, મુજ સરીખો નહિં કોઈ લલના ।
ઋદ્ધિ સમૃદ્ધિ સુખ સંપજે, દાને દોલત હોય લલના
॥ દા૦ ॥ ૨ ॥

સુમુખ નામે ગાથાપતિ, પડિલાભ્યા અણગાર લલના ।
કુમાર સુબાહુ સુખ લહે, તે તો મુજ ઉપગાર લલના
॥ દા૦ ॥ ૩ ॥

પાંચસે મુનિને પારણું, દેતો વહોરી આણ લલના ।
ભરત થયો ચક્રવર્તિ ભલો, તે પણ મુજ ફલ જાણ લલના
॥ દા૦ ॥ ૪ ॥

માસખમણને પારણે, પડિલાભ્યો ઋષિ રાય લાલના ।
શાલિભદ્ર સુખ ભોગવે, દાન તણો સુપસાય લલના
॥ દા૦ ॥ ૫ ॥

આપ્યા અડદના બાકલા, ઉત્તમ પાત્ર વિશેષ લલના ।
મૂલ દેવ રાજા થયો, દાન તણો ફલ દેખ લલના
॥ દા૦ ॥ ૬ ॥

પ્રથમ જિણેસર પારણે, શ્રી શ્રેયાંસકુમાર લલના ।
શેલડી રસ વહોરાવીયો, પામ્યો ભવનો પાર લલના
॥ દા૦ ॥ ૭ ॥

ચંદન બાલા બાકુલા, પડિલાભ્યા મહાવીર લલના ।
પંચ દિવ્ય પ્રગટ થયા, સુંદર રૂપ શરીર લલના
॥ દા૦ ॥ ૮ ॥

પૂર્વભવ પારેવડું, શરણે રાખ્યું સુર લલના ।
તીર્થંકર ચક્રવર્તિ પણે, પ્રગટયો પુણ્ય પડુર ॥ લલના ॥
॥ દા૦ ॥ ૯ ॥

ગજ ભવે સસલો રાખીયો, કરૂણા કીધી સાર લલના ।
શ્રેણિકને ઘરે અવતર્યો, અંગજ મેઘકુમાર લલના
॥ દા૦ ॥ ૧૦ ॥

ઇમ અનેક મેં ઉદ્ધર્યા, કહેતાં નાવે પાર લલના ।
સમય સુંદર પ્રભુ વીરજી, પહેલો તુજ અધિકાર લલના
॥ દા૦ ॥ ૧૧ ॥

## २२ । अथ श्री शियल महिमा स्तवन ।

### ॥ દુહા ॥

શિયલ કહે સુણ દાન તું, કીશું કરે અહંકાર ।
આડંબર આઠે પહોર, પાત્રકું વ્યવહાર ॥ ૧ ॥
અંતરાય વળી તાહરે, ભોગ કર્મ સંસાર ।
જિનવર કર નીચો કરે, તુજને પડો ધિક્કાર ॥ ૨ ॥
ગર્વ મ કર રે દાન તું, મુંજ પુંઠે સહુ કોય ।
ચાકર ચાલે આગલે, તું શું રાજા હોય ॥ ૩ ॥
જિન મંદિર સોના તણું, નવું નિપાવે કોય ।
સોવન કોડિ દાન દે, શિયલ સમો નહિ કોય ॥ ૪ ॥
શિયલે સંકટ સવિ ટલે, શિયલે સુજસ સૌભાગ્ય ।
શિયલે સુર સાનિધ્ય કરે, શિયલે વડો વૈરાગ્ય ॥ ૫ ॥
શિયલે સર્પ ન આભડે, શિયલે શીતલ આગ ।
શિયલે અરિ કરિ કેસરી, ભય જાયે સહુ ભાગ ॥ ૬ ॥
જન્મ મરણના દુઃખ થકી, મેં છોડાવ્યા અનેક ।
નામ કહું હવે તેહના, સાંભલજો સુવિવેક ॥ ૭ ॥

## ॥ ઢાલ-૨ ॥

॥ પાસ જિણંદ જુહારીએ એ-દેશી ॥

શિયલ કહે જગ હું વડો, મુજ વાત સુણો અતિ મીઠીરે ।
લાલચ લાવે લોકને, મેં દાન તણી વાત દીઠીરે
॥ શિ૦ ॥ ૧ ॥

કલહ કારણ જગ જાણીએ, વલી વિરતિ નહીં કાંઈ રે ।
તે નારદ મેં સિઝવ્યો, મુજ જુઓ એ અધિકાઈ રે
॥ શિ૦ ॥ ૨ ॥

બાંહે પહેર્યા બેરખા, શંખ રાજાએ દુષણ દીધો રે ।
કાપ્યા હાથ કલાવતી, પણ મેં નવ પલ્લવ કીધારે
॥ શિ૦ ॥ ૩ ॥

રાવણ ઘર સીતા રહી, રામચંદ્ર ઘર આણી રે ।
સીતા કલંક ઉતારીયો, મેં પાવક કીધો પાણી રે
॥ શિ૦ ॥ ૪ ॥

ચંપા બાર ઉઘાડીયાં, વલી ચાલણીએ કાઢયાં નીરરે ।
સતી સુભદ્રા જસ થયો, તે મેં તસ કીધી ભીર રે
॥ શિ૦ ॥ ૫ ॥

રાજા મારણ માંડીયો, રાણી અભયાએ દુષણ દાખ્યો રે ।
શુલી સિંહાસન મેં કીધું, મેં શેઠ સુદર્શન રાખ્યો રે
॥ શિ૦ ॥ ૬ ॥

શીલ સન્નાહ મંત્રીસરે, આવતાં અરિદલ થંભ્યા રે ।
તિહાં પણ સાંનિધ્ય મેં કરી, વલી ધર્મ કાજ આરંભ્યોરે
॥ શિ૦ ॥ ૭ ॥

પ્રેરણ ચીર પ્રગટ કીયા, મેં અઠ્ઠોત્તર સો વાર રે ।
પાંડવ નારી દ્રૌપદી, મેં રાખી માત્ર ઉદારો રે
॥ શિ૦ ॥ ૮ ॥

બ્રાહ્મી ચંદનબાલિકા, વલી શિયલવંતી દમયંતી રે ।
ચેડાની સાતે સુતા, રાજીમતી સુંદર કુંતીરે
॥ શિ૦ ॥ ૯ ॥

ઈત્યાદિક મેં ઉદ્ધર્યા, નર નારી કેરા વૃંદોરે ।
સમય સુંદર પ્રભુ વીરજી, પહેલો મુજ આણંદો રે
॥ શિ૦ ॥ ૧૦ ॥

॥ ઇતિ શ્રી દાન-શિયલ મહિમા સ્તવન સંપૂર્ણ ॥

## ॥ સ્તવન-વિભાગ ॥

## ॥ ભરત ક્ષેત્રના લેખનું તવન ॥

॥ નમોરે નમો શ્રી શેત્રુંજા ગિરિવર ॥

સાંભળો જિનવર અરજ હમારી, જન્મ મરણ દુઃખ વારરે;
ભરત ક્ષેત્રથી લેખ પઢાવું, લખું છું વિતક વાતરે,
તમે તો સ્વામી જાણો છો સારૂં, પણ જાણ આગળ વખાણરે.
॥ સાં૦ ॥ ૧ ॥

જે દિનથી પ્રભુ વીર જિનેશ્વર, મોક્ષે બિરાજવા જાય રે;
સમવસરણ શોભા ભરતની લેઈ ગયા, અરિહંતનો પડીયો
વિજોગરે. ॥ સાં૦ ॥ ૨ ॥

ગૌતમ ગણધર પટ ઉપર રાખ્યા, શ્રી સંઘને રખવાલરે;
તે પણ થોડા દિવસની ચોકી, કરી ગયા શિવવાસરે.
॥ સાં૦ ॥ ૩ ॥

કેવલ જ્ઞાન જંબુ લેઈ પહોંચ્યા, સાથે દશ જણુશરે;
તત્ત્વ નાણું તે ગાંઠે બાંધ્યું, લેઈ ગયા પ્રભુ પાસરે.
॥ સાં૦ ॥ ૪ ॥
મન પજ્જવ અવધિ લેઇ નાઠો, ન રહ્યો પૂરવ જ્ઞાનરે;
સહસ તેત્રીસ જોજન અધિક, સંશય ભંજન વસો દુરરે.
॥ સાં૦ ॥ ૫ ॥
ગોવાળ આધારે ગાયો ચરે છે, આવે નિજ નિજ ઠામરે,
તિમ જ્ઞાનાધારે જીવ તરે છે, પામે ભવ જલ પારરે.
॥ સાં૦ ॥ ૬ ॥
જિન પ્રતિમા જીન વચન આધારે, સઘળો ભરત તે આજરે;
જીન આણાથી પ્રાણી ચાલે, તેહનો ધન્ય અવતારરે.
॥ સાં૦ ॥ ૭ ॥
ભરત ક્ષેત્ર માંહિ તિરથ મોટા, સિધ્ધાચલ ગીરનારરે;
સમેતશિખર અષ્ટાપદ આબુ, ભવજલ તારણ નાવરે.
॥ સાં૦ ॥ ૮ ॥
ભરત ક્ષેત્રમાં વારતા ચલ રહી, કપટી હીન આચારરે;
સાચી કહેતાં રીસ ચઢાવે, ભાખે મુખ વિપરીતરે.
॥ સાં૦ ॥ ૯ ॥
વૈરાગે ખસીયા ને રાગે ફસીયા, ચાલે નહિં તુજ પંથરે;
યોગ્ય જીવ તે વિરલા ઉઠાવે, તુજ આણાનો ભારરે.
॥ સાં૦ ॥ ૧૦ ॥
શુદ્ધ પ્રરૂપક સમતા ધારી, ચાલે સૂત્રને ન્યાયરે;
તેહના પણ છીદ્રને જુવે છે, ઉલટા કાઢે છે વાંકરે.
॥ સાં૦ ॥ ૧૧ ॥

આપ પ્રશંસા આપણી કરતાં, દેખે નહિં પર ગુણ લેશરે;
પરપીડા દેખી હૈયું ન કંપે, એ મુજ મોટી ખોટરે.
॥ સાં૦ ॥ ૧૨ ॥

તે દિન ભરતમાં કયારે હોશે, જન્મશે શ્રી જિનરાજરે;
સમવસરણ વિરચાવી બિરાજે, સીજશે ભવિઓના કાજરે.
॥ સાં૦ ॥ ૧૩ ॥

સદ્ગુરૂ સાખે વ્રત મેં લીધાં, પાળ્યાં નહિં મન શુદ્ધરે;
દેવગુરૂની મેં આણા લોપી, જીનશાસનનો હું ચોરરે.
॥ સાં૦ ॥ ૧૪ ॥

કૃષ્ણ પક્ષી જીવ કયાંથી પામે, તુમ ચરણોની સેવરે;
ત્રણ જગતની ઠકુરાઇ તુમારી, રીદ્ધિ તણો નહિં પારરે.
॥ સાં૦ ॥ ૧૫ ॥

કર્મ અલુંજણ આકરો ફસીયો, ફરીયો ચોરાશીના ફેરરે;
જન્મ જરા-મરણ કરીને થાકયો, હવે તો શરણ આપરે.
॥ સાં૦ ॥ ૧૬ ॥

ઓછું પુન્ય દીસે છે મારૂં, ભરત ક્ષેત્રે અવતારરે,
તુમ જેટલી પ્રભુ રિદ્ધિ ન માગું, પણ માગું સમકિત દાનરે.
॥ સાં૦ ॥ ૧૭ ॥

ત્રિગડે બીરાજી ધર્મ પ્રકાશો, સુણે પરખદા બારરે;
ધન્ય સુરનર ધન્ય નગરી વેલા, તેહને કરૂં હું પ્રણામરે.
॥ સાં૦ ॥ ૧૮ ॥

મોટાની જો મહેર હોવે તો, કર્મ વૈરી જાયે દૂરરે;
જગ સહુનો ઉપકાર કરો છો, મુજને મુકયો તે વિચારરે.
॥ સાં૦ ૧૯ ॥

જ્ઞાનવિમળ શિખ ભલી પરે આપે, જીનવાણી હૈડે રાખેરે;
સત્ય શિયલ તુજ સાથે ચાલે, કોણ કરે તુજ રોકરે.
॥ સાં૦ ૨૦ ॥

॥ ઇતિ શ્રી ભરત ક્ષેત્રના લેખનું સ્તવન સંપૂર્ણ ॥

## ૨– ॥ શ્રી આદિનાથ જન્મ વધાઈ સ્તવન ॥

આજ તો વધાઇ રાજા, નાભિકે દરબારરે;
મરૂદેવાએ બેટો જાયો, ઋષભ કુમારરે.
આજ૦ ॥ ૧ ॥

અયોધ્યામેં ઓચ્છવ હોવે, મુખ બોલે જયકારરે;
ઘનનન ઘનનન ઘંટા વાજે, દેવ કરે થેઈ કારરે.
આજ૦ ॥ ૨ ॥

ઇંદ્રાણી મલી મંગલ ગાવે, લાવે મોતી માલરે;
ચંદન ચરચી પાયે લાગે, પ્રભુ જીવો ચિરંકાલરે.
આજ૦ ॥ ૩ ॥

નાભિરાજા દાન જ દેવે, વરસે અખંડ ધારરે;
ગામ નગર પુર પાટણ દેવે, દેવે મણિ ભંડારરે.
॥ આજ૦ ॥ ૪ ॥

હાથી દેવે સાથી દેવે, દેવે રથ તૂખારરે;
હીર ચીર પીતામ્બર દેવે, દેવે સવિ શણગારરે.
॥ આજ૦ ॥ ૫ ॥

તીન લોકમેં દિનકર પ્રકટયો, ઘર ઘર મંગલ માલરે;
કેવલ કમલા રૂપ નિરંજન, આદીશ્વર દયાળરે.
॥ આજ૦ ॥ ૬ ॥

## ૩— ॥ શ્રી આદીશ્વરજીનું સ્તવન ॥

પ્યારો લાગે સારો લાગે, મીઠો લાગે રાજ ।
ઋષભ જિણંદ મને, પ્યારો લાગે રાજ ।
પ્યારો લાગે આછો લાગે, નિકો લાગે રાજ ।
મરૂદેવી જાયો મને પ્યારો લાગે રાજ ॥ પ્યારો૦ ॥૧॥
નાભિરાયા કુલચંદ, ઋષભ જિણંદ ।
દિયે દિયે દુનિયામાં, જીસ્યોરે જિણંદ ॥ પ્યારો૦ ॥૨॥
ટાળ્યો ટાળ્યો મિથ્યાત્વ, કીયોરે ઉદ્યોત ।
જાગી જાગી ભવિજન, અંતરંગ જ્યોત ॥ પ્યારો૦ ॥૩॥
પામ્યો પામ્યો હું તો, હવે ચરણો નિવાસ ।
અધિક અધિક પ્રભુ, પુરો મારી આશ ॥ પ્યારો૦ ॥૪॥
ધર્મ ચતુર્વિધ કિયોરે પ્રકાશ ।
આપો આપો હવે, મુજ જ્ઞાન ઉલ્લાસ ॥ પ્યારો૦ ॥૫॥
ભમ્યો ભમ્યો હું તો, એનો દિવસ અજાણ ।
સુણી નહિં સુન્ને ચિત્તે, પ્રભુ મુખ વાણ ॥ પ્યારો૦ ॥૬॥
આપો આપો હવે, મુજ જ્ઞાન વિલાસ ।
જ્ઞાન વિમલ પ્રભુ, વચન વિલાસ ॥ પ્યારો૦ ॥૭॥
માગો માગો મહાનંદ, પદ્ મોરા દેવ ।
સાચે ચિત્તે હોજો સાહેબ, ચરણોની સેવ. ॥ પ્યારો૦ ॥૭॥

## ૪ — ॥ શ્રી આદિનાથજીનું સ્તવન ॥

નાભિરાયા વંશે વારૂ ઉદયો દિણંદ, ઉદયો દિણંદ ઉદયો
દિણંદ નાભિ૦ ॥

દેવનો મેં દેવ દીઠો આદિજિણંદ, આદિજિણંદ મરૂદેવાનો નંદ,
મીઠો લાગે મહારાજ મીઠો લાગે મહારાજ, રૂપ તાહરો આજ
॥ ૧ ॥

મુજરો લીયોને માહરો, સારોને કાજ, દિવસ દીઠે ઘણે તુને નાથ,
મને સ્નેહ ઉપન્યો આણંદ, તેનો કોણ લહે છેહ.
॥ મીઠો ॥૨॥

તાથેઈ તાથેઈ તાન વાજે, થીન ગીન દોં ।
મૃદંગ દુંદુભિ તે વાગે દોં દોં ।
ઓં ઓં શંખ વાજે, તાલ કંસાલ ।
ધપ મપ માદલ ધમકે રસાલ ॥ મીઠો ॥૩॥

ડોં કીતી ડોં કીતી થેઇ થેઇ થાય,
પંધની ધપ મપ થઇ અતિ વ્યાલ,
ઘન ઘન ઘુઘરા ઘમકે પાય,
ભન નંન ભણકારા ભેરીના થાય. ॥ મીઠો ॥૪॥

નાચી કુદી પાય વંદી ભવિજન ભાવે,
ભક્તિશું ભગવંતને શીશ નમાવે,
મુક્તિની મોજ આપો માગું બે કર જોડ,
ઉદયરત્ન કહે ભવ દુઃખ છોડ.
॥ મીઠો ॥ ૫ ॥

## ૫— ॥ શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન ॥

॥ યોગ માયા ગરબે રમજો–એ દેશી ॥

ઉલગડી તે આદિનાથની જો, કાંઈ કીજીએ મનને કોડજો,
હોડ કરે કોણ નાથની જો, જેના પાય નમે સૂર કોડજો
—ઉ—૧—

વહાલો મરૂદેવીનો લાડલો જો, રાણી સુનંદાના હઈડાનો
હારજો,
ત્રણ ભુવનનો નાહલો જો, મારા પ્રાણ તણો આધાર જો.
—ઉ—૨—
વહાલો વીસ પૂરવ લખ ભોગવ્યું જો, રૂડું કુંવરપણું
રંગ રેલ જો,
મનડું મોહ્યું રે જિન રૂપશું જો, જાણે જગમાં મોહન વેલજો.
—ઉ—૩—
પ્રભુની પાંચસે ધનુષની દેહડી જો, લખ પૂરવ ત્રેસઠ
રાજજો.
લાખ પૂરવ સમતા વરી જો, થયા શિવસુંદરી વરરાજ જો.
—ઉ—૪—
એના નામથી નવનિધિ સંપજે જો, વલી અલીય વિઘન
સવિ જાય જો,
શ્રી સુમતિવિજય કવિરાજનો જો, એમ રામવિજય
ગુણ ગાય જો —ઉ—૫—

## ૬ ॥ શ્રી ઋષભદેવ પ્રભુનું સ્તવન ॥

॥ માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણેજી—એ દેશી ॥

પહેલા તીર્થંકર શ્રી રિખવ જિણંદ જુહારીએ,
ગુરૂ શ્રી રૂપવિજયને ચરણે નામું શીશ;
મુજ બુદ્ધિ પ્રમાણે ગુણ તે પ્રભુજીના કહું,
તેમાં કવિજન સરવે કોઇ ન કરશો રીશ ॥ પહેલા ॥ ૧ ॥
એકસોને સીત્તેર બોલ પ્રભુજીના કહ્યા,

તે મધ્યેથી બાવીસ બોલ કહીશ હું આજ;
અમૃત રસ પીશે જે નર નારી ઉછરંગથી,
થાશે મોક્ષ ગામી ને સરશે સઘળાં કાજ. ॥ પહેલા ॥ ૨ ॥
માતા પિતા નગરી કાયાને આવખું,
લંછન ગણધર સાધુ–સાધવી કહીએ સાર,
શ્રાવક શ્રાવિકાને દીક્ષા કયારે આદરી,
ચ્યવન–જન્મ–કેવલ ને મોક્ષ ગયા નિરધાર. ॥ પહેલા ॥ ૩ ॥
નાભિ રાજા પિતા મરૂ દેવા માવડી,
કુલ ઈક્ષ્વાગ શરીરનો સોવન સરખો વાન,
નગરી અયોધ્યા લાખ ચોરાશી પૂર્વનું આવખું,
વૃષભ લંછન કાયા ધનુષ પાંચસે માન. ॥ પહેલા ॥ ૪ ॥
ગણધર ચોરાશી સાધુ ચોરાશી હજાર છે,
ત્રણ લાખ સાધવી શ્રાવક ત્રણ લાખ પાંચ હજાર,
પાંચ લાખ ચોપન હજાર કહી તે શુદ્ધ વ્રત શ્રાવિકા,
પ્રભુજી સાથે થયા ચાર હજાર અણગાર. ॥ પહેલા ॥ ૫ ॥
તેત્રીશ સાગરોપમનું સર્વાર્થનું આવખું,
ભોગવી અસાડ વદ ચોથે અવતરીયા સાર,
ચૈત્ર વદ આઠમે, ઉત્તરાષાઢાને દિને,
પ્રભુજી જન્મ્યા તેથી થયો તે જય જયકાર. ॥ પહેલા ॥ ૬ ॥
ચૈત્રવદ આઠમે પ્રભુજીએ દીક્ષા ગ્રહી,
ફાગણ વદ અગ્યારશ કેવલ પામ્યા સાર,
અષ્ટાપદ ગિરિ ઉપર, મહાવદ તેરસને દિને
સુર શશીનો વહાલો વરીયા શિવ વધુ નાર, ॥ પહેલા ॥ ૭ ॥

## ૭– ॥ શ્રી ઋષભદેવજીનું સ્તવન ॥

ઋષભ જિણંદા ઋષભ જિણંદા, તુમ દરિશન હુએ પરમાનંદા,
અહનિશિ ધ્યાઉં તુમ દીદારા, મહેર કરીને કરજો પ્યારા
॥ ઋષભ૦ ॥ ૧ ॥

આપણને પૂંઠે જે વલગા, કિમ સરે તેહને કરતાં અલગા,
અલગા કીધા પણ રહે વલગા, મોર પીંછ પરે ન હુએ ઉભગા
॥ ઋષભ ॥ ૨ ॥

તુમ્હ પણ અળગે જાયે કિમ સરશે, ભકિત ભલી આકરષી લેશે,
ગગને ઉડે દૂર પડાઈ, દોરી બલે હાથે રહે આઈ.
॥ ઋષભ૦ ॥ ૩ ॥

મુજ મનડું છે ચપળ સ્વભાવે, તો હે અંતર્મુહૂર્ત પ્રસ્તાવે,
તું તો સમય સમય બદલાયે, ઈમ કિમ પ્રીતિ નિવારો થાયે.
॥ ઋષભ૦ ॥ ૪ ॥

તે માટે તું સાહેબ માહરો, હું છું ભવો ભવ સેવક તાહરો,
એ સંબંધમાં ન હોજો ખામી, વાચક માન કહે શિર નામી.
॥ ઋષભ૦ ॥ ૫ ॥

## ૮—॥ ઋષભદેવ જિન સ્તવન ॥

॥ મેરે સાહિબ તુમહી હો—એ દેશી ॥

આજ આનંદ વધામણાં; આજ હરખ સવાઈ;
ઋષભ જિનેસર વંદિયે, અતિશય સુખ દાઇ. ॥ આજ૦ ॥ ૧ ॥

સારથવાહ ભવે લહી, શુચિ રૂચિ હિતકારી,
જીવાનંદ ભવે કરી, મુનિ સેવા સારી. ॥ આજ૦ ॥ ૨ ॥

ચક્રી ભવે સંયમ ગ્રહી, સ્થાનક આરાધી,
સરવારથ સિદ્ધથી ચ્યવી, જિન પદવી લીધી. ॥ આજ૦ ॥ ૩ ॥

કાળ અસંખ્ય જિન ધર્મનો, પ્રભુ વિરહ મીટાયો,
ગણધર મુનિસંઘસ્થાપના કરી, સુખ પ્રગટાયો ॥ આજ૦ ॥૪॥

મરૂદેવા–સુત દેખતાં, અનુભવ રસ પાયો,
દેવચંદ્ર જિન સેવના, કરી સુજશ ઉપાયો. ॥ આજ૦ ॥ ૫ ॥

## ૯—॥ શ્રી ઋષભદેવ સ્વામીનું પારણું ॥

આહે જશ ઘરે જાવેજી વહોરવા,
હોય આનંદ અંગ ન માય, ઋષભ ઘેર આવે છે. ॥ ૧ ॥

॥ મણિરે માણેક મોતી ભર્યા, કોઈ રત્ન ભરી ભરી થાળ–ઋ ।
॥ કોઈ રે ઘોડા પાલખી, કોઇ આપે હાથી કેરા દાન–
ઋ૦ ॥ ૧ ॥

॥ કોઈ જ પુત્રી વલ્લભા, કોઈ આપે કન્યા કેરા દાન–ઋ૦।
॥ કોઇ નવિ આપે સુજતો, વ્હોરાવે નહિં આહાર–
ઋ૦ ॥ ૨ ॥

॥ તેણે સમે સ્વપ્નજ પેખીયો, આહે દશ ભવ કેરો સ્નેહ ઋ૦ ।
॥ ઈક્ષુરે રસ વહોરાવીઓ, તિહાં ઋષભને ઉપજી છે લબ્ધિ
ઋ૦ ॥ ૩ ॥

॥ ત્યાં ઉભા કીધું પારણું, એક વર્ષે મળી પેલો આહાર –ઋ૦ ।
॥ પંચ દિવ્યરે પ્રગટ થયાં, તિહાં અહોદાન–મહોદાન ગવાય
–ઋ૦ ॥ ૪ ॥

॥ ત્યારે કને વૃષ્ટિ સોના તણી, થઈ સાડ બારી ક્રોડ–ઋ૦।
॥ મેરૂ શિખરરે ખસી ગયાં, શ્રેયાંસે દીધા છે થંભ–
ઋ૦ ॥ ૫ ॥
॥ ત્યાં જાતિસ્મરણ પામતાં, તિહાં ફરી એ નાવે સંસાર–ઋ૦।
॥ હીરવિજય ગુરૂ હીરલો, તિહાં માણેક વિજય ગુણ ગાય–
ઋષભ ઘેર આવે છે. ॥ ૬ ॥

॥ ઇતિ ઋષભદેવ સ્વામીનું પારણું સંપૂર્ણ ॥

## ૧૦ ॥ શ્રી ઋષભદેવજીનું સ્તવન ॥

પ્રથમ જિનેશ્વર વંદિએ, સારથ પતિ ધન નામ લાલરે;
પૂર્વ વિદેહે સાધુને, દીધાં ઘૃતનાં દાન લાલરે.
॥ પ્રથમ ॥ ૧ ॥
યુગલ સુધર્મે સુર થયા, મહાબલ ભુપ વિદેહ લાલરે;
લલિતાંગ સુર ઈશાનમાં, સ્વયંપ્રભાશું નેહ લાલરે.
॥ પ્રથમ ॥ ૨ ॥
વજ્રજંઘરાય વિદેહમાં, યુગલિ સોહમ દેવ લાલરે;
કેશવ વૈદ્ય વિદેહમાં, ચાર મિત્ર મુનિ સેવ લાલરે.
॥ પ્રથમ ॥ ૪ ॥
અચ્યુત અમર વિદેહમાં, વજ્રનાભ ચક્રધાર લાલરે;
છ જણ સાથે સંયમી, બાંધે જિન પદ સાર લાલરે;
॥ પ્રથમ ॥ ૪ ॥
સર્વારથમાં ઉપના, તિહાંથી ઋષભ અવતાર લાલરે;
ઈક્ષ્વાગ ભૂમિ સોહામણી, આદિ ધર્મ કહેનાર લાલરે.
॥ પ્રથમ ॥ ૫ ॥

કુલકર નાભિ નરિંદનો, મરૂદેવીનો નંદ લાલરે;
વૃષભ લંછન કંચન વને, સેવે સુર નર ઈંદ લાલરે.
॥ પ્રથમ ॥ ૬ ॥
ગૃહ વાસે પણ જેહને, કલ્પદ્રુમ ફલ ભોગ લાલરે;
પાણી ખીર સમુદ્રનું, પૂરે સુરવર લોગ લાલરે.
॥ પ્રથમ ॥ ૭ ॥
યુગલા ધર્મ નિવારણો, તારણો ભવજલ રાશિ લાલરે.
જ્ઞાનવિમલ સૂરીંદની, પૂરો વંછિત આશ લાલરે.
॥ પ્રથમ ॥ ૮ ॥

## ૧૧— ॥ શ્રી આદીશ્વરજીનું સ્તવન ॥

પ્રીતલડી બંધાણીરે વિમલ ગિરિન્દ શું,
નિશિપતિ નિરખી હરખે જેમ ચકોર જો;
કમલા ગૌરી હરિહરથી રાચી રહે,
જલધર જોઇ મસ્ત બને વન મોર જો. ॥ પ્રીત ॥ ૧ ॥
આદીશ્વર અલવેસર આવી સમોસર્યા,
પુન્ય ભૂમિમાં પૂર્વ નવાણું વારજો;
અરિહંત શ્રી અજિતેશ્વર શાંતિ નાથજી,
રહી ચોમાસું જાણી શિવપુર દ્વાર જો. ॥ પ્રીત૦ ॥ ૨ ॥
સૂર્ય વંશી સોમવંશી યાદવ વંશના,
નૃપગણ પામ્યા નિર્મળ પદ નિર્વાણ જો;
મહા મુનીશ્વર ઇશ્વર પદ પુરણ વર્યા,
શિવપુર શ્રેણિ આરોહણ સોપાન જો. ॥ પ્રીત૦ ॥ ૩ ॥
ત્રણ ભુવનમાં તારક તુજ સમકો નહિ,

એમ પ્રકાશે સીમંધર મહારાજ જો;
તારે શરણે આવ્યો હું ઉતાવળો,
તાર તાર ઓ ગિરિવર ગરીબ નિવાજ જો. ॥ પ્રીત૦ ॥ ૪ ॥
હું અપરાધી પાપી મિથ્યાડંબરી,
ફોગટ ભૂલ્યો ભવમાં વિણ તું એક જો;
હવે ન મુકું મોહન મુદ્રા તાહરી,
એ મુજ વંક નાળની ટેક જો. ॥ પ્રીત૦ ॥ ૫ ॥
પલ્લો પકડી બેઠો બાપજી લાંઘવા,
આપ આપ તું ભકિત વત્સલ ભગવંત જો;
અંતે પણ દેવુંરે પડશે સાહિબા,
શી કરવી હવે ખાલી ખેંચાતાણ જો. ॥ પ્રીત૦ ॥ ૬ ॥
મલ વિક્ષેપને આવરણ ત્રિક દૂરે કરી,
છેલ છબીલો આવ્યો આપ હજુર જો;
આત્મ સમર્પણ કીધું અતિ ઉમંગથી,
પ્રેમ પયોનિધિ પ્રગટયો અભિનવ પુરજો. ॥ પ્રીત ॥ ૭ ॥
શ્રી સિદ્ધાચલ ગિરિવરજી મહા શેખરા,
પરમ કૃપાલુ પાલક પ્રાણ આધાર જો;
વિછોડજો નહિ કયારે પ્યારા પ્રાણથી,
રસીયા કરજો ધર્મરત્ન વિસ્તાર જો. ॥ પ્રીત૦ ॥ ૮ ॥

## ૧— રા શ્રી શત્રુંજય સ્તવન ॥

બાપલડાંરે પાતિકડાં તમે, શું કરશો હવે રહીનેરે;
શ્રી સિદ્ધાચલ નયણે નિરખ્યો, દૂર જાઓ તમે વહીનેરે.
॥ બાપ ॥ ૧ ॥

કાળ અનાદિ લગે તુમ સાથે, પ્રીત કરી નિરવહીનેરે;
જે થકી પ્રભુ ચરણે રહેવું, એમ શિખવીયું મનને રે.
॥ આપ ॥ ૨ ॥

દુઃષમ કાળે ઇણે ભરતે, મુક્તિ નહિં સંઘયણનેરે;
પણ તુમ ભક્તિ મુક્તિને ખેંચે, ચમક ઉપલ જેમ લોહનેરે.
॥ આપ૦ ॥ ૩ ॥

શુદ્ધ સુવાસન ચૂરણ આપ્યું, મિથ્યા પંક શોધનનેરે;
આતમ ભાવ થયો મુજ નિર્મળ, આનંદ મય તુજ ભજનેરે.
॥ આપ ॥ ૪ ॥

અખય નિધાન તુમ સમકિત પામી, કુણ વંછે ચલ ધનનેરે;
શાંત સુધારસ નયન કચોલે, સિંચો સેવક તનનેરે.
॥ આપ ॥ ૫ ॥

બાહ્ય અભ્યંતર શત્રુ કેરો, ભય ન હોવે હવે મુજનેરે;
સેવક સુખિયો સુજસ વિલાસી, તે મહિમા પ્રભુ તુજનેરે.
॥ આપ ॥૬ ॥

નામ મંત્ર તુમારો સાધ્યો, તે થયો જગ મોહનનેરે;
તુજ મુખ મુદ્રા નિરખી હરખું, જિમ ચાતક જલધરનેરે.
॥ આપ ॥ ૭ ॥

તુજ વિણ અવર ન દેવ કરીને, ન વિચારૂં ફરી ફરીનેરે;
જ્ઞાન વિમલ કહે ભવજલ તારો, સેવક બાંહ્ય ગ્રહીનેરે.
॥ આપ ॥ ૮ ॥

## ૧૩— ॥ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન ॥

સિદ્ધાચલના વાસી વિમલાચલના વાસી,
જીનજી પ્યારા આદિ નાથને વંદન હમારા;

પ્રભુજીનું મુખડું મલકે, નયણોમાંથી વરસે અમીધારા.
॥ આદિ૦ ॥ ૧ ॥

પ્રભુજીનું મુખડું છે મનડું મિલાકર, દિલમે ભક્તિની
જ્યોત જગાકર;
ભજલે પ્રભુને ભાવે, દુર્ગતિ કદી ન આવે. જીનજી
॥ આદિ૦ ॥ ૨ ॥

ભમીને લાખ ચોરાશી હું આવ્યો, પુણ્યે દર્શન તુમારા પાયો;
ધન્ય દિન મારો, ભવના ફેરા ટાળો.– જીનજી
॥ આદિ૦ ॥ ૩ ॥

અમે તો માયાના વિલાસી, તમે તો મુક્તિપુરીના વાસી;
કર્મ બંધન કાપો, મોક્ષ સુખ આપો – જીનજી
॥ આદિ૦ ॥ ૪ ॥

અરજી ઉરમાં ધરજો અમારી, પ્રભુ આશા છે મને તુમારી;
કહે હર્ષ હવે સાચા સ્વામી, તમને પૂજન કરીયે અમે–જીનજી
॥ આદિ૦ ॥ ૫ ॥

## ૧૪—॥ શ્રી શત્રુંજય ગિરિ સ્તવન ॥

તું ત્રિભુવન સુખકાર, ઋષભ જિન તું ત્રિભુવન સુખકાર,
શત્રુંજયગિરિ શણગાર ॥ ઋષભ ॥ ભૂષભ ભરત મઝાર
॥ ઋષભ ॥
આદિ પુરૂષ અવતાર ॥ ઋષભ ॥ ૧ ॥

તુમ ચરણે પાવન કર્યું રે, પૂર્વ નવાણું વાર;
તેણે તીરથ સમરથ થયું રે, કરવા જગત ઉધ્ધાર.
॥ ઋષભ ॥ ૨ ॥

અવર તે ગિરિ પવર્તે વડો રે, એહ થયો ગિરિરાજ;
સિદ્ધ અનંતા ઈહાં થયા રે, વળી આવ્યા અવર જિનરાજ.
॥ ઋષભ ॥ ૩ ॥

સુંદરતા સુર સદનથીરે, અધિક જિહાં પ્રસાદ;
બિંબ અનેકે શોભતારે, દીઠે ટળે વિખવાદ.
॥ ઋષભ ॥ ૪ ॥

ભેટણુ કાજે ઉમહ્યારે, આવે સવિ ભવિ લોક;
કલિમલ તસ અડકે નહિં રે, જયું સોવન ધન રોક.
॥ ઋષભ ॥ ૫ ॥

જ્ઞાનવિમલ પ્રભુ જસ શિરેરે, તસ ખસે ભવ પરવાહ;
કરત લગત શિવ સુંદરીરે, મળે સહજ ધરી ઉછાહ.
॥ ઋષભ ॥ ૬ ॥

## ૧૫ — ॥ શ્રી અજિતનાથ પ્રભુ સ્તવન ॥

અજીત જિણંદા સાહેબા અજિત જિણંદા,
તું મેરા સાહેબ મેં તેરા બંદા, સાહેબા અજિત જિણંદા;
જિતશત્રુ નૃપ વિજયાદે નંદા, લંછન ચરણે સોહે ગયંદા.
॥ સા૦ ॥ ૧ ॥

સકલ કરમ જિતી અજીત કહાયા,
આપ બળે થયા સિદ્ધ સહાયા. ॥ સા૦ ॥ ૨ ॥

મોહ નૃપતિ જે અટલ અટારો,
તુમ આગે ન રહ્યો તસ યારો. ॥ સા૦ ॥ ૩ ॥

વિષય કષાય જે જગને નડીયા,
તુમ હીણા તલસ લોભમાં પડિયા. ॥ સા૦ ॥ ૪ ॥

દુશ્મન દાવ ન કોઇ ફાવે,
તિણથી અજિત તુમ નામ સુહાવે. ॥ સા૦ ॥ ૫ ॥
અજિત થાઉં હું તુમ સિર નામ,
બહોત વધારો પ્રભુ જગમાંહિ નામ. ॥ સા૦ ॥ ૬ ॥
સકલ સુરાસુર પ્રણમે પાયા,
ન્યાય સાગરે પ્રભુના ગુણ ગાયા. ॥ સા૦ ॥ ૭ ॥

## ૧૬ — ॥ શ્રી અજિતનાથ જિન સ્તવન ॥

પ્રીતલડી બંધાણીરે, અજિત જિણંદ શું,
પ્રભુ પાખે ક્ષણ, એક મને ન સુહાય જો;
ધ્યાનની તાળીરે, લાગી નેહશું,
જલદ ઘટા જેમ શિવ સુત વાહન દાયજો. ॥ પ્રીત૦ ॥૧॥
નેહ ઘેલું મન્ન માહરૂં રે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ, કારણથી પ્રભુ મુજ જો;
માહરે તો આધારરે, સાહેબ રાવલો,
આંતર ગતની પ્રભુ આગલ કહું ગુજજો. ॥ પ્રીત ॥૨॥
સાહિબ તે સાચોરે જગમાં જાણીયે,
સેવકનાં જે, સહેજે સુધારે કાજ જો;
એહવે રે આ ચરણે કેમ કરી રહું,
બિરૂદ તમારૂં, તારણ તરણ જહાજ જો. ॥ પ્રીત૦ ॥૩॥
તારકતા તુ માંહેરે, શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું, દીન દયાળ જો;
તુજ કરૂણની લહેરેરે, મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો. ॥ પ્રીત૦ ॥૪॥

કરૂણા દ્રષ્ટિ કીધીરે, સેવક ઉપરે,
ભવભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મન વંછિત ફલિયારે, જિન આલંબને,
કર જોડીને મોહન કહે મન રંગ જો. ॥ પ્રીત૦ ॥૫॥

## ૧૭ – ॥ શ્રી સંભવનાથ જિન સ્તવન ॥

॥ અષ્ટાપદ ગિરિ જાત્રા કરણકું – એ દેશી. ॥

સંભવ જિનવર સાહિબ સાચો, જે છે પરમ દયાળ;
કરૂણાનિધિ જગમાંહિ મોટો, મોહન ગુણમણિ માલ;
ભવિયાં ભાવ ધરીને લાલ, શ્રી જિન સેવા કીજે;
દુરમતિ દૂર કરીને લાલ, નરભવ સફલો કીજે. ॥ ૧ ॥

એહ જગત ગુરૂ જુગતે સેવો, ષટ કાય પ્રતિપાળ;
દ્રવ્ય ભાવ પરિણતિ કરી નિર્મળ, પૂજો થઈ ઉજમાલ.
॥ ભવિ૦ ॥ ૨ ॥

કેસર ચંદન મૃગમદ ભેળી, અરચો જિનવર અંગ;
દ્રવ્ય પૂજા તે ભાવનું કારણ, કીજે અનુભવ રંગ.
॥ ભવિ૦ ॥ ૩ ॥

નાટક કરતાં રાવણ પામ્યો, તીર્થંકર પદ સાર;
દેવપાલાદિક જિન પદ ધ્યાતાં, પ્રભુ પદ લહ્યું શ્રીકાર.
॥ ભવિ૦ ॥ ૪ ॥

વીતરાગ પૂજાથી આતમ, પરમાતમ પદ પાવે;
અજ અક્ષય સુખ જિહાં શાશ્વતાં, રૂપાતીત સ્વભાવે.
॥ ભવિ૦ ॥ ૫ ॥

અજર અમર અવિનાશી કહીયે, પૂરણાનંદ જે પામ્યા;
લોકાલોક સ્વભાવ વિભાસક, ચઉ ગતિનાં દુઃખ વામ્યા.
॥ ભવિ૦ ॥ ૬ ॥

એહવા જિનનું ધ્યાન કરંતાં, લહીયે સુખ નિરવાણ;
જિન ઉત્તમ પદને અવલંબી, રતન લહે ગુણ ખાણ.
॥ ભવિ૦ ॥ ૭ ॥

## ૧૮— ॥ શ્રી અભિનંદન સ્વામી સ્તવન ॥

રાગ—સારંગ

તુમે જોજો જોજો રે, વાણીનો પ્રકાશ તુમે જોજો જોજો રે,
ઉઠે છે અખંડ ધ્વનિ, જોજને સંભળાય;
નર તિરિ દેવ આપણી સહુ, ભાષાયે સમજાય.
॥ તુમે૦ ॥ ૧ ॥

દ્રવ્યાદિક દેખી કરીને, નય નિક્ષેપે જુત્ત;
ભંગ તણી રચના ઘણી કાંઇ, જાણે સહુ અદ્‌ભૂત.
॥ તુમે૦ ॥ ૨ ॥

પય સુધા ને ઇક્ષુવારિ, હારી જાયે સર્વ;
પાખંડી જન સાંભળીને, મૂકી દીયે ગર્વ.
॥ તુમે૦ ॥ ૩ ॥

ગુણ પાત્રીશે અલંકરી કાંઈ, અભિનંદન જિન વાણ;
સંશય છેદે મન તણા પ્રભુ, કેવળ જ્ઞાને જાણ.
॥ તુમે૦ ॥ ૪ ॥

વાણી જે જન સાંભળે તે, જાણે દ્રવ્ય ને ભાવ;

નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજ પર ભાવ.
॥ તુમે૦ ॥ ૫ ॥

સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાન ને આચાર;
હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્ત્વાતત્ત્વ વિચાર.
॥ તુમે૦ ॥ ૬ ॥

નરક સ્વર્ગ અપવર્ગ જાણે, થિર વ્યય ને ઉત્પાદ;
રાગ દ્વેષ અનુબંધ જાણે, ઉત્સર્ગ ને અપવાદ.
॥ તુમે૦ ॥ ૭ ॥

નિજ સ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ;
ચિદાનંદ ઘન આતમા તે, થાયે નિજ ગુણ ભૂપ.
॥ તુમે૦ ॥ ૮ ॥

વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ;
નિયમા તે પરભાવ તજીને, પામે શિવપુર સદ્મ.
॥ તુમે૦ ॥ ૯ ॥

## ૧૯— ॥ શ્રી અભિનંદન જિન સ્તવન ॥

॥ જગજીવન જગ વાલહો—એ દેશી ॥

અભિનંદન આણંદમાં, અતિશય લાભ અનંત લાલરે;
સંવર રાયનો બેટડો, સંવર સુખ વિલસંત લાલરે.
॥ અભિ૦ ॥ ૧ ॥

સિદ્ધારથનો લાડલો, સિદ્ધારથ ભગવાન લાલરે;
એ જુગતું જગતી તલે, વિચરે મહિમ નિધાન લાલરે.
॥ અભિ૦ ॥ ૨ ॥

ચાલે ગજગતિ ગેલશું, કામ કેશરી કરે નાશ લાલરે;
દીપે દિનકર તેજથી, શીતળ સહજ વિલાસ લાલરે.
॥ અભિ૦ ॥ ૩ ॥

વરસે વાણી મેઘ જ્યું, તૃષ્ણાતટિની શેષ લાલરે;
આતમ સંપદ વેલડી, ક્ષાયિક ભાવે પોષ લાલરે.
॥ અભિ૦ ॥ ૪ ॥

બાંધ્યું ભાવના સાંકળે, મુજથી ચંચળ ચિત્ત લાલરે;
લંછન મિષ ચરણે રહ્યો, વાનર કરે વિનતિ લાલરે.
॥ અભિ૦ ॥ ૫ ॥

તિરિ ગઈ ચપલાઇ પણું, વારો આપ વિવેક લાલરે;
ક્ષમાવિજય જિન ચાકરી, ન તજું ત્રિવિધે એ ટેક લાલરે.
॥ અભિ૦ ॥ ૬ ॥

## ૨૦— ॥ શ્રી સુમતિનાથ સ્વામી સ્તવન ॥

॥ સિદ્ધારથનારે નંદન વિનવું–એ–દેશી ॥

નયરી અયોધ્યારે માતા મંગલા, મેઘ પિતા જસ ધીર;
લંછન ક્રૌંચ કરે પદ સેવના, સોવન વાન શરીર.
॥ ૧ ॥

મુજ મન મોહ્યુંરે સુમતિજિણેસરે, ન રૂચે કો પર દેવ;
ખિણ ખિણ સમરૂંરે ગુણ પ્રભુજી તણા, એ મુજ લાગીરે ટેવ.
॥ મુ૦ ॥ ૨ ॥

ત્રણશેં ધનુ તનુ આયુ ધરે પ્રભુ, પૂરવ લાખ ચાલીશ;
એક સહસ શું દીક્ષા આદરી, વિચરે શ્રી જગદીશ.
॥ મુ૦ ॥ ૩ ॥

સમેત શિખર ગિરિ શિવ પદવી લહી, ત્રણ લાખ વીશ હજાર;
મુનિવર પણ લખ પ્રભુની સંપત્તિ, ત્રીસ સહસ વળી સાર.
॥ મુ૦ ॥ ૪ ॥
શાસન દેવી મહાકાલી ભલી, સેવે તુંબરૂ યક્ષ;
શ્રીનયવિજય વિબુધ સેવક ભણે, હોજો મુજ તુજ પક્ષ.
॥ મુ૦ ॥ ૫ ॥

## ૨૧—॥ શ્રી પદ્મપ્રભુ સ્વામી સ્તવન ॥

પદ્મ ચરણ જિનરાય, બાલ અરૂણ સમ કાય જીવન લાલ;
ઉદયો ધર નૃપ કુલ તીલોજી ॥ ૧ ॥
મોહાદિક અંતરંગ, અરિયણ આઠ અભંગ જીવન લાલ;
મારવા મનુ રાતો થયોજી. ॥ ૨ ॥
ચડી સંજમ ગજરાય, ઉપશમ ઝુલ બનાય જીવન લાલ;
તપસી દૂરે અલંકર્યોજી, ॥ ૩ ॥
પાખર ભાવના ચાર, સમિતિ ગુપ્તિ શણગાર જીવન લાલ;
અધ્યાતમ અંબાડીયેજી. ॥ ૪ ॥
પંડિત વીર્ય કબાન, ધર્મ ધ્યાન શુભ બાણ જીવન લાલ;
ક્ષપક શ્રેણી સેના વળીજી. ॥ ૫ ॥
શુકલ ધ્યાન સમશેર, કર્મ કટક કીયો જેર જીવન લાલ;
ક્ષમાવિજય જિન રાજવીજી, ॥ ૬ ॥

## ૨૨—॥ શ્રી સુપાર્શ્વ જિન સ્તવન ॥

શ્રી સુપાસ જિન વંદીએ, સુખ સંપત્તિનો હેતુ લલના.
શાંત સુધારસ જલનિધિ; ભવસાગરમાંહે સેતુ લલના.
॥ શ્રી૦ ॥ ૧ ॥

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ લલના;
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ લલના.
॥ શ્રી૦ ॥ ૨ ॥

શિવશંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન લલના;
જિન અરિહા તીર્થંકરૂં, જ્યોતિ સરૂપ અસમાન લલના.
॥ શ્રી૦ ॥ ૩ ॥

અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશ્રામ લલના;
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ લલના.
॥ શ્રી૦ ॥ ૪ ॥

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય સોગ લલના;
નિદ્રા તન્દ્રા દુરંદશા, રહિત અબાધિત યોગ લલના.
॥ શ્રી૦ ॥ ૫ ॥

પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન લલના;
પરમ પદારથ પરમેષ્ટિ, પરમદેવ પરમાણુ, લલના.
॥ શ્રી૦ ॥ ૬ ॥

વિધિ વિરંચિ વિશ્વંભરૂ, હૃષીકેશ જગનાથ લલના;
અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમ પદ સાથ લલના.
॥ શ્રી૦ ॥ ૭ ॥

ઈમ અનેક અભિધા ધરે, અનુભવ ગમ્ય વિચાર લલના;
જે જાણે તેહને કરે, આનંદઘન અવતાર લલના.
॥ શ્રી૦ ॥ ૮ ॥

## ૨૩ --॥ શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન ॥

॥ રાગ-આશાવરી-મનમાં આવજોરે નાથ-એ દેશી ॥

મુજ ઘટ આવજોરે નાથ ! કરૂણા કટાક્ષે જોઇને,
દાસને કરજો સનાથ. ॥ મુ૦ ॥ ૧ ॥

ચંદ્ર પ્રભ જિન રાજીયા, તુજ વાસ વિષમો દૂર;
મળવા મન અલજો ઘણો, કિમ આવીયે હજુર.
॥ મુ૦ ॥ ૨ ॥

વિરહ વેદના આકરી, કહી પાઠવું કુણ સાથ;
પંથી તો આવે નહિં, તે મારગે જગ નાથ.
॥ મુ૦ ॥ ૩ ॥

તું તો નીરાગી છે પ્રભુ, પણ વાલહો મુજ જોર;
એક પખી એ પ્રીતડી, જિમ ચંદ્રમા ને ચકોર.
॥ મુ૦ ॥ ૪ ॥

તુમ સાથે જે પ્રીતડી, અતિ વિષમ ખાંડા ધાર;
પણ તેહના આદર થકી, તસ ફળ તણો નહિ પાર.
॥ મુ૦ ॥ ૫ ॥

અમે ભક્તિ યોગે આણશું, મન મંદિરે તુમ આજ;
વાચક વિમળના રામશું, ઘણું રીઝશો મહારાજ.
॥ મુ૦ ॥ ૬ ॥

## ૨૪ ॥ શ્રી સુવિધિનાથ જિન સ્તવન ॥

॥ તે દિન ક્યારે આવશે.–એ દેશી

રે મન પોપટ ! બોલીયે, જિન શાસન બાગે,
કામિની નયન કબાનકી, જિહાં ચોટ ન લાગે
॥ રે મન૦ ॥ ૧ ॥

મોહ ચીડી ઘાતક ફરે, મિથ્યાવાસન ગહને;

કોપ સિંચાણો કર ગ્રહે, તું તો નહિ પિછાને.
॥ રે મન ॥ ૨ ॥

માન છડી મોટી લીયે, લોહકા પલ લંગાવે;
તુજને પકડી બાપડા, માયા જાલમેં લાવે.
॥ રે મન૦ ॥ ૩ ॥

અણુવ્રત મહાવ્રત વરતરૂ, બાર ભાવના વેલિ;
પંચાચાર સુકુલડાં, સમ સુખ ફલ કેલિ.
॥ રે મન૦ ॥ ૪ ॥

ધર્મ શુક્લ દોઉ પાંખસેં, ઉડી નિજ ઘર બેસો;
રામાનંદ નિત જયો, જિનવર જગદીશો.
॥ રે મન૦ ॥ ૫ ॥

## ૨૫ ॥ શ્રી શીતલનાથજીનું સ્તવન ॥

॥ પુકખલવઈ વિજયે જયોરે–એ દેશી. ॥

શીતલ જિન ભદ્દીલપુરીરે, દઢરથ નંદા જાત;
નેવુ ધનુષ્ય તનુ ઉચ્ચતારે, સોવન વાન વિખ્યાતરે,
જિનજી તુજશું મુજ મન નેહ,
જિમ ચાતકને મેહરે, જિનજી, તું છે ગુણમણિ ગેહરે–
॥ જિ૦ ॥ તું ॥ ૧ ॥

શ્રી વત્સ લંછન સોહતું રે, આયુ પૂરવ લખ એક;
એક સહસ શું વ્રત લીયેરે, આણી હૃદય વિવેકરે.
॥ જિ૦ તું ॥ ૨ ॥

સમેતશિખર શુભ ધ્યાનથીરે, પામ્યા પરમાનંદ;

એક લાખ ખટ સાહુણીરે, એક લાખ મુનિ વૃંદરે.
॥ જિ૦ તું૦ ॥ ૩ ॥

સાવધાન બ્રહ્મા સદારે, શાસન વિઘન હરેય;
દેવી અશોકા પ્રભુ તણીરે, અહનિશ ભગતિ કરેયરે.
॥ જિ૦ તું૦ ॥ ૪ ॥

પરમ પુરૂષ પુરૂષોત્તમોરે, તું નરસિંહ નિરીહ;
કવિયણ તુજ જશ ગાવતાંરે, પવિત્ર કરે નિજ જીહરે.
॥ જિ૦ તું૦ ॥ ૫ ॥

## ૨૬— ॥ શ્રી શ્રેયાંસજિન સ્તવન ॥

શ્રી શ્રેયાંસ જિનેસરૂ, સેવકની હો કરજો સંભાળતો;
રખે વિસારી મુકતા ! હોય મોટો હો જગે દીન દયાળતો.
॥ ૧ ॥

મુજ સરીખા છે તાહરે, સેવકની હો બહુ કોડા કોડ તો;
પણ જેસુ નજરે નિરખીઓ, કિમ દીજે હો પ્રભુ તેહને છોડતો.
॥ ૨ ॥

મુજને હેજ છે અતિ ઘણું, પ્રભુ તુમથી હો જાણું નિરધારતો;
તો તું નિપટ નિરાગીઓ, હું રાગી હો એ વચન વિચારતો.
॥ ૩ ॥

વળી ન્હાનું મન માહરૂં, હું તો રાખું હો તુમને તે માંહીતો;
હું રાગી પ્રભુ તાહરી, એકાંગી હો ગ્રહીયે પ્રભુ બાંહિતો.
॥ ૪ ॥

નિગુણો નવિ ઉવેખીયે, પોતાવટ હોઈ મનો હે સ્વામિતો;
જ્ઞાનવિમળ પ્રભુ શું કરો, વિણ અંતર હો સેવક એક તાનતો.
શ્રી શ્રેયાંસ જિનેસરૂ. ॥ ૫ ॥

## ૨૭—॥ શ્રી વાસુપૂજ્ય સ્વામી સ્તવન ॥

॥ સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ–એ દેશી. ॥

શ્રી વાસુપૂજ્ય નરિંદનોજી, નંદન ગુણ મણિ ધામ;
વાસુપૂજ્ય જિન રાજીયોજી, અતિશય રત્ન નિધાન.
પ્રભુ ચિત્ત ધરીને, અવધારો મુજ વાત–એ આંકણી–
॥ ૧ ॥

દોષ સકલ મુજ સાંસહોજી, સ્વામી કરી સુપસાય;
તુમ ચરણે હું આવીયોજી, મહેર કરો મહારાય.
॥ પ્ર૦ ॥ ૨ ॥

કુમતિ કુસંગતિ સંગ્રહીજી, અવિધિ ને અસદાચાર;
તે મુજને આવી મિલ્યાજી, અનંત અનંતીવાર.
॥ પ્ર૦ ॥ ૩ ॥

જબ મેં તુમને નિરખીયાજી, તવ તે નાઠા દૂર;
પુણ્યે પ્રગટે શુભદિશાજી, આપો તુમ હજુર.
॥ પ્ર૦ ॥ ૪ ॥

જ્ઞાનવિમલ પ્રભુ જાણુનેજી, શું કહેવું બહુ વાર !
દાસ આસ પૂરણ કરોજી, આપો સમકિત સાર.
॥ પ્ર૦ ॥ ૫ ॥

## ૨૮ ॥ શ્રી વિમલનાથ સ્વામી સ્તવન ॥

મન વસી મન વસી મન વસીરે, પ્રભુજીની મૂર્તિ મારે મન વસીરે;
દીલ વસી દીલ વસી દીલ વસીરે, પ્રભુજીની મૂર્તિ મારે દીલ વસીરે,
જિમ હંસા મન વહતી ગંગા, જેમ ચતુર મન ચતુરનો સંગ

જીમ બાળક મન માત ઉત્સંગ, તિમ મુજને પ્રભુ કેરો રંગ.
॥ મ૦ ॥ દી૦ ॥ ૧ ॥

મુખ સોહે જીમ પુનમચંદ, નયન કમલ દલ મોહે ઈન્દ;
અધર જીસ્યા પરવાળી લાલ, અર્ધશશી સમ સોહે ભાલ.
॥ મ૦ ॥ દી૦ ॥ ૨ ॥

બાંહાડી જાણે નાળ મૃણાલ, પ્રભુજી મેરો પરમ કૃપાળ;
જોતાં કે નહિં પ્રભુજીની જોડ, પુરે ત્રિભુવન કેરા કોડ.
॥ મ૦ ॥ દી૦ ॥ ૩ ॥

સાયરથી અધિકો ગંભીર, સેવ્યો આપે ભવનો તીર;
સેવે સુરનર કોડા કોડ, કર્મ તણા મદ નાંખે મોડ.
॥ મ૦ ॥ દી૦ ॥ ૪ ॥

ભેટયો ભાવે વિમળ જીણંદ, મુજ મન વાધ્યો પરમાનંદ;
વિમળવિજય વાચકનો શિષ્ય, રામ કહે પૂરો જગીશ.
॥ મ૦ ॥ દી૦ ॥ ૫ ॥

## ૨૯— ॥ શ્રી અનંતનાથ સ્વામી સ્તવન ॥

ધાર તરનારની સોહિલી દોહિલી, ચૌદમા જિનતણી ચરણ સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા—
ધાર૦ ॥ ૧ ॥

એક કહે સેવિએ વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે.
ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહિ લેખે.
॥ ધાર૦ ॥ ૨ ॥

ગચ્છના ભેદ બહુ નયણુ નીહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડીયા કલિકાલ રાજે.
॥ ધાર૦ ॥ ૩ ॥
વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઇ રાચો.
॥ ધાર ॥ ૪ ॥
દેવગુરૂ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો;.
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરી, છારપર લીંપણું તેહ જાણો
॥ ધાર૦ ॥ ૫ ॥
પાપ નહિં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહિ કોઇ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો- ॥ ધાર૦ ॥ ૬ ॥
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદ-ઘન રાજ્ય પાવે. ॥ ધાર૦ ॥ ૭ ॥

## ૩૦— ॥ શ્રી ધર્મનાથ જિન સ્તવન ॥

॥ ઋષભ જિણંદા ઋષભ જિણંદા.—એ દેશી ॥

ધરમ જિનેસર કેસર વરણા, અલવેસર સરવાંગી શરણા;
એ ચિંતામણિ વાંછિત કરણા, ભજ ભગવંત ભુવન ઉદ્ધરણા.
॥ ધ૦ ॥ ૧ ॥
નવલે નૂરે ચઢતે શૂરે, જે જિન ભેટે ભાગ્ય અંકુરે;
પ્રગટ પ્રભાવે પુન્ય પડૂરે, દારિદ્રય દુઃખ તેહનાં પ્રભુ ચૂરે.
॥ ધ૦ ॥ ૨ ॥

જે સેવે જિન ચરણ હજુરે, તાસ ઘરે ભરે ધન ભરપૂરે;
ગાજે અંબર મંગળ તૂરે, અરિયણના ભય ભાંજે દૂરે.
॥ ધ૦ ॥ ૩ ॥

ગજ ગાજે શોભિત સિંધૂરે, જન સહુ ગાજે સુજસ સપૂરે;
ગંજયો જાય ન કિણહી કરૂરે, અરતિ થાય ન કાંઈ અણુરે.
॥ ધ૦ ॥ ૪ ॥

જિમ ભોજન હોય દાલ ને કૂરે, જીપે તે રણ તેજે શૂરે;
મેઘતણાં જળ નદીય હલૂરે, તિમ તેહને સૂર લખમી પૂરે.
॥ ધ૦ ॥ ૫ ॥

## ૩૧ – ॥ શ્રી શાંતિનાથ જિન સ્તવન ॥

॥ નારે પ્રભુ નહિં માનું–એ દેશી ॥

શાંતિકુમાર સોહામણારે, હુલરાવે અચિરા માયરે, માહરો નાનડીયો.
તુજ આગે ઇંદ્રા નમેરે, ઇંદ્રાણી પ્રણમે પાયરે.
॥ મા૦ હુ૦ મા૦ ॥ ૧ ॥

છપ્પન દિશિકુમરી મલીરે, નવરાવી તુજ સાથરે;
બાંધી સર્વ શુભૌષધિરે રક્ષા પોટલી હાથરે.
॥ મા૦ હુ૦ ॥ મા૦ ॥ ૨ ॥

કુલ ધ્વજ કુલ ચૂડામણિરે, અમ કુલ કાનન મેહરે;
તુજ ઈડા પીડા પડોરે, ખારા સમુદ્રને છેહરે.
॥ મા૦ હુ૦ મા૦ ॥ ૩ ॥

આવી બેસો ગોદમાંરે, ભીડું હૃદય મોઝારરે,

રમઝમ કરતો ઘુઘરોરે, આવ્યો મુજ પ્રાણ આધારરે.

॥ મા૦ હુ૦ મા૦ ॥ ૪ ॥

લ્યો લાડકડા સુખડીરે, સાકર દ્રાખ બદામરે;
મરૂકડલો કરી મોહનોરે, રૂપે જીત્યો કામરે.

॥ મા૦ હુ૦ મા૦ ॥ ૫ ॥

મુખ સુષમા જિમ ચંદ્રમારે, જીભ અમીરસ નાલરે;
આંખડી અંબુજ પાંખડીરે, વાંકડી ભમુહ વિચાલરે.

॥ મા૦ હુ૦ મા૦ ॥ ૬ ॥

દંતપંતિ હીરા તતિરે, અધર પ્રવાલી રંગરે;
વદન કનક કજ શોભા વિચેરે, માનું જડીયાં નંગરે.

॥ મા૦ હુ૦ મા૦ ॥ ૭ ॥

ખમા ખમા તુજ ઉપરેરે, હું વારિ વાર હજારરે;
સુરગિરિ જીવન જીવજોરે, વધજો તુજ પરિવારરે.

॥ મા૦ હુ૦ મા૦ ॥ ૮ ॥

તુજ પગલે કુરૂ દેશમાંરે, વરતી જીવ અમારીરે;
જગ જીવન જિન ! તાહરેરે, ગુણ ગાયે સુર નારીરે.

॥ મા૦ હુ૦ મા૦ ॥ ૯ ॥

## ૩૨— ॥ શ્રી શાંતિનાથ જિન સ્તવન ॥

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમાં, વિસર ગઈ દુવિધા તન મનકી; અચિરા સુતકે ગાનમેં ॥ ૧ ॥

હરિ હર બ્રહ્મા પુરંદર ઋદ્ધિ, આવત નહિ કોઈ માનમેં;
ચિદાનંદકી મોજ મચી હૈ, સમતા રસકે પાનમેં.

॥ હમ ॥ ૨ ॥

ઇતને દિન તુમ નાંહિ પિછાન્યો, જનમ ગયો સબ અજાનમેં;
અબ તો અધિકારી હોઈ બૈઠે, પ્રભુ ગુણ અક્ષય ખજાનમેં.
॥ હમ ॥ ૩ ॥

ગઈ દીનતા સબહી હમારી, પ્રભુ તુમ સમકિત દાનમેં;
પ્રભુ ગુણ અનુભવ રસકે આગે, આવ નહી કોઈ માનમેં,
॥ હમ૦ ॥ ૪ ॥

જિનહી પાયા તિનહી છિપાયા, ન કહે કોઈ કે કાનમેં;
તાલી લાગી જબ અનુભવકી, તબ સમજે કોઈ સાનમેં.
॥ હમ૦ ॥ ૫ ॥

પ્રભુ ગુણ અનુભવ ચંદ્રહાસ જ્યું, સો તો ન રહે મ્યાનમેં;
વાચક જસ કહે મોહ મહા અરિ, જીત લીયો હૈ મેદાનમેં.
॥ હમ૦ ॥ ૬ ॥

## ૩૩— ॥ શ્રી કુંથુનાથ જિન સ્તવન ॥

॥ નાણ નમો પદ સાતમે–એ દેશી ॥

કુંથુ જિનેસર સાહિબો, સદ્ગતિનો દાતાર; મેરે લાલ;
આરાધો કામિત પૂરણો, ત્રિભુવન જન આધાર; મેરે લાલ;
સુગુણ સનેહી સાહિબો. ॥ ૧ ॥

દુરગતિ પડતા જંતુને, ઉદ્ધરવા દીયે હાથ; મેરે ।
ભવોદધિ પાર પમાડવા, ગુણનિધિ તું સમરથ. મેરે
॥ સુગુ૦ ॥ ૨ ॥

ભવ ત્રીજેથી બાંધીયું, તીર્થંકર પદ સાર; મેરે૦ ।
જીવ સવિની કરૂણા કરી, વલી સ્થાનક તપથી ઉદાર.
સુગુ૦ ॥ ૩ ॥

ઉપગારી અરિહંતજી, મહિમાવંત મહંત; મેરે૦ ।
નિષ્કારણ જગવચ્છલુ, ગિરૂઓ ને ગુણવંત. મેરે૦ ।
સુગુ૦ ॥ ૪ ॥

જ્ઞાનાનંદે પૂરણો, ભાખે ધરમ ઉદાર; મેરે૦ ।
સ્યાદ્વાદ સુધારસે, વરસે જ્યું જલધાર. મેરે૦ ।
સુગુ૦ ॥ ૫ ॥

અતિશય ગુણ ઉદયે થકી, વાણીનો વિસ્તાર; મેરે૦ ।
બારે પરષદા સાંભળે, જોયણ લગે તે સાર. મેરે૦ ।
સુગુ૦ ॥ ૬ ॥

સારથવાહ શિવ પંથનો, આતમ સંપદ ઈશ; મેરે૦ ।
ધ્યાન ભુવનમાં ધ્યાવતાં, લહીયે અતિશે જગીશ. મેરે૦ ।
સુગુ૦ ॥ ૭ ॥

છઠ્ઠો ચક્રી દુઃખ હરે, સત્તરમો જિન દેવ; મેરે૦ ।
મોટે પુન્યે પામીયો, તુમ પદ પંકજ સેવ; મેરે.
સુગુ૦ ॥ ૮ ॥

પરમ પુરૂષની ચાકરી, કરવી મનને કોડ; મેરે૦ ।
ઉત્તમવિજય વિબુધતણો, રતન નમે કરજોડ; મેરે૦ ।
સુગુ૦ ॥ ૯ ॥

## ૩૪— ॥ શ્રી અરનાથ જિન સ્તવન ॥

॥ સંભવ જિનવર વિનતિ–એ દેશી. ॥

અર જિનવર દીયે દેશના, સાંભળજો ભવિ પ્રાણીરે;
મીઠી સુધારસ સારિખી, સુણીયે અનુભવ આણીરે.
॥ અર૦ ॥ ૧ ॥

આળસ મોહ અજ્ઞાનતા, વિષય પ્રમાદને છંડીરે;
તન્મય ત્રિકરણ જોગશું, ધરમ સુણો ચિત્ત મંડીરે;
॥ અર૦ ॥ ૨ ॥

દશ દ્રષ્ટાંતે દોહિલો, નરભવનો અવતારરે;
સુર મણિ સુર ઘટ સુર તરૂ, તેહથી અધિકો ધારરે.
॥ અર૦ ॥ ૩ ॥

એહ અસાર સંસારમાં, ભમીયો ચેતન એહરે;
ધર્મે વરજીત દિન ગયા, હજીય ન આવ્યો છેહરે.
અર૦ ॥ ૪ ॥

જ્ઞાન દર્શન મય આતમા, કર્મ પંકે અવરાણોરે;
શુદ્ધ દશા નિજ હારિને, અતિશય દોષે ભરાણોરે.
અર૦ ॥ ૫ ॥

દોષ અનાદિથી ઉદ્ધરે, જૈનધર્મ જગ સારરે;
સકલ નયે જો આદરે, તો હોય ભવોદધિ પારરે.
અર૦ ॥ ૬ ॥

જિન આણા જે આરાધતા, વિધિ પૂર્વક ઉજમાળરે;
સાધે તે સંવર નિર્જરા, પામે મંગલ માળરે.
અર૦ ॥ ૭ ॥

ચક્રી ભરતે સાતમો, અઢારમો, જિન રાયરે;
ઉત્તમ વિજય કવિરાજનો, રતન વિજય ગુણ ગાયરે.
અર૦ ॥ ૮ ॥

## ૩૫— ॥ શ્રી મલ્લિનાથ સ્વામી સ્તવન ॥

સેવક કિમ અવગણિએ ? હો મલ્લિ જિન ?
એ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીયે, તેહને મૂલ નિવારી.
॥ હો-મલ્લિ૦ ॥ ૧ ॥

જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારૂં, તે લીધું તુમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતાં કોણ ન આણી.
॥ હો-મલ્લિ૦ ॥ ૨ ॥

નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય અવસ્થા આવી;
નિદ્રા સુપન દશા રીસાણી, જાણી ન નાથ મનાવી.
॥ હો-મલ્લિ૦ ॥ ૩ ॥

સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર શું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરતી બાહિર કાઢી.
॥ હો-મલ્લિ૦ ॥ ૪ ॥

હાસ્ય અરતિ શોક દુગંછા, ભય પામર કરસાલી;
નોકષાય તણી ગજ ચઢતા, શ્વાન તણી ગતિ ઝાલી.
॥ હો-મલ્લિ૦ ॥ ૫ ॥

રાગદ્વેષ અવિરતિની પરિણુતિ, એ ચરણ મોહના યોદ્ધા;
વીતરાગ પરિણુતિ પરિણુમતાં, ઉઠી નાઠા યોદ્ધા.
॥ હો-મલ્લિ૦ ॥ ૬ ॥

વેદોદય કામા પરિણામાં, કામ્ય કરમ સહુ ત્યાગી;
નિઃકામી કરૂણા રસ સાગર, અનંત ચતુષ્કપદ પાગી.
॥ હો-મલ્લિ૦ ॥ ૭ ॥

દાન વિઘન વારી સહુજનને. અભયદાન પદ પાતા;
લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભ રસ માતા.
॥ હો–મલ્લિ૦ ॥ ૮ ॥

વીર્યવિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી જોગ;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગી સુભોગ.
॥ હો–મલ્લ૦ ॥ ૯ ॥

ઈમ અઢાર દૂષણ વરજિત તનુ, મુનિજન વૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિરદુષણ મન ભાયા.
॥ હો–મલ્લિ૦ ॥ ૧૦ ॥

ઈણવિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે.
॥ હો–મલ્લિ૦ ॥ ૧૧ ॥

## ૩૬— ॥ શ્રી મુનિસુવ્રત સ્વામી સ્તવન ॥

મુનિસુવ્રત કીજે મયારે, મનમાંહિ ધરી મહેર;
મહેર વિહૂણા માનવીરે, કઠિણ જણાયે કહેર;
જિનેસર ? તું જગનાયક દેવ, તુજ જગહિત કરવા ટેવ,
બીજા જુએ કરતાં સેવ. જિનસેર–॥ તું૦ ॥ ૧ ॥
અરહટ્ટ ક્ષેત્રની ભૂમિકારે, સીંચે કૃતારથ હોય;
ધારા ધર સઘલી ધરારે, ઉદ્ધરવા સજ્જ જોય.
॥ જિ૦ તું૦ ॥ ૨ ॥

તે માટે અશ્વ ઉપરેરે, આણી મનમાં મહેર;
આપે આયા આફણીરે, બોધવા ભરુયચ્ચ શહેર.
॥ જિ૦ તું૦ ॥ ૩ ॥

અણ પ્રારથતા ઉદ્ધર્યા રે, આપે કરીય ઉપાય;
પ્રારથતા રહે વિલવતારે, એ કુણ કહીયે ન્યાય.
॥ જિ૦ તું૦ ॥ ૪ ॥
સંબંધ પણ તુજ મુજ વિચેરે, સ્વામી સેવક ભાવ;
માન કહે હવે મહેરનોરે, ન રહ્યો અરજ પ્રસ્તાવ.
॥ જિ૦ તું૦ ॥ ૫ ॥

## ૩૭ —॥ શ્રી નમિનાથ જિન સ્તવન ॥

॥ સુમતિનાથ ગુણ શું મિલીજી–એ દેશી ॥

એકવીશમા જિન આગલેજી, અરજ કરૂં કર જોડ;
આઠ અરિએ મુજ બાંધીયોજી,તે ભવ બંધન તોડ.
પ્રભુ પ્રેમ ધરીને અવધારો અરદાસ. ॥ ૧ ॥
એ અરિથી અલગા રહ્યાજી, અવર ન દીસે દેવ;
તો કિમ તેહને જાચીયેજી, કિમ કરૂં તેહની સેવ.
॥ પ્રભુ૦ ॥ ૨ ॥
હાસ્ય વિલાસ વિનોદમાંજી, લીન રહે સુર જેહ;
આપે અરિગણ વશ પડયાજી, અવર ઉગારે કિમ તેહ.
॥ પ્રભુ૦ ॥ ૩ ॥
છત હોય તિંહાં જાચીયેજી, અછતે કિમ સરે કાજ;
યોગ્યતા વિણ જાચતાજી, પોતે ગુમાવે લાજ.
॥ પ્રભુ૦ ॥ ૪ ॥
નિશ્ચય છે મન માહરેજી, તુમથી પામીશ પાર;
પણ ભુખ્યો ભોજન સમેજી, ભાણે ન ટકે લગાર.
॥ પ્રભુ૦ ॥ ૫ ॥

તે માટે કહું તુમ ભણીજી, વેગે કીજે સાર;
આખર તુમહી જ આપશોજી, તો શી કરો હવે વાર.
॥ પ્રભુ૦ ॥ ૬ ॥

મોટાના મનમાં નહિજી, અરથી ઉતાવળો થાય;
શ્રી ખિમાવિજય ગુરૂ નામથીજી, જગ જસ વાંછિત પાય.
॥ પ્રભુ૦ ॥ ૭ ॥

## ૩૮ — ॥ શ્રી નેમિનાથ જિન સ્તવન ॥

॥ હાંરે મારે ધર્મ જિણંદ શું, લાગી પૂરણ પ્રીતજો–એ દેશી ॥

હાંરે મારે નેમિ જિનેસર, અલવેસર આધારજો;
સાહિબરે સોભાગી ગુણ મણિ આગરૂ રે લો;
હાંરે મારે પરમ પુરૂષ, પરમાતમ દેવ પવિત્ર જો,
આજ મહોદય દરિસણ પામ્યો તાહરૂં રે લો.
॥ ૧ ॥

હાંરે મારે તોરણ આવી, પશુ છોડાવી નાથજો,
રથ ફેરીને વળીયા નાયક નેમજીરે લો;
હાંરે મારે દૈવ અટારે, એ શું કીધું આજજો,
રઢીઆળી વર રાજુલ છોડી નેમજીરે લો.
॥ ૨ ॥

હાંરે મારે સંયોગી ભાવ, વિયોગી જાણી સ્વામીજો,
એ સંસારે ભમતાં કો કેહનું નહિરે લો;
હાંરે મારે લોકાંતિકને, વયણે પ્રભુજી તામજો,
વરશીદાન દીયે તિણ અવસર જિન સહીરે લો.
॥ ૩ ॥

હાંરે મારે સહસાવનમાં, સહસ પુરૂષની સાથજો,
ભવ દુઃખ છેદન કારણ ચારિત્ર આદરે રે લો;
હાંરે મારે વસ્તુ તત્ત્વે, રમણ કરંતા સારજો,
ચોપનમે દિન કેવળજ્ઞાન દશા વરે રે લો;
॥ ૪ ॥

હાંરે મારે લોકાલોક પ્રકાશક, ત્રિભુવન ભાણજો,
ત્રિગડે બેસી ધરમ કહે શ્રી જિનવરૂ રે લો;
હાંરે મારે શિવાનંદન, વરસે સુખકર વાણીજો,
આસ્વાદે ભવિ ભાવ ધરીને સુંદરૂ રે લો.
॥ ૫ ॥

હાંરે મારે દેશના નિસુણી, બુઝયાં રાજુલ નારજો,
નિજ સ્વામીને હાથે સંયમ આદરે રે લો;
હાંરે મારે અષ્ટ ભવોની, પાળી પૂરણ પ્રીતજો,
પિયુ પહેલાં શિવ લક્ષ્મી રાજિમતી વરે રે લો.
॥ ૬ ॥

હાંરે મારે વિચરી વસુધા, પાવન કીધી સારજો,
જગ ચિંતામણિ જગ ઉપગારી ગુણનિધિરે લો;
હાંરે મારે જિન ઉત્તમ પદ પંકજ કેરી સેવ જો,
કરતાં રતનવિજયની કીરતિ અતિ વધીરે લો.
॥ ૭ ॥

## ૩૯— ॥ શ્રી નેમિનાથ જિન સ્તવન ॥

પીયુજી આવી પાછા વળ્યારે, કરી તોરણ તેજ પ્રકાશરે;
પશુડા ઉપર કરૂણા કરીરે, મને મેલી ઉભી નિરાશરે.
॥ ૧ ॥

જાદવ લોક ઝુરે ઘણું રે, થઇ મોટા તજો મરજાદરે;
બંધવ હરિ બળદેવનારે, તમેમ કરો છોકર વાદરે.
॥ ૨ ॥

સુખ ભર પીયુ પાછા વળ્યારે, દઈ દાન દેખાવી દોષરે;
ગુણવંત ગુણના રાગીયારે, તુજ દોષ વિના શી રોષરે.
॥ ૩ ॥

જાણો પ્રીતમ વૈરાગીયારે, મુજ રંગ રસીલી કાયરે;
શંખનું લંછન નાથજીરે, કેમ પ્રેમ મેળાવો થાયરે.
॥ ૪ ॥

મેળા ખેળા સંસારનારે, મળવું હળવું એકાંતરે;
રાહુ ગ્રહે રવિ ચંદ્રમારે, તારા પર તેજ ગણંતરે.
॥ ૫ ॥

વાલમ ચોરી ચતુરાઈ મેલે, કર પર ન દીયો હાથરે;
સાથ અવિચળ તેને કરીરે, દીક્ષા શિર હાથ સનાથરે.
॥ ૬ ॥

દાન દેઈ નેમિનાથજીરે, સહસાવન સંજમ લીધરે;
ધ્યાન અંતર ધ્યાને ચડયારે, પ્રભુ પામ્યા કેવળ સિદ્ધરે.
॥ ૭ ॥

નવ ભવ નેહ નીહાળતાંરે, રાજિમતી દીક્ષા લીધરે;
વરસાંતે થઈ કેવલીરે, સતીએ બોલ્યું તે કીધરે.
॥ ૮ ॥

દંપતિ દોય મુગતે ગયારે, બની સાધી પ્રીત અનંતરે;
સહજાનંદ વિલાસનારે, શુભ વીર ભજો ભગવંતરે.
॥ ૯ ॥

## ૪૦— ॥ શ્રી નેમિનાથ જિન સ્તવન ॥

જઇને રહેજો મારા વહાલાજો, શ્રી ગિરનારને ગોખજો;
અમે પણ તિહાં આવીશું જો, જ્યારે પામીશું જોગજો.
॥ ૧ ॥

જાન લેઈ જુનાગઢે જો, આવ્યા તોરણ આપજો;
પશુઆં પેખી પાછા વળ્યા જો, જાતાં ન દીધો જવાબજો.
॥ ૨ ॥

સુંદર આપણ સારિખા જો, જોતાં નહીં મળે જોડજો;
બોલ્યા અણબોલ્યા કરો જો, એ વાતે તમને ખોડજો.
॥ ૩ ॥

હું રાગી તું વૈરાગીઓ જો, જગમાં જાણે સહુ કોયજો;
રાગી તો લાગી રહે જો, વૈરાગી રાગી ન હોય જો.
॥ ૪ ॥

વર બીજો હું નવિ વરૂંજી, સઘળા મેલી સંવાદજો;
મોહનિયાને જઇ મળી જો, મોટા સાથે શ્યો વાદજો.
॥ ૫ ॥

ગઢ તો એક ગિરનાર છે જો, નર તો છે એક શ્રી નેમજો;
રમણી એક રાજેમતિ જો, પુરો પાડયો જેણે પ્રેમજો.
॥ ૬ ॥

વાચક ઉદયની વંદનાજો, માની લેજ્યો મહારાજજો;
નેમ રાજુલ મુક્તે મલ્યાજો, સાર્યાં આતમ કાજજો.
॥ ૭ ॥

# ૪૧— ॥ શ્રી નેમિનાથ જિન સ્તવન ॥

પરમાતમ પૂરણ કલા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ;
પૂરણ દ્રષ્ટે નીહાળીએ, ચિત્ત ધરીએ હો અમચી અરદાસ.
પ૨૦ ॥ ૧ ॥

સર્વદેશ ઘાતી સહૂ, આઘાતી હો કરી ઘાત દયાળ;
વાસ કિયો શિવ મંદિરે, મોહે વિસરી હો ભમતો જગજાળ.
પ૨૦ ॥ ૨ ॥

જગતારક પદવી લહી, તાર્યા સહિ હો અપરાધી અપાર;
તાત ! કહો મોહે તારતાં, કિમ કીની હો ઈણ અવસર વાર.
॥ પ૨૦ ॥ ૩ ॥

મોહ મહા મદ છાકથી, હું છકીયો હો નહિ સૂધ લગાર;
ઉચિત સહિ ઇણે અવસરે, સેવકની હો કરવી સંભાળ.
॥ પ૨૦ ॥ ૪ ॥

મોહ ગયા જો તારશો, તિણ વેલા હો કહા તુમ ઉપગાર;
સુખ વેળા સજ્જન ઘણા, દુઃખ વેળા હો વિરલા સંસાર.
॥ પ૨૦ ॥ ૫ ॥

પણ તુમ દરિશન યોગથી, થયો હ્રદયે હો અનુભવ પ્રકાશ;
અનુભવ અભ્યાસી કરે, દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ.
॥ પ૨૦ ॥ ૬ ॥

કર્મ કલંક નિવારીને, નિજ રૂપે હો રમે રમતા રામ;
લહત અપૂરવ ભાવથી, ઇણ રીતે હો તુમ પદ વિશરાંમ.
॥ પ૨૦ ॥ ૭ ॥

ત્રિકરણ યોગે વિનવું, સુખદાયી હો, શિવા દેવીના નંદ;
ચિદાનંદ મનમેં સદા, તુમે આયો હો પ્રભુ ! નાણુદિણુંદ.
॥ ૫૨૦ ॥ ૮ ॥

## ૪૨– ॥ શ્રી પાર્શ્વનાથ સ્વામી સ્તવન ॥

ૐ નમો પાર્શ્વ પ્રભુ પદકજે, વિશ્વચિંતામણિ રત્ન રે;
ૐ નમો ધરણેન્દ્ર પદ્માવતી, વૈરૂટ્યા કરો મુજ યત્નરે.
॥ ૐ ॥ ૧ ॥

અબ મોહે શાંતિ તુષ્ટિ મહાપુષ્ટિ, ધૃતિ કીર્તિ કાંતિ વિધાયરે;
ૐ હ્રીં અક્ષર શબ્દથી, આધિ વ્યાધિ સવિ જાય રે.
॥ ૐ ॥ ૨ ॥

ૐ અસિઆ ઉસાય નમો નમો, તુંહિ ત્રિલોકનો નાથ રે;
ચોસઠ ઇંદ્ર ટોળે મળી, સેવે જોડી પ્રભુ હાથ રે.
॥ ૐ ॥ ૩ ॥

ૐ હ્રીં શ્રી પ્રભુ પાસજી, મૂલના મંત્રનું એ બીજ રે;
પાસથી દુરીત દૂરે હરે, આપ મીલે સવિ ચીજ રે.
॥ ૐ ॥ ૪ ॥

ૐ અજિતા વિજયા તથા, અપરા વિજયા જયા દેવીરે;
દશ દિક્પાલ ગ્રહ અક્ષયે, વિદ્યાદેવી પ્રસન્ન હોય સેવીરે.
॥ ૐ ॥ ૫ ॥

ગોડી પ્રભુ પાસ ચિંતામણિ, થંભણો અહિ છતો દેવ રે;
જગવલ્લભ જગતમાં તું જાગતો, અંતરીક્ષ અવંતી કરૂં સેવ રે.
॥ ૐ ॥ ૬ ॥

શ્રી શ્રી સંખેશ્વર મંડણો, પાર્શ્વજિન પ્રણુત તરૂ કલ્પ રે;
વારજો દુષ્ટના વૃંદને, સુજસ સૌભાગ્ય સુખ કલ્પ રે.
॥ ૐ ॥ ૭ ॥

## ૪૩– ॥ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથજી સ્તવન ॥

રહે ને રહે ને અલગી રહે ને, હાંજી કાંઈ કુમતિ પડી છે કેડે;
હાંજી કાંઈ તુજ દ્યુતિને કોણ તેડે, હાંજી તું મુજને શાને છેડે.
॥ અ૦ ॥ ૧ ॥

તેં મુજ મોહ મહામદ પાયો, તેણે હું થયો મતવાલો;
તૃષ્ણા તરૂણી આણી પેલી, વચમાં કરીય દલાલો.
॥ અ ॥ ૨ ॥

કામ નટવો તું તેડી આવી, તેણે પણ માંડી બાજી;
મિથ્યા ગીત તણે ભણકારે, મુજને કીધો રાજી.
॥ અ૦ ॥ ૩ ॥

નરક નિગોદ તણા મંદિરમેં, પાતક પલંગ બિછાયો;
મુજને ભોલવી ત્યાં બેસાડયો, પણ સુમતિએ સમજાવ્યો.
॥ અ૦ ॥ ૪ ॥

તવ મેં મદિરા છાક નિવારી, સમકિત સુખડી ચાખી;
ઉપશમ રસ સુધારસ પીધો, ચિત્તે ચેતનતા રાખી.
॥ અ૦ ॥ ૫ ॥

શ્રી સંખેશ્વર ચરણ સરોરૂહ, લાગી ધ્યાનની તાલી;
રૂપ વિબુધનો મોહન પભણે, જિન ગુણ સૂત લટકાળી.
॥ અ૦ ॥ ૬ ॥

## ૪૪– ॥ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન ॥

મેરે સાહેબ તુમ હિ હો, પ્રભુ પાસ જિણંદા;
ખિજમતગાર ગરિબ હું, મે તેરા બંદા.
॥ ૧ ॥

મેં ચકોર કરૂં ચાકરી, જબ તુમ હી ચંદા;
ચક્રવાક મેં હુઈ રહું, જબ તુમ હી દિણંદા.
॥ ૨ ॥

મધુકર પરે મેં રનઝનું, જબ તુમ અરવિંદા;
ભક્તિ કરૂં ખગપતિ પરે, જબ તુમહિ ગોવિંદા.
॥ ૩ ॥

તુમ જબ ગર્જિત ઘન ભયે, તબ મેં મેં શીખી નંદા;
તુમ સાયર જબ મેં કદા, સુર સરિતા અમંદા.
॥ ૪ ॥

દૂર કરો દાદા પાસજી, ભવ દુઃખકા ફંદા;
વાચક યશ કહે દાસકું, દિજો પરમાનંદા.
॥ ૫ ॥

## ૪૫– ॥ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન ॥

॥ લાગી બાળપણાની પ્રીત—એ રાગ ॥

॥ લાગી પાર્શ્વપ્રભુની પ્રીત હું તો કદી ના છોડુ–એ ટેક ॥

મેં તો સ્તંભ તીરથમાં દીઠા દેવ નિરાગી,
મનડું દેવના દેવને દેખી થાય વિરાગી.

ચંચળ ચિત્તડું થાય ચકિત, હું તો કદી ના છોડું.
॥ લાગી ॥ ૧ ॥

જ્યોતિ ઝગે છે મુખ પર જાણે પુનમ ચંદા;
નીરખી નયન કૃતારથ થાય પાર્શ્વ જિણંદા,
મૂર્તિ હૃદય મંહિ અંકિત, હું તો કદી ના છોડું.
॥ લાગી૦ ॥ ૨ ॥

માનસ સરની પ્રીતિ જેમ હંસી કરતી;
નિરાગી દેવની પ્રીતિ તેમ મુજને ગમતી,
અંતે વીતરાગીની જીત, હું તો કદી ના છોડું.
॥ લાગી૦ ૩ ॥

પ્રભુના મહિમાનો નવ પાર પામે જ્ઞાની;
સૌથી ઉંચી મેં તો ભક્તિ એની જાણી,
પ્રભુ ભક્તિથી મારૂં હિત-હું તો કદી ના છોડું.
॥ લાગી ॥ ૪ ॥

જુઠા જગમાં શ્રી જીનવરનું શરણું સાચું;
હર નિશ ધ્યાન લગાવું મુખથી શીવપદ યાચું,
ગાવું યશોભદ્ર જિન ગીત—હું તો કદી ના છોડું.
॥ લાગી૦ ॥ ૫ ॥

## ૪૬—॥ શ્રી મહાવીર સ્વામી જિન સ્તવન ॥

મહાવીર સ્વામી પ્રભુ મોટકા જો, જગમાં જય જીનરાજ જો;
હસ્તિપાલ રાયની વિનતિ જો, ધારી પાવાપુરી આપ જો.
દિન દીવાળીનો દીપતો જો. ॥ ૧ ॥

ચરમ ચોમાસું મહાવીર જો, રહ્યા પાવાપુરી માંય જો;
દર્શન કરવાને કારણે જો, સુર નર આવે ને જાય જો.
॥ દિન૦ ॥ ૨ ॥

દેશ અઢારના રાજીયા જો, લગતા પૌષધ દોય ઠાયજો;
વીર વાણી વરસાવતા જો, પહોર સોળે સુખ દાયજો.
॥ દિન૦ ॥ ૩ ॥

આસો વદ અમાવાસ્યાની જો, સાંજે ગૌતમ ગણધારજો;
દેવશર્માને પ્રતિબોધવા જો, મુકયા વીરે તેણી વાર જો.
॥ દિન૦ ॥ ૪ ॥

વીરનો નિર્વાણ જાણીને જો, આવ્યા ચોસઠ ઇંદ્ર જો;
રાત માંહિ રચના રચી જો, જુવે નર નારીના વૃંદ જો.
॥ દિન૦ ॥ ૫ ॥

કનેરી ગોખને ગોખલે જો, શ્રેણી દીપ સમાન જો;
રત્નો વિવિધ રંગના જો, ઠામ ઠામ દેવીના ગાન જો.
॥ દિન૦ ॥ ૬ ॥

તે દિન દીપમાલિકા જો, પડયું જગમાંહિ નામ જો;
બે દિન અણસણ પાળીને જો, પહોંચ્યા શીવપુર ગામ જો.
॥ દિન૦ ॥ ૭ ॥

ગૌતમ ગયા તે રાત્રિમાં જો, વીર પામ્યા નિર્વાણ જો;
પ્રાતઃકાળે તવ આવીયા જો, દેખી મુર્છાણા જાણજો,.
॥ દિન૦ ॥ ૮ ॥

વીર વજીર એમ વિનવે જો, સામુ જુઓ એક વાર જો;

દેવશર્માને મેં બુઝવ્યો જો, આપ આણા નીરધાર જો.
॥ દિન૦ ॥ ૯ ॥

મૌન ધારી મહાવીર જો, કેમ બેઠા આવાર જો;
રીસાણા શું અપરાધથી જો, સેવક મુકયો વિસાર જો.
॥ દિન૦ ॥ ૧૦ ॥

મુખડું જોઈ પ્રભુ તુમ તણું જો, ઝુરે સહુ પરિવારજો;
હસી બોલાવો રે વાલ્હા જો, પામે હર્ષ અપાર જો.
॥ દિન૦ ॥ ૧૧ ॥

દુઃખ ઘણા જગ જાણીયે જો, વીર સમો નહિ કોઈ જો;
વીરના વજીર સારીખા જો, ચીવર ભીંજાયે રોય જો.
॥ દિન૦ ॥ ૧૨ ॥

સંશય હવે કો છેદશે જો, ગૌતમ કહેશે કોણ આય જો;
દીલ દાઝે છે મહહરૂ જો, દહાડા દોહિલા થાય જો.
॥ દિન૦ ॥ ૧૩ ॥

નિરાગી સાથે નેહલો જો, રાગીથી કેમ થાય જો;
વીતરાગ ભાવને ભાવતાં જો, નીજ આતમની માંય જો.
॥ દિન૦ ॥ ૧૪ ॥

ચઢીયા ગૌતમ ધ્યાનમાં જો, પામ્યા કેવળ જ્ઞાન જો;
દેહ દહન કરી વીરનું જો, પહોંચ્યા દેવો વૈમાન જો.
॥ દિન૦ ॥ ૧૫ ॥

ઉત્તમ દિન છે આજનો જો, કરો જ્ઞાન દીવાય જો;
અલસ આળસ કાઢીને જો, પૌષધ કરવો સદાય જો;
॥ દિન૦ ॥ ૧૬ ॥

વીર વજીર દીપમાલિકા જો, ગાતાં પુરે મન હોડ જો;
હીર વિજય ગુરૂ હીરલો જો, લબ્ધિવિજય કહે કર જોડજો.
॥ દિન૦ ॥ ૧૭ ॥

## ૪૭– ॥ શ્રી મહાવીર સ્વામી જિન સ્તવન ॥

દીન દુખિયાનો તું છે બેલી, તું છે તારણહાર,
તારા મહિમાનો નહિ પાર રે;
રાજપાટ ને વૈભવ છોડી, છોડી દીધો સંસાર.
॥ તારા ॥ ૧ ॥

ચંડ કોશિયો ડસિયો જ્યારે, દુધની ધાર પગથી નીકળે,
વિષને બદલે દુધ જોઇને, ચંડ કોશિયો આવ્યો શરણે;
ચંડ કોશિયાને તેં તારીને, ઘણો કીધો ઉપકાર.
॥ તારા ॥ ૨ ॥

કાનમાં ખીલા ઠોકયા જયારે, થઇ વેદના પ્રભુને ભારે,
તોયે પ્રભુજી શાંત વિચારે, ગોવાળનો નહિં વાંક લગારે;
ક્ષમા આપી ને તે જીવોને, તારી દીધો સંસાર.
॥ તારા ૩ ॥

મહાવીર મહાવીર ગૌતમ પુકારે, આંખેથી આંસુ ધારા વહાવે,
કયાં ગયા એકીલા છોડી મુજને, હવે નથી કોઇ શરણું મારે;
પશ્ચાતાપ કરતા ઉપન્યું કેવળ જ્ઞાન.
॥ તારા ॥ ૪ ॥

જ્ઞાનવિમલ ગુરૂ વચણે આજે, ગુણ તમારા ગાયે થઈ ને,
થઈ સુકાની પ્રભુ આવે, ભવ જળ નૈયા પાર તરાવે;
અરજ સ્વીકારી દીલમાં ધારી, કરજે વંદન વારી.
॥ તારા ॥ ૫ ॥

## ૪૮– શ્રી ॥ દીવાળીનું સ્તવન ॥

મારગ દેશક મોક્ષનો રે, કેવળ જ્ઞાન નિધાન;
ભાવ દયા સાગર પ્રભુ રે, પર ઉપગારી પ્રધાનો રે;
વીર પ્રભુ સિદ્ધ થયા, સંઘ સકળ આધારો રે;
હવે ઈણ ભરતમાં, કોણ કરશે ઉપગારો રે ?
॥ વીર ॥ ૧ ॥

નાથ વિહૂણું સૈન્ય જ્યું રે, વીર વિહૂણો રે સંઘ;
સાધે કોણ આધારથી રે ? પરમાનંદ અભંગોરે.
॥ વીર૦ ॥ ૨ ॥

માત વિહૂણો બાળ જ્યું રે, અરહો પરહો અથડાય;
વીર વિહૂણા જીવડા રે, આકુળ વ્યાકુળ થાય રે.
॥ વીર૦ ॥ ૩ ॥

સંશય છેદક વીરનો રે, વિરહ તે કેમ ખમાય ?
જે દીઠે સુખ ઉપજે રે, તે વિણ કેમ રહેવાય રે ?
॥ વીર૦ ॥ ૪ ॥

નિર્યામક ભવ સમુદ્રનોરે, ભવ અટવી સથ્થવાહ;
તે પરમેશ્વર વિણ મળે રે, કેમ વાધે ઉત્સાહ રે. ?
॥ વીર૦ ॥ ૫ ॥

વીર થકાં પણ શ્રુત તણો રે, હતો પરમ આધાર;
હવે ઇહાં શ્રુત આધાર છે રે, અહો જિન મુદ્રા સારરે ?
॥ વીર૦ ॥ ૬ ॥

ત્રણ કાળે સવિ જીવને રે, આગમથી આણંદ;

સેવો ધ્યાવો ભવિજનારે, જિન પડિમા સુખ કંદો રે.
॥ વીર૦ ॥ ૭ ॥

ગણધર આચારજ મુનિ રે, સહુને ઈણી પરે સિદ્ધ;
ભવ ભવ આગમ સંગથી રે, દેવચંદ્ર પદ લીધરે.
॥ વીર૦ ॥ ૮ ॥

## ૪૯—॥ શ્રી મહાવીર જિન સ્તવન ॥

વીરજી સુણો મોરી વિનતિ, કર જોડી કહું મનની વાત;
બાળકની પરે વિનવું, મારા સ્વામી હો તમે ત્રિભુવન તાત.
॥ વીર૦ ॥ ૧ ॥

તુમ દરિસણ વિણ હું ભમ્યો, ભવ માંહિ હો સ્વામી
સમુદ્ર મોઝાર;
દુઃખ અનંત મેં સહ્યાં, તે કહેતાં હો કિમ આવે પાર.
॥ વીર૦ ॥ ૨ ॥

પર ઉપકારી તું પ્રભુ, દુઃખ ભંજક હો જગ દીનદયાળ;
તેણે તોરે ચરણે હું આવીયો, સ્વામી મુજને હો નિજ
નયણે નિહાલ. ॥ વીર૦ ॥ ૩ ॥

અપરાધી પણ ઉદ્ધર્યા, કહું કેતા હો તેરા અવદાત;
સાર કરો હવે માહરી, મન આણો હો સ્વામી મોરી વાત.
॥ વીર૦ ॥ ૪ ॥

શૂલપાણી પ્રતિબૂઝવ્યો, જેણે કીધો હો તુજને ઉપસર્ગ;
ડંખ દીધો ચંડ કોશીએ, જેને દીધો હો તુમે આઠમો સ્વર્ગ.
॥ વીર૦ ॥ ૫ ॥

ગોશાળો ગુનહી ઘણો, જેણે બોલ્યા હો તેરા અવર્ણવાદ;
તે બળતો તેં રાખીયો, શીત લેશ્યા હો મૂકી સુપ્રસાદ.
॥ વીર૦ ॥ ૬ ॥

જે કુણ છે ઇંદ્રજાળીયો, ઈમ કહેતો હો આવ્યો તુમ તીર;
તે ગૌતમને તુમે કીયો, પોતાનો હો પ્રભુ મુખ્ય વજીર.
॥ વીર૦ ॥ ૭ ॥

વચન ઉત્થાપ્યા તાહરા, જે ઝગડયા હો તુમ સાથે જમાલિ;
તેહને પણ પન્નર ભવે, તેં કીધો કૃપાળ શિવગામી.
॥ વીર૦ ॥ ૮ ॥

અઈમત્તા ઋષિ જે રમ્યા, જલમાંહિ હો બાંધી માટીની પાળ;
તરતી મૂકી કાચલી, તેં તાર્યા હો તેહને તત્કાલ.
॥ વીર ॥ ૯ ॥

મેઘકુમાર ઋષિ બુઝવ્યો, ચિત્ત ચૂકયા હો ચારિત્રથી અપાર;
એકાવતારી તેહને, તેં કીધો હો કરૂણા ભંડાર.
॥ વીર ॥ ૧૦ ॥

રાય શ્રેણિક રાણી ચેલ્લણા, રૂપ દેખી હો ચિત્ત ચૂકયા જેહ;
સમવસરણ સાધુ સાધવી, તેં કીધા હો આરાધક તેહ.
॥ વીર ॥ ૧૧ ॥

બાર વર્ષ વેશ્યા ઘરે, રહ્યા મુકી હો સંજમનો ભાર;
નંદિષેણ પણ ઉદ્ધર્યા, સુરપદવી હો દીધી અતિસાર.
॥ વીર ॥ ૧૨ ॥

પંચ મહાવ્રત પરિહરી, ગૃહવાસે હો રહ્યા વર્ષ ચોવીશ;

તે પણ આર્દ્રકુમારને, તેં તાર્યા હો તોરી એહ જગીશ.
॥ વીર ॥ ૧૩ ॥

વ્રત નહી નહી આખડી, નહી પોસહ હો આદર દીક્ષ;
તે પણ શ્રેણિકરાયને, તુમે કીધો હો સ્વામી આપ સદક્ષ.
॥ વીર ॥ ૧૪ ॥

એમ અનેકને ઉદ્ધર્યા, કહું કેતા હો, કરૂણા કર સામ;
હું પ્રભુ ભક્ત છું તાહરો, તેને તારો હો નહીં ઢીલનું કામ.
॥ વીર ॥ ૧૫ ॥

શુદ્ધ સંજમ તો નવિ પલે, નહીં તેહવો હો મુજ દરિસણ જ્ઞાન;
પણ આધાર એક છે એટલો, તારૂં હો ધરૂ નિશદિન ધ્યાન.
॥ વીર ॥ ૧૬ ॥

મેહ મહિતલ વરસતાં, નહીં જોવે હો સમ વિષમ ઠામ;
ગિરુઆ સહેજે ગુણ કરે, સ્વામી સારો હો મોરા વંછિત કામ.
॥ વીર ॥ ૧૭ ॥

તુમ નામે સુખ સંપદા, તુમ નામે હો દુઃખ જાયે દૂર;
તુમ નામે વંછિત ફલે, તુમ નામે હો મુજ આનંદ પૂર.
॥ વીર ॥ ૧૮ ॥

## ૫૦—॥ શ્રી મહાવીર સ્વામી સ્તવન ॥

હું સાચો શિષ્ય તુમારો પ્રભુજી, પટો લખી દ્યો મેરો;
લાવું લેખણ લાવું શાહી, લાવું કાગળ સારો,
મુક્તિપુરીનું રાજ લખાવું, મુજરો માનો મેરો.
॥ હું૦ ॥ ૧ ॥

સગાં સંબંધી સર્વ ત્યજીને, આપની સેવા કીની;
માત્ર એટલી આશ પુરીને, જીંદગી સોંપી દીધી.
॥ હું૦ ॥ ૨ ॥

અનાર્ય આર્દ્રક પાપી અર્જુન, માળી ઉદાયી રાજા;
શું કર્યું બાળક અઇમુત્તે કે, આપ્યું શિવનું રાજ.
॥ હું૦ ॥ ૩ ॥

મંકાતી આદિ નૃપ પુત્રો, થાય સાતસો સિદ્ધ;
તો શું હૂં પણ ના પામું, મેં શી ભૂલજ કીધી.
॥ હું૦ ॥ ૪ ॥

ગોશાળે લેશ્યાને મુકી, આપને પીડા કીધ;
બીજપુર પાક વહોરાવે રેવતી, તેને નિજપદ દીધ.
॥ હું૦ ॥ ૫ ॥

ચંદનબાળા બાકુળ આપીને, ધરે મુક્તિનો તાજ;
શ્રેણિક પત્ની ત્રેવીસ શિવ પદ, ચૌદસો નારી સમાજ.
॥ હું૦ ॥ ૬ ॥

અષ્ટાપદ પર્વત જઈ આવ્યા, પંદરસો અવધૂત.
તેને પણ તેં મોક્ષમાં સ્થાપ્યા, પ્રભુ ન્યાય અદ્ભૂત.
॥ હું૦ ॥ ૭ ॥

ગૌતમ ગણધર મહા મુનિવર, મોક્ષ તાન લય લીન;
શાન્તિ પામે વીર વચનથી, દર્શન પાઠ અદીન.
॥ હું૦ ॥ ૮ ॥

## ૫૧—॥ શ્રી ગૌતમ સ્વામી સ્તવન ॥

સેવો સેવો ગુરૂ ગૌતમને, દીવાળી દિન આજ;
મારા સિધ્ધ્યા સઘળા કાજ.
મગધ દેશમાં ગોબર ગામે, બ્રાહ્મણ વસુભૂતિ ધામ,
તસ પૃથ્વી માતાના ઉદર, ઉપન્યો ગૌતમ સ્વામ.
॥ મારા૦ ॥ ૧ ॥

માત પિતાના લાડકડા એ, બન્યા વિદ્યાના ધામ;
ચાર વેદને ચૌદ વિદ્યાના, પાઠ ભણે તમામ.
॥ મારા૦ ॥ ૨ ॥

તે કાલે તે સમયે પ્રભુજી, મહાવીર પામ્યા જ્ઞાન;
પાવાપુરીમાં વીર પધાર્યા, દેવો કરે ગુણ ગાન.
॥ મારા૦ ॥ ૩ ॥

સમવસરણે ચાર મુખે પ્રભુજી, આપે બોધ અપાર;
મધુરી એ વાણીમાં મોહ્યાં; સુરપતિ નર ને નાર.
॥ મારા૦ ॥ ૪ ॥

ઈંદ્રભૂતિ ચિંતવે મન માંહિ, સૌ યજ્ઞ ત્યજી કયાં જાય;
ખબર પડી કે કોઈ સર્વજ્ઞ, આવ્યો છે ઈણ ઠાય.
॥ મારા૦ ॥ ૫ ॥

અભિમાનથી ક્રોધે ચઢિયો, ચાલ્યો વીરની પાસ;
હું છતાં એ કોણ સર્વજ્ઞ, ધરતો મન ઉલ્લાસ.
॥ મારા૦ ॥ ૬ ॥

સમવસરણમાં પ્રભુને જોતાં, ઇંદ્રભૂતિ વિચારે;

આ તો જિન ચોવીશમા છે, કેમ જીતવા મારે.
॥ મારા૦ ॥ ૭ ॥
મીઠા વચને પ્રભુજી બોલાવે, હે ઇંદ્રભૂતિ આવો;
ચિત્ત ચમકી ઇંદ્રભૂતિ ચિંતવે, ખોટો છે મુજ દાવો.
॥ મારા૦ ॥ ૮ ॥
વેદના પદનો અર્થ કહીને, પ્રભુજી ત્યાં સમજાવે;
જીવનો સંશય દૂર થયો ને, સમ્ય દ્રષ્ટિ પામે.
॥ મારા૦ ॥ ૯ ॥
શિષ્ય સાથે દીક્ષા લીધી, પ્રભુજી ગણધર પદ સ્થાપે;
છઠ્ઠ અઠ્ઠમ તપ તરવારે, કર્મ કઠિનને કાપે.
॥ મારા૦ ॥ ૧૦ ॥
કાર્તિક વદિ અમાસની રાત્રે, વીરજી મોક્ષ સિધાવે;
પ્રભુ વિરહે ગૌતમનું મુખડું, આકુળ વ્યાકુળ. થાવે.
॥ મારા૦ ॥ ૧૧ ॥
કોણ વીર ને કોણ હું વળી, ગૌતમ મનમાં ભાવે;
પણ પરિણતિ પરિણમતાંરે, પ્રભાતે કેવલ પામે.
॥ મારા૦ ॥ ૧૨ ॥
એવા ગુરૂ ગૌતમને વંદો, ઉઠી નિત્ય સવારે;
કહે હર્ષ ભવ જલ તરવા, પહોંચ્યા શિવ મંદિર દ્વારે.
॥ મારા૦ ॥ ૧૩ ॥

## પર—॥ શ્રી પજુસણનું સ્તવન ॥

પ્રભુ વીર જિણંદ વિચારી, ભાખ્યાં પર્વ પજુસણ ભારી;
આખા વર્ષમાં એ દિન મોટા, આઠે નહિં તેમાં છોટા રે;

એ ઉત્તમને ઉપગારી, ભાખ્યાં પર્વ પજુસણ ભારી. ॥ ૧ ॥
જેમ ઔષધમાંહે કહીએ, અમૃતને સારૂં લહીયે રે;
મહામંત્રમાં નવકારવાળી. ભાખ્યાં. ॥ ૨ ॥
તારા ગણુમાં જેમ ચંદ્ર, સુરવર માંહે જેમ ઇંદ્ર રે;
સતીઓ માંહે સીતા નારી. ભાખ્યાં ॥ ૩ ॥
વૃક્ષમાંહિ કલ્પતરૂ સારો, એમ પર્વ પજુસણ ધારોરે;
સૂત્રમાં કલ્પ ભવ તારી. ભાખ્યાં ॥ ૪ ॥
તે દિવસે રાખી સમતા, છોડ મોહ માયા ને મમતારે;
સમતા રસ દિલમાં ધારી. ॥ ભાખ્યાં ॥ ૫ ॥
જો બને તો અઠ્ઠાઇ કીજે, વલી માસખમણ તપ લીજેરે;
સોળ ભત્તાની બલિહારી. ॥ ભાખ્યાં ॥ ૬ ॥
નહિ તો ચોથ છઠ્ઠ તો લહીયે, વલી અઠ્ઠમ કરી દુઃખ સહિયેરે;
તે પ્રાણી જુજ અવતારી. ॥ ભાખ્યાં ॥ ૭ ॥
નવ પૂર્વતણો સાર લાવી, જેણે કલ્પસૂત્ર બનાવીરે;
ભદ્રબાહુ વીર અનુસારી ॥ ભાખ્યાં ॥ ૮ ॥
સોના રૂપાનાં ફુલડાં ધરીયે, એ કલ્પની પૂજા કરીયે રે;
એ શાસ્ત્ર અનોપમ ભારી. ॥ ભાખ્યાં ॥ ૯ ॥
સુગુરૂ મુખથી તે સાર, સુણે અખંડ એકવીશ વારરે;
એ જુવે અષ્ટ ભવે શિવપ્યારી. ॥ ભાખ્યાં ॥ ૧૦ ॥
ગીતા ગાન વાજિંત્ર બજાવે, પ્રભુજીની આંગી રચાવે રે;
કરે ભકિત વાર હજારી. ॥ ભાખ્યાં ॥ ૧૧ ॥
એવા અનેક ગુણુના ખાણી, તે પર્વ પજુસણ જાણીરે;
સેવો દાન દયા મનોહારી. ॥ ભાખ્યાં ॥ ૧૨ ॥

# ૫૩—॥ શ્રી સીમંધર જિન સ્તવન ॥

॥ પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય—એ દેશી ॥

કહેજો વંદન જાય, દધિસુત ! કહેજો.
મહાવિદેહમાં સ્વામી મેરા, જય જય ત્રિભુવનરાય.
॥ દધિ ॥ ૧ ॥

ભૂપતિ શ્રી શ્રેયાંસના નંદન, સત્યકી જસ માય;
સકલ સુર પતિ સેવા સારે, પ્રણમે નર પતિ પાય.
॥ દધિ ॥ ૨ ॥

તારક ! ખીજમતગાર આપનો, ભારતમાં ગુણ ગાય,
સતત ધ્યાવત નાથ સાથે, મિલનનો મન થાય.
॥ દધિ ॥ ૩ ॥

પાંખ પોતે હોત માહરે, તો મીલત જઈ ધાય;
આપ દૂરે જઈ બેઠા, મિલુ કિણી પેરે આય.
॥ દધિ૰ ॥ ૪ ॥

પતિત પાવન નામ તેરો, સમરતા સુખ થાય;
ધરૂં વચન પરતિત નિશ્ચલ, એહી મોક્ષ ઉપાય.
॥ દધિ૰ ॥ ૫ ॥

રાગે રાખે નહિ કોઇશું, સેવતાં સુખ થાય;
એહી અચરજ વડું મનમાં, વીતરાગ કહાય.
॥ દધિ૰ ॥ ૬ ॥

તાહરી ગત તુંહી જાણે, અકલ અમલ અમાય;
ન્યાય સાગર દાસકો પ્રભુ, કીજીયે સુપસાય.
॥ દધિ૰ ॥ ૭ ॥

## ૫૪—॥ શ્રી સીમંધર જિન સ્તવન ॥

શ્રી સીમંધર સાહિબા ! વિનતડી અવધાર લાલરે;
પરમ પુરૂષ પરમેસરૂ, આતમ પરમ આધાર લાલરે.
॥ શ્રી. ॥ ૧ ॥

કેવલ જ્ઞાન દિવા કરૂ, ભાંગે સાદિ અનંત લાલરે;
ભાસક લોકા લોકનો, જ્ઞાયક જ્ઞેય અનંત લાલરે.
॥ શ્રી૦ ॥ ૨ ॥

ઇંદ્ર ચંદ્ર ચક્રીસરૂ, સુર નર રહે કરજોડ લાલરે;
પદ પંકજ સેવે સદા, અણુ હુંતે એક કોડ લાલરે.
॥ શ્રી૦ ॥ ૩ ॥

ચરણ કમલ પિંજર વસે, શુભ મન હંસ નિતમેવ લાલરે;
ચરણ શરણ મોહિ આશરો, ભવ ભવ દેવાધિદેવ લાલરે.
॥ શ્રી૦ ॥ ૪ ॥

અધમ ઉદ્ધારણ છો તુમ્હે, દૂર હરો ભવ દુઃખ લાલરે;
કહે જિન હર્ષ મયા કરી, દેજો અવિચલ સુખ લાલરે.
॥ શ્રી૦ ॥ ૫ ॥

## ૫૫—॥ શ્રી સીમંધર સ્વામી સ્તવન ॥

શ્રી સીમંધર મુજ મન સ્વામી, તુમે સાચા છો શીવપુર ગામી;
કે ચંદા તુમે જઇ કહેજો. ॥ ૧ ॥

જો એકવાર અહિંયા તુમે આવો, હરે મિથ્યાત્વીને ઘણું
સમજાવો. ॥ કે ચંદા ॥ ૨ ॥

કહેજો મારા વહાલાને, કહેજો જીનરાજને; કહેજો સીમંધર
સ્વામીને,
તુમે ભરતક્ષેત્ર અહિંયાં આવો ॥ કે ચંદા૦ ॥ ૩ ॥
મનડું તે મારૂં તુમ પાસે રહે છે, ચંદા ચરણે તે ચિત્ત
ચાહે છે. ॥ કે ચંદા૦ ॥ ૪ ॥
તિહાં તે જીનજીના વરખજ દીપે, જીનના ગુણ ગાવાને
દીલ હરખે. ॥ કે ચંદા૦ ॥ ૫ ॥
ભરત ક્ષેત્રમાં જે ભવિ પ્રાણી, જીનની વાણી સુણવાની
ગુણ ખાણી;॥ કે ચંદા૦ ॥ ૬ ॥
મહાવિદેહ ક્ષેત્રના જે ભવિ પ્રાણી, નિત્યે સુણે એ
તુમચી વાણી; યોજન વર વાણી. ॥ કે ચંદા૦ ॥ ૭ ॥
ક્ષેત્ર જે લહીએ ચંદા તોય અમે, તમને શેના કહીએ.
॥ કે ચંદા૦ ॥ ૮ ॥
અનુભવ અમૃત ભેળીને લેજો, ચંદા રતિ એક દર્શન દેજો.
॥ કે ચંદા૦ ॥ ૯ ॥
તુજ પદ પંકજ જીનવિજયના, ચંદા નયને આવવાની
ઘણી હોંશો. ॥ કે ચંદા૦ ॥ ૧૦ ॥
વાચક યશ વિજયનારે શિષ્ય, ચંદા નિર્મળ બુદ્ધિ જગીશ,
॥ કે ચંદા૦ ॥ ૧૧ ॥

## ૫૬—॥ શ્રી અનંતવીર્ય જિન સ્તવન ॥

અનંત વીર જ અરિહંત ! સુણો મુજ વિનતી,
અવસર પામી આજ હું આવ્યો દિલ છતી;

આતમ સત્તા હારી, સંસારે હું ભમ્યો,
મિથ્યા અવિરતિ રંગ કષાયે બહુ દમ્યો. ॥ ૧ ॥
ક્રોધ દાવાનળ દગ્ધ માન વિષધર ડસ્યો,
માયા જાલે બદ્ધ લોભ અજગર ગ્રસ્યો;
મન વચ કાયાના યોગ ચપળ થયા પરવશા,
પુદ્ગલ પરિચય પાપ તણી અહનિશ દશા. ॥ ૨ ॥
કાય રાગે અણ નાથ્યા સાંઢ પરે ધસ્યો,
સ્નેહ રાગની રાચે ભવ પિંજર વસ્યો;
દ્રષ્ટિ રાગ રૂચિ કાચ પાચ સમકિત ગણું,
આગમ રીતિ નાથ ! નવ નિરખું નિજપણું. ॥ ૩ ॥
'ધર્મ' દેખાડો માંડ ભાંડ પરે અતિ લહું,
અચિરે અચિરે રામ' શુક પરે કહું;
કપટ પટુ નટુવા પરે મુનિમુદ્રા ધરૂં,
પંચ વિષય સુખ પોષ સદોષ વૃત્તિ ભરૂં. ॥ ૪ ॥
એક દિનમાં નવાર 'કરેમિ ભંતે' કરૂં,
ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણ ક્ષણ એક નવિ કરૂં;
મા–સાહસ ખગરીતિ નીતિ ઘણી કહું,
ઉત્તમ કુલવટ વાટ એ પણ નિરવહું. ॥ ૫ ॥
દીન દયાળ કૃપાળ પ્રભુ મહારાજ ! છો,
જાણ આગળ શું કહેવું ! ગરીબ નીવાજ છો;
પૂરવ ધાતકી ખંડ નલિની વિજયાવતી,
નયરી અયોધ્યા નાયક લાયક પતિ પતિ.
॥ ૬ ॥

મેઘ મહીપ મંગલાવતી, સુત વિજયાવતી,
આનંદ ગજ લંછન, જગ જનતા રતિ;
ક્ષમાવિજય જિનરાજ, અપાય નિવારજો,
વિહરમાન ભગવાન! સુનજરે તારજો. ॥ ૭ ॥

## ૫૭--॥ શ્રી વિહરમાન જિન સ્તવન. ॥

દેવજસા દરિશન કરો, વિઘટે મોહ વિભાવ લાલરે;
પ્રગટે શુદ્ધ સ્વભાવતા, આનંદ લહરી દાવ લાલરે.
॥ દેવ૦ ॥ ૧ ॥

સ્વામી વસો પુક્ખર વરે, જંબુ ભરતે દાસ લાલરે;
ક્ષેત્ર વિભેદ ઘણો પડયો, કિમ પહોંચે ઉલ્લાસ લાલરે.
॥ દેવ૦ ॥ ૨ ॥

હોવત જો તનું પાંખડી, તો આવત નાથ હજુર લાલરે;
જો હોવત ચિત્ત આંખડી, તો દેખત નિત્ય પ્રભુ નુર લાલરે.
॥ દેવ૦ ॥ ૩ ॥

શાસન ભકત જે સુર વરા, વિનવું શીષ નમાય લાલરે;
કૃપા કરો મુજ ઉપરે, તો જિન વંદન થાય લાલરે.
॥ દેવ૦ ॥ ૪ ॥

પૂછું પૂર્વ વિરાધના, શી કીધી એણે જીવ ! લાલરે;
અવિરતિ મોહ ટળે નહિ, દીઠે આગમ દીવ લાલરે.
॥ દેવ૦ ॥ ૫ ॥

આતમ તત્ત્વ સ્વભાવને, શોધન બોધન કાજ લાલરે;
રત્ન ત્રયી પ્રાપ્તિ તણો, હેતુ કહો મહારાજ! લાલરે.
॥ દેવ૦ ॥ ૬ ॥

તુમ સરિખા સાહિબ મળે, ભાંજે ભવ ભ્રમ ટેવ લાલરે;
પુષ્ટાલંબન પ્રભુ લહી, કોણ કરે પર સેવ ! લાલરે.
॥ દેવ૦ ॥ ૭ ॥

દીન દયાળ કૃપાળ તું, નાથ ભવિક આધાર લાલરે;
દેવચંદ્ર જિન સેવના, પરમામૃત સુખકાર લાલરે.
॥ દેવ૦ ॥ ૮ ॥

## ૫૮—॥ શ્રી સમવસરણનું સ્તવન ॥

આજ ગયા તે અમે સમોવસરણમાં, વાણી અમીરસ પીવા રે;
પીતારે પીતા હું તો પુરણ પ્રાપી,અનુભવ પ્યાલો મુજને
લાધ્યો રે. ॥ ૧ ॥

પહેલે પ્યાલે મુજને સમકિત પ્રગટયું, બીજે અજ્ઞાનતા મેલી રે;
તત્ત્વ તણો એ ત્રીજો પ્યાલો, મગન હુતી પીતા પેલી રે.
॥ આજ૦ ॥ ૨ ॥

મૃગ પાસે મૃગ બેસત રાજન, નહિં કોઈ એહનો વેરી રે;
એવી વાણી સુણીને હંસલો, ત્રિજંચર જીવન જીવો રે.
॥ આજ૦ ॥ ૩ ॥

એણ આગળ એ બારે પર્ખદા, મળીયા છે કોડા કોડી રે;
ચોસઠ ઇંદ્ર નમે શિર નામી, ઉભા છે બે કર જોડી રે.
॥ આજ૦ ॥ ૪ ॥

અજબ અનોપમ મૂરતી દેખી, દેખત શુદ્ધ બુદ્ધ ભુલી રે;
શ્વાસોશ્વાસ તણી એ પરિસુઢ, ચંપક કેતકી ફુલી રે.
॥ આજ૦ ॥ ૫ ॥

પંચમે આરે પંચમા જિનની, તાતા તે પ્રભુ દીઠા રે;
સુણુ એની એની ગતિ ન્યારી, મુજ મન લાગે પ્યારી રે.
॥ આજ૦ ॥ ૬ ॥
આગલોલ માંહી સુમતિ બીરાજે, ચૌખંડ માંહે ગાજે રે;
રત્ન વિબુધને સેવક જાણી, જીત્યાના ડંકા વાજે રે.
॥ આજ૦ ॥ ૭ ॥

## ૫૮--અ ॥ શ્રી પરમાત્માનું સ્તવન ॥

વિનતડી મનમોહન મારી સાંભળો, હું છું પામર
પ્રાણી નીપટ અબુઝજો;
લાંબુ ટુકું હું કાંઈ જાણું નહિં, ત્રિભુવન નાયક તાહરા
ઘરનું ગુજજો. વિનતડી મન મોહન મારી સાંભળો. ॥ ૧ ॥
પેલા છેલ્લા ગુણઠાણાનો આંતરો, તુજ મુજ માંહે
આબેહુબ દેખાયજો;
અંતર મેરૂ સરસવ બિન્દુ સિંધુનો, શી રીતે હવે ઉભય
સંધ સંધાયજો ॥ વિ૦ ॥ ૨ ॥
દોષ અઢારે પાપ અઢારે તેં તજ્યાં, ભાવ દિશા પણ
દૂરે કીધ અઢારજો;
સઘળા દુર્ગુણ પ્રભુજી મેં અંગીકર્યા, શી રીતે હવે
થાઉ એકાકારજો. ॥ વિ૦ ॥ ૩ ॥
ત્રાસ વિના પણ આણા માને તાહરી, જડ ચેતન જે
લોકાલોક મંડાણજો;
હું અપરાધી તુજ આણા માનું નહિં, કહો સ્વામી કિમ
પામું નિર્વાણ જો. ॥ વિ૦ ॥ ૪ ॥

અંતર મુખની વાતો વિસ્તારી કરૂં, પણ ભીતરમાં કોરો
આપો આપજો;
ભાવ વિનાની ભક્તિ લુખી નાથજી, આશિષ આપો કાપો
સઘળાં પાપ જો. ॥ વિં ॥ ૫ ॥

યાદૃશ આણા સુક્ષ્મતર પ્રભુ તાહરી, તાદૃશ રૂપે કદીયે ન
પળાય જો;
વાત વિચારી મનમાં ચિંતા મોટકી, કોઈ બતાવો સ્વામી
સરળ ઉપાય જો. ॥ વિં ॥ ૬ ॥

અતિશયધારી ઉપકારી પ્રભુ તું મલ્યો, મુજ મનમાંહે
પુરો છે વિશ્વાસ જો;
ધર્મરત્ન ત્રણ નિર્મળ રત્ન આપજો, કરજો આતમ
પરમાતમ પ્રકાશ જો. ॥ વિં ॥ ૭ ॥

## ૫૯—॥ શ્રી જિન પ્રતિમાનું સ્તવન ॥

જેહને જિનવરનો નહિં જાપ, તેહનું પાસું ન મેલે પાપ;
જેહને જિનવર શું નહિં રંગ, તેહનો કદી ન કીજે સંગ.
॥ ૧ ॥

જેહને નહિં વ્હાલા વીતરાગ, તે મુક્તિનો ન લહે તાગ;
જેહને ભગવંત શું નહીં ભાવ, તેહની કુણ સાંભળશે રાવ.
॥ ૨ ॥

જેહને પ્રતિમા શું નહીં પ્રેમ, તે તો પામે નહીં સમકિત,
પૂજા છે મુક્તિનો પેચ, નિત નિત ભાખે ઇમ ભગવંત.
॥ ૩ ॥

જેહને પ્રતિમા શું છે વેર, તેહની કહો શી થાશે પેર;
જેહને જિન પ્રતિમા નહીં પૂજ્ય, આગમ બોલે તેહ અપૂજ્ય.
॥ ૪ ॥

નામ સ્થાપના દ્રવ્ય ને ભાવ, પ્રભુને પૂજો લહી પ્રસ્તાવ;
જે નર પૂજે જિનનાં બિંબ, તે લહે અવિચલ પદ અવિલંબ.
॥ ૫ ॥

સત્તર અઠાણું અષાઢી બીજ, ઉજ્વલ કીધું છે બોધિ બીજ;
ઈમ કહે ઉદયરતન ઉવજ્ઝાય, પ્રેમે પૂજો પ્રભુના પાય.
॥ ૬ ॥

## ૬૦—॥ શ્રી સામાન્ય જિન સ્તવન ॥

પ્રભુજી ! પટા લખાઇ મેરા, મેં સચ્ચા નોકર તેરા–પ્રભુજી ।
મૈં દિન ભર નોકર તેરા, પ્રભુજી ।
મૈં હુકમી ચાકર તેરા, દૌત મંગાઇ દેઉં, કલમ મંગાઈ દેઉં ।
પાના મંગાઇ દેઉં કોરા, મુક્તિ પુરીકી જાગીર લડાઈ દો ।
મુસ્તક મુજરા મેરા. ॥ પ્રભુજી ! ॥ ૧ ॥

જ્ઞાન ધ્યાનકા મહેલ બનાયા, દરવાજે રખો પોરા ।
સુમતિ સીપાઈ નોકર રાખા, ચોર ન પાવે ઘેરા..
॥ પ્રભુજી ! ॥ ૨ ॥

પંચ હથિયાર જતન કરી રાખો, મનમાં રાખો ધીરા ।
ક્ષમા ખડ્ગ લઈ પાર ઉતર જાઉં, જબ તક મુજરા મેરા..
॥ પ્રભુજી ! ॥ ૩ ॥

કોડી કોડી માયા જોડી, માલ ભર્યા સબ તેરા ।

જમના દૂત પકડનેકુ લાગ્યા, લુંટ લિયા સબ ડેરા.
॥ પ્રભુજી ! ॥ ૪ ॥

મન વચ તન દરિયાવ ભર્યા હે, નાવે આવે જે ઠેલા ।
કહે કાન્તિવિજય કર જોડી, અંત પંતકા ઘેલા.
॥ પ્રભુજી ! ॥ ૫ ॥

## ૬૧—॥ શ્રી સંસાર સ્વરૂપનું સ્તવન ॥

નટવો થઈને એવા નાટક નાચ્યો હો જિનવરિયા,
સુણ તું જિનવરિયા, સંસારમાં હું જિનવરિયા,
પહેલાં નાચ્યો પેટમાં માતાના, બહુવાર ઘોર અંધારી કોટડી,
કોણ સુણે પોકાર જ્યાં માથો, નીચો નેં છાતી ઘોડો હો.
॥ જિન૦ ॥ ૧ ॥

હાડ માંસનો પિંજરો ઉપર મઢીયો ચામ,
મલ મૂત્ર માંહે ભર્યો માન્યો સુખનો ધામ,
ત્યાં નવ નવ મહિના ઉંધે માથે લટકયો હો.
॥ જિન૦ ॥ ૨ ॥

ઉઠ કોડ રામ રાયમાં, કરી ધગ ધગતી સોય,
કેઈ પાવે જો સામટી, કષ્ટ આઠ ગુણો હોય,
માતાને પણ જમનો દ્વાર દેખાયો હો....
॥ જિન૦ ॥ ૩ ॥

આંધી મુઠી દોયમાં, લાવ્યો પુન્ય પાપને લાર,
ઉવાં ઉવાં કરી હું રડું, જગમાં હર્ષ અપાર,
પડદામાંથી રંગ ભૂમિયે આવ્યો હો... ॥ જિન૦ ॥ ૫ ॥

પાલણીયામાં પોઢી માતા હાલાં ગાય,
ખરડાયો મલમૂત્રમાં અંગુલી મુખમાં જાય,
પછી ભીનામાંથી સુકામાં સુલાયો હો... ॥ જિન૦ ॥ ૫ ॥
છોટાનો મોટો થયો, રમતાં ધૂલિમાંય,
પિતાએ પરણાવીયો, માતા હર્ષ ન માય,
પછી નારીનો નચાવ્યો, થેઈ થેઇ નાચ્યો હો....
॥ જિન૦ ॥ ૬ ॥
કુટુંબ ચિંતા કારમી, ચુંટી કલેજો ખાય,
એથી તો ભલી ડાકણી, મનડો માંહિ મુંઝાય,
જાણે કોશેટાનો કીડો, જાળમાં ગુંથાયો હો....
॥ જિન૦ ॥ ૭ ॥
દાઢો ને દાંતો પડયા, નીચા ઢલિયા નેણ,
ગાલોની લાલી ગઈ, ખું ખું કરી ગઇ રેણ,
પછી ડોસો થઇને ડગમગ ડગમગ ચાલ્યો હો....
॥ જિન૦ ॥ ૮ ॥
ચાર ગતિ ચોગાનમેં, નાચ્યો નાચ અપાર,
ન્યાય સાગર નાચ્યો નહીં, રત્ન ત્રયને ધાર,
કુમતિનો ભરમાયો, કાંઈ ન સમજ્યો હો....
॥ જિન૦ ॥ ૯ ॥

## ૬૨—॥ અષ્ટાપદજીનું સ્તવન ॥

અષ્ટાપદ ગિરિ યાત્રા કરણકુ, રાવણ પ્રતિહરિ આયા,
પુષ્પક નામે વિમાને બેસી, મંદોદરી સુહાયા,
શ્રી જીન પૂજી લાલ, સમકિત નિર્મળ કીજે,

નયણે નિરખી હો લાલ, નર ભવ સફલો કીજે,
હૈડે હરખી હો લાલ, સમતા સંગ કરીજે. ॥ ૧ ॥
ચઉ મુખ ચઉ ગતિ હરણ પ્રાસાદે, ચઉ વિશે જિન બેઠા;
ચઉ દિશિ સિંહાસન સમ નાસા, પૂરવ દિશિ દોય જિટ્ઠા.
॥ ૨ ॥
સંભવ આદે દક્ષિણ ચારે, પશ્ચિમ આઠ સુપાસા;
ધર્મ આદિ ઉત્તર દિશિ જાણો, એવં જિન ચઉ વિશા.
॥ ૩ ॥
બેઠા સિંહ તણે આકારે, જિણ હર ભરતે કીધાં;
રયણ બિંબ મૂરતિ થાપીને, જગ જશ વાદ પ્રસિદ્ધા.
॥ ૪ ॥
કરે મંદોદરી રાણી નાટક, રાવણ તાંત બજાવે;
માદલ વીણા તાલ તંબુરો, પગરવ ઠમ ઠમકાવે.
॥ ૫ ॥
ભક્તિ ભાવે એમ નાટક કરવાં, ત્રુટી તંત વિચાલે;
સાંધી આપ નસા નિજ કરની, લઘુ કલાસુ તત કાલે.
॥ ૬ ॥
દ્રવ્ય ભાવ શું ભક્તિ ન ખંડી, તો અક્ષય પદ સાંધ્યું,
સમકિત સુર તરૂ ફલ પામીને, તીર્થંકર પદ બાંધ્યું;
॥ ૭ ॥
એણિ પરે ભવિજન જે જિન આગે, બહુ પરે ભાવના ભાવે;
જ્ઞાનવિમલ ગુણ તેહના અહર્નિશ, સુર નર નાયક ગાવે.
શ્રી જીનજી લાલ સમકિત નિર્મળ કીજે. ॥ ૮ ॥

## ૬૩—॥ શ્રી અષ્ટાપદજીનું સ્તવન ॥

અષ્ટાપદ આનંદ શું રે લાલ, વંદુ ચોવીશ જિણંદ મેરે પ્યારેરે,
પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણે રે લાલ, પૂજતાં હોય આનંદ મેરે
પ્યારેરે. ॥ ૧ ॥

એક એક જોજન આંતરૂં રે લાલ, સોહે પાવડીયાં આઠ મેરે ।
કનક વર્ણ સોહામણો રે લાલ, મણિમય રૂડાં બિંબ મેરે ॥
॥ ૨ ॥

ભરતે ભાવે ભરાવીયારે લાલ, તાત ભક્તિ સુત કાજ મેરે ।
સગર સુત ખાઇ ખણીરે લાલ, દહેરાં રાખવા કાજ મેરે ॥
॥ ૩ ॥

દેવ દેવી આવે સદારે લાલ, વિદ્યાધર ક્રોડ મેરે ।
ગૌતમ સ્વામી પ્રતિબુઝવ્યારે લાલ, જૃંભક જીવ કોઇ
જોડ મેરે ॥ ॥ ૪ ॥

રાત દિવસ સુતાં જાગતાંરે લાલ, મુજ મનમાં તેહનું ધ્યાન મેરે ।
શ્રી વિજય રાજલક્ષ્મી ભણીરે લાલ, ભવસાયરથી તાર મેરે ॥
॥ ૫ ॥

## ૬૪—॥ શ્રી અષ્ટાપદજીનું સ્તવન ॥

ચઉ અઠ દશ દોય વંદીયેજી, વર્તમાન જગદીશરે,
અષ્ટાપદગિરિ ઉપરેજી, નમતાં વાધે જગીશરે.
॥ ચઉ૦ ॥ ૧ ॥

ભરત ભરત પતિ જિન મુખેજી, ઉચ્ચરીયાં વ્રત બારરે,
દર્શન શુદ્ધિને કારણેજી, ચોવીશ પ્રભુનો વિહારરે.
॥ ચઉ૦ ॥ ૨ ॥

ઉંચ પણે કોશ તિગ કહોજી, યોજન એક વિસ્તાર રે,
નિજ નિજ માન પ્રમાણ ભરાવીયાંજી, બિંબ સ્વપર ઉપગારરે.
॥ ચઉ૦ ॥ ૩ ॥

અજિતાદિક ચઉ દાહિણેજી, પશ્ચિમે પઉમાઈ આઠરે,
અનંત આદે દશ ઉત્તરેજી, પૂરવે ઋષભ વીર પાઠરે.
॥ ચઉ૦ ॥ ૪ ॥

ઋષભ અજિત પૂરવે રહ્યાજી, એ પણ આગમ પાઠરે,
આતમ શકતે કરે જાત્રાજી, તે ભવે મુક્તિ વરે હણી આઠરે.
॥ ચઉ૦ ॥ ૫ ॥

દેખો અચંભો શ્રીસિદ્ધાચલેજી, હુવા અસંખ્ય ઉદ્ધારરે,
આજ દિને પણ ઇણી ગિરિજી, ઝગમગ ચૈત્ય ઉદારરે.
॥ ચઉ૦ ॥ ૬ ॥

રહેશે ઉત્સર્પિણી લગેજી, દેવ મહિમા ગુણ દાખરે,
સિંહ નિષદ્યાદિક થિરપણેજી, વસુદેવ હિંડીની સાખરે.
॥ ચઉ૦ ॥ ૭ ॥

કેવલી જિન મુખ મેં સુણ્યોજી, ઇણ વિધે પાઠ પઠાયરે,
શ્રી શુભ વીર વચન રસેજી, ગાયો ઋષભ શિવ ઠાયરે.
॥ ચઉ૦ ॥ ૮ ॥

## ૬૫–॥ શ્રી ચોવીશ જિનેશ્વરના પરિવારનું સ્તવન ॥

રાજા રાણીને કુટુંબ ઘણું, મન મોહન મેરે;
દીપતી કુંવરની જોડ, મન મોહન મેરે. ॥ ૧ ॥
સંસારી સગપણ જાણીનેરે, મન મોહન મેરે;
કાચા સુત જયું નાખો તોડ, મન મોહન મેરે. ॥ ૨ ॥

ઋષભ દેવજીને દોય બેટીયો, મન મોહન મેરે;
ભરતાદિક સો પુત્ર, મન મોહન મેરે. ॥ ૩ ॥
સઘળાયે સંયમ આદર્યો, મન મોહન મેરે;
પ્રભુએ કીધો મુક્તિમાં વાસ, મન મોહન મેરે. ॥ ૪ ॥
અજિતનાથજીને બેટો નહીં, મન મોહન મેરે;
સહેજે ટળી ગયાં પાપ, મન મોહન મેરે. ॥ ૫ ॥
સંસારી સગપણ જાણીને, મન મોહન મેરે;
પ્રભુએ નહીં આણ્યો મનમેં સંતાપ, મન મોહન મેરે. ॥૬ ॥
સંભવ અભિનંદન સુમતિનાથજી, મન મોહન મેરે;
ત્રણેને ત્રણ ત્રણ પુત્ર, મન મોહન મેરે. ॥ ૭ ॥
પદ્મ પ્રભુને તેર બેટડા, મન મોહન મેરે;
જ્યારે ભારી ઘરોકા સુતા, મન મોહન મેરે. ॥ ૮ ॥
સુપાર્શ્વનાથજીને સત્તર બેટડા, મન મોહન મેરે,
ચંદ્ર પ્રભુજીને દશ આઠ પુત્ર, મન મોહન મેરે. ॥ ૯ ॥
સુવિધિજીને ઓગણીશ બેટડા, મન મોહન મેરે;
જ્યારે કરતા મળીને વાત, મન મોહન મેરે. ॥ ૧૦ ॥
શીતલ નાથ વાસુપૂજ્યજી, મન મોહન મેરે;
શ્રેયાંસ નાથજીને નવાણું પુત્ર, મન મોહન મેરે. ॥ ૧૧ ॥
વિમલનાથને બેટો નહીં, મન મોહન મેરે;
સંપ લઈ ધર્યો કર્મશું યુદ્ધ, મન મોહન મેરે. ॥ ૧૨ ॥
અનંતનાથજીને અઠ્ઠાસી પુત્ર, મન મોહન મેરે;
ધર્મનાથજીને ઓગણીસ પુત્ર, મન મોહન મેરે. ॥ ૧૩ ॥
શાન્તિનાથજીને દોઢ ક્રોડ બેટા, મન મોહન મેરે;
જાગી જ્યોત જગીશ, મન મોહન મેરે. ॥ ૧૪ ॥

કુંથુનાથજીને દોઢ ક્રોડ બેટા, મન મોહન મેરે;
અરનાથજીને સવા ક્રોડ બેટા, મન મોહન મેરે. ॥ ૧૫ ॥
મલ્લીનાથજી કુંવારા રહ્યા, મન મોહન મેરે;
બાલ બ્રહ્મચારી જયારે દેખ, મન મોહન મેરે. ॥ ૧૬ ॥
મુનિસુવ્રતજીને ઓગણીસ બેટડા, મન મોહન મેરે;
નમિનાથજીને બેટો નહી, મન મોહન મેરે. ॥ ૧૭ ॥
નેમનાથજી કુંવારા રહ્યા, મન મોહન મેરે;
તોરણ જઇ છોડી રાજુલનાર, મન મોહન મેરે. ॥ ૧૮ ॥
પાર્શ્વનાથજીને બેટો નહિં, મન મોહન મેરે;
મહાવીર સ્વામીને બેટી એક, મન મોહન મેરે. ॥ ૧૯ ॥
સઘળાયે સંયમ આદર્યો, મન મોહન મેરે;
મુકિત નગરમાં દીધી ટેક, મન મોહન મેરે. ॥ ૨૦ ॥
આ ચોવીસીમાં સવાચાર ક્રોડ બેટા, મન મોહન મેરે;
વળી ઉપર ચારસો ને સાત, મન મોહન મેરે. ॥ ૨૧ ॥
સત્તર જિનને બેટા હુવા, મન મોહન મેરે;
ત્રણ બેટીની ચાલી વાત, મન મોહન મેરે. ॥ ૨૨ ॥
અજિત વિમલ મલ્લીનાથજી, મન મોહન મેરે;
નમી નેમિ પાર્શ્વ જયવંત, મન મોહન મેરે. ॥ ૨૩ ॥
સત્યવાદી હુવા મહાવીરજી, મન મોહન મેરે,
જયારે નહીં બેટાનો ફંદ, મન મોહન મેરે. ॥ ૨૪ ॥
આનંદઘન કહે વિનવું, મન મોહન મેરે;
ભવ જળ પાર ઉતાર, મન મોહન મેરે. ॥ ૨૫ ॥

## ૬૬-- ॥ શ્રી ઋષભદેવ સ્વામી સ્તવન ॥

ભરતજી કહે સુણો માવડી, પ્રગટયા નવ નિધાનરે;
નિત નિત દેતાં ઓલંભડા, હવે જુઓ પુત્રના માનરે,
ઋષભની શોભા હું શી કહું ! ॥૧ ॥

અઢાર કોડા કોડી સાગરે, વસીયો નયર અનુપરે;
ચાર જોયણનું માન છે, ચાલો જોવાને ચુપરે.
॥ ઋષભ૦ ॥ ૨ ॥

પહેલો રૂપાનો કોટ છે, કાંગરા કંચન વાનરે;
બીજો કનકનો કોટ છે, કાંગરા રત્ન સમાનરે.
॥ ઋષભ૦ ॥ ૩ ॥

ત્રીજો રત્નનો કોટ છે, કાંગરા મણિમય જાણરે;
તેમાં મધ્ય સિંહાસને, હુકમ કરે પ્રમાણરે.
॥ ઋષભ૦ ॥ ૪ ॥

પૂરવ દિશાની સંખ્યા સુણો, પગથિયાં વીશ હજારરે;
એણી પરે ગણતાં ચારે દિશા, પગથિયાં એંશી હજારરે.
॥ ઋષભ૦ ॥ ૫ ॥

શિર પર ત્રણ છત્ર જળ હળે, તેહથી ત્રિભુવન રાયરે;
ત્રણ ભુવનનોરે બાદશાહ, કેવળ જ્ઞાન સોહાયરે.
॥ ઋષભ૦ ॥ ૬ ॥

વીશ બત્રીશ દશ સુરપતિ, વળી દોય ચંદ્ર ને સૂર્યરે;
દોય કર જોડી ઉભા ખડા, તુમ સુત ઋષભ હજૂરરે.
॥ ઋષભ૦ ॥ ૭ ॥

ચામર જોડી ચૌદિશ છે, ભામંડળ ઝળકંતરે;
ગાજે ગગનેરે દુંદુભી, ફુલ પગરવ સંતરે.
॥ ઋષભ૦ ॥ ૮ ॥

બાર ગુણો પ્રભુ દેહથી, અશોક વૃક્ષ શ્રીકારરે;
મેઘ સમાણી દે દેશના, અમૃતવાણી જયકારરે.
॥ ઋષભ૦ ॥ ૯ ॥

પ્રાતિહારજ આઠથી, તુમ સુત દીપે દેદારરે;
ચાલો જોવાને માવડી, ગયવર ખંધે અસવારરે.
॥ ઋષભ૦ ॥ ૧૦ ॥

દૂરથીરે વાજાં સાંભળી, જોતાં હરખ ન માયરે;
હરખનાં આંસુથી ફાટીયાં, પડલ તે દૂર પલાયરે.
॥ ઋષભ૦ ॥ ૧૧ ॥

ગયવર ખંધેથી દેખીયો, નિરૂપમ પુત્ર દેદારરે;
આદર દીધો નહિ માયને, માય મન ખેદ અપારરે.
॥ ઋષભ૦ ॥ ૧૨ ॥

કેના છોરૂ ને માવડી, એ તો છે વીતરાગરે;
એણી પેરે ભાવના ભાવતાં, કેવલ પામ્યા મહાભાગરે.
॥ ઋષભ૦ ॥ ૧૩ ॥

ગયવર ખંધે મુગતે ગયા, અંતગડ કેવલી એહરે;
વંદો પુત્રને માવડી, આણી અધિક સ્નેહરે.
॥ ઋષભ૦ ॥ ૧૪ ॥

ઋષભની શોભા મેં વરણવી, સમકિત પુર મોઝારરે;
સિદ્ધગિરિ મહાત્મ્ય સાંભળો, સંઘને જય જયકારરે.
॥ ઋષભ૦ ॥ ૧૫ ॥

સંવત અઢાર એંશીયે, માગશર માસ કહાયરે;
દીપ વિજય કવિરાયને, મંગળ માળ સોહાયરે.
॥ ઋષભ૦ ॥ ૧૬ ॥

## ૬૭– ॥ શ્રી સામાન્ય જિન સ્તવન ॥

સકલ સમતા સુર લતાનો, તુંહી અનુપમ કંદરે;
તું કૃપારસ કનક કુંભો, તુંહી જિણંદ મુણીંદરે. ॥ ૧ ॥

પ્રભુ તુંહિ તુંહિ તુંહિ, તુંહિ યુંહિ ધરતા ધ્યાનરે;
તુજ સરૂપી જે થયા તેણે, લહ્યું તાહરૂં તાનરે.
॥ પ્ર૦ ॥ ૨ ॥

તુંહિ અલગો ભવ થકી પણ, ભવિક તાહરે નામરે;
પાર ભવનો તેહ પામે, એહિ અચરિજ ઠાયરે.
॥ પ્ર૦ ॥ ૩ ॥

જન્મ પાવન આજ માહરો, નિરખીયો તુજ નૂરરે;
ભવો ભવ અનુમોદના જે, હુઓ આપ હજૂરરે.
॥ પ્ર૦ ॥ ૪ ॥

એક માહરો અખય આતમ, અસંખ્યાત પ્રદેશરે;
તાહરા ગુણ છે અનંતા, કિમ કરૂં તાસ નિવેશરે.
॥ પ્ર૦ ॥ ૫ ॥

એક એક પ્રદેશ તાહરે, ગુણ અનંતનો વાસરે;
એમ કરી તુજ સહજ મીલત, હુઓ જ્ઞાન પ્રકાશરે.
॥ પ્ર૦ ॥ ૬ ॥

ધ્યાન ધ્યાતા ધ્યેય એકે, એકી ભાવ હોયે એમરે;
એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોયે ખેમરે.
॥ પ્ર૦ ॥ ૭ ॥

શુદ્ધ સેવા તાહરી જો, હોય અચલ સ્વભાવરે;
જ્ઞાન વિમલ સૂરીંદ પ્રભુતા, હોય સુજસ જમાવરે.
॥ પ્ર૦ ॥ ૮ ॥

## ૬૮— ॥ શ્રી સામાન્ય જિન સ્તવન ॥

મનમાં આવજોરે નાથ, હું થયો આજ સનાથ । મન૦ ॥
જય જિનેશ નિરંજણો, ભંજણો ભવદુ:ખ રાશ;
રંજણો સવિ ભવિ ચિત્તનો, મંજણો પાપનો પાશ.
॥ મન૦ ॥ ૧ ॥

આદિ બ્રહ્મ અનુપમ તું, અબ્રહ્મ કીધાં દૂર;
ભવ ભ્રમ સવિ ભાંજી ગયા, તુંહિ ચિદાનંદ સનૂર.
॥ મન૦ ॥ ૨ ॥

વીતરાગ ભાવ ન આવહી, જિહાં લગી મુજને દેવ;
તિહાં લગે તુમ પદકમલની, સેવના રહેજો એ ટેવ.
॥ મન૦ ॥ ૩ ॥

યદ્યપિ તુમે અતુલ બની, યશવાદ એમ કહેવાય;
પણ કબજે આવ્યા મુજ મને, તે સહજથી ન જવાય.
॥ મન૦ ॥ ૪ ॥

મન મનાવ્યા વિણુ માહરૂં, કેમ બંધનથી છુટાય !
મન વંછિત દેતાં થકાં કાંઈ, પાલવડો ન ઝલાય.
॥ મન૦ ॥ ૫ ॥

હઠ બાલને હોય આકરો, તે લહો છો જિનરાજ;
ઝાઝું કહાવ્યે શું હોવે, ગિરૂઆ ગરીબ નિવાજ.
॥ મન૦ ॥ ૬ ॥

જ્ઞાન વિમલ ગુણથી લહો, સવિ ભવિક મનના ભાવ;
તે અક્ષય સુખ લીલા દીયો, જિમ હોવે સુજસ જમાવ.
॥ મન૦ ॥ ૭ ॥

## ૬૯—॥ શ્રી ખંભાત મંડન જિન ભુવન સ્તવન ॥

॥ વહાલા વીર જિનેશ્વર જન્મ જરા નિવારજો—એ રાગ ॥

રૂડાં ખંભાતનાં દેવલ જુહારીએ રે, કર્મ કચવર દૂર કરવા
ચૈત્ય જુહારીએ રે, એ આંકણી૦
કુમારપાળ આવી ઈહાં ચઢીઓ, હેમસૂરીશ્વર ચરણે પડીઓ;
શત્રુ થકી ઉગરીઓ, ગુરૂ સેવા ધારીએરે.
॥ રૂડાં૦ ॥ ૧ ॥

હીર સૂરીશ્વર યહાં પર આવ્યા, અઢળક દ્રવ્ય ખરચી પધરાવ્યા;
મૂર્તિ શક્કર પુર ગુરૂ મંદિરમાં ભાલીએરે.
॥ રૂડાં૦ ॥ ૨ ॥

થંભણ પાર્શ્વ પ્રભુની મૂર્તિ, યહાં મણિમય શોભે દુઃખ ચૂરતી;
જય તિહુઅણ સ્તોત્રથી સ્તુતિ ઉચ્ચરીરે.
॥ રૂડાં૦ ॥ ૩ ॥

અભયદેવ સૂરીશ્વર રાયા, સ્તોત્ર રચી નિજ કુષ્ટ મિટાયા;
નવ અંગની ટીકા રચી એ ઉપગારીએરે.
॥ રૂડાં૦ ॥ ૪ ॥

ચોગી નાગાર્જુને પ્રભુ પાસે, કરી હતી સોના સિદ્ધિ ઉલ્લાસે;
એવા સિદ્ધિ દાયક પ્રભુ ગુણ સંભારીએ રે.
॥ રૂડાં ૦ ॥ ૫ ॥

માણેક ચોકનું દેવલ સુંદર, ભૂમિ પર શોભે તસ અંદર;
ઋષભ અજિત દેવ પુંડરીક પૂજી દિલ ઠારીએરે;
॥ રૂડાં૦ ॥ ૬ ॥

ઓગણીસ દેવલ સહિત બીરાજે, મોહટું દહેરૂં ગગનમાં ગાજે;
સાત શિખરનું દેખી દુઃખ નિવારીએરે.
॥ રૂડાં૦ ॥ ૭ ॥

શહેર બિચે શોભે તે દહેરૂં, જંબૂદ્વીપમાં જેમ મેરૂ;
મૂલનાયક ચિંતામણી પાસ પખાલીએરે.
॥ રૂડાં૦ ॥ ૮ ॥

આરિસા ભુવન સમાન મનોહર, કાચ જડિત દેવલમાં સુખ કર;
અજિત વીર પ્રભુ પધરાવ્યા ઉપગારીએરે.
॥ રૂડાં૦ ॥ ૯ ॥

આત્મકમલ લાયબ્રેરી જ્યાં છે, ચૈત્ય ચિંતામણી પાસનું ત્યાં છે;
સ્થંભણ પાર્શ્વનાથ પૂજી ભોયરૂં જુહારીએરે.
॥ રૂડાં૦ ॥ ૧૦ ॥

ઈત્યાદિક સાઠ મોટાં દેરાં, પંદર ઘર દેરાં જિન કેરાં;
હંસ પરે જુહારી આતમ તારીએરે.
॥ રૂડાં૦ ॥ ૧૧ ॥

સંવત ઓગણીશે એકાશી, ફાગણ સુદી એકમ તિથિ ખાસી;
સ્તવન રચ્યું ભકિતથી રહી જૈન શાલીએરે.
॥ રૂડાં૦ ॥ ૧૨ ॥

# ૭૦– ॥ શ્રી સંપ્રતિ રાજાનું સ્તવન ॥

॥ રાગ–આશાવરી ॥

ધન ધન સંપ્રતિ સાચો રાજા, જેણે કીધા ઉત્તમ કામરે;
સવા લાખ પ્રાસાદ કરાવી, કલિ યુગે રાખ્યો નામ રે.
॥ ધન૦ ॥ ૧ ॥

વીર સંવત્સર સંવત બીજે, તેરોત્તર રવિવાર;
મહા શુદિ આઠમે બિંબ ભરાવી, સફળ કીયો અવતારરે.
॥ ધન૦ ॥ ૨ ॥

શ્રી પદ્મ પ્રભુ મૂરતિ થાપી, સકલ તીરથ શણુગારરે;
કલિયુગ કલ્પતરુ એ પ્રગટયો, વાંછિત ફલ દાતારરે.
॥ ધન૦ ॥ ૩ ॥

ઉપાશ્રય બે હજાર કરાવ્યા, દાનશાળા સય સાતરે;
ધર્મતણા આધાર આરોપી, ત્રિજગ હુઓ વિખ્યાતરે.
॥ ધન૦ ૪ ॥ ॥

સવા લાખ પ્રાસાદ કરાવ્યા, છત્રીસ સહસ ઉદ્ધારરે;
સવા કોડી સંખ્યાએ પ્રતિમા, ધાતુ પંચાણુ હજાર રે.
॥ ધન૦ ॥ ૫ ॥

એક પ્રાસાદ નવો નિત નીપજે, તો મુખ શુદ્ધિ હોય રે;
એહ અભિગ્રહ સંપ્રતિએ કીધો, ઉત્તમ કરણી જોય રે.
॥ ધન૦ ॥ ૬॥

આર્ય સુહસ્તિ ગુરૂ ઉપદેશે, શ્રાવકનો આચાર રે;
સમકિત મૂળ બાર વ્રત પાળી, કીધો જગ ઉપકારરે.
॥ ધન૦ ॥ ૭ ॥

જિન શાસન ઉદ્યોત કરીરે, પાળી ત્રણ ખંડ રાજરે;
એ સંસાર અસાર જાણીને, સાધ્યા આતમ કાજરે.
॥ ધન૦ ॥ ૮ ॥

ગંગાણી નયરીમાં પ્રગટયા, શ્રી પદ્મ પ્રભુ દેવરે;
વિબુધ કાનજી શિષ્ય કનકને, દેજો તુમ પય સેવરે.
॥ ધન૦ ॥ ૯ ॥

## ૭૧– ॥ શ્રી નવપદજીનું સ્તવન ॥

નરનારી રે ભમતાં ભવ.ભર દરીયે, નવપદનું ધ્યાન સદા ધરીએ;
સુખકારીરે તો શિવસુંદરી વરીએ, નવપદનું ધ્યાન સદા ધરીએ.
॥ ૧ ॥

પહેલે પદ શ્રી અરિહંતરે, કરી અષ્ટ રિપુનો અંતરે;
થયા શિવરમણીના કંતરે, પદ બીજેરે સિદ્ધ ભજી દુઃખ હરીએરે.
॥ નવ૦ ॥ ૨ ॥

આચાર્ય નમું પદ ત્રીજે રે, ચોથે પદ પાઠક લીજે રે;
પ્રીતિથી પાય પ્રણમીજેરે, પદ પાંચમેરે મુનિ મહારાજ
ઉચરીએ ॥ નવ ॥ ૩ ॥

છઠ્ઠે પદ દર્શન જાણું રે, જ્ઞાન ગુણ મુખ્ય વખાણું રે;
આ જગમાં ખરૂં નાણું રે, બહુ ખરચોરે તો એ ન ખૂટે જરીએ.
॥ નવ૦ ॥ ૪ ॥

ચારિત્ર પદ નમું આઠમે, નવમેં તપ કરો બહુ ઠાઠેરે;
દુઃખ દારિદ્ર જેહથી નાસેરે, જિનવરનીરે પ્યારથી પૂજા કરીએરે.
॥ નવ૦ ॥ ૫ ॥

નવદિન શીયલ વ્રત પાળોરે, પડિક્કમણું કરી દુઃખ ટાળોરે;
જેમ ચંપાપતિ શ્રીપાલરે, મન માંહીરે શંકા ન રાખો જરીએ.
॥ નવ૦ ॥ ૬ ॥
ઓગણીશ અઠ્ઠાવન વર્ષે રે, પોષ માસ પુનમ તિથિ ફરસે રે;
ભાવે ગાવે તે ભવ નવિ ફરસે રે, નિર્ભયથીરે ધર્મ કહે ભવ તરીએરે. ॥ નવ૦ ॥ ૭ ॥

## ૭૨–॥ શ્રી નવપદજીનું સ્તવન ॥

નવપદનો મહિમા સાંભળજો, સહુને સુખડું થાશેજી;
નવપદ સમરણ કરતાં પ્રાણી, ભવ ભવના દુઃખ જાશેજી.
॥ નવ૦ ॥ ૧ ॥
નવપદના મહિમાથી જ્યારે, કુષ્ટ અઢારે જાવેજી;
ખાંસી ખયનને રોગની પીડા, પાસે કદિ નવ આવેજી.
॥ નવ૦ ॥ ૨ ॥
અરિ કરિ સાગર જલણ જલોદર, બંધનના ભય જાશેજી;
ચોરે ચરડને શાકણ ડાકણ, તુજ નામે દૂર નાસેજી.
॥ નવ૦ ॥ ૩॥
અપુત્રીયાને પુત્રો દેવે, નિર્ધનિયા ધન પામેજી;
નિરાશ પણે ધ્યાન ધરે જે, તે નર મુકતે જાવેજી.
॥ નવ૦॥ ૪ ॥
શ્રીમતીને એ મંત્ર પ્રભાવે, સર્પ થયો ફુલ માલાજી;
અમરકુમાર નવપદ મહિમાથી, સુખ પામ્યો સુરસાલાજી.
॥ નવ૦ ॥ ૫ ॥
મયણા વયણાએ સેવ્યા, નવપદ, શ્રી શ્રીપાળે ઉલ્લાસેજી;

રોગ ગયો ને સંપદા પામ્યા, નવમે ભવે શિવ જાશેજી.
॥ નવ૦ ॥ ૬॥

અરિહંત સિધ્ધ આચારજ પાઠક, સાધુ મહા ગુણવંતાજી;
દર્શન જ્ઞાન ચરણ પદ રૂડાં, એ નવપદ ગુણવંતાજી.
॥ નવ૦ ॥ ૭ ॥

સિદ્ધચક્રનો મહિમા અનંતો, કહેતાં પાર ન આવેજી;
દુઃખ હરે ને વંછિત પુરે, વંદન કરીયે ભાવેજી.
॥ નવ૦ ॥ ૮ ॥

ભાવસાગર કહે સિદ્ધચક્રની, જે નર સેવા કરશેજી;
આતમ ગુણ અનુભવીને, મંગળ માળા વરશેજી.
॥ નવ૦ ॥ ૯ ॥

## ૭૩– ॥ શ્રી સ્થંભન પાર્શ્વનાથજી સ્તવન ॥

॥ બન ચલે રામ રઘુરાઈ–એ રાગ ॥

નમું પાર્શ્વ પ્રભુ પ્યારા, સ્થંભ તીરથના આધારા;
શ્રી સ્થંભનજી સુખકારા. ॥ નમું૦ ॥ ૧ ॥

ગત ચોવીશી નેમિશાસન, અષાઢીએ ભરાવ્યા;
સૌધર્મ પતિ વરૂણ દેવે, પૂજ્યાં વર્ષ અપારા.
॥ નમું૦ ॥ ૨ ॥

નાગરાજ પાતાલ પતિથી, ઉદધિ તીર પૂજાયા;
રામ લક્ષ્મણે સેતુ બાંધવા, ધ્યાન અખંડિત ધારા.
॥ નમું૦ ॥ ૩ ॥

સાત માસ નવ દિન થયા જ્યાં, સાગર નીર થંભાવ્યા;
સ્થંભન પાર્શ્વજી નામ દઈને, રાવણ રિપુ સંહારા.
॥ નમું૦ ॥ ૪ ॥

દ્વારા મતિમાં કૃષ્ણે સેવ્યાં, વર્ષ પ્રભુ બહુ રાયા;
કાંતિનગરી પાવન કીધી, ભવ ભય ભંજન હારા.
॥ નમું૦ ॥ ૫ ॥

રસ સિદ્ધિ થઈ પાર્શ્વ પ્રભાવે, નાગાર્જુન હરખાયા;
ભંડારી પ્રતિમા પ્રભુજીની સેઢી નદી કિનારા.
॥ નમું૦ ॥ ૬ ॥

જયતિહુઅણથી પ્રગટાવ્યા, અભયદેવ સૂરિરાયા;
સ્થંભન પુરમાં સ્થાપિત કીધાં, રોગ સકલ નીવારા.
॥ નમું૦ ॥ ૭ ॥

સંવત તેરસો અડસઠ માંહિ, સ્તંભતીર્થે પ્રભુ આવ્યા;
દર્શનથી દુઃખડાં દૂર કીધાં, મહિમા અપરંપારા.
॥ નમું૦ ॥ ૮ ॥

ઓગણીસો ચોરાશીમાં થઈ, ફાગણ સુદ ત્રીજીયા જ્યાં;
કીધી પ્રતિષ્ઠા નેમિ સૂરી એ, ઘર ઘર હર્ષ અપારા.
॥ નમું૦ ॥ ૯ ॥

નેમિ સૂરિ વિજ્ઞાન પસાયે, કસ્તુર ગુરૂ વર રાયા;
ગુણ ગાયા શ્રી પાર્શ્વ પ્રભુના, યશોભદ્ર અણગારા.
॥ નમું૦ ॥ ૧૦ ॥

## ૭૪– ॥ શ્રી ચિંતામણિ પાર્શ્વ જિન સ્તવન ॥

ભવિકા ! શ્રી જિન બિંબ જુહારો, આતમ પરમ આધારોરે;
॥ ભવિકા ॥

જિન પ્રતિમા જિન સરખી જાણો, ન કરો શંકા કાંઇ;
આગમ વાણીને અનુસારે, રાખો પ્રીત સવાઇરે.
॥ ભવિકા૦ ॥ ૧ ॥

જે જિન બિંબ સ્વરૂપ ન જાણે, તે કહિયે કિમ જાણ ?
ભૂલા તેહ અજ્ઞાને ભરીયા, નહીં તિહાં તત્ત્વ પીછાણરે.
॥ ભવિકા૦ ॥ ૨ ॥

અંબડ શ્રાવક શ્રેણિક રાજા, રાવણ પ્રમુખ અનેક;
વિવિધ પરે જિન ભકિત કરતાં, પામ્યા ધર્મ વિવેકરે.
॥ ભવિકા૦ ॥ ૩ ॥

જિન પ્રતિમા બહુ ભગતે જોતાં, હોય નિશ્ચય ઉપગાર;
પરમારથ ગુણ પ્રગટે પૂરણ, જો જો આર્દ્રકુમારરે.
॥ ભવિકા૦ ॥ ૪ ॥

જિન પ્રતિમા આકારે જલચર, છે બહું જલધિ મોઝાર;
તે દેખી બહુલા મચ્છાદિક, પામ્યા વિરતિ પ્રકારરે.
॥ ભવિકા૦ ॥ ૫ ॥

પાંચમા અંગે જિન પ્રતિમાનો પ્રગટ પણે અધિકાર;
સૂરિયાભ સુરે જિનવર પૂજ્યા, રાયપસેણી મોઝારરે.
॥ ભવિકા૦ ॥ ૬ ॥

દશમે અંગે અહિંસા દાખી, જિન પૂજા જિનરાજ;

એહવા આગમ અર્થ મરોડી, કરિયે કિમ અકાજરે.
॥ ભવિકા૦ ॥ ૭ ॥
સમકિત ધારી સતીય દ્રૌપદી, જિન પૂજ્યા મન રંગે;
જો જો એહનો અર્થ વિચારી, છઠ્ઠે જ્ઞાતા અંગેરે.
॥ ભવિકા૦ ॥ ૮ ॥
વિજય સુરે જિમ જિનવર પૂજા, કીધી ચિત્ત થિર રાખી;
દ્રવ્ય ભાવ બિહુ ભેદે કીની, જીવાભિગમ તે સાખીરે.
॥ ભવિકા૦ ॥ ૯ ॥
ઈત્યાદિક બહુ આગમ સાખે, કોઈ શંકા મત કરજો;
જિન પ્રતિમા દેખી નિત નવલો, પ્રેમ ઘણો ચિત્ત ધરજો.
॥ ભવિકા૦ ॥ ૧૦ ॥
ચિંતામણિ પ્રભુ પાસ પસાયે, શ્રદ્ધા હોજો સવાઇ;
શ્રી જિનલાભ સુગુરૂ ઉપદેશે, શ્રી જિન ચંદ્ર સવાઈરે.
॥ ભવિકા૦ ॥ ૧૧ ॥

## ૭૫–॥ શ્રી ગોડી પાર્શ્વનાથ જિન સ્તવન ॥

જય ગોડી પાસ જિણંદા, પ્રણમે સુરનર નાગિંદારે;
જિનજી ! અરજ સુણો.
શરણાગત સેવક પાલો, જગતારક બિરૂદ સંભાળોરે.
જિનજી૦ ॥ ૧ ॥
તુમ સરખો અવર દિખાવો, જઈ કીજે તેહ શું દાવોરે;
જિનજી૦
વસુધાનો તાપ શમાવે, કુણ જલધર વિણ વન દાવેરે.
જિનજી૦ ॥ ૨ ॥

નિરગુણ પણ ચરણે વળગ્યા, કિમ સરશે કીધા અળગારે;
જિનજી૦
પત્થર પણ તીરથ સંગે, જુઓ તરતા નીર તરંગરે.
જિનજી૦ ॥ ૩ ॥
લીંબાદિક ચંદન થાય, લહી મલયાચલનો વાયરે;
જિનજી૦
પામી પારસ સંયોગ, લોહ કંચન જાતિ અભોગરે.
જિનજી૦ ॥ ૪ ॥
ચેતન પારિણામિકભવ્ય, તુમ્હ દરશન ફરશન ભવ્યરે;
જિનજી૦
જ્ઞાન ગોરસ ચરણ જમાવે, જિન વિજય પરમ પદ પાવેરે.
જિનજી૦ ॥ ૫ ॥

## ૭૬-॥ તપશ્ચર્યા વર્ણન શ્રી મહાવીર સ્વામિ સ્તવન ॥

॥ સિદ્ધારથનારે નંદન વિનવું – એ દેશી ॥

ગૌતમ સ્વામીરે બુધ દિઓ નિરમમી, માગું એક પસાય;
શ્રી મહાવીરેરે જે જે તપ કર્યાં, તેહનો કહું રે વિસ્તાર,
વલી વલી વંદું રે વીરજી સોહામણા, શ્રી જિન શાસન સાર.
॥ ૧ ॥
ભાવઠ ભંજણ સુખકરણ સહી, સેવ્યાં સદ્‌ગતિ થાય;
નામ લીયંતાં રે સવિ સુખ સંપજે, પાતક દૂર પલાય.
॥ વલી૦ ॥ ૨ ॥

બાર વરસેરે વીરજીએ તપ કર્યો, ને વલી તેરજ પક્ષ;
બે કર જોડીરે સ્વામીને વિનવું, આગમ દે છે રે સાખ.
॥ વલી૦ ॥ ૩ ॥

નવ ચોમાસીરે વીરજીની જાણવી, એક કર્યો ષટ માસ;
પાંચે ઉણોરે છ વલી જાણીયે, બારે એકેક માસ.
॥ વલી૦ ॥ ૪ ॥

બહોંતેર પાસખમણ જગ દીપતા, છ દોય માસ વખાણ;
તિન અઢાઈરે એ દોય દોય કિયા, દોય દોઢ માસ તે જાણ.
॥ વલી૦ ॥ ૫ ॥

ભદ્ર મહાભદ્ર સર્વતોભદ્ર જાણીયે, દો ચઉદશ દિન હોય;
તેમાં પારણું રે વીરજીએ નવિ કર્યું, એમ સોલે દિન હોય.
॥ વલી૦ ॥ ૬ ॥

ત્રણ ઉપવાસેરે પડિમા બારમી, કીધી બારે વાર;
દોસેં બેલારે વીરજીના જાણવા, ઓગણતીસ ઉદાર.
॥ વલી૦ ॥ ૭ ॥

નિત નિત ભોજન વીરજીએ નવિ કર્યું, ન કર્યો ચોથ આહાર;
થોડા તપમાંરે બેલો જાણીયે, તપ સઘળો ચોવિહાર.
॥ વલી૦ ॥ ૮ ॥

મનુષ્ય તિર્યંચ દેવે જે દીયા, પરિષહ સહ્યા અપાર;
બે ઘડી ઉપર નિંદ નવિ કરી, સાડાબાર વર્ષ મોઝાર.
॥ વલી૦ ॥ ૯ ॥

ત્રણસેં પારણાં રે વીરજીનાં જાણવાં, ને વલી ઓગણપચાસ;
એમ કરી સ્વામી કેવલ પામીયા, થાપ્યું તીરથ સાર.
॥ વલી૦ ॥ ૧૦ ॥

## ૭૭-- ।। શ્રી નેમ રાજુલ સ્તવન ।।

તોરણથી વર પાછો જાય રે રાજુલબેની, તોરણથી વર પાછો જાય;
માંડવેથી જાન પાછી જાય રે રાજુલબેની, તોરણથી વર પાછો
જાય. ।। ૧ ।।

ઘણું રે મનાવ્યું તોયે માને જરી ના, કેટ કેટલું કીધું તોયે
કાને ધરે ના; લાખ લાખ ઉપાયરે રાજુલ બેની.
તોરણ૦ ।। ૨ ।।

નારી પ્રીતિ એણે નહીં પીછાની, સ્નેહની વાત તો એને નહીં
સમજાણી; લાખેણી પલ વીતી જાય રે રાજુલ બેની.
।। તોરણ૦ ।। ૩ ।।

પશુડા પોકારે એનું કાળજું કોરાણું, નારીનું અંતર નહિં
ઓળખાણું; કુમળી કળી કરમાયરે રાજુલ બેની.
।। તોરણ ।। ૪ ।।

લગ્ન તણી એણે વરમાળા તોડી, કોડભરી કન્યા તરછોડી;
માંડવામાં દીવડા બુઝાયરે રાજુલ બેની.
।। તોરણ ૫ ।।

તોરણથી વર ભલે જાય રે સાહેલી મોરી, તોરણથી વર ભલે જાય;
માંડવેથી જાન ભલે જાય રે સાહેલી મોરી, તોરણથી વર
ભલે જાય. ।। ૬ ।।

દેશો નહી એને દોષ લગીરે, રાખશો ના કોઈ રોષ લગીરે;
લેખ લખ્યા ના ભુંસાયરે, સાહેલી મોરી.
।। તોરણ ।। ૭ ।।

સંસારની એને ન હોતી રે માયા, અણગમતી તાપે આવીતી કાયા;
પ્રીત પરાણે ના થાયરે સાહેલી મોરી, ॥ તો૦ વ૦ ॥ ૮ ॥
માનવી એ તો મોટા રે મનના, પાડે નહીં કદી ભેદ જીવનના;
દિલમાં દયા ઉભરાયરે સાહેલી મોરી. ॥ તો૦ વ૦ ॥ ૯ ॥
આવીને કામ કર્યું ઉપકારી, પશુડા સંગાથે એણે મુજનેઉગારી;
તુમથી નહિં સમજાયરે સાહેલી મોરી૦ તો૦ ॥ વ૦ ॥ ૧૦ ॥
જાઓ ભલે મારા ભવો ભવના સ્વામી, તુમ પગલે નવું જીવન પામી; અંતરમાં અજવાળા થાય રે સાહેલી મોરી.
॥ તો૦ ॥ વ૦ ॥ ૧૧ ॥

## ૭૮– ॥ શ્રી આદિનાથ જિન સ્તવન ॥

ભક્ત વત્સલ પ્રભુ સાંભળો રે, ઓળંભે અરદાસ હો મહારાજ;
છાંડતાં કીમ છૂટશે રે, અરે કાંઈ કરશો ખરા દિલાસા હો જિનરાજ ॥ ભ૦ ૧ ॥
તુમ સરીખા સાહેબ તણી રે, જો સેવા નિષ્ફળ જાય હો મહારાજ;
લાજ કહો પ્રભુ કેહને રે; હવેસે વકનું શું જાય હો જિનરાજ.
॥ ભ૦ ॥ ૨ ॥
ગુણ દેખાડી હેળવ્યો રે, તે કેમ છેડો છોડે રે મહારાજ;
જિહાં જળધર તિહાં બપૈયારે, પિયું પિયુ કરી મુખ માંડે હો જિનરાજ. ॥ ભ૦ ॥ ૩ ॥
લાખ ચોરાશી હું ભમ્યો રે, કાળ અનાદિ અનંત હો મહારાજ;
મૂર્તિ દિઠી પ્રભુ તાહરીરે, ભાંગે છે ભવતણી ભ્રાંત હો જિનરાજ. ॥ ભ૦ ॥ ૪ ॥

અવગુણ ગણતાં માહરારે, નહિ આવે પ્રભુ પાર હો મહારાજ;
પણ જીવ પ્રવહણની પરેરે, તમે છો તારણહાર હો
જિનરાજ. ॥ ભ૦ ॥ ૫ ॥
જોરે પોતાનો લેખવો રે, તો હવે લેખું ન વિચાર હો મહારાજ;
સો વાતે એક વાતડી રે, કાંઇ ભવોભવ પ્રિતિ નિવાર
હો જિનરાજ. ॥ ભ૦ ॥ ૬ ॥
તુમ સરિખો કોઈ દાખવો રે, કીજે તેહની સેવા હો મહારાજ;
આનંદઘન પ્રભુ ઋષભજીરે, મરૂદેવીનંદન દેવ હો જિનરાજ.
॥ ભ૦ ॥ ૭ ॥

## ૭૯--॥ શ્રી સુવિધિ જિન સ્તવન ॥

તાહરી અજબશી જોગની મુદ્રારે, લાગે મુને મીઠીરે,
એ તો ટાળે મોહની નિદ્રારે, પ્રત્યક્ષ દીઠીરે.
લોકોત્તરથી જોગની મુદ્રા, વાલ્હા મારા નિરૂપમ આસને સોહે;
સરસ રચિત શુકલ ધ્યાનની ધારે, સુરનરનાં મન મોહેરે.
॥ લાગે ૧ ॥
ત્રિગડે રત્ન સિંહાસન બેસી, વાલ્હા મારા ચિહું દિશે
ચામર ઢળાવે;
અરિહંત પદ પ્રભુતાનો ભોગી, તો પણ જોગી કહાવેરે.
॥ લાગે ॥ ૨ ॥
અમૃત ઝરણી મીઠી તુજ વાણી, વાલ્હા મારા જેમ
અષાઢો ગાજે;
કાન મારગ થઇ હિયડે પેસી, સંદેહ મનનાં ભાજેરે.
॥ લાગે ॥ ૩ ॥

કોડિ ગમે ઉભા દરબારે, વાલ્હા મારા જય મંગળ
સુર બોલે;
ત્રણ ભુવનની રિદ્ધિ તુજ આગે, દીસે ઈમ તૃણ તોલેરે.
॥ લાગે ॥ ૪ ॥

ભેદ લહું નહિ જોગ જુગતિનો, વાલ્હા મારા સુવિધિ
જિણંદ બતાવો;
પ્રેમશું કાંતિ કહે કરૂણા, મુજ મન મંદિર આવોરે.
॥ લાગે ॥ ૫ ॥

## ૮૦— ॥ શ્રી શીતલનાથ જિન સ્તવન ॥

શ્રી શીતલ જિન ભેટીયે, કરી ભગતે ચોખુ ચિત્ત હો,
તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યા તન મન ચિત્ત હો.
॥ શ્રી ॥ ૧ ॥

દાયક નામે છે ઘણાં, પણ તું સાયર તે કુપ હો,
તે બહુ ખજુઆ તગ તગે, તું દિનકર તેજ સ્વરૂપ હો.
॥ શ્રી ॥ ૨ ॥

મોટા જાણી આદર્યો, દાલિદ્ર ભાંગો જગ તાત હો,
તું કરૂણાવંત શિરોમણી, હું કરૂણા પાત્ર વિખ્યાત હો.
॥ શ્રી ॥ ૩ ॥

અંતરજામી સવિ લહો, અમ મનની જે તે વાત હો,
મા આગળ મોસાળનાં, શ્યાં વરણવવાં અવદાત હો.
॥ શ્રી ॥ ૪ ॥

જાણો તો તાણો કિશ્યું, સેવાફળ દીજે દેવ હો,
વાચક જસ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો.
॥ શ્રી ॥ ૫ ॥

## ૮૧- ॥ શ્રી શાંતિનાથ જિન સ્તવન ॥

શાંતિ જિનેશ્વર સાંભળોજી, મુજ મનની એક વાત;
રાત દિવસ હું વિનવુંજી, શરણું માગું સાક્ષાત્.
જિનેશ્વર મુજ પાપીને તાર ॥ ૧ ॥

સાચા ખોટા મેં કર્યાજી, કીધાં પાપ અપાર;
મ્હેર કરી મને તારજોજી, ટાળો પાપ પરિતાપ.
॥ જિનેશ્વર ॥ ૨ ॥

સ્વારથીયો સંસાર છેજી, લક્ષ્મી અસ્થિર નિદાન;
પરમાર્થમાં નહી વાપર્યુંજી, એકલા જાવું તે જાણ.
॥ જિનેશ્વર ॥ ૩ ॥

લક્ષ્મી કેરી લાલચેજી, લૂટયા મેં લોક અનેક;
શાસનપતિ નામો પડેજી, લખાઈ ગયા ત્યાં લેખ.
॥ જિનેશ્વર ॥ ૪ ॥

કર્યા કર્મ સહુ અનુભવેજી, કોઇ ન રાખણ હાર;
શાંતિ જીનેશ્વર જાપથીજી, કોઈ દિન પામે પાર.
॥ જિનેશ્વર ॥ ૫ ॥

વિશ્વસેન કુળ દીપાવીયુંજી, અચિરા માતા સુખકાર;
લાખ વર્ષનું આઉખુંજી, મૃગ લંછન મનોહાર.
॥ જિનેશ્વર ॥ ૬ ॥

ભરણી નક્ષત્રમાં જનમીયાજી, મેઘ રાશી પ્રમાણ;
ગરૂડ નિર્વાણી સેવા કરેજી, શાસનના રખવાળ.
॥ જિનેશ્વર ॥ ૭ ॥

વિનય વિજયની વિનતિજી, સ્વીકારો વારંવાર;
શરણું પ્રભુ તાહરૂં મનેજી, આ ભવ પાર ઉતાર.
॥ જિનેશ્વર ॥ ૮ ॥

## ૮૨– ॥ શ્રી મલ્લિનાથનું સ્તવન ॥

॥ દ્વારાપુરીનો નેમ રાજીયો. એ – દેશી ॥

પ્રભુ મલ્લિ જીણંદ શાંતિ આપજો, ટાળજો મારા ભવો–
દધિના પાપરે; દયાળુ દેવા ॥ પ્રભુ ॥ ૧ ॥
વીતરાગ દેવને વંદુ સદા, બાલ બ્રહ્મચારી પ્રભુજી જગ
વિખ્યાતરે. પ્રભુજી મોરા મલ્લિ;
અકલ અચલ ને અકલ તું, કષાય મોહ નથી જેને લવલેશરે
પ્રભુજી મોરા ॥ મલ્લિ ॥ ૨ ॥
સર્પ ડસ્યો છે મને ક્રોધનો, રગે રગે વ્યાપ્યું તેનું વિષરે;
પ્રભુજી મોરા.
માન પથ્થર સ્તંભ સરીખો, તેણે કીધો છે મને જડવાનરે.
પ્રભુજી મોરા ॥ મલ્લિ ॥ ૩ ॥
માયા ડાકણ વળગી મને, આપ વિના કોઇ નહિ મને
છોડાવણહારરે – પ્રભુજી મોરા;
લોભ સાગરમાં હું પડયો, ડૂબી ગયો છું ભવ દુઃખ
અપારરે. પ્રભુજી મોરા ॥ મલ્લિ ॥ ૪ ॥

આપ શરણે હું હવે આવીયો, રક્ષણ કરજો મારૂં તુમે
જગનાથરે – પ્રભુજી મોરા;
અરજ સુણો આ દાસની, જ્ઞાનવિમળ કહે પ્રભુજી
તારણહાર તમે ॥ મલ્લિ ॥ ૫ ॥

## ૮૩-॥ શ્રી સીમંધર સ્વામીનું વિનતિરૂપ સ્તવન ॥

॥ લોઢુ લાલ બને અગ્નિ સંગત – એ દેશી ॥

સ્વસ્તિ શ્રી મહાવિદેહ ક્ષેત્રમાં, જિહાં રાજે તીર્થંકર વીશ,
તેણે નામું શીશ, કાગળ લખુ કોડથી. ॥ ૧ ॥
સ્વામી જઘન્ય તીર્થંકર વીશ છે. ઉત્કૃષ્ટા એકસો સીત્તેર,
તેમાં નહિ ફેર. ॥ કાગળ ॥ ૨ ॥
સ્વામિ બાર ગુણે કરી યુક્ત છો, અંગે લક્ષણ
એક હજાર, ઉપર આઠ સાર. ॥ કાગળ ॥ ૩ ॥
સ્વામી ચોત્રીશ અતિશયે રાજતા, વાણી પાંત્રીશ
વચન રસાલ, ગુણો તણી માળ. ॥ કા ॥ ૪ ॥
સ્વામી ગંધ હસ્તી સમ ગાજતા, ત્રણ લોક તણા પ્રતિપાળ,
છો દીન દયાળ. ॥ કા ॥ ૫ ॥
સ્વામી કાયા સુકોમળ શોભતી, શોભે સુવર્ણ સમાન વાન,
કરૂં હું પ્રણામ. ॥ કા ॥ ૬ ॥
સ્વામી ગુણ અનંતા છે તાહરા, એક જીભે કહ્યા કેમ જાય,
લખ્યા ન લખાય. ॥ ૭ ॥ ભરતક્ષેત્રથી લિખીતંગ જાણજો,
આપ દર્શન ઇચ્છક દાસ, રાખુ તુમ આશ. ॥ કા ॥ ૮ ॥
મેં તો પૂર્વે પાપ કીધાં ઘણાં, જેથી આપ દર્શન રહ્યો દુર.

ન પહોંચુ હજુર. ॥ કા ॥ ૯ ॥ મારા મનમાં સંદેહ અતિ ઘણા,
આપ વિના કહ્યા કેમ જાય, અંતર અકળાય. ॥ કા ॥ ૧૦ ॥
આડા પહાડ – પર્વત ને ડુંગરા, તેથી નજર નાખી નવ જાય,
દરશન કેમ થાય. ॥ કા ॥ ૧૧ ॥ સ્વામી કાગળ પણ
પહોંચે નહિ, ન પહોંચે સંદેશો સાઇ, હું તો રહ્યો આંહિ.
॥ કા ॥ ૧૨ ॥

દેવે પાંખ દીધી હોત પીઠમાં, ઉડી આવું દેશાવર દુર,
તો પહોંચુ હજુર. ॥ કા ॥ ૧૩ ॥ સ્વામી કેવળજ્ઞાને
કરી દેખજો, મારા આતમના છો આધાર, ઉતારો ભવ પાર.
॥ કા ॥ ૧૪ ॥
ઓછું અધિકું ને વિપરીત જે લખ્યું, માફ કરજો જરૂર
જિનરાજ, લાગું તુમ પાય. ॥ કા ॥ ૧૫ ॥
સંવત અઢાર તેપન્નની (૧૮૫૩) સાલમાં હરખે
હર્ષ વિજય ગુણ ગાય, પ્રેમે પ્રણમું પાય ॥ કાગળ ॥ ૧૬ ॥

## ૮૪– ॥ શ્રી મહાવીર સ્વામીનું પારણું ॥

॥ મનના મનોરથ સવિ ફળ્યા એ – દેશી ॥

સરસ્વતિ સ્વામિને વિનવું એ, સદ્‌ગુરૂ લાગુજી પાય;
મહાવીર કુંવર ઉદર રહ્યા એ. ॥ ૧ ॥
મહા મહિને માટી કેળવી એ, ફાગણ મહીને ઘડીયેલા
ઘાટ. ॥ મહા૦ ॥ ૨ ॥
પહેલો તે માસ ન જાણીઓ રે, બીજે માસે સુણ ન જ્ઞાન.
॥ મહા૦ ॥ ૩ ॥

ત્રીજે માસે સૈંયરને સંભળાવીયું એ, ચોથે માસે
ખીર ન ભાવે. ॥ મહા૦ ॥ ૪ ॥

પાંચમે માસે રાખડી બંધાવીયા એ, છ માસે પાણીડાં
મેલાવ્યાં. ॥ મહા૦ ॥ ૫ ॥

સાતમે માસે ખોળા ભરાવીયા એ, આઠમે માસે ગૌરી
ગાવે ગીત. ॥ મહા૦ ॥ ૬ ॥

નવમે માસે મહીયરીએ વળાવિયા એ, પુરે માસે જન્મ્યા
છે વીર. ॥ મહા૦ ॥ ૭ ॥

ઓરડા માંહે વીર કુંવર જનમીયાએ, પરસાળે પડીયા
અજવાસ, મહાવીર કુંવર જનમીયાએ. ॥ ૮ ॥

સોના સળીએ નાળ વધેરીયા એ, પાણી સાટે દુધડે નવરાવ્યા.
॥ મહા૦ ॥ ૯ ॥

ચોખા સાટે મોતીડે વધાવીયા એ, તરીયા તોરણ બાંધ્યા
છે બાર. ॥ મહા ॥ ૧૦ ॥

ચીર સાડીના બાળોતીયા એ, પલંગ પાલખડીએ પોઢાવ્યા.
॥ મહા૦ ॥ ૧૧ ॥

પાંચે વાસે પાંચે દોરી બાંધીયા એ, છઠ્ઠે વાસે છઠ્ઠીઓ બોલાવ્યા.
॥ મહા૦ ૧૨ ॥

દશ વાસે દશ ઉઠણ કાઢીયા એ, બારે વાસે પારણીએ પોઢાવ્યા.
॥ મહા૦ ૧૨ ॥

વીશ વાસે વીસ ઉઠણ કાઢીયા એ, એક માસે કુમાસે નવરાવ્યા.
॥ મહા૦ ૧૪ ॥

સવા મહિને ગોત્રજ ઝારીયા એ, ચાલીસ વાસે દેવગુરૂને ભેટાવ્યા.
॥ મહા૦ ૧૫ ॥

દાંત છે દાઢીમ કેરી કળીઓ એ, હોઠ છે પરવાળાનો રંગ.
॥ મહા૦ ૧૬ ॥

આંખ કમળ કેરી પાંખડી એ, નાક દિસે દીવા કેરી સેજ.
॥ મહા૦ ૧૭ ॥

માથે મુગુટ સોહામણા એ, કાને છે કુંડલ દોય સાર.
॥ મહા૦ ૧૮ ॥

બાંહે બાજુ બંધ બેરખાં એ, શ્રીફળ બીજોરૂં સાર.
॥ મહા૦ ૧૯ ॥

હાથે તે કલ્લી હીરે જડી એ, કોટે છે નવસેરો હાર.
॥ મહા૦ ૨૦ ॥

પાયે પીપોળી મોજડી એ, કોટે છે નવસેરો હાર.
॥ મહા૦ ૨૧ ॥

કેડે કંદોરો હેમનો એ, પાયે ઘુઘરાનો ઘમકાર.
॥ મહા૦ ૨૨ ॥

મહાવીરની ફઈને તેડાવીયા એ, નામ પડામણ સવા લાખ.
॥ મહા૦ ૨૩ ॥

શેત્રુંજે બાંધ્યાં એમના પારણાં એ, ગીરનારે નાખ્યા છે દોર.
॥ મહા૦ ૨૪ ॥

હીરવિજય ગુરૂ હીરલો એ, માનવિજય ગુણ ગાય.
॥ મહાવીર૦ ૨૫ ॥

# ॥ શ્રી ચિન્તામણી - પાર્શ્વનાથ સ્તોત્ર ॥

( શાર્દૂલ વિક્રીડિત છંદ )

કિં કર્પૂર મયં સુધારસમયં કિં ચન્દ્રરોચિર્મયં,
કિં લાવણ્ય મયં મહા મણિ મયં કારૂણ્ય કેલિ મયમ્;
વિશ્વાનન્દ મયં મહોદય મયં શોભા મયં ચિન્મયં,
શુક્લ ધ્યાન મયં વપુર્જિન પતે ર્ભૂયાદ્ ભવાલમ્બનમ્

# સ્તુતિ વિભાગ

## ૧— ॥ શ્રી ઋષભદેવની સ્તુતિ. ॥

શ્રી આદિદેવા પદ પદ્મ સેવા, શ્રી મારૂદેવા સુત પાપ ખેવા;
યુગાદિ દેવા વૃષ ચિન્હ લેવા, નમામિ ભક્ત્યા શિવ પંથ મેવા.
॥ ૧ ॥

સહસ્રચારી જિન આધિ ધીરો, સો મલ્લિ પાસો ત્રય એક વીરો;
દીક્ષા શતોંસે ષટ્ વાસુ પૂજ્યો, શેષા સહસ્ર ઇક પાપ ધુજ્જો.
॥ ૨ ॥

જિનેન્દ્ર વાણી ગુણરત્ન ખાણી, નિર્વાણ ઠાનિ સબ કર્મ હાનિ;
અર્થ પ્રદાની સુખકી નિશાની, સુધા સમાની હરમાન માની.
॥ ૩ ॥

ચક્રેસરી શાસન શાન્તિકારી, ગોમુખ યક્ષો હિત સંઘ કારી;
આનંદસૂરિ તપગચ્છ ધોરી, સદા નમે વલ્લભ હાથ જોડી.
॥ ૪ ॥

## ૨— ॥ શ્રી શાંતિનાથ જિન સ્તુતિ ॥

રાજંત્યા નવ પદ્મરાગ રૂચિરૈઃ પાદૈર્જિતાષ્ટાપદા,
દ્રેકોપ દ્રુતજાતરૂપવિભયા, તન્વાર્ય ધીર ક્ષમામ્;
બિભ્રત્યાઽમર સેવ્યયા જિનપતે, શ્રી શાન્તિનાથાઽસ્મરો,
દ્રેકોપદ્રુત જાત રૂપ વિભયા, તન્વાર્ય ધીર ક્ષમામ્. ॥ ૧ ॥

તે જીયા સુર વિદ્વિષો જિન વૃષા, માલાં દધાના રજો,
રાજ્યા મે દુર પારિજાત સુમનઃ સંતાન કાંતાંચિતાઃ;
કીર્ત્યાં કુંદસમત્વિષેષ દધિચે, ન પ્રાપ્ત લોકત્રયી,
રાજ્યા મે દુર પારિજાત સુમનઃ સંતાન કાંતાંચિતાઃ ॥ ૨ ॥
જૈનેન્દ્રંમત માતનોતુ સતતં, સમ્યગ્દશાં સદ્ગુણા,
લીલા ભંગમહારિ ભિન્ન મદનં, તાપાપ હૃદ્યા મરં;
દુર્નિર્ભેદ નિરંતરાં તરતમો, નિર્નાશિ પર્યુલ્લસ,
લ્લીલા ભંગ મહારિ ભિન્ન મદનં, તાપાપ હૃદ્યામરં.
॥ ૩ ॥
દંડચ્છત્ર કમંડલૂનિ કલયન્, સપ્રહ્ય શાંતિઃક્રિયાત્,
સંત્ય જ્યાનિ શમીક્ષણે ન શમિનો, મુકતા ક્ષમાલી હિતં;
તત્પાષ્ટા પદપિંડ પિંગલ રૂચિ, યોંડ ધારયન્મૂઢતાં,
સંત્યજ્યાનિ શમીક્ષણેન શમિનો, મુકતાક્ષમાલી હિતં.
॥ ૪ ॥

## ૩— ॥ શ્રી અગીઆરસની સ્તુતિ ॥

મલ્લિ દેવનો જન્મ સંયમ, મહા જ્ઞાનં લહ્યા જે દિને,
એ એકાદશી વાસર શુભકર, કલ્યાણ માલાલયઃ;
વૈદેહેશ્વર કુંભ જલધિ, વંશ પ્રોલ્લાસને ચંદ્રમા,
માતા યસ્ય પ્રભાવતી, ભગવતી કુંભ ધ્વજો વ્યાજતઃ ॥ ૧ ॥
જ્ઞાનં શ્રી ઋષભા જિતસ્ય સુમતિ, પ્રાંદુર્ભવ સાન્નમે,
પાર્શ્વારૌ ચરણં ચ મોક્ષમગમત્, પદ્મ પ્રભાખ્ય પ્રભુઃ
ઈત્યેત દ્શકં ચ યત્ર દિવસે, કલ્યાણકાનાં શુભં,
જાતં સંપ્રતિ વર્તમાનજિન, પદદ્યુર્મહા મંગલમ્ ॥ ૨ ॥

સાંગોપાંગ મનંત પર્યવગુણો, પેતં સદો પાસકે,
એકાદશ્ય: પ્રતિમાશ્ચ યત્ર ગદિતા, શ્રદ્ધાવતાં તીર્થપે;
સિદ્ધાંતાભિધ ભૂપતિર્વિજયતે, બિભ્રત્ સદૈકાદશી,
ચારાંગાદિમયં વપુર્વિલસિતં, ભકત્યા નુતં ભાવત:, ॥ ૩ ॥
વૈરોટયા વિદધાતિ મંગલનતિં, સદ્દર્શનાનામિહ,
શ્રીમન્મલ્લિ જિનેશ શાસનરસુ; કુબેરનામા પુન:;
દિક્પાલ ગૃહયક્ષદક્ષ નિવહા, સર્વેડપિ યે દેવતા:,
તે સર્વે વિદધાતુ સૌખ્યમતુલં, જ્ઞાનાત્મનાં સૂરીણાં. ॥ ૪ ॥

## ૪-- ॥ શ્રી સિદ્ધચક્રની સ્તુતિ ॥

વીર જિનેશ્વર અતિ અલવેસર, ગૌતમ ગુણના દરિયાજી,
એક દિન આણા વીરની લઇને, રાજગૃહી સંચરીયાજી;
શ્રેણિક રાજા વંદન આવ્યા, ઉલટ મનમાં આણીજી,
પર્ષદા આગળ બાર બિરાજે, હવે સુણો ભવિ પ્રાણીજી,
॥ ૧ ॥

માનવ ભવ તુમે પુન્યે પામ્યા, શ્રી સિદ્ધચક્ર આરાધોજી,
અરિહંત સિદ્ધ સૂરિ ઉવજઝાયા, સાધુ દેખી ગુણ વાધોજી;
દરિસણ નાણ ચારિત્ર તપ કીજે, નવપદ ધ્યાન ધરીજેજી,
ધુર આસોથી કરવા આંબેલ, સુખ સંપદા પામીજેજી. ॥ ૨ ॥
શ્રેણિકરાય ગૌતમને પૂછે, સ્વામી એ તપ કોણે કીધોજી,
નવ આંબિલ વિધિશું તપ કરતાં, વાંછિત સુખ કોણે લીધોજી;
મધુર ધ્વનિ બોલ્યા શ્રી ગૌતમ, સાંભળો શ્રેણિક વયણાજી,
રોગ ગયો ને સંપદા પામ્યા, શ્રી શ્રીપાળ ને મયણાંજી. ॥ ૩ ॥

ઝુમ ઝુમ કરતી પાયે નેઉર દીસે દેવી રૂપાળીજી,
નામ ચક્કેસરી ને સિધ્ધાઇ, આદિજિન વીર રખવાલીજી;
વિઘ્ન ક્રોડ હરે સહુ સંઘનાં, જે સેવે એના પાયજી,
ભાણ વિજય કવિ સેવક નય કહે, સાંનિધ્ય કરજો માયજી.
॥ ૪ ॥

## ૫-- ॥ શ્રી રાત્રિ ભોજનની થોય ॥

શાસન નાયક વીરજી એ, પામી પરમ આધાર તો,
રાત્રિ ભોજન મત કરો એ, જાણી પાપ અપાર તો;
ઘુઅડ કાગ ને નાગના એ, તે પામે અવતાર તો,
નિયમ નોકારસી નિત્ય કરો એ, સાંજે કરો ચોવિહાર તો.
॥ ૧ ॥

વાસી બોળો ને રીંગણા એ, કંદમૂળ તું ટાળ તો,
ખાતા ખોટ ઘણી કહી એ, તે માટે મન વાળ તો;
કાચા દુધ ને છાશમાં એ, કઠોળ જમવું નિવાર તો,
ઋષભાદિક જિન પૂજતાં એ, રાગ ધરે શિવનાર તો.
॥ ૨ ॥

હોળી બળેવ ને નોરતાં એ, પીંપળે પાણી મ રેડ તો,
શીલ સાતમના વાસી વડા એ, ખાતાં મોટી ખોડ તો;
સાંભળી સમકિત રૂઢ કરો એ, મિથ્યાત્વપર્વ નિવાર તો;
સામાયિક પડિક્કમણું નિત કરોએ, જિનવાણી
જગ સાર તો. ॥ ૩ ॥

ઋતુવંતી અડકે નહીં એ, નવિ કરે ઘરના કામ તો,
તેનાં વાંછિત પૂરશે એ, દેવી સિદ્ધાયિકા નામ તો;

હિત ઉપદેશે હર્ષ ધરી એ, કોઈ ન કરશો રીશ તો,
કીર્તિ કમલા પામશો એ, જીવ કહે તસ શિષ્ય તો.
॥ ૪ ॥

## ૬– ॥ શ્રી અધ્યાત્મ સ્તુતિ ॥

સોવન વાડી ફુલડે છાઈ, છાબ ભરી હું લાવું જી,
ફુલજ લાવું ને હાર ગુંથાવું, પ્રભુજીને કંઠે સોહાવુંજી;
ઉપવાસ કરૂં તો ભૂખજ લાગે, ઉનું પાણી નવી ભાવેજી,
આંબીલ કરૂં તો લુખું ન ભાવે, નીવીએ ડુમા આવેજી. ॥ ૧ ॥

એકાસણું કરૂં તો ભૂખે રહી ન શકું, સુખે ખાઉં ત્રણ ટંકજી,
સામાયિક કરૂં તો બેસી ન શકું, નિંદા કરૂં સારી રાતજી;
દેરે જાઉં તો ખોટીજ થાઉં, ઘરનો ધંધો ચૂકુંજી,
દાન દઉં તો હાથજ ધ્રુજે, હૈયે, કંપ વછુટેજી. ॥ ૨ ॥

જીવને જમડાનું તેડું આવ્યું, સર્વ મેલીને ચાલેજી,
રહો જમડાજી આજનો દહાડો, શેત્રુંજે જઈને આવુંજી;
શેત્રુંજે જઈને દ્રવ્યજ ખર્ચું, મોક્ષ માર્ગ હું માંગુજી,
ઘેલા જીવડા ઘેલું શું બોલે, એટલા દિવસ શું કીધુંજી. ॥૩॥

જાતે જે જીવ પાછળ ભાતું, શું શું સાથે આવેજી,
કાચી કુલેર ખોખરી હાંડી, કાઠીના ભારા સાથેજી;
જ્ઞાનવિમળ સૂરિ એણી પેરે ભાખે, ધ્યાવો અધ્યાત્મ ધ્યાનજી,
ભાવ ભકિત શું જિનેજીને પૂજો, સમકિતને અજવાળોજી.
॥ ૪ ॥

## ૭– ॥ શ્રી શાન્તિનાથજી સ્તુતિ ॥

ફળવિધિ મંગળ શાન્તિ તણી, તુજ વંદન મુજ ખાંત ઘણી;
જબ દીઠે તબ મોરી ચિત્ત ઠરી, પ્રભુ દુર્ગતિ માહરી દુર હરી.
॥ ૧ ॥

રીખવાદિક જિનવર ચિત્ત ઠરી, મેં લબ્ધિ માંહિ લીલ કરી;
આજ સખીરે મુજ રંગ રળી, જેમ દુધ માંહે સાકર ભળી.
॥ ૨ ॥

ભગવંત ભાખે તહત્તિ કરી, આણંદ ચાલ્યો પુન્ય ભણી;
આગામી આરાધો નર નારી, આગળ પામો સુખ ભારી.
॥ ૩ ॥

રૂમઝુમ કરતી રંગરળી, નિર્વાણી દેવી તુજ ખરી;
સહુ સંઘના વિઘ્ન હરેવી, દેવી વિજયની આશા ફળેવી.
॥ ૪ ॥

## ૮– ॥ શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ ॥

વંદુ વીર જિનેશ્વર નમી, બહોંતર વર્ષનું આયુ પુરણ કરી;
કાર્તિક અમાવાસ્યા નિર્મલી, વીર મોક્ષે પહોંચ્યા પાવાપુરી.
॥ ૧ ॥

ચોવીશે જિન મોક્ષે ગયા, મુજ શરણ હોજો નિર્મળ થયા;
એક વાર જીનજી જો મળે, મારા મનના મનોરથ સવિ ફળે.
॥ ૨ ॥

મહાવીરે તે દીધી દેશના, સોળ પહોર સુણી નિર્ભય થયા;
એવો અર્થ સુણી ગણધર વલી, સિદ્ધાંતને વંદુ લળી લળી.
॥ ૩ ॥

દીવાળી તે મહાપર્વ જાણીયે, મહાવીર થકી મન આણીએ;
ગણણું ગણી છટ્ઠ તપ જે કરે, લાભ વિજય સિદ્ધાઈ સંકટ હરે.
॥ ૪ ॥

## ૯— ॥ શ્રી અધ્યાત્મ સમસ્યા સ્તુતિ ॥

કાળે બેઠી એક સુડલી, તસ ચાંચ ન આવે;
ચણ લેવાને કારણે, સમુદ્રમાં જાવે. ડાળે બેઠી એક સૂડલી.
॥ ૧ ॥
આપ વરણ લીલી નહીં, તરા ચાંચ છે લીલી;
ચાંચે ઈંડાં મૂકતી, સાયરમાં ઝીલી, કાળે બેઠી એક સૂડલી.
॥ ૨ ॥
એરે ઈંડા છાપ્યાં ઘણાં, પણ તે નવી ખૂટે;
એની ભકિત જે કરે, તેહના પાતિક છૂટે, ડાળે બેઠી એક સૂડલી;
॥ ૩ ॥
હરખ વિજય પંડિત કહે, એ કોણ છે સૂડી;
એનો અર્થ જે કરે, તેની બુદ્ધિ છે રૂડી ડાળે બેઠી એક સૂડલી. ॥ ૪ ॥

## ૧૦— ॥ શ્રી અધ્યાત્મ સ્તુતિ ॥

નારીજી મોટા ને કંથજી છોટા, વળતા લાવે પાણીના લોટા;
પુંજી વિના વેપારજ મોટા, કરતાં આવે ઘરમાં ટોટા.
॥ ૧ ॥
મેરૂ પર્વત હાથી ચડીઓ, કીડીની ફુંકે હેઠો પડીઓ;
કીડીની વેલમાં હાથી પેઠો, હાથી ઉપર વાંદરો બેઠો.
॥ ૨ ॥

સુકા સરોવર હંસજ મહાલે, પર્વત ઉડીને ગગન ચાલે;
શિવ સુંદરી કહે વેલ ધડુકે, સાયર તરતા જહાજ તે.
અટકે૦ ॥ ૩ ॥
પંડિત એહના અર્થજ કહેજો, નહિં તો બહુશ્રુત ચરણે રહેજો;
શ્રી શુભવીરનું શાસન પામી, ખાધા પીધાની ન કરો ખામી. ॥ ૪ ॥

## ૧૧– ॥ શ્રી રોહિણીની સ્તુતિ ॥

શ્રી વાસુપુજ્યજી પૂજીએ, જિન ચરણ તણા ફળ લીજીએ;
દેવી રાણી જય કરો, મનવાંછિત પૂરણ સુરતરો. ॥ ૧ ॥
પાંચ ભરત પાંચ ઐરવતા, પાંચ મહાવિદેહમાં વિચરંતા;
ત્રણ ચોવીશી બહોંતેરા, જિન વીશ નમું જિન સુખકરા. ॥ ૨ ॥
ત્રિગડે બેઠા જિન ભણે, તિહાં વયણે કરી વખાણ કરે;
જોજન લગી જિન વાણી વિસ્તરે, બાર પર્ષદા બેઠી ચિત્ત ધરે. ॥ ૩ ॥
શાસન દેવી નામ પ્રભા, સંઘ સકલ સોહંકરા;
વર વાચક મેઘ પવન મુદા, મેઘ ચંદ્ર હુવા સુખ સંપદા. ॥ ૪ ॥

## ૧૨– ॥ શ્રી સીમંધર સ્વામી સ્તુતિ ॥

મુજ આંગણે સુરતરૂ ઉગીયો, કામધેનુ ચિંતામણિ પુગીયો;
સીમંધર સ્વામી જો મીલે, તો મનના મનોરથ સવિ ફલે. ॥ ૧ ॥

હું વંદુ વીશે વિહરમાન, તો કેવલ જ્ઞાની યુગ પ્રધાન;
સીમંધર સ્વામી ગુણ નિધાન, જીત્યા જેણે કોહ, લોહ,
મોહ, માન. ॥ ૨ ॥

આંબા વન સમરે કોકીલા, મેહને વંછે જેમ મોરલા;
મધુકર માલતી પરિમલ રમે, તિમ આગમમાં મારૂં મન રમે.
॥ ૩ ॥

જય લચ્છિ શાસન દેવતા, રત્ન ત્રણ ગુણ જે સાધતા;
વિમલ સુખ પામે તે સદા, સીમંધર જિન પ્રણમું મુદા.
॥ ૪ ॥

## ૧૩— ॥ શ્રી સિદ્ધાચલજી સ્તુતિ ॥

સિદ્ધાચલ સંઘ કઢાવો, ગિરનારના બિંબ ભરાવો;
આબુજીના ચેલા થાશું, કાજો કાઢીને મોક્ષે જાશું. ॥ ૧ ॥
મારી નોકારવાળી સારી, મારા મંત્ર ભલેરા ભારી;
મારી તુમસું પ્રીતડી લાગી, મને મોક્ષે પહોંચાડો ભાઈ.
॥ ૨ ॥

મારે અવસરે વહેલા આવો, સુખ સંપત્ત ઝાઝી લાવો;
સાકરીયા મેવા છે મીઠા, મેં તો નજરે આદીશ્વર દીઠા.
॥ ૩ ॥

સોગઠડા માંડોને સોળ, નીલા પીલા ને રાતાચોળ;
વચ્ચે મેલો પરવારી પાસા, જુઓ કર્મ તણા તમાસા.
॥ ૪ ॥

## ૧૪– ॥ શ્રી સીમંધર સ્વામી સ્તુતિ ॥

શ્રી સીમંધર જગ ધણી, તુજ ભેટણ મુજ ખંત ઘણી;
તુજ નામે દુર્ગતિ દૂર ટળે, સુખ સંપદા સઘળી આવી મળે.
॥ ૧ ॥

જંબુ દ્વીપે રાજંતા, ચાર જિનેશ્વર છાજંતા;
ધાતકી આઠ જાણીયે, પુષ્કર તે આઠ વખાણીયે. ॥ ૨ ॥
સમવસરણ જિન રાજંતા, ગુણ પાંત્રીસ વાણીયે ગાજંતા;
વિહરમાન દીયે દેશના, અમૃત ધ્વનિ એક મના. ॥ ૩ ॥
શ્રી સીમંધર શાસન રખવાલી, પંચાગુલી દેવી લટકાળી;
સંઘ સકળને હિતકારી, કીર્તિચન્દ્ર કહે તે સુખકારી. ॥ ૪ ॥

## ૧૫– ॥ શ્રી નેમનાથની સ્તુતિ ॥

શ્રી ગિરનારે જે ગુણ નીલો, તે તરણ તારણ ત્રિભુવન તિલો;
નેમિસર નમિયે તે સદા, સેવ્યો આપે સંપદા. ॥ ૧ ॥
ઇંદ્રાદિક દેવ જેહને નમે, દર્શન દીઠે દુઃખ ઉપશમે;
જે અતીત અનાગત વર્તમાન, તે જિનવર વંદુ વર પરધાન.
॥ ૨ ॥

અરિહંતે વાણી ઉચ્ચરી, ગણધરે તે રચના કરી;
પીસ્તાલીસ આગમ જાણીયે, અર્થ તેના ચિત્તે આણીયે.
॥ ૩ ॥

ગઢ ગિરનારની અધિષ્ઠાયિકા, જિન શાસનની રખવાલિકા;
સમરૂં સા દેવી અંબિકા, કવિ ઉદયરત્ન સુખ દાયિકા.
॥ ૪ ॥

## ૧૬–॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી સ્તુતિ ॥

॥ શંખેશ્વર પાસજી પૂજીયે – એ દેશી ॥

શંખેસર પાસ જિનેસરૂ, મનવાંછિત પૂરણ સુરતરૂ;
તુમે દેજો દરિસણ વાર વાર, મુજ મન ઉમાહો એહ અપાર.
॥ ૧ ॥

ચોવીશે જિનવર ભેટીયે, ભવ સંચિત દુષ્કૃત મેટીયે;
તુમે કૃપા કરી ચિત્ત અતિ ઘણી, પદવી દ્યો સ્વામી આપણી.
॥ ૨ ॥

સિદ્ધાંત સમુદ્ર સોહામણો, ગુણ રમણે અતિ રળીયામણો;
મતિ નાવા કરી અવગાહીયે, તસ અરથ અંભ નિતુ નાહીયે.
॥ ૩ ॥

પઉમાવઈ દેવી ધરણરાય, પ્રણમે શ્રી પાસ જિણંદ રાય;
લીલા લક્ષ્મી દ્યો લબ્ધિવંત, ધરણેન્દ્ર તુમે મુજ મન ખંત.
॥ ૪ ॥

## ॥ શ્રી નેમનાથનું ચૈત્યવંદન ॥

રાજુલ વર શ્રી નેમનાથ, શામળીયો સારો;
શંખ લંછન દશ ધનુષ્ય દેહ, મન મોહનગારો. ॥ ૧ ॥
સમુદ્રવિજય રાય કુલ તિલો, શિવાદેવી સુત પ્યારો,
સહસ વર્ષનું આઉખું, પાળી સુખ કારો. ॥ ૨ ॥
ગિરનારે મુકિત ગયા એ, સૌરીપુરે અવતાર;
રૂપવિજય કહે વાલ્હો, જગજીવન આધાર. ॥ ૩ ॥

## ॥ સોળ સતીના નામ ॥

બ્રાહ્મી ચંદન બાલિકા ભગવતી રાજીમતી દ્રૌપદી,
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા સીતા સુભદ્રા શિવા;
કુંતી શીલવતી નલસ્ય દયિતા, ચૂલા પ્રભાવત્યપિ,
પદ્માવત્યપિ સુંદરી પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલં. ॥ ૧ ॥

# સજઝાય વિભાગ

## ૧— ॥ શ્રી ગૌતમ પૃચ્છાની સજઝાય ॥

ગૌતમ સ્વામી પૃચ્છા કરે, કહોને સ્વામી વર્ધમાનજીરે;
કેણે કર્મે નિર્ધન નિર્વંશી, કેણે કર્મે નિષ્ફલ હોય સ્વામી૦
॥ ૧ ॥

પર ઘર ભાંગે ને પર દમે, તેણે કર્મે નિર્ધન હોય;
॥ ગૌતમ૦ ॥

થાપણ મોસો જે કરે, તેણે કર્મે નિર્વંશી હોય૦
॥ ગૌતમ૦ ॥ ૨ ॥

કેણે કર્મે વેશ્યા ને વિધવા, કેણે કર્મે નપુંસક હોય સ્વામી;
દુર્ગંછા કરે જિન ધર્મની, તેણ કર્મે વેશ્યા હોય.
॥ ગૌતમ૦ ॥ ૩ ॥

શીયલ ખંડીને ભોગ ભોગવે, તેણે કર્મે વિધવા હોય;
॥ ગૌતમ૦ ॥

વેશ્યાનો સંગ જે કરે, તેણે કર્મે નપુંસક હોય.
॥ ગૌતમ૦ ॥ ૪ ॥

કેણે કર્મે ગર્ભથી ગલી જાએ, કેણે કર્મે પીઠી ભર્યા જાય;
॥ સ્વામી. ॥

વાડી વેડે કુણા મોગર, તેણે કર્મે ગર્ભથી જાય.
॥ ગૌતમ૦ ॥ ૫ ॥

ફુલ વિંધીને કર્મ બાંધીયા, તેણે કર્મે પીઠી ભર્યા જાય;
॥ ગૌતમ૦ ॥

કેણે કર્મે ઠુંઠા ને પાંગુલા, કેણે કર્મે જાતિ અંધ હોય.
॥ સ્વામી૦ ॥ ૬ ॥

આંખો કાપે પર જીવની, તેણે કર્મે પાગુલા હોય, ગૌતમ૦ ।
વધ કરે પર જીવનો, તેણે કર્મે જાતિ અંધ હોય.
॥ ગૌતમ૦ ॥ ૭ ॥

કેણે કર્મે શોક ઉપજે, કેણે કર્મે કલંક ચડંત; સ્વામી૦ ।
વેરો વંચો જે કરે, તેણે કર્મે શોક ઉપજે.
॥ ગૌતમ૦ ॥ ૮ ॥

જુઠી સાખ ભરી કર્મ બાંધીયા, તેણે કર્મે કલંક ચડંત;
ગૌતમ૦ ।

કેણે કર્મે વિષધર ઉપજે, કેણે કર્મે જશ હીણ હોય,
સ્વામી૦ ॥ ૯ ॥

રીસ ભર્યા મરે અણ બોલીયા, તેણે કર્મે વિષધર હોય;
ગૌતમ૦ ।

જે જીવ રાગે વાંછીયા, તેણે કર્મે વિષધર હોય.
॥ ગૌતમ૦ ॥ ૧૦ ॥

કેણે કર્મે જીવ નિગોદમાં, કેણે કર્મે તિર્યંચમાં જાય;
સ્વામી૦ ।

જે જીવ મોહે વ્યાપીયા, તેણે કર્મે નિગોદમાં જાય.
॥ ગૌતમ૦ ॥ ૧૧ ॥

જે જીવ માયામાં વ્યાપીયા, તેણે કર્મે તિર્યંચમાં જાય;
ગૌતમ૦।

કેણે કર્મે જીવ એકેંદ્રિમાં, કેણે કર્મે પંચેંદ્રિમાં જાય,
॥ સ્વામી૦ ૧૨ ॥

પાંચ ઇંદ્રિ વશ નવી કરી. તેણે કર્મે એકેંદ્રિમાં હોય;
ગૌતમ૦।

પાંચ ઈંદ્રિ વશ જેણે કરી, તેણે કર્મ પંચેંદ્રિમાં જાય.
॥ ગૌતમ૦ ॥ ૧૩ ॥

કેણે કર્મે જીવ ડાબ દુભમે, કેણે કર્મ થોડેરો સંસાર હો;
– સ્વામી૦।

જે જીવ મોહ મચ્છર કરે, તેણે કર્મે સંસાર હરંત.
॥ ગૌતમ૦ ॥ ૧૪ ॥

જે જીવ સંતોષ પામીયા, તેણે કર્મે થોડેરો સંસાર;
॥ ગૌતમ૦ ॥

કેણે કર્મે જીવડા નીચકુલે, કેણે કર્મે ઉંચ કુલ હોય.
॥ સ્વામી૦ ॥ ૧૫ ॥

દાન દીયા અણ સુઝતાં, તેણે કર્મે નીચકુલ હોય;
॥ ગૌતમ૦ ॥

દાન દીયા સુપાત્રને, તેણે કર્મે ઉંચ કુલ હોય.
॥ ગૌતમ૦ ॥ ૧૬ ॥

કેણે કર્મે જીવડા નરકમાં, કેણે કર્મે સ્વર્ગ વિમાન;
॥ સ્વામી૦ ॥

જે જીવ લોભે વ્યાપીયો, તેણે કર્મે નરકમાં જાય.
॥ ગૌતમ૦ ॥ ૧૭ ॥

દાન શીયલ તપ ભાવના, તેણે કર્મે સ્વર્ગ વિમાન;
ગૌતમ૦ ।

રાજગૃહી પ્રભુ આવીયા, શ્રેણિક વંદવા જાય.
॥ ગૌતમ૦ ॥ ૧૮ ॥

ચેલ્લણા કરે અતિ ગુંહલી, હૈયડે હરખ ન માય; ગૌતમ૦ ।
ગૌતમ કેવલ માગીયો, દીયો તે વીર વર્ધમાન સ્વામીજી.
॥ ૧૯ ॥

એણે મોહે કેવલ ન પામીયે, મોહે ન હોયે નિર્વાણ;
ગૌતમ૦ ।

રૂપ વિજય ગુરૂ ઇણી પરે, ભાખે શ્રી ભગવંત; ગૌતમ ।
જે નર ભણે જે સાંભલે, તસ ઘર મંગલ માલ હો.
॥ ગૌતમ ॥ ૨૦ ॥

## ૨—॥ શ્રી બાર વ્રતની સજઝાય. ॥

ગૌતમ ગણધર પાય નમીજે, સુગુરૂ વચન હૈયડે ધરીજે;
એણી પેરે પ્રાણી બારે વ્રત કીજે. ॥ ૧ ॥

પહેલે જીવદયા પાળીજે, તો નિરોગી કાયા પામીજે.
॥ એણી૦ ॥ ૨ ॥

બીજે મૃષાવાદ ન કીજે, દીઠું અણદીઠું આળ ન દીજે.
॥ એણી૦ ॥ ૩ ॥

ત્રીજે અદત્તાદાન ન કીજે, પડયું વિસર્યું હાથ ન લીજે.
॥ એણી૦ ॥ ૪ ॥

ચોથે નિર્મળ શિયળ પાળીજે, રત્ન પાવડીએ મુક્તિ
સુખ લીજે. ॥ એણી૦ ॥ ૫ ॥

પાંચમે પરિગ્રહનું માન કરીજે, પાંચે ઇંદ્રિય પોતા વશ કીજે. ॥ એણી૦ ॥ ૬ ॥

છઠ્ઠે દિશિનું માન કરીજે, પચ્ચક્ખાણ કર્યા ઉપર પાય ન દીજે. ॥ એણી૦ ॥ ૭ ॥

સાતમે સચ્ચિત્તનો ત્યાગ કરીજે, સચિત્ત મિશ્રનો આહાર ન લીજે. ॥ એણી૦ ॥ ૮ ॥

આઠમે અનર્થ દંડ ન દીજે, હિંસાતણો ઉપદેશ ન દીજે. ॥ એણી૦ ॥ ૯ ॥

નવમે નિર્મળ સામાયિક કીજે, અવ્રતીને આવકાર ન દીજે. ॥ એણી૦ ॥ ૧૦ ॥

દશમે દેશાવગાશિક કીજે, એક આસને બેસી ભણીજે. ॥ એણી૦ ॥ ૧૧ ॥

અગીયારમેં પોસહ વ્રત કીજે, છક્કાય જીવને અભયદાન દીજે. ॥ એણી૦ ॥ ૧૨ ॥

બારમે અતિથિ સંવિભાગ કીજે, સાધુ સાધવીને સુજતું દીજે. ॥ એણી૦ ॥ ૧૩ ॥

સંલેષણાનો પાઠ ભણીજે, પાદપોપગમ અણસણ કીજે. ॥ એણી૦ ॥ ૧૪ ॥

દશ શ્રાવકે સંથારો કીધો, મનુષ્ય જનમનો લાહો લીધો. ॥ એણી૦ ॥ ૧૫ ॥

બારે વ્રત એણી પેરે કીજે, નરક તિર્યંચનાં બારણાં દીજે. ॥ એણી૦ ॥ ૧૬ ॥

કાન્તિવિજય ગુરૂ એણી પેરે બોલે, નહિ સાધુ સાધવીને તોલે. ॥ એણી૦ ॥ ૧૭ ॥

## ૩— ॥ શ્રી કલાવતીની સજ્ઝાય ॥

॥ શી કહું કથની મારી રાજ – એ રાગ ॥

બેન રે લીલાવતી હું તમને વિનવું, સ્વામિની સેવા કરજો;
પતિ પરમેશ્વર આપણો છે બેની, ઝાઝા તે કરજો જતન.
હો બેન કર્મ કરે તે સહેવું. ॥ ૧ ॥

સત્યપણામાં સવળું રે બોલી, અવળું સમજ્યા છે સ્વામી;
વાંક નથી એમાં કશો સ્વામીનો, લખીયા લેખ લલાટ.
॥ હો બેન૦ ॥ ૨ ॥

પરણીને આવી ત્યારથી તો, લાડમાં નથી રાખી ખામી;
માન આપ્યું છે અમને ઘણુંએ, એમાં નથી રાખી ખામી.
॥ હો બેન૦ ॥ ૩ ॥

હું જાવું છું વન વિષે હવે, જાજા પ્રણામ છે તમને;
સર્વ બેનોની ક્ષમા માગું છું, મારે જાવું છે વન મોઝાર.
॥ હો બેન૦ ॥ ૪ ॥

પ્રભુ પ્રતાપે સંતાન દીધું, કર્મે કેવું કીધું;
ભર જંગલમાં જન્મજ દેશું, હે પ્રભુ શરણ તુમારૂં.
॥ હો બેન ॥ ૫ ॥

કાળો રથ ને – કાળો છે માફો, કાળા બળદ કાળા વસ્ત્ર;
ગળીનો ચાંલ્લો કીધો કપાળે, ત્યાંથી તે ચાલ્યાં જાય.
॥ હો બેન૦ ॥ ૬ ॥

ચાલતાં ચાલતાં અટવીરે આવી, ભર જંગલ ઘોર વન;
ત્યાંરે સતીજીને હેઠે ઉતાર્યાં, આંખે આંસુડાની ધાર.
॥ હો બેન૦ ॥ ૭ ॥

સુભટે સંભળાવ્યું બેનરે કલાવતી, રાજાનો હુકમ એવો;
કેતાં રે મારી કાયા કંપે, બેરખાં કાપીને આપો.
॥ હો બેન૦ ॥ ૮ ॥

રોતાં રે રોતાં સતીજી બોલ્યાં, બેરખાં કાપીને લ્યોરે;
બેરખાં કાપીને સ્વામીને કહેજો, પાળી છે આજ્ઞા તુમારી.
॥ હો બેન૦ ॥ ૯ ॥

બેરખાં કાપ્યા ત્યારથી તો, સતીને દુઃખજ થાય;
અફસોષ કરતાં મૂર્છારે આવી, સારવાર નથી કોઇ પાસે.
॥ હો બેન૦ ॥ ૧૦ ॥

સવા નવ માસે પુત્ર જનમીયો, ચંદ્ર સુરજ હોય સ્થંભે;
ભર જંગલમાં જન્મ જ દીધો, હે પ્રભુ શરણુ તુમારૂં.
॥ હો બેન૦ ॥ ૧૧ ॥

દેવલોક માંહે દેવ સિંહાસન, ચલાયમાન જ થાય;
દેવે વિચાર્યું સતી દુઃખી છે, જાવ દેવ દેવી સહાયે.
॥ હો બેન૦ ॥ ૧૨ ॥

દેવ દેવી આવી નમન કરે છે, સતીને દુઃખજ થાય;
બાળક લીધું સતીએ હાથમાં, સતીને તેડી જાય.
॥ હો બેન૦ ॥ ૧૩ ॥

સાવ સોનાનો મહેલ બનાવ્યો, ફરતા બેઠા છે દેવો;
સતી આજ્ઞા વિના કોઈ ન આવે, એવો શીયળનો પ્રભાવ.
॥ હો બેન૦ ॥ ૧૪ ॥

સાવ સોનાની માંચીએ બેસી, બાળકને ધવરાવે;
બાળ ધવરાવતાં અફસોષ કરતાં, સ્વામી હશે સુખી કે દુઃખી.
॥ હો બેન૦ ॥ ૧૫ ॥

નિમિત્તને મિષે દેવ પધાર્યા, આવ્યા છે રાજ દુવારે;
રાજાને આવીને પ્રણામ કરીયો, બેઠો છે રાજન પાસે.
॥ હો બેન૦ ॥ ૧૬ ॥

નિમિત્તજી બોલ્યા અરે રાજનજી, કેમ ઉદાસ દેખાવો;
રાજનજી બોલ્યા સાંભળો નિમિત્તજી, કલાવતીની બુદ્ધિ
જાણી. ॥ હો બેન ॥ ૧૭ ॥

બેરખાં પેર્યાં ત્યારે મેં પુછ્યું, કહો રાણીજી આ કયાંથી;
ત્યારે અમોને ઉત્તર આપ્યો, મારે મન વસે તેણે મોકલીયાં.
॥ હો બેન ॥ ૧૮ ॥

મારાથી બળીઓ કોણ વસે છે, એવું જાણી કાઢયાં વન વાસે;
બેરખાં કાપીને ભંડારે મુકયા, તે તમને દેખાડું.
॥ હો બેન ॥ ૧૯ ॥

બેરખાં જોઇને નિમિત્તજી બોલ્યા, ભુડું થયું છે રાજન;
જય વિજય બે બાંધવ જે તેહના, સીમંત અવસરે મોકલીયા.
॥ હો બેન૦ ॥ ૨૦ ॥

નામ છાપેલું જુવો રાજનજી, વગર વિચાર્યું કર્યું કામ;
એટલું સાંભળતાં મુર્છાએ આવી, સેવકો છે તેની પાસે.
॥ હો બેન૦ ॥ ૨૧ ॥

મુર્છા ઉતરતાં રાજનજી બોલ્યા, શું કરૂં નિમિત્તજી આજ;
ભર જંગલાં શું રે થયું હશે, વગર વિચાર્યું કર્યું કાજ.
॥ હો બેન૦ ॥ ૨૨ ॥

જાવ જાવ સેવકો સતીની શોધમાં, ચારે તરફ ફરી આવો;
જે કોઇ સતીને શોધીને લાવશે, તેણે માટે માગ્યું દાન.
॥ હો બેન૦ ॥ ૨૩ ॥

નિમિત્ત ને રાજન્ ત્યાંથીરે ચાલ્યા, આવ્યા છે વન મોજાર;
ચાલતાં - ચાલતાં અટવીરે આવી, દેવતૈ મહેલ જ જોયે.
॥ હો બેન૦ ॥ ૨૪ ॥

સામે કલાવતી ગોખમાં બેઠી, ખોળામાં પુત્ર છે તેની પાસે;
છેટેથી આવતાં રાજનજી જોયા, હર્ષનો નથી રહ્યો પાર.
॥ હો બેન૦ ॥ ૨૫ ॥

પાસે આવીને દર્શન કરીયાં, આંખે આંસુડાની ધાર;
પુત્રને દીધો સ્વામીના હાથમાં, હર્ષનો નથી રહ્યો પાર.
॥ હો બેન૦ ॥ ૨૬ ॥

એહવે સમયે મુનિ વનમાં પધાર્યા, પૂછે બેરખાની વાત;
કહોને મુનિ મેં શાં પાપ કર્યાં હશે, તે કર્મ ઉદયે આવ્યાં આજ.
॥ હો બેન૦ ॥ ૨૭ ॥

તું રે હતી બાઈ રાજાની કુંવરી, એ હતો સૂડીલાનો જીવ;
તેં રે અરે એની પાંખો છેદાવી, તે કર્મ ઉદયે આવ્યું આજ.
॥ હો બેન૦ ॥ ૨૮ ॥

તમે તમારી વસ્તુ સંભાળો, અમે લઈશું સંયમ ભાર;
દીક્ષા લીધી શ્રી મહાવીરજી પાસે, પહોંચ્યા છે મુક્તિ મોજાર.
॥ હો બેન૦ ॥ ૨૯ ॥

સુમતિવિજય કહે શિયળ પ્રભાવે, દુઃખી તે સુખી થાય;
સર્વ જનોને નમન કરૂં છું, તેથી ઉતરશું ભવ પાર.
॥ હો બેન૦ ॥ ૩૦ ॥

## ૪-॥ શ્રી નેમ રાજુલની સજ્ઝાય ॥

સરસતી સામિને વિનવું, ગોયમ લાગું રે પાય;
રાજુલ નારીરે વિનવે, બે કર જોડીરે આય. ॥ ૧ ॥
તેં મન મોહ્યું રે નેમજી, બોલે રાજુલ નાર;
કંથા કાં રથ વાળીયો, આવ્યો તોરણ બાર. ॥ તેં૦ ॥ ૨ ॥
બે કર જોડી વિનવું, પ્રીતમ લાગું રે પાય;
નારી નવ ભવ કેરડી, કાં મુજ મેલીને જાય. ॥ તેં૦ ॥ ૩ ॥
ગજ રથ ઘોડારે છે ઘણા, પાયક સંખ્યા ન પાર;
જોતાં જાન તુમારડી, હીયડે હર્ષ અપાર. ॥ તેં૦ ॥ ૪ ॥
કુંડળ સોવન કેરડાં, હૈયડે નવસરો હાર;
ચઢીને ગયવર ઉપરે, સોહે સબ શણગાર. ॥ તેં૦ ॥ ૫ ॥
મંડપ મોટારે માંડીયા, નાચે નવલાં રે પાત્ર;
થાનક થાનક થોકડે, જોવા સરખી છે જાન. ॥ તેં૦ ॥ ૬ ॥
માને બળભદ્ર કાનજી, માને મોહોટારે ભૂપ;
સુર નર સેવે રે સામટાં, તાહરૂં અકળ સ્વરૂપ. ॥ તેં૦ ॥ ૭ ॥
તવ સુરંગુ રે સાસરૂં, પીયર પનોતી માય;
કર્મે લખ્યું જે તિમ કરૂં, પીયુનું યોવન જાય. ॥ તેં૦ ॥ ૮ ॥
યાદવ કોડી રે પરિવર્યા, સાથે દશે દશાર્ણ;
નેમજી ગયવર ચઢીયા, આવ્યા તોરણ બાર. ॥ તેં૦ ॥ ૯ ॥
સ્વામી પૂછે રે સારથી, એ શા ભરીયારે વાડ;
તુમ પ્રભાતે રે પરગડો, હોશે પશુડાનો ઘાત.
॥ તેં૦ ॥ ૧૦ ॥

હરણી બોલેરે હરણલા, તેં કાં કીધો રે પોકાર;
રહે રહે છાનો રે છુટશું, આવ્યો નેમિ કુમાર.
॥ તેં૦ ॥ ૧૧ ॥

સાબર બોલે રે સાબરી, સાંભળ સુંદરી વાત;
જાયા જોશું રે આપણાં, આવ્યો ત્રિભુવન તાત.
॥ તેં૦ ॥ ૧૨ ॥

રોઝ ભણે સુણ રોઝડી, ઘડી ઘડી ઉથલ ન થાય;
આવ્યો દેવ દયાળુઓ, હૈયડે હર્ષ ન માય.
॥ તેં૦ ॥ ૧૩ ॥

કાળો ઘોડો રે કાબલો, શામળીઓ અસવાર;
નેમજી ઘોડો રે વાળીઓ, જઈ ચઢયા ગઢ ગિરનાર.
॥ તેં૦ ॥ ૧૪ ॥

સ્વામી પૂછે સુણ સારથી, આશા ભરીયારે વાડ;
સાબર મૂકયારે મોકળા, વેગે વરી રથ વાળ.
॥ તેં૦ ॥ ૧૫ ॥

નિજ નિજ ઠામે રે તે ગયા, બોલે મધુરીરે વાણ;
કોડી વરસાંરે જીવજો, રાજુલ પ્રીતિ નિર્વાણ.
॥ તેં૦ ॥ ૧૬ ॥

નેમ જિનેસર વિનવે, નહીં સારનું કામ;
એક સ્રીને રે કારણે, એવડો પશુઓનો ઘાત.
॥ તેં૦ ॥ ૧૭ ॥

વરસીદાનજ વરસીયો, પૃથ્વી પૂરણ કીધ;
ચઢીયો ગિરનારે જઇ, તારક ચારિત્ર લીધ.
॥ તેં૦ ॥ ૧૮ ॥

ગાજી વાજીરે ગડગડયો, વરસ્યો ગઢ ગિરનાર;
સહસાવન સરોવર ભર્યું, તરસી રાજુલ નાર.
॥ તેં૦ ॥ ૧૯ ॥

હય વર હીંસેરે હંસલા, ગય વર બાંધ્યા રે બાર;
ભોગ ભલી પરે ભોગવો, રૂડી રાજુલ નાર.
॥ તેં૦ ॥ ૨૦ ॥

કહો કેમ કીજે રે સાજના, કર્મને દીજે રે દોષ;
કારણ વિહૂણીરે પરહરી, એ શું એવડો રે રોષ.
॥ તેં૦ ॥ ૨૧ ॥

આપે કીધોરે ઓરતો, લોપી અવિચળ વાટ;
પાપ તો કીધાં રે મેં ઘણાં, ધર્મ ન વાહી રે વાત.
॥ તેં૦ ॥ ૨૨ ॥

રંભા સરખી રે અંગના, તે કાં મૂકી રે નેમ;
પંચ વિષય સુખ ભોગવો, બોલે શિવાદેવી એમ.
॥ તેં૦ ॥ ૨૩ ॥

રાખી માતા રે માકલે, રાખી નહીં હારે કીધ;
રાખે રાજુલ કેટલાં, રાખે બલભદ્ર ભ્રાત.
॥ તેં૦ ॥ ૨૪ ॥

સુણ સુણ મ્હારી રે માવડી, એમ બોલે જિનવર નેમ;
કારમો રંગ પતંગનો, તે રંગ ધરીએ કેમ.
॥ તેં૦ ॥ ૨૫ ॥

રાજુલ જઇ નેમને મળે, વંદે પ્રભુના પાય;
સ્વામીજી સંયમ આપીયે, જિણ વેષે સુખ થાય.
॥ તેં૦ ॥ ૨૬ ॥

પુઠે પહોંતી રે પદ્મિની, નયણે નિરખંત નાર;
લાવણ્યસમય મુનિ એમ ભણે, જેમ તરીએ સંસાર.
॥ તેં૦ ॥ ૨૭ ॥

## ૫—॥ શ્રી મરૂદેવી માતાની સજ્ઝાય ॥

તુજ સાથે નહિં બોલું રિખવજી, તે મુજને વિસારીજી;
અનંત જ્ઞાનની તું ઋદ્ધિ પામ્યો, તો જનની ન સાંભલીજી
॥ તુજ૦ ॥ ॥ ૧ ॥

મુજને મોહ હતો તુજ ઉપરે, ઋષભ ઋષભ કરી જપતીજી;
તુજ મુખ જોવા તલપતીજી. ॥ તુજ૦ ॥ ૨ ॥

તું બેઠો શિર છત્ર ધરાવે, સેવે સુર નર કોટિજી;
તો જનની કેમ ન સંભારે, જોઈ તાહરી પ્રીતિજી.
॥ તુજ૦ ॥ ૩ ॥

તું નથી કેનો ને હું નથી કેની, ઈહાં નથી કોઇ કેનુજી;
મમતા મોહ ધરે જે મનમાં, મૂર્ખ પણું સવી તેહનુંજી.
॥ તુજ૦ ॥ ૪ ॥

અનિત્ય ભાવે ચડયા મારૂદેવા, બેઠા ગજવર ખંધોજી;
અંતગડ કેવલી થઇ ગયા મુગતે, રિખવને મન આણંદોજી.
॥ તુજ૦ ॥ ૫ ॥

## ૬— ॥ શ્રી અંજના સતીની સજ્ઝાય ॥

સખી આજ મેં સાંભળી વાત, કટકે પવનજી જાશે પરભાત;
મહોલમાં કેમ જાશે દિન રાત, સાહેલી મોરી કર્મે
મલ્યો વનવાસ;

સાહેલી મોરી પુન્ય જોગે તુમ પાસ. ॥ ૧ ॥
અંજના વાત કરે મારી સખી, મને મેલી ગયા મારા પતિ;
અંતે રંગ મહેલમાં મુકી રોતી. ॥ સાહેલી મોરી ॥ ૨ ॥
લશ્કર ચડતામાં શુકન દીધા, તે તો નાથે મારા નવિ લીધા;
ધીક પાટુ પોતે મને દીધા. ॥ સાહેલી મોરી ॥ ૩ ॥
ચકલા ચકલીનો સુણી પોકાર, રાતે આવ્યાં પવનજી દરબાર;
બારે વર્ષે લીધી સંભાળ. ॥ સાહેલી મોરી ॥ ૪ ॥
સખી પુત્ર રહ્યો ગર્ભવાસ, મારી સાસુએ રાખી નહીં પાસ;
મારા સસરે મેલી વનવાસ. ॥ સાહેલી મોરી ॥ ૫ ॥
પાંચસે સખીઓ દીધી છે મારા બાપે, તેમાં નથી એકે મારી પાસે;
એક વસંત બાળા મારી સાથે. ॥ સાહેલી મારી ॥ ૬ ॥
કાળો ચાંદો ને રાખડી કાળી, રથ મેલ્યો છે વન મોઝારી;
સહાય કરોને પ્રભુજી અમારી ॥ સાહેલી મોરી ॥ ૭ ॥
મારી માતાએ લીધી નહિ સાર, મારા પિતાએ કાઢી ઘરબાર;
સખી ન મલ્યો પાણીનો પાનાર. ॥ સાહેલી મોરી ॥ ૮ ॥
મને વાત ન પુછી મારા વીરે, મનમાં રહેતી નથી ધીર;
મારા અંગે ફાટી ગયાં ચીર. ॥ સાહેલી મોરી ॥ ૯ ॥
મને દિશા લાગે છે કારી, મારી છાતી જાય છે ફાટી;
અંતે અંધારી અટવીમાં નાખી. ॥ સાહેલી મોરી ॥ ૧૦ ॥
મારૂં જમણું ફરકે છે કેમ અંગ, હું તો નથી બેઠી કોઇની સંગ;

આતો રંગમાં શો પડીઓ ભંગ. ॥ સાહેલી મોરી ॥ ૧૧ ॥

વનમાં ન મળે ઝાડ કે પાણી, એવી ભયંકર અટવીમાં આણી;
આતે કર્મે શું કીધું પ્રાણી. ॥ સાહેલી મોરી ॥ ૧૨ ॥

ચુસી ધાવતાં છોડાવ્યાં હશે બાળ, નહિતર કાપી હશે કુંપળ ડાળ;
તેના કર્મે પામ્યા ખોટી આળ. ॥ સાહેલી મોરી ॥ ૧૩ ॥

વનમાં ભમતા મુનિવર મેં દીઠા, આજ પૂર્વભવની પુછી છે વાત;
જીવે શાં કીધાં હશે પાપ. ॥ સાહેલી મોરી ॥ ૧૪ ॥

હવે દેશના દીયે મુનિરાય, કહે પૂર્વ ભવ કેરીરે વાત;
બેની સાંભળ થઈ ઉજમાળ. ॥ સાહેલી મોરી ॥ ૧૫ ॥

બેની હસતાં રજોહરણ લીધું, મુનિરાજને ઘણું દુઃખ દીધું;
તેના કર્મે વનવાસ તુમે લીધું. ॥ સાહેલી મોરી ॥ ૧૬ ॥

પૂર્વે હતો શોકયનો બાળ, ઉછળતી મનમાં ઝાળ;
તેના કર્મે જોયા વન ઝાડ. ॥ સાહેલી મોરી ॥ ૧૭ ॥

સખી વનમાં જન્મ્યો છે બાળ. કયારે ઉતરશે અમારી આળ;
ઓચ્છવ કરશું માને મોસાળ. ॥ સાહેલી મોરી ॥૧૮॥

વનમાં દીઠા ભમતા આજ, સખીઓ આવડો શો કરો કલ્પાંત;
વારે ચઢશે પવનજી એને તાત, જતન કરોને પુત્રને ભલી ભાત. ॥ સાહેલી મોરી ॥ ૧૯ ॥

વનમાં ભમતાં દીઠા મુનિ આજ, અમને ધર્મ બતાવો મુનિરાજ;
કયારે સરશે અમારાં કાજ. ॥ સાહેલી મોરી ॥ ૨૦ ॥

વનમાં મળશે મામો ને મામી, આજ ત્યાં પવનજી કરશે સાર;
પછી સરશે તુમારાં કાજ. ॥ સાહેલી મોરી ॥ ૨૧ ॥
સખી આવ્યા પવનજી મોસાળ, બીજી બારે વરસે લીધી સંભાળ;
ચાલો સ્ત્રી પુત્ર ઘરબાર. ॥ સાહેલી મોરી ॥ ૨૨ ॥
દીક્ષા લીધી સાધવીજી પાસે, પુત્ર સોંપ્યો સાસુ સસરાને હાથે;
એવા કર્મના વિકટ માથે. ॥ સાહેલી મોરી ॥ ૨૩ ॥
દીક્ષા લઇને તપસ્યા કીધી, સવિ કર્મને નાખ્યા તોડી;
વર્યા શિવરમણી લટકાળી. ॥ સાહેલી મોરી ॥ ૨૪ ॥
કર્મે ન મૂકયા સુર નર રાય, ભોગવ્યા વિના છુટકો ન થાય;
મુનિરાયે જોડી સજ્ઝાય. ॥ સાહેલી મોરી ॥ ૨૫ ॥
જોડી જામનગર મોઝાર, સાલ સિત્તેરને ભોમવાર;
કહે માણેક વિજય હિતકાર. ॥ સાહેલી મોરી ॥ ૨૬ ॥

## ૭— ॥ શ્રી અમકાસતીની સજઝાય ॥

અમકા તે વાદળ ઉગીયો સૂર, અમકા તે પાણીડાં સંચર્યાં રે;
સામા મળ્યા હોય મુનિરાય, માસ ખમણનાં પારણાં રે. ॥ ૧ ॥
બેડું મેલ્યું સરોવરીયા પાળ, અમકાએ મુનિને વંદિયા રે;
ચાલો મુનિરાજ આપણે ઘેર, માસ ખમણનાં પારણાં રે. ॥ ૨ ॥
ત્યાંરે ઢળાવું સોવન પાટ, ચાવલ ચાકળા અતિ ઘણા રે;
આછા માંડા ને ખોબલે ખાંડ, મહિં તે ઘી ઘણાં લચપચાં રે. ॥ ૩ ॥
લ્યો લ્યો મુનિરાય ન કરો ઢીલ, અમ ઘર સાસુજી ખીજશે રે;

બાઈરે પાડોસણ તું મારી બહેન, મારી સાસુ આગળ ન કરીશ
વાતડી રે, ॥ ૪ ॥
કેતો તને આલું મારા કાનની ઝાલ, હાર આલું હીરા તણો રે;
કાનની ઝાલ તારે કાને સોહાય, હીરાનો હાર મારે અતિઘણો
રે. ॥ ૫ ॥

મારે છે વાત કર્યાની ઘણી ટેવ, વાત કર્યા વિના હું નહિં રહું રે;
પાડોસણ આવી ખડકીરે માંહે, બાઈરે પાડોસણ સામી ગઈ રે.
॥ ૬ ॥
પાડોસણ બાઈ તને કહું એક વાત, તારી વહુએ મુનિને
વહોરાવીઆ રે;
નથી ઉગ્યો હજી તુલસીનો છોડ, બ્રાહ્મણે નથી કર્યાં પારણાં રે.
॥ ૭ ॥
સોવન સોવન મારો પુત્ર, ઘરમાંથી કાઢો ધર્મ ઘેલડી રે;
લાતુ મારી ગડદા મારો રે માંય, પાટુ એ પરિષહ કરો રે. ॥ ૮ ॥
બે બાળક ગોરીએ લીધા સાથ, અમકા તે બારણે નીસર્યાં રે;
ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કોઇયે દીઠી મહીયર
વાટડી રે. ॥ ૯ ॥
ડાબી દિશે ડુંગરીયા હેઠ, જમણી દિશે મહીયર વાટડી રે;
આણા વિના કેમ મહીઅર જાઉં, ભોજાઇઓ મેણાં બોલશે રે.
॥ ૧૦ ॥
ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કોઇયે દીઠી મહીયર
વાટડી રે;
ડાબી દિશે ડુંગરીયા હેઠ, ઉજજડ વાટે જઈ વસ્યા રે. ॥ ૧૧ ॥

સુકાં સરોવર લહેરે જાય, વાંઝીયો આંબો ફળ્યો રે;
નાના ઋષભજી તરસ્યા થાય, મોટા ઋષભજી ભૂખ્યા થયા રે;
॥ ૧૨ ॥

નાના ઋષભજીને પાણી પાય, મોટા ઋષભજીને ફળ આપીયાં રે;
સાસુજી જુએ ઓરડામાંહે, વહુ વિના સુના ઓરડા રે,
॥ ૧૩ ॥

સાસુજી જુએ પડસાલમાંહે, પુત્ર વિના સુના પારણાં રે;
સાસુજી જુએ રસોડામાંહે, રાંધી રસોઈઓ સેગે ભરી રે.
॥ ૧૪ ॥

સાસુજી જુએ માટલામાંહે, લાડુડાના ઢગ વળ્યા રે;
સાસુજી જુએ કોઠલામાંહે, ખાજાના ખડકા થયા રે. ॥ ૧૫ ॥
સોવન સોવન મારો પુત્ર, તેડી લાવો ધર્મ ઘેલડી રે;
ચાલો ગોરાં દેવી આપણે ઘેર, તમ વિના સૂના ઓરડા રે.
॥ ૧૬ ॥

ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કિહાંરે વસે ધર્મ ઘેલડી રે;
ડાબી દિશે ડુંગરીયાના હેઠ, જમણી દિશે ધર્મ ઘેલડી રે.
॥ ૧૭ ॥

ચાલો ઋષભદેવ આપણે ઘેર, તમ વિના સુનાં પારણાં રે;
સાસુજી ફીટીને માયજ થાય, તોય ન આવું તુમ ઘરે રે.
॥ ૧૮ ॥

પાડોસણ ફીટીને બેનજ થાય, તોય ન આવું તુમ ઘરે રે;
બાઈરે પાડોસણ તુ મારી બેન, ઘરરે ભાંગવા ક્યાં મલી રે!
॥ ૧૮ ॥

ફણિધર ફીટીને ફુલમાલા થાય, તોય ન આવું તુમ ઘરે રે;
કાંકરો ફીટીને રતનજ થાય, તોય ન આવું તુમ ઘરે રે.
॥ ૨૦ ॥

એ બાળક ગોરીએ લીધા છે સાથ, અમકાએ જળમાં
ઝંપલાવીયું રે;
એ બાળક ગોરીનો પડયોરે વિજોગ, ઘરેરે જઈને હવે શું
કરૂં રે. ॥ ૨૧ ॥

સગાં સંબંધી હસશે લોક, પિત્રાઈ મેણાં બોલશે રે;
પછવાડેથી પડયો બાઈનો કંથ, પડતાં વેંતજ થયો ફેંસલો
રે. ॥ ૨૨ ॥

આળ દીધાનાં એ ફળ હોય, તેહ મરી થયો કાચબો રે;
હીરવિજય ગુરૂ હીરલો હોય, વીરવિજય ગુણ ગાવતાં રે.
॥ ૨૩ ॥

## ૮— ॥ શ્રી શિખામણની સજઝાય ॥

પરપંથે એક દિન દુનિયા, વિસારી મનવા માની લે મારી;
સહેજ શિખામણ મનવા માની લે મારી. ॥ ૧ ॥
પર્ણ કુટીના જેવી, કાચી કાયાની માયા;
પવન ઝપાટે પળમાં, ઢળી પડનારી મનવા. ॥ ૨ ॥
સંભાળી પાળી પોષી, પણ નહીં રહેનારી મનવા;
એક દિન જંગલમાં જઇને, ડેરો દેનારી મનવા. ॥ ૩ ॥
સેજ તળાઈ ફુલની, ચાદર ખુંચે વહાલ;
સ્મશાન જઇને કરવી, કાષ્ટ પથારી મનવા. ॥ ૪ ॥

ખોખરી હાંડલી આખર, વાંસની ઘોડીવાલા;
વાડી ગાડીને લાડી, નહીં આવે લારી મનવા. ॥ ૫ ॥
શેરી તક નારી ચય લગે, સગા સંબંધી વાલા;
વળાવી વળશે તુજને, ભસ્મ થનારી મનવા. ॥ ૬ ॥
ભક્તિ કર પ્રભુની પ્યારા, કરલે ભલાઇ વાલા;
આતમ રામ કુડી કાયા, સ્થિર નહિં રહેનારી મનવા. ॥ ૭ ॥

## ૯— ॥ શ્રી ચેતનને ઉપદેશની સજઝાય ॥

ચેતન ચેતજો રે, એ કાળ ન મેલે કેડો;
સંબલ શીઘ્ર સાથે લેજો, કીનાશ વસે છે નેડો.
॥ ચેતન૦ ॥ ૧ ॥

છાયા મિષ કરી એ નિત્યે, છળ ગવેષે છાનો;
અચિંત્યો આવી પકડી જાશે, કાંઇક ચડાવી બાનો.
॥ ચેતન૦ ॥ ૨ ॥

તનુરૂખ જે જીવ વટેરો, ઈચ્છારામે રમતો;
કૂક કીનાશ એ સમલી તેરે, લેઇ જાશે ભમતો.
॥ ચેતન૦ ॥ ૩ ॥

બાલા બૂઢાગર ભેહુંતા, યૌવન વય લેઇ જાવે;
કાચા પાકાં સઘલાં બેડાં, એહને દયા ન આવે.
॥ ચેતન૦ ॥ ૪ ॥

તું જાણે પરવારી જઇશું, લોચા સઘળા ધોઈ;
હાહો કરતાં લેઇ જાશે, સહુકો રહે એમ જોઈ.
॥ ચેતન૦ ॥ ૫ ॥

તું અમર પેઠે થિર થઈ બેઠો, લોચા વાળે મુઢ;
લખપતિ નરપતિ શેઠ સત્થવાહ, તુજ આગળ કેઈ બૂઢ.
॥ ચેતન૦ ॥ ૬ ॥

આજ કાલ ને પોર પરારે, ધર્મે વિલંબજ કરતો;
ક્ષણક્ષણ આયુ ઓછો થાયે, અંજલિ જલ જિમ ખરતો.
॥ ચેતન૦ ॥ ૭ ॥

તારે તો રોહણમાં ગાજે, બહેરો થઈને બેઠો;
તુજ આગળ કેઈ નર ચાલ્યા, તું એ પંથે પેઠો.
॥ ચેતન૦ ॥ ૮ ॥

વાર કવાર સુખ દુઃખી એ, ન ગણે એક એ ટાણું;
અવર રૂઠા એ દામે પાચે; ન વળે એહનું આણું.
॥ ચેતન૦ ॥ ૯ ॥

નિશ્ચિંતા નવિ સુઇએ પ્રાણી, જમનો ઝાઝો જોરો;
માતપિતાદિક જાતાં લેશે, કેહનો ન ચાલે તોરો.
॥ ચેતન૦ ॥ ૧૦ ॥

સમય થયે ચેત્યો નહીં પ્રાણી, આવે આઉં બહું જૂરે;
બૂડતાં વાર કેહવી લાગે, સાયરને જિમ પૂરે.
॥ ચેતન૦ ॥ ૧૧ ॥

રાત દિવસ ચાલે એ પંથે, કિણુ ન જાયે કલિયો;
થાવચ્ચાદિક જે મુનિ ચેત્યા, તેહને ભય એ ટલિયો.
॥ ચેતન૦ ॥ ૧૨ ॥

પાણી પહેલી પાળ જ બાંધે, તે જગ માંહિ બલીયા;
ઘર લાગે કુવો જે ખોદે, તે મૂરખમાં ભલીયા.
॥ ચેતન૦ ॥ ૧૩ ॥

જરા કુત્તિ જોવન એ સસલો, આહેડી જમ જાણો;
જિહાં જાશે તિહાં એ મારે, ચિત્તમાં કાં નવિ આણો.
॥ ચેતન૦ ॥ ૧૪
એહવું જાણી ધર્મ આરાધો, શું કરે તે જમ બલિયો;
વીર વિમલ ગુરૂ શિષ્ય વિશુદ્ધ કહે, જઈ શિવપુરમાં
ભલિયો. ॥ ચેતન૦ ॥ ૧૫ ॥

## ૧૦— ॥ શ્રી તેર કાઠીયાની સજઝાય. ॥

ચેતન તું તારૂં સંભાળ કે કયાંથી આવીયો;
કયારે જવાનો વિચાર કે કેમ બેસી રહયો. ॥ ૧ ॥
ઘર લાગ્યું છે તારૂં ઓલવતો કાં નથી;
પછી થાશે વિનાશ કે ચોરના ભય થકી. ॥ ૨ ॥
તેર કાઠીયા નિત્ય તારૂં ધન હરણ કરે;
ક્રોધ માન માયા લોભ, કે જઈને એમ કહે. ॥ ૩ ॥
એનો માલ અનર્ગળ, કે ચોકી વિના રહે;
આપણે કરોને વિચાર, કે જઇએ એને ઘરે. ॥ ૪ ॥
મોહ રાયની ધાડ પડી, એને ઘેર જઈ;
જ્ઞાન દ્રવ્ય તેણે લીધું, ત્રણે રત્ન સહી. ॥ ૫ ॥
પછી થયો નિરધન, કે દરિદ્ર રિષયો;
જ્ઞાની બોલે એમ વાણી, એનો માલ બહુ ગયો. ॥ ૬ ॥
શ્યો કરે છે રોજગાર, દેવાલુ કુંકીયું;
અધોગતિનું દુઃખ, તેણે બહું વેઠીયું. ॥ ૭ ॥
સુક્ષ્મ બાદર પજજ અપજજ નિગોદમાં;
પૃથ્વી પાણી તેઉ વાઉ કે વનસ્પતિમાં. ॥ ૮ ॥

કાળ અનંતા અનંત કે ઉંચો આવીયો;
શ્રાવક કુલ સહિત મનુષ ભવ પામીયો. ॥ ૯ ॥
દેવ ગુરૂ સંજોગ દ્રષ્ટાંત દશે ભલા;
પૂર્વ વિચારીને જોય કે દુઃખ નિરધન તણા. ॥ ૧૧॥
હવે હું ક્ષણ એક ગાફલમાં નવી રહું;
ચંદ્રપ્રભુ અવધાર કે સેવા નિત્ય કરૂં ॥ ૧૧ ॥
ભાવે કરી ભવ સાગરે કર્મ કથા કહી;
તુમે છો જ્ઞાની ભંડાર સકલ ગુણે સહી. ॥ ૧૨ ॥

## ૧૧- ॥ શ્રી ઉપદેશક સજ્ઝાય ॥

॥ તુજ સાથે નહિં બોલું ઋષભજી—એ દેશી ॥

આ ભવ રત્ન ચિંતામણી સરીખો, વારોવાર ન મળશેજી;
ચેતી શકે તો ચેતજે જીવડાં, આવો સમય નહિં મળશેજી.
॥ આ. ॥ ॥ ૧ ॥

ચાર ગતિ ચોરાશી લખ યોનિ, તેહમાં તું ભમી આવ્યો જી;
પુન્ય સંયોગે સ્વપ્નની સંગતે, માનવનો ભવ પામ્યો જી.
॥ આ૦ ॥ ૨ ॥

વહેલો થા તું વહેલો જીવડા, લે જિનવરનું નામ જી;
કુગુરૂ, કુદેવ, કુધર્મને, છંડી, કીજે આતમ કામજી.
॥ આ૦ ॥ ૩॥

જેમ કઠીયારાએ ચિંતામણી લીધો, પુણ્ય તણે સંયોગજી;
કાંકરાની પરે નાખી દીધો, ફરી નહીં મળવા જોગજી.
॥ આ૦ ॥ ૪ ॥

એક કાલે તું આવ્યો જીવડા, એક કાલે તું જાશેજી;
તેહની વચ્ચે તું બેઠો જીવડા, કાલ આહેડી નિકાસેજી.
॥ આ૦ ॥ ૫ ॥

ધન્ય સાધુ જે સંયમ પાલે, સુધો મારગ દાખેજી;
સાચું નાણું ગાંઠે બાંધે, ખોટી દ્રષ્ટિ ન રાખેજી.
॥ આ૦ ॥ ૬ ॥

માત પિતા દારા સુત બાંધવ, બહુવિધ અવિરતિ જોડેજી;
તે માંહેથી જો કાજ સરે તો, સાધુ ઘર કેમ છોડેજી.
॥ આ૦ ॥ ૭ ॥

માયા મમતા વિષય સહુ છંડી, સંવર ક્ષમા એક કીજેજી;
ગુરૂ ઉપદેશ સદા સુખકારી, સુણી અમૃતરસ પીજેજી.
॥ આ૦ ॥ ૮ ॥

જેમ અંજલીમાં નીર ભરાણું, ક્ષણ ક્ષણ ઓછું થાયજી;
ઘડી ઘડી ઘડીયાલાં વાજે, ક્ષણ લાખીણો જાયજી.
॥ આ૦ ॥ ૯ ॥

સામાયિક મન શુધ્ધે કીજે, શિવરમણી ફલ પામેજી;
ભવમુકિતનો કામી તેમાં, ભરોસો શાને લીજેજી.
॥ આ૦ ॥ ૧૦ ॥

દેવ, ગુરૂ તમે દઢ કરી ધારો, સમકિત શુધ્ધ આરાધોજી;
છકાય જીવની રક્ષા કરીને, મુકિતનો પંથજ સાધોજી.
॥ આ૦ ॥ ૧૧ ॥

હિયડા ભિંતર મમતા નવિ રાખો, જનમ ફરી નવિ મલશેજી;

કાયર તો કાદવ માંહે ખુંતા, શૂરા પાર ઉતરશેજી.
॥ આ૦ ॥ ૧૨ ॥

ગુરૂ કંચન ગુરૂ હીરા સરીખા, ગુરૂ જ્ઞાનના દરીયાજી;
કહે અભયરામ ગુરૂ ઉપદેશે, જીવ અનંતા તરીયાજી.
॥ આ૦ ॥ ૧૩ ॥

## ૧૨- ॥ શ્રી પુન્ય પાપના કુટુંબની સજ્ઝાય ॥

॥ અનુમતિ દીધી માયે રોવંતાં—એ દેશી ॥

ચઉવીશ જીન પ્રણમી કરી, સદ્‌ગુરૂ તેણે રે પસાયજી;
સજઝાય કહું રે સોહામણી, ભણતાં સુણતાં સુખ થાયજી,
સુણજો સજ્જન શીખડી. ॥ ૧ ॥

સુદેવ, સુગુરૂ, સુધર્મની, પરીક્ષા ન કરી લગારજી;
દ્રષ્ટિ રાગેરે મોહી રહ્યો, તેણે રોડયોરે સંસારજી. ॥ સુ૦ ॥ ૨ ॥
લાખ ચોરાસીરે યોનિમાં, ભમિયો કાળ અનંતજી;
જન્મ-મરણ દુઃખ ભોગવ્યાં, તે જાણે ભગવંતજી.
॥ સુ૦॥ ૩ ॥

મનુષ્ય જન્મ પામી કરી, પાપ કુટુંબ શું ધરી પ્રીતજી;
ધર્મ કુટુંબ નવિ ઓળખ્યું, કામ કર્યાં વિપરીતજી.
॥ સુ૦ ॥ ૪ ॥

પાપનું મૂળ તે ક્રોધ છે, પાપનો બાપ તે લોભજી;
હિંસા માતારે પાપની, પુત્ર લાલચ અક્ષોભજી. ॥ સુ૦ ॥ ૫ ॥
કુબુદ્ધિ પાપની નારી છે, પાપની બેન તે રીસજી;
જુઠો તે ભાઈ પાપનો, પુત્રી તે તૃષ્ણા દીસેજી. ॥ સુ૦ ॥૬ ॥

પાપ કુટુંબને પરીહરી, ધર્મ કુટુંબ શું ધરો નેહજી;
નામ બતાવું રે તેહના, જેહથી લહીએ ભવ છેહજી.
॥ સુ૦ ॥ ૭ ॥

ધર્મનું મૂળ તે ક્ષમા છે, બાપ નિર્લોભતા જાણોજી;
દયા માતારે ધર્મની, પુત્ર સંતોષ ભંડારજી. ॥ સુ૦ ॥ ૮ ॥
ધર્મની સ્ત્રી તે સંયમ છે, પુત્રી સમતા શું રાચજી;
સુબુદ્ધિ બેન તે ધર્મની, ધર્મનો ભાઈ તે સાચજી,
॥ સુ૦ ॥ ૯ ॥

પંચેંદ્રિય જે વશ કરે, જગમાં તેહીજ શુરાજી;
પર ઉપકારી તે ધનવંતા, શિયળ પાળે તે ચતુરાજી.
॥ સુ૦ ॥ ૧૦ ॥

ધર્મ આદરી જે વ્રત પાળે, જ્ઞાની તેહ કહેવાયજી;
પદ્મવિજય સુપસાયથી, જીત નમે તેના પાયજી.
॥ સુ૦ ॥ ૧૧ ॥

## ૧૩— ॥ શ્રી વૈરાગ્યની સજ્ઝાય ॥

મરણ ન છુટે રે પ્રાણીઆ, કરતાં કોટી ઉપાયરે;
સુર નર અસુર વિદ્યાધરા, સહુ એક મારગ જાય રે.
॥ મરણ૦ ॥ ૧ ॥

ઇંદ્ર ચંદ્ર રવિ હળી મળી, ગણપતિ કામ કુમારરે;
સુરગુરૂ સુરવૈદ્ય સારીખા, પહોંચ્યા જમ દરબાર રે.
॥ મરણ૦ ॥ ૨ ॥

મંત્ર જંત્ર મણિ ઓષધિ, વિદ્યા હુન્નર હજાર રે;

ચતુરાઈ કેરારે ચોકમાં, જમડો લૂટે બજાર રે.
॥ મરણું૦ ॥ ૩ ॥

ગર્વ કરી નર ગાજતા, કરતા વિવિધ તોફાનરે;
માથે મેરૂ ઉપાડતાં, પહોંચ્યા તે સમશાન રે.
॥ મરણુ૦ ॥ ૪ ॥

કપડાં ઘરેણાં ઉતારશે, બાંધશે ઠાઠડી માંય રે;
ખોખરી હાંડલી તે આગળે, રોતાં રોતાં સહુ જાય રે.
॥ મરણુ૦ ॥ ૫ ॥

કાયા માયા સહુ કારમી, કારમો સહુ ઘર બાર રે;
રંક ને રાય છે કારમા, કારમો સકળ સંસાર રે.
॥ મરણુ૦ ॥ ૬ ॥

ભીડી મુઠી લેઈ અવતર્યો, મરતાં છે ખાલી હાથ રે;
જીવડા જોને તું જગતમાં, કોઇ ન આવે તુજ સાથ રે.
॥ મરણુ૦ ॥ ૬ ॥

નાના મોટા સહુ સંચર્યા, કોઇ નહિં સ્થિર વાસ રે;
નામ રૂપ સહુ નાશ છે, ધર્મ રત્ન અવિનાશ રે.
॥ મરણુ૦ ॥ ૮ ॥

## ૧૪— ॥ શ્રી મન ભમરાની સજઝાય ॥

ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો, ભમિયો દિવસ ને રાત;
માયાનો બાંધ્યો પ્રાણિયો, ભમે પરિમલ જાત.
॥ ભૂલ્યો૦ ॥ ૧ ॥

કુંભ કાચો રે કાયા કારમી, તેહનાં કરો રે જતન્ન;

વિણસતાં વાર લાગે નહિં, નિર્મળ રાખોરે મન્ન.
॥ ભૂલ્યો૦ ॥ ૨ ॥

કોના છોરૂ કોના વાછરૂં, કેના માય અને બાપ;
અંતે જાવું છે એકલું, સાથે પુન્ય ને પાપ.
॥ ભૂલ્યો૦ ॥ ૩ ॥

આશા ડુંગર જેવડી, મરવું પગલાં રે હેઠ;
ધન સંચી સંચી કાંઈ કરો, કરો દૈવની વેઠ.
॥ ભૂલ્યો૦ ॥ ૪ ॥

ધંધો કરી ધન મેલવ્યું. લાખો ઉપર કોડ;
મરણની વેળા માનવી, લીધો કંદોરો તોડ.
॥ ભૂલ્યો૦ ॥ ૫ ॥

મુરખ કહે ધન માહરૂં, ધોખે ધાન ન ખાય;
વસ્ત્ર વિના જઇ પોઢવું, લખપતિ લાકડામાંય.
॥ ભૂલ્યો૦ ॥ ૬ ॥

ભવસાગર દુઃખ જળ ભર્યો, તરવો છે રે તેહ;
બિચમાં ભય સબળો થયો, કર્મ વાયરો ને મેહ.
॥ ભૂલ્યો૦ ॥ ૭ ॥

લખપતિ છત્રપતિ સવિ ગયા, ગયા લાખ બે લાખ;
ગર્વ કરી ગોખે બેસતા, સર્વ થયા બળી રાખ.
॥ ભૂલ્યો૦ ॥ ૮ ॥

ધમણ ધખંતી રહી ગઇ, બુઝ ગઇ લાલ અંગાર;
એરણકો ઠબકો મટયો, ઉઠ ચાલ્યો રે લુહાર.
॥ ભૂલ્યો૦ ॥ ૯ ॥

ઉવટ મારગ ચાલતાં, જાવું પેલે રે પાર;
આગળ હાટ નવ વાણિયો, સંબળ લેજો રે સાથ.
॥ ભૂલ્યો૦ ॥ ૧૦ ॥

પરદેશી પરદેશમેં, કુણ શું કરો રે સ્નેહ;
આયા કાગળ ઉઠ ચાલ્યા, ન ગણે આંધી ને મેહ.
॥ ભૂલ્યો૦ ॥ ૧૧ ॥

કોઈ ચાલ્યા રે કોઈ ચાલશે, કોઈ ચાલણહાર;
કોઇ બેટા રે બુઢા બાપડા, જાએ નરક મોઝાર.
॥ ભૂલ્યો૦ ॥ ૧૨ ॥

જે ઘેર નોબત વાગતી, થાતાં છત્રીશે રાગ;
ખંડેર થઈ ખાલી પડયાં, બેસણ લાગ્યા છે કાગ.
॥ ભૂલ્યો૦ ॥ ૧૩ ॥

ભમરો આવ્યો રે કમળમાં, લેવા પરિમલ પૂર;
કમળ મીંચાયે માંહી રહ્યો, જિમ આથમતે સૂર.
॥ ભૂલ્યો૦ ॥ ૧૪ ॥

રાતનો ભૂલ્યો રે માનવી, દિવસે મારગ આય;
દિવસનો ભૂલ્યો રે માનવી, ફિર ફિર ગોથાં ખાય.
॥ ભૂલ્યો૦ ॥ ૧૫ ॥

સદ્‌ગુરૂ કહે વસ્તુ વ્હોરિયે, જે કોઈ આવે રે સાથ;
આપણો લાભ ઉગારીએ, લેખું સાહિબ હાથ.
॥ ભૂલ્યો૦ ॥ ૧૬ ॥

## ૧૫— ॥ શ્રી જંબુસ્વામીની સજઝાય

ત્રિશલાના જાયા જીનજી, તાર્યા નર નારીરે;
ચૌદ ચોમાસા કીધા રાજગૃહી પધારી રે, ધન ધન જંબુસ્વામી;

જેણે મોહ વાર્યા રે, આત્મ કારજ સાધીઆ.
॥ ૧ ॥

રૂષભદત્ત તાત જેનો, ધારણીના જાયા રે;
ગુણી કુમર જંબુ જેહની, કનક વરણી કાયા રે.
॥ ધન ધન૦ ॥ ૨ ॥

સુધર્મા સ્વામિની વાણી, સાંભળી ગુણ ખાણી રે;
ચરણમાં ચિત લાગ્યું, મીઠી લાગી વાણી રે.
॥ ધન ધન૦ ॥ ૩ ॥

માતા અનુમતિ આપો ભાવે, સંજમ લેશું નાણ
ચરણ ને સાખ; શિવ સુખ વરશું રે. ॥ ધન ધન ॥ ૪ ॥

ઘરણી આઠ પરણી બેટા, હોંશ પુરો મારી રે;
પછી સંજમ સુખે લેજો, કુળને અજવાળી રે. ॥ ધન ધન૦
॥ ૫ ॥

માતા વયણે પરણી ઘરણી, જાણી ગુણ ખાણી રે;
પ્રીતમ આગે ઉભી પ્યારી, મીઠી જેની વાણી રે. ॥ ધન ધન૦ ॥
॥ ૬ ॥

જંબુ કહે નારી પ્રત્યે, સંજમ શું મુજ ભાવ રે;
સંસારમાં સુખ નથી, અસ્થિર બનાવ રે. ॥ ધન ધન૦ ॥
॥ ૭ ॥

કર જોડી કહે નારી, પ્રાણના આધાર રે;
એમ કેમ છોડી જાશો, અમને નિરધાર રે. ॥ ધન ધન૦
॥ ૮ ॥

પરણીને શું પરિહરો, હાથનો સંબંધ રે;
પછીથી પસ્તાવો થાશે, મન હોશે મંદ રે ।। ધન ધન૦
।। ૯ ।।

જુઠી કાયા જુઠી માયા, જુઠમાં ભરમાયા રે;
બહુ કાલ ભોગ કીધા તોય, તૃપ્તિ ન પાયા રે. ધન ધન૦
।। ૧૦ ।।

સડી જાશે પડી જાશે, વનમાં થાશે વાસ રે;
માટીમાં તન મળી જાશે, ઉપર ઉગશે ઘાસ રે ।। ધન ધન૦
।। ૧૧ ।।

આઠે નારી બુઝવીને, વળી માત તાત રે;
સાસુ સસરા સાથે બુઝયા, બાંધી ધરમની ધાત રે.
।। ધન ધન૦ ।। ૧૨ ।।

પાંચસે ચોરોની સંગે, પ્રભવોજી આવ્યો રે;
તેને પણ પ્રતિબોધી, વ્રતે મન ભાવ્યા રે. ।। ધન ધન૦
।। ૧૩ ।।

પાંચસો સત્તાવીશ સાથે, ભાવે સંજમ લીધો રે;
સુધર્મા સ્વામીની સંગે, સૌનું કારજ સીધું રે. ।। ધન ધન૦
।। ૧૪ ।।

થયા બાલ બ્રહ્મચારી, વંછી નહીં નારી રે;
ચરમ કેવલી એણે ચોવીસી, પામ્યા ભવ પારી રે. ।। ધન ધન૦
।। ૧૫ ।।

તત્ત્વ સિદ્ધિ એક ઇન્દુ, ગુણી ગુણ ગાયા રે;
સૂર્ય ચંદ્ર નિત્ય વંદે, જેણે છોડી માયા રે. ॥ ધન ધન૦
॥ ૧૬ ॥

## ૧૬– ॥ શ્રી દેવાનંદાની સજઝાય ॥

જિનવર રૂપ દેખી મન તરખી, સ્તનસેં દુધ ઝરાયા;
તબ ગૌતમકુ ભયા અચંભા, પ્રશ્ન કરણકુ આયા,
ગૌતમ એ તો મેરી અમ્મા. ॥ ૧ ॥

તવ કુખે તુમે કાહુ ન વસિયા, કવણ કિયાઈણ કમ્મા;
તવ શ્રીવીર જિણંદ એમ બોલે, એઈ કિયા એણે કમ્મા.
॥ ગૌ૦ ॥ ૨ ॥

ત્રિશલાદે દેરાણી હુતી, દેવાનંદા જેઠાણી;
વિષય લોભ કરી કાંઈ ન જાણ્યો, કપટ વાત મન આણી.
॥ ગૌ૦ ॥ ૩ ॥

એસા શ્રાપ દિયા દેરાણી, તુમ સંતાન ન હોજો;
કર્મ આગળ કોઈનું નવિ ચાલે, ઈંદ્ર ચક્રવર્તી જોજો.
॥ ગૌ૦ ॥ ૪ ॥

દેરાણીકી રત્ન ડાબલી, બહુલાં રત્ન ચોરાયા;
ઝગડો કરતાં ન્યાય હુઓ તવ, તબ કછુ નાણા પાયાં.
॥ ગૌ૦ ॥ ૫ ॥

ભરત રાય જબ ઋષભને પૂછે, એહમેં કોઈ જિણંદા;
મરિચી પુત્ર ત્રિદંડી તેરો, હોશે ચોવીશમો જિણંદા.
॥ ગૌ૦ ॥ ૬ ॥

કુળનો ગર્વ કીયો મેં ગૌતમ, ભરતરાય જબ વંદ્યા;
મન વચન કાયાએ કરીને, હરખ્યો અતિ આણંદા.
॥ ગૌ૦ ॥ ૭ ॥

કર્મ સંયોગે ભિક્ષુકુળ પાયા, જનમ ન હોવે કબહી;
ઇંદ્ર અવધિયે જોતાં અપહર્યો, દેવ ભુજંગમ તબહી.
॥ ગૌ૦ ॥ ૮ ॥

ત્યાસી દિન તિહાં કણે વસિયો, હરિણગમેષી જબ આયા;
સિદ્ધારથ રાય ત્રિશલાદે રાણી, તસ કુખે છટકાયા.
॥ ગૌ૦ ॥ ૯ ॥

ઋષભદત્ત ને દેવાનંદા, લેશે સંયમ ભારા;
તબ ગૌતમ એ મુગતે જાશે, ભગવતી સૂત્ર વિચારા.
॥ ગૌ૦ ॥ ૧૦ ॥

સિદ્ધારથ રાય ત્રિશલાદેરાણી, અચ્યુત દેવલોકે જાશે;
બીજે ખંડે આચારાંગે, તે સૂત્રે કહેવાશે. ॥ ગૌ૦ ॥ ૧૧ ॥

તપગચ્છ શ્રી હીરવિજય સૂરિ, દિયો મનોરથ વાણી;
સકળચંદ પ્રભુ ગૌતમ પૂછે, ઉલટ મનમાં આણી.
॥ ગૌ૦ ॥ ॥ ૧૨ ॥

## ૧૭– ॥ શ્રી સંગતની સજઝાય ॥

લોઢું લાલ બને અગ્નિ સંગથી, પણ રાતું રહે ક્ષણ વાર,
નીકળે જો બહાર. "સંગત એણે શું કરે, જેના અંતર
જાણો કઠોર. ॥ સં૦ ॥ ૧ ॥

આરે મેઘ વરસે બહુ જોરથી, મગશેલીઓ ન ભીંજાય;
બીજા ગળી જાય. ॥ સં૦ ॥ ૨ ॥
દુધ સાકર–ઘીથી સીંચો સદા, લીંબડાની કડવાશ ન જાય;
મધુરો ન થાય. ॥ સં૦ ॥ ૩ ॥
ચંદન વૃક્ષના મૂળે વસી રહ્યો, ફણીધરે ન છોડયો સ્વભાવ;
જાણ્યો ન પ્રભાવ. ॥ સં૦ ॥ ૪ ॥
પાણી માંહે પડયો રહે સદા, કાલમિંદ તણું એવું જોર;
ભીંજાય ન કોર. ॥ સં૦ ॥ ૫ ॥
આધન ઉકળતા માંહે ઓળીએ, પણ કોર કોરડું ન રંધાય;
બીજા ચઢી જાય. ॥ સં૦ ॥ ૬ ॥
સો મણ સાબુએ સાફ કર્યા છતાં, કોલસાની કાળાશ ન જાય;
ઉજ્જવળ નવિ થાય. ॥ સં૦ ॥ ૭ ॥
ખરને નિર્મળ જલે નવરાવીએ, પણ રાખ દેખી તત્કાલ;
ધરે બહુ બાલ. ॥ સં૦ ॥ ૮ ॥
કાળા રંગનું કપડું લેઈ કદી, રાતા રંગમાં બોળે ઝબોળે;
ભારે નહીં ડોળે. ॥ સં૦ ॥ ૯ ॥
ઝરમલ–ઝરમલ મેહુલો વરસી રહ્યો, વનસ્પતિઓ બધી લીલી
થાય; જવાસો સુકાય. ॥ સં૦ ॥ ૧૦ ॥
કાગે હંસ તણી સોબત કરી, પણ ચુકયો નહિં પોતાનું ચારિત્ર;
જોજો એની રીત. ॥ સં૦ ॥ ૧૧ ॥
કસ્તુરીને કપુરના ગંજમાં, કદી દાટે ડુંગળીને કોય;
સુગંધી ન હોય. ॥ સં૦ ॥ ૧૨ ॥

કસ્તુરીના ક્યારા માંહે રોપતાં, નવિ જાયે લસણ કેરી વાસ;
દુષ્ટ જેની પાસ. ॥ સં૦ ॥ ૧૩ ॥

સતી સદ્ગુણવંતના સંગમાં, કુભારજાને કદી નાવે રંગ;
ખોટા જેના ઢંગ. ॥ સં૦ ॥ ૧૪ ॥

દુર્જન સજ્જનની સોબત કરી, પણ કપટપણું નવિ જાય;
સિદ્ધો નવિ થાય. ॥ સં૦ ॥ ૧૫ ॥

ગાઢ અજ્ઞાની જ્ઞાન પામે નહિં, મળે સંત સમાગમ આય;
કહે મુનિરાય. ॥ સં૦ ॥ ૧૬ ॥

## ૧૮– ॥ શ્રી ઉપદેશની સજઝાય ॥

સાર નહીં રે સંસારમાં, કરો મનમાં વિચાર જી;
નેત્ર ઉઘાડીને જોઈએ, કરીએ દ્રષ્ઠિ પસારજી. ॥ ૧ ॥

જાગ જાગ ભવિ પ્રાણીઆ, આયુ ઝટ ઝટ જાય જી;
વખત ગયો ફરી નહિ આવશે, કારજ કાંઈ ન થાય જી. ॥ ૨ ॥

દશ દ્રષ્ટાંતે દોહિલો પામી નર અવતાર જી;
દેવ ગુરૂ જોગ પામીને, કરીએ જન્મ સુધાર જી. ॥ ૩ ॥

મારૂં મારૂં કરી જીવ તું, ફરીયો સઘળે ઠાણજી;
આશા કોઇ ફળી નહિં, પામ્યો સંકટ ખાણજી. ॥ ૪ ॥

માતા પિતા સુત બાંધવા, ચડતી સમે આવે પાસજી;
પડતી સમે કોઈ નવિ રહે, દેખો સ્વારથ સારજી. ॥ ૫ ॥

રાવણ સરીખા રે રાજવી, લંકાપતિ જેહ કહાયજી;
પણજગતમાંહી ગાજતો, ધરતો મન અભિમાનજી. ॥ ૬ ॥

અંત સમય ગયાં એકલાં, નહીં ગયું કોઈ સાથજી;
એવું જાણીને ધર્મ કીજીએ, હોશે ભવ જળ પારજી. ॥ ૭ ॥
મોહ નિદ્રાથી જાગીને, કરો ધર્મશું પ્રેમજી;
એવી સૌભાગ્યની વાણીને, ધારો મનશું પ્રેમજી. ॥ ૮ ॥

## ૧૯– ॥ શ્રી સ્થુલિભદ્રની સજઝાય ॥

ઉઠ સખી ઉતાવળીરે, સર પરોવી લાવ, મોતીનું ઝુંમખડું;
લાવો આભૂષણ દાબડારે, કરવા સોળ શણગાર.
॥ મોતીનું. ॥ ૧ ॥

સ્થુલિભદ્ર આવ્યા આંગણેરે, જપતી તેહનો જાપ; ॥ મો૦ ॥
જબ ઝટ ઉઠી ઉતાવળીરે, સજી સોળે શણગાર. ॥ મો૦ ॥ ૨ ॥

નવા–નવા નાટક નાચતીરે, બોલતી વચન રસાલ; ॥ મો૦ ॥
આજ પરાશું થઈ રહ્યારે, જાણ્યો તુમારો જોગ. ॥ મો૦ ॥ ૩ ॥

ઓઘો–મુહપત્તી મેલો પરારે, કરોને રંગ વિલાસ; મો૦ ॥
એ મુનિવર ચલ્યા નહિં રે, શિયલ શું રાખ્યો રંગ.
॥ મો૦ ॥ ૪ ॥

એ ડુંગર ડોલ્યા નહિં રે, સરીએ હલાવ્યો મેર; મો૦ ॥
માણેક મુનિવર એમ ભણેરે, શિયલ તણી સજઝાય.
॥ મો૦ ॥ ૫ ॥

## ૨૦– ॥ શ્રી કર્મની સજઝાય ॥

સુખ દુઃખ સરજ્યાં રે પામીએરે, આપદ સંપદ હોય;
લીલા દેખી પરતણીરે, રોષ મ ધરજો કોયરે,

પ્રાણી મન નાણો વિષાદ, એતો કર્મ તણો પરસાદરે.
॥ પ્રા૦ મ૦ ॥ ૧ ॥

ફળને આહારે જીવીઆરે, બાર વરષ વન રામ;
સીતા રાવણ લેઈ ગયોરે, કર્મતણાં એ કામ રે.
॥ પ્રા૦ મ૦ ॥ ૨ ॥

નીર પાખે વન એકલો રે, મરણ પામ્યો મુકુંદ;
નીચ તણે જળ વહ્યોરે, શીશ ધરી હરિચંદરે.
॥ પ્રા૦ મ૦ ॥ ૩ ॥

નલે દમયંતી પરીહરીરે, રાત્રિ સમય વન બાલ;
નામ ઠામ કુલ ગોપવીરે, નલે નિરવાહ્યો કાલરે.
॥ પ્રા૦ મ૦ ॥ ૪ ॥

રૂપ અધિક જગ જાણીએરે, ચક્રી સનત કુમાર;
વરસ સાતશેં ભોગવીરે, વેદના સાત પ્રકારરે.
॥ પ્રા૦ મ૦ ॥ ૫ ॥

રૂપે વલી સુર સારિખારે, પાંડવ પાંચ વિચાર;
તે વનવાસે રડવડયારે, પામ્યા દુઃખ સંસાર રે.
॥ પ્રા૦ મ૦ ॥ ૬ ॥

સુર નર જસ સેવા કરેરે, ત્રિભુવનપતિ વિખ્યાત;
તે પણ કર્મ વિડંબીયારે, તો માણસ કેઇ માતરે.
॥ પ્રા૦ મ૦ ॥ ૭ ॥

દોષ ન દીજે કેહનેરે, કર્મ વિટંબણ હાર;
દાન મુનિ કહે જીવનેરે, ધર્મ સદા સુખકારરે.
॥ પ્રા૦ મ૦ ॥ ૮ ॥

## ૨૧— ।। શ્રી વૈરાગ્યની સજઝાય ।।

ઉંચા તે મંદિર માળીયાં, સોડ વાળીને સૂતો;
કાઢો રે કાઢો રે એને સૌ કહે, જાણે જન્મ્યોજ ન્હોતો
એકરે દિવસ એવો આવશે, મન સબળોજી સાલે. ।। ૧ ।।

અબુધપણામાં રે હું રહ્યો, મન સબળોજી સાલે;
મંત્રી મળ્યા સવિ કારમા, તેનું કાંઇ નવ ચાલે. ।।એકરે૦
।। ૨ ।।

સાવ સોનાનાં રે સાંકળા, પહેરણ નવ નવા વાઘા;
ધોળું રે વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા. ।। એકરે૦
।। ૩ ।।

ચરૂ કઢાઈયાં અતિ ઘણાં, બીજાનું નહી લેખુ;
ખોખરી હાંડલી એના કર્મની, તે તો આગળ દેખું. ।। એકરે૦
।। ૪ ।।

કોના છોરૂ ને કોના વાછરૂ, કોના માય ને બાપ;
અંત કાળે જાવું જીવને એકલું, સાથે પુન્ય ને પાપ. ।। એકરે૦
।। ૫ ।।

સગીરે નારી એની કામિની; ઉભી ડગમગ જુએ;
તેનું પણ કાંઈ ચાલે નહિં, બેઠી ધ્રુસકે રૂવે. ।। એકરે૦
।। ૬ ।।

વ્હાલાં તે વ્હાલાં શું કરો, વ્હાલાં વોળાવી વળશે;
વ્હાલાં તે વનના લાકડાં, તે તો સાથેજ બળશે. ।। એકરે૦
।। ૭ ।।

નહિં ત્રાપો નહિં તુંબડી, નથી તરવાનો આરો;
ઉદયરતન મુનિ ઈમ ભણે, મને ભવ પાર ઉતારો. ॥ એકરે૦
॥ ૮ ॥

## ૨૨— ॥ શ્રી વર્ધમાન તપ સજઝાય ॥
## ॥ ઢાળ–૧. લી ॥

( માળવ દેશ મનોહરૂં. એ દેશી. )

પ્રીતમ સેંતી વિનવે, પ્રમદા ગુણની ખાણ મેરે લાલ;
અવસર આવ્યો સાહિબા, કરશું તપ વર્ધમાન મેરે લાલ,
આંબિલ તપ મહિમા સુણો. ॥ ૧ ॥

બહોત ગઇ થોડી રહી, કીધા બહુલા સ્વાદ–મેરે;
પિંડ પોષીઓ લાલચે, હવે છોડો ઉન્માદ–મેરે૦ ॥ આં૦
॥ ૨ ॥

સાડી ત્રણ ક્રોડ રોમ છે, તેમાં પોણા બબે રોગ–મેરે૦ ।
દેહના દંડ છે એટલા, દુર કરો સબ રોગ–મેરે૦ ॥ આં૦
॥ ૩ ॥

ષટ્ કોટિની ઉપરે, સાડાબાર લાખ પ્રમાણ–મેરે૦ ।
આંબિલ તીવ્ર હુતાશને, કાયા કંચન વાન.–મેરે૦ ॥ આં૦
॥ ૪ ॥

સવા ચૌદ વરસ લગે, એકાદિ શત માન–મેરે૦ ।
ખડગ ધારા વ્રત પાળશું, ધરશું જિનવર આણ–મેરે૦ આં૦
॥ ૫ ॥

નાણ મંડાવી ભાવશું, સામી સામણ સાથ,–મેરે૦ ।
ઉજમણાં કરવાં ભલાં, પૂજશું ત્રિભુવન નાથ–મેરે૦ ॥ આં૦
॥ ૬ ॥

નિયાણું કરશું નહિં, સમતા ભાવ ઉદાર,–મેરે૦ ।
ધર્મ રત્ન આરાધવા, અમૃત કૃપા વિચાર–મેરે૦ ॥ આં૦
॥ ૭ ॥

## ॥ ઢાળ– ૨–જી ॥

જિમ જિમ એ તપ કીજીએરે, તિમ તિમ પાપ પલાય સલુણા;
આળસ તજી ઉદ્યમ કરો રે, ઉપાદાન શુદ્ધ થાય સલુણા,
વર્ધમાન તપ કીજીએરે, લીજીએ નર ભવ લાભ સલુણા
॥ ૧ ॥

એકેકું વધતાં થકાંરે, સો આંબિલ સમુદાય; સ૦ ॥
સો ઉપવાસ સંખ્યા થશેરે, પાતિક દૂર પલાય. ॥ સ૦ વર્ધ.
॥ ૨ ॥

ચૌદ વર્ષ ત્રણ માસનારે, વીશ દિવસ હિતકાર; સ૦ ॥
પાંચ હજાર પચાસ છેરે, સર્વ દિવસ તપ ધાર.
॥ સ૦ વર્ધ૦ ॥ ૩ ॥

નમો તવસ્સ પદ જાપનું રે, હોય હજાર પ્રમાણ; સ૦ ॥
બાર લોગસ્સ કાઉસગ્ગ કરોરે, યથાશક્તિ અનુમાન રે,
॥ સ૦ ॥ વર્ધ ॥ ૪ ॥

વિધિ પૂર્વક આરાધતાં રે, ઉજમણે ફળ જોય; સ૦ ॥
સુલભ બોધિ જીવનેરે, ધર્મ રત્ન શિવ હોય. ॥ સ૦ ॥
સ વર્ધ૦ ॥ ૫ ॥

## ૨૩– ॥ શ્રી આધ્યાત્મિક સજઝાય ॥

॥ અવધુ એસો જ્ઞાન વિચારી—એ રાગ ॥

એક નારી દોય પુરૂષ મળીને, નારી એક નીપાઈ,
હાથ પગ નવિ દીસે તેહના, મા વિના બેટી જાઈ;
ચતુર નર એ કુણ કહીએજી નારી. ॥ ૧ ॥

ચીર ચુંદડી ચરણા ચોળી, નવિ પહેરે તે સાડી;
છેલ પુરૂષ દેખીને મોહે, તેહવી એહ રૂપાળી. ॥ ચતુરનર૦ ॥
॥ ૨ ॥

ઉત્તમ જાતિ નામ ધરાવે, મન માને ત્યાં જાવે;
કંઠે વળગી લાગે પ્યારી, સાહિબને રીઝાવે. ॥ ચતુરનર૦ ॥
॥ ૩ ॥

ઉપાસરે તો કદીયે ન જાવે, દેહરે જાવે હરખી;
નર નારી શું રંગે રમતી, સહુકો સાથે સરખી.
॥ ચતુરનર૦ ॥ ૪ ॥

એક દિવસનું યૌવન તેહનું, ફરીયે નાવે કામ;
પાંચ અક્ષર છે સુંદર તેહના, શોધી લેજો નામ.
॥ ચતુરનર૦ ॥ ૫ ॥

ઉદય વાચક એણી પરે જંપે, સુણજો નર ને નારી;
એ હરિયાલીનો અર્થ કરે જે, સજજનની બલિહારી.
॥ ચતુરનર૦ ॥ ૬ ॥

( અર્થ–ફુલની માળા થાય છે. )

## ૨૪— શ્રી આત્મા વિષે સજઝાય ॥

આતમરામ કહે ચેતના સમજો, શ્વાસ સુધીની સગાઈ;
શ્વાસો શ્વાસ જ્યારે રમી જશે ત્યારે, ઉભો ન રાખે ભાઈ રે,
જમડા જોઇ રહ્યો છે લટકાળી રે, આમળો મેલી દેને
મચકાળી. ॥ ૧ ॥

સંસાર માયા દુર કરીને, આતમ ધ્યાન લગાઈ;
મોતની નોબત માથે ગાજે છે, ધર્મ કરોને સખાઈ રે.
॥ જમડા૦ ॥ ૨ ॥

સુખ છે સ્વપ્ન ને દુઃખ છે દરિયો, શી કરવી સંસારે સગાઈ;
દુઃખનો દરિયો છળી વળે ત્યારે, આવે ત્યાં કોણ સખાઇ રે.
॥ જ૦ ॥ ૩ ॥

પોતાના આવે ત્યારે પ્રાણ પાથરે ને, પારકા આવે ત્યારે કારી;
વારે વારે હું તો થાકી ગઈ છું, હળવે બોલોને હો ઠારી રે.
॥ જ૦ ॥ ૪ ॥

પોતાના મરે ત્યારે પછાડીઓ ખાતી ને, કુટતી મુઠીઓ વાળી;
પારકા મરે ત્યારે પિતાંબર પહેરતી, નાકમાં ઘાલતી વાળીરે.
॥ જ૦ ॥ ૫ ॥

પોતાના મરે ત્યારે પીડા થતી ને, થાતી શોક સંતાપ વાળી;
પારકા મરે ત્યારે પ્રીતિ ધરીને, હાથમાં દેતી તાળી રે.
॥ જ૦ ॥ ૬ ॥

સગા સંબંધી ભેગા મળીને, પાછળથી કરશે ભવાઈ;
દાન દીયંતાં એને મુજ છૂટતી, કીધી ન કાંઈ કમાણી રે.
॥ જી૦ ॥ ૭ ॥

ફણીધર થઈને ફુંફાડા મારશે, ઉપર ધનને દાટી;
જમડા પાસે જોર નહી ચાલે, ડાકલી જાશે ફાટી રે.
॥ જી૦ ॥ ૮ ॥

આતમરામ કહે ચેતના રાણી, સમજો શિખામણ શાણી;
આમળો મેલી જિનહર્ષ નમે તો, વરસે શિવ પટરાણી રે.
॥ જી૦ ॥ ૯ ॥

## ૨૫— ॥ શ્રી આધ્યાત્મિક સજ્ઝાય ॥

કાયાપુરી નગરીનો હંસલો, ત્યાં ઘેર ધર્મનો વાસ રે;
નોકારસી નામ ધરાવીએ, પોરસિએ કર્યાં પચ્ચક્ખાણ રે,
સતીરે શિયળવંતી બુઝવે. ॥ ૧ ॥

એકાસણું એ નરનું બેસણું, નિવિ એ નવ સેરો હારરે;
આંબિલ કાનની ટોકડી, ઉપવાસ ઝબકતી જાળ રે. ॥ સ૦
॥ ૨ ॥

તેલાએ ત્રિભુવન મન મોહી રહ્યો, પંચમે મોહી ગુજરાત રે;
અઠ્ઠાઈ આઠ કર્મ ક્ષય કર્યા, દશ ભેદ તરીયે સંસાર રે.
॥ સ૦ ॥ ૩ ॥

પંદરે પદ્મિમતિનું બેસણું, માસખમણે મુગતિનો વાસરે;

દોઢ દોઢ માસખમણુ જે કરે, તસ ઘેર નવ નિધિ હોયરે.
॥ સ૦ ॥ ૪ ॥

ગિરનારે રાજુલ સતિ એમ ભણે, સીતાને સહિયર કરીશરે;
કંકુને કાજલ ઘાટડી, અખંડ હેવાતન હોશે રે.
॥ સ૦ ॥ ૫ ॥

કર જોડી હંસ વિજય એમ ભણે, આપો આપો મુગતિનો
વાસ રે;
ફરી ફરી ન આવું ગર્ભાવાસરે, સતીરે શિયળવંતી બુઝવે.
॥ ૬ ॥

## ૨૬--- ॥ શ્રી આત્મા વિષે સજ્ઝાય ॥

ઇમ સદ્ગુરૂ જીવને સમજાવે, નરભવ અથિર દેખાવે રે;
સો તો સાચા સેંણુ કહાવે, જે જિન ધર્મ સુણાવે રે.
॥ ઈમ૦ ॥ ૧ ॥

હુંતી તે કુંકુમ વરણી દેહી, ઉપમા દીજે કેહી રે;
વ્હાલા મિલિયા સગાં સનેહિ, બાળે ઘોચા દેઈરે.
॥ ઈમ૦ ॥ ૨ ॥

કેના કાકા ને કેની કાકી, કાંઈ ન જાણે બાકી રે;
સ્વારથ વિણુ સહુ જાવે થાકી, ભગવન ઇણિપરે ભાખી રે.
॥ ઈમ૦ ॥ ૩ ॥

પહેરણ મલિયા કડા ને મોતી, વાગ વેસ ને ધોતી રે;
ઘણીજ મેલી આથી ને પોથી, ધર્મ વિના સહુ થોથીરે.
॥ ઇમ૦ ॥ ૪ ॥

આવે કાલ ફીરે યમ ડોલા, હુવે સીતાંગા ખોલા રે;
નાડયાં તુટે કાઢે યમ ડોલા, જીવડો ખાય હિલોલા રે.
॥ ઈમ૦ ॥ ૫ ॥

સહુ મિલી આપણો રોણો રોવે, તેહની ગતિ કોણ જોવેરે;
જો સ્વારથ પુગ્યો નવિ હોવે તો, પુઠે હી વિગોવેરે.
॥ ઇમ૦ ॥ ૬ ॥

મ્હારો મ્હારો કરી રહ્યો ઘેલો, જગ સ્વારથનો મેલોરે;
ઉઠી ચલેગો હંસ અકેલો, વિછડયાં મિલવો દોહેલો રે.
॥ ઈમ૦ ॥ ૭ ॥

ધન સંપદ વાદલ જિમ છાયા, ચંદને ચરચી કાયારે;
એહ સંસારની કાચી માયા, છોડીને શિવપદ પાયારે.
॥ ઈમ૦ ॥ ૮ ॥

ધર્મ તણો શરણો લે મોટો, છોડ દે મારગ ખોટો રે;
દયા ધર્મનો લે તું ઓઠો, કદી ન આવે તોટો રે.
॥ ઈમ૦ ॥ ૯ ॥

રાજા ચક્રવર્તિ મહા બલિયા, કાળે અનંતા ગળિયારે;
કર્મજ તૂટે શિવ સુખ મલિયા, અવર સંસારમેં કળિયારે.
॥ ઇમ૦ ॥ ૧૦ ॥

રાત દિવસ જિનજી સમ ધ્યાવે, મનવાંછિત ફલ પાવેરે;
પ્રેમને રાજ સદા સુખ પાવે, વિજય રત્ન ગુણ ગાવેરે.
॥ ઈમ૦ ॥ ૧૧ ॥

## ૨૭– ॥ શ્રી આત્મા વિષે સજ્ઝાય ॥

તુમે શ્રી જિનના ગુણ ગાજોરે, તમે મનખા દેવમાં જાજોરે;
બાજીગર બાજી રમીરે, તારી કાયા પડશે કાચીરે. ॥ ૧ ॥

જોબનમાં બાજી રમીરે, સહુ જનને મેલ્યા વિસારીરે;
તું પર નારીશું મોહ્યોરે, તેં તારો જનમારો ખોયોરે.
॥ તુમે૦ ॥ ૨ ॥

ચાલીસે ચિત્તડું માચ્યુંરે; તારૂં માયામાં મનડું ભાચ્યુંરે;
પચાસે આવ્યા પરિયારે, તારા મુખના ડાચા મલિયારે.
॥ તુમે૦ ॥ ૩ ॥

સાઠે બુદ્ધિ નાઠીરે, તારી ભમતા જીભડી ગાઠીરે;
સીત્તેરે કાંઈ ન સૂજેરે. તારી કાયા થર થર ધ્રુજેરે
॥ તુમે૦ ॥ ૪ ॥

એંશીયે અઘરૂં લાગ્યુંરે, તારૂં ઘરમાંથી તોલ ભાગ્યુંરે;
નેવુ વરસે થયો ઘરડોરે, તું તો બેઠો રેને તચડોરે.
॥ તુમે૦ ॥ ૫ ॥

સો વરસે સોડ તાણીને સુતોરે, એને સર્વ મલીને કુટોરે;
જીવ થૈ થૈ કરે પોકાર રે, પેલા જમડાને કોઈ વારોરે.
॥ તુમે૦ ॥ ૬ ॥

એવા ધર્મ રાજાએ પૂછયુંરે, ભાઈ શું છે તાહરૂં પુન્યરે;

મેં નથી કીધા પુન્યના કામરે, મેં નથી દીધાં સુપાત્ર દાનરે.
॥ તુમે૦ ॥ ૭ ॥

એના પુન્યના પાના જોયારે, એને કાઢી સર્વ એ પારરે;
એવી હીર વિજયની વાણીરે; જન ભજજો સહુ કો પારીરે.
॥ તુમે૦ ॥ ૮ ॥

## ૨૮– ॥ શ્રી ભવિષ્યની સજઝાય ॥

ભવિષ્યમાં લખ્યું હોય તે થાય, ડહાપણ કોઇનું કામ ન આવે,
ક્રોડ કરોને ઉપાય. ॥ ૧ ॥

રાજાને મન રઢજ લાગી, મૃગયા રમવાને જાય;
સાધુ મુનિ સંતોષે ત્યારે, સર્પ ડંશે શું થાય.
॥ ભવિ૦ ॥ ૨ ॥

મંગલ મુરત્ત શુભ ચોઘડીયું, પ્રથમ ગ્રહ પૂજાય;
જાણુ તજો શી જાણુત છતાં, રંગ ભેર શીદને રંડાય.
॥ ભવિ૦ ॥ ૩ ॥

રામચંદ્રજી જાણુત છતાં, વનમાં શીદને જાય;
સતી સીતાને કલંક આવ્યું ત્યારે, રાવણ રણમાં રોલાય.
॥ ભવિ૦ ॥ ૪ ॥

ભીમ અર્જુન નકુળ સહદેવ, રાજા ધર્મ કહેવાય;
પાંચ પાંડવ જાણુત છતાં, દ્રૌપદી શીદને લુંટાય.
॥ ભવિ૦ ॥ ૫ ॥

ચંદન બાળા ચૌટે વેચાણી, એને રાખી છે મુલા ઘેર;

હાથ પગમાં બેડી ડસકલાં, એને રાખ્યા છે ગુપ્ત ભંડાર.
॥ ભવિ૦ ॥ ૬ ॥

સતી સુભદ્રાને કલંક આવ્યું ત્યારે, સાસુએ દીધી આળ;
જીભ્યાએ કરી તરણું કાઢયું, ત્યારે મુનિને કપાળે ટીલું થાય.
॥ ભવિ૦ ॥ ૭ ॥

સતી અંજનાને કલંક આવ્યું ત્યારે, સાસુએ દીધી આળ;
માબાપે પણ પાણી ન પાયું, એને કાઢયાં છે ઉજડ વનવાસ.
॥ ભવિ૦ ॥ ૮ ॥

વિજય ગુરૂ પાય નમીને, લબ્ધિવિજય ગુણ ગાય;
હેમ વિજય મુનિ એમ કહે છે, તુમે સાંભળીને લેજો સાર.
॥ ભવિ૦ ॥ ૯ ॥

## ૨૯– ॥ શ્રી રાવણ મંદોદરીની સજઝાય ॥

સુણો મંદોદરી, નારાયણ નમવાનો મારે નેમ છે;
હો રાણાજી રઘુવર કેરા ચરણો, ધોઈ–ધોઇને પાયે. ॥ ૧ ॥

મારે શુદ્ધ–બુદ્ધ આવી પાણી ભરે, મારે નવ નિધિઓ રસોઇ કરે;
મારે ચાંદો – સૂરજ આવી દીવા ધરે. ॥ સુ૦ ॥ ૨ ॥

મારે કંચન સરિખો કોટ છે, મારે લંકા સરિખું રાજ્ય છે;
મારે બિભિષણ સરિખો ભાઈ છે. ॥ સુ૦ ॥ ૩ ॥

મારે કોટ કાંગરા બારી છે, દરવાજે ચોકી સારી છે;
મારે કંસ – કરણ બે ભાઇ છે. ॥ સુ૦ ॥ ૪ ॥

વલી આવખું તો અસ્થિર જાણી, તુમે સાંભળજો ઉત્તમ
પ્રાણી;
એમ બોલે મુનિ માણેક વાણી. ॥ સુ૦ ॥ ૫ ॥

## ૩૦ ॥ શ્રી કળીયુગની સજ્ઝાય ॥

સરસ્વતિ સ્વામીને પાય નમીને, ઉલટ મનમાં આપો;
તિરય નાહુ કોઈ ઇણુ સંસારે, તેણે એ કળિયુગ આયો
દેખો બે યારો કુડો કળિયુગ આયો. ॥ ૧ ॥

બાબો કહે મહારી નહાનડી બેટી, દિન દિન મૂળ સવાયો.
બે યારો૦ ।

રાજા તે પ્રજાને પીડે, કુ નર કામ ભરાયો;
બોલ બંધ નહીં મંત્રીને, ગોચર ક્ષેત્ર ખેડાયો.
॥ બે યારો૦ ॥ ૨ ॥

ગુરૂને ગાળ દીએ નિજ ચેલો, વેદ પુરાણુ પઢાયો;
સાસુ ચુલે ને વહુ ખાટલડે, કુંકે શરીર જલાયો.
॥ બે યારો૦ ॥ ૩ ॥

એંશી વર્ષનો હીંડે હોંસે, મૂછે હાથ ઘલાયો;
પંચ તણી શાખે પરણીને, અબળા અર્થ ગમાયો.
॥ બે યારો૦ ॥ ૪ ॥

જોગી જંગમ ને સન્યાસી, ભાંગે ભખે મદ વાહ્યો;
ચોર ચાડ પરધનને ખાયે, સાધુ જન સિદાયો.
॥ બે યારો૦ ॥ ૫ ॥

નિર્ધનને સહુ બેટા બેટી, ધનવંત એક ન પાયો;

નીચ તણે ઘેર અતિ ઘણી લક્ષ્મી, ઉત્તમ જન સિદાયો.
॥ એ યારો૦ ॥ ૬ ॥

ન મળે બાપ સંગાથે બેટો; ઘણોરે મનોરથે જાયો;
હાથ ઉપાડે માયને મારે, પરણી શું ઉમાહ્યો.
॥ એ યારો ૦॥ ૭ ॥

ઘરડાને ઘેલો કહે બેટો, આપ તણે મદ વાહયો;
વહુ સુતી ને વર હીંડોળે, સાસરે સુવાને ધરાયો.
॥ એ યારો૦ ॥ ૮ ॥

હળ ખેડે બ્રાહ્મણ ગોજુત્તિ, નિર્દય નાટક ફૂડાયો;
માબાપે બેટી વેચીને, બેટાને પરણાવ્યો.
॥ એ યારો૦ ॥ ૯ ॥

રાગ તણે વશ ગુરૂને ગુરૂણી, કામ કરે પરાયો;
કાંગાની પરે કલહો માંડી, કુળ ગુરૂ નામ ધરાયો.
॥ એ યારો૦ ॥ ૧૦ ॥

બૈયર બાર વરસની બેટો, દીઠો ગોદ ખેલાયો;
માગ્યા મેહ ન વરસે મહીયલ, લોભે ઘરખ્યો સવાયો.
॥ એ યારો૦ ॥ ૧૧ ॥

કુડા કળિયુગની એ માયા, દેખી ગીત ગવાયો;
પભણે પ્રીતિ વિમળ પરમારથ, જિન વચને સુખ પાયો.
॥ એ યારો૦ ॥ ૧૨ ॥

## ૩૧—॥ શ્રી ગૌતમ સ્વામીની સજઝાય ॥

સમવસરણ સિંહાસનેજી; વીરજી કરે રે વખાણ;

દસમા ઉત્તરાધ્યયનમાંજી, દે ઉપદેશ સુજાણ.
સમયમાં ગોયમ મ કરો પ્રમાદ.
વીર જિણેસર શીખવેજી, પરિહર મદ વિખવાદ.
॥ સમય૦ ॥ ૧ ॥

જિમ તરૂ પંડુર પાંદણોજી, પડતાં ન લાગેજી વાર;
તેમ એ માણુય જીવડોજી, સ્થિર ન રહે સંસાર.
॥ સમય૦ ॥ ૨ ॥

ડાભ અણી જલ ઓસનોજી, ક્ષણ એક રહે જલ બિંદુ;
તેમ અનેરા તિરી જીવડાજી, ન રહે ઇંદ્ર નરેન્દ્ર.
॥ સમય૦ ॥ ૩ ॥

સુક્ષ્મ નિગોદ ભમી કરીજી, રાશિ ચઢયો વ્યવહાર;
લાખ ચોરાશી જીવાયોનિમાંજી, લાધ્યો નરભવ સાર.
॥ સમય૦ ॥ ૪ ॥

શરીર જરાયે જાજરોજી, શીર પર પલીયાજી કેસ;
ઈંદ્રિય બલ હીણા થયાજી, પગ પગ પેખે કલેશ.
॥ સમય૦ ॥ ૫ ॥

ડંકા વાગે મોતનાજી, શીર પર સાતે પ્રકાર;
જીવને ઉપક્રમ લાગતાંજી, ન જુવે વાર કુવાર.
॥ સમય૦ ॥ ૬ ॥

દશ દ્રષ્ટાંતે તે દોહિલોજી, નરભવ મલીયો છે હાથ;
શિવપુર દુવારને ખોલવાજી, આવી છે સંગાત. ॥ સમય૦
॥ ૭ ॥

ભવસાગર તરવા ભણીજી, ચારિત્ર પ્રવહણ પુર;
તપ જપ સંજમ આદરોજી, મોક્ષ નગર છે દૂર. ॥ સમય૦
॥ ૮ ॥

ઈમ નિસુણી પ્રભુ દેશનાજી, ગણધર થયા સાવધાન;
પાપ પડલ પાછા પડયા જી, પામ્યા કેવલ જ્ઞાન ॥ સમય૦
॥ ૯ ॥

ગોયમના ગુણ ગાવતાં જી, ઘર હોય કોડ કલ્યાણ;
વાચક શ્રીકરણ ઈમ ભણે જી, વંદુ બે કર જોડ. ॥ સમય૦
॥ ૧૦ ॥

## ૩૨— ॥ શ્રી સીતાજીની સજ્ઝાય ॥

॥ અંજના વાત કરે છે મારી સખી–એ દેશી. ॥

આવું નોતું જાણ્યું રે મારા મનમાં, મારા નાથે તજી મને પલમાં;
મને કહી સંભળાવો વાત, હજુ ઘોર અંધારી રાત,
આ શું ઓચિંતો થયો ઉત્પાત. ॥ આવું૦ ॥ ૧ ॥

મને કહી સંભળાવો મારા વીર, મારા મનમાં રહેતી નથી ધીર;
કેમ કાળા ઓઢાડયા ચીર. ॥ આવું૦ ॥ ૨ ॥

કાળા રથને કાળા કેમ તુરંગ, ચાલ્યા એકલો મારી સંગ;
આ રંગમાં કોણે પાડયો ભંગ. ॥ આવું૦ ॥ ૩ ॥

નથી પાપ કર્યું મેં મારા હાથે, રઘુવીર નાથ મારી સાથે;
કેમ તજી દીધી મને નાથે. ॥ આવું૦ ॥ ૪ ॥

નથી ધર્મ કદી મારો હારી, નથી સોબત કીધી નઠારી;

કેમ રામે કાઢી ઘરબારી. ॥ આવું૦ ॥ ૫ ॥
નથી પરબ પાણીની ફોડી, નથી પાપના પગલાંમાં દોડી;
કેમ રામે મને તરછોડી. ॥ આવું૦ ॥ ૬ ॥
નથી ઉઘાડા મેલ્યા મેં વાળ, નથી ચઢાવી મેં કોઇને આળ;
નથી દીધી મેં કદી કોઇને ગાળ. ॥ આવું૦ ॥ ૭ ॥
નથી અભ્યાગતને પાછો વાળ્યો, નથી આત્મા કોઈનો દુભાવ્યો;
કેમ રામે કર્યો મને ટાળો. ॥ આવું. ॥ ૮ ॥
નથી વાટમાં કોઇ ને વગોવ્યા, નથી તીરથ વચ્ચે લુગડાં ધોયા;
નથી કરડી દ્રષ્ટિએ મેં જોયા. ॥ આવું. ॥ ૯ ॥
મારૂં જમણું ફરકે છે અંગ, નથી બેઠી હું કોઇની સંગ;
આ તો શું થયો રંગમાં ભંગ. ॥ આવું. ॥ ૧૦ ॥
પાછળ મારે માથે ઉતર્યો છે નાગ, મારે માથે ફરકે છે કાગ;
મારૂં અંતર દાઝે છે અગાધ. ॥ આવું. ॥ ૧૧ ॥
મને સૂર્ય લાગે છે ઝાંખો, મને દિવસ લાગે અટારો;
હવે રથને અહિં ઉતારો. ॥ આવું. ॥ ૧૨ ॥
આવાં વનને અઘોરી ઝાડી, ત્યાં શબ્દ ભયંકર થાય;
આવી અટવીમાં કેમ રહેવાય. ॥ આવું. ॥ ૧૩ ॥
માણેક વિજય કહે મમતા લાગી, છેલ્લી વંદના કરૂં છું પાયે;
સતી સીતાએ શીખ જ માગી, સતી વંદન કરૂં છું પાય લાગી.
॥ આવું૦ ॥ ૧૪ ॥

## ૩૩— ॥ શ્રી અઢાર નાતરાની સજઝાય ॥

॥ એકવીશની—દેશી ॥

મથુરા નગરી રે, કુબેર સેના ગણિકા વસે,

મનહરણી રે, તરૂણી ગુણથી ઉલ્લસે,
તિણ જાયો રે, યુગલ ઈક સુત ને સુતા;
નામ દીધો રે, કુબેરદત્ત–કુબેરદત્તા. ॥ ૧ ॥

॥ ઉથલો ॥ મુદ્રાલંકૃત વસ્ત્ર વીંટી, યુગલ પેટીમાં ઠવ્યો,
એક રાત્રિમાંહી નદી પ્રવાહે, જમુના જળમાં વહયો;
સોરિયપુર પ્રભાત શેઠે, સંગ્રહી વ્હેંચી કરી,
એક પુત્રને પુત્રીય બીજો, રાખતાં હરખે ધરી. ॥ ૨ ॥

બિહું શેઠે રે, ઓચ્છવ કીધો અતિ ઘણો,
કર્મ યોગે રે, મળીયો વિવાહ બિહું તણો,
સારી પાસા રે, રમતાં બિહું મુદ્રા મિલી;
નિજ બંધવ રે, જાણીને થઇ આકળી. ॥ ૩ ॥

॥ ઉથલો ॥ આકુળી થઇ તવ ભગિની, વિષય વિરકત તે થઈ,
સાધવી પાસે ગ્રહી સંજમ, અવધિ નાણી સા થઈ;
વ્યવસાય કાજે કુબેરદત્ત, હવે અનુક્રમે મથુરા ગયો,
કર્મ યોગે વેષ ભોગે, વિલસતાં અંગજ થયો. ॥ ૪ ॥

॥ ચાલ. ॥ નિજ બંધવ રે, પ્રતિબોધનને સાહુણી,
વેશ્યા ઘર રે, આવીને સા સાહુણી;
ધર્મશાળા રે, પારણાંને પાસે રહી,
હુલરાવે રે, બાળકને સા ઈમ કહી. ॥ ૫ ॥

॥ ઉથલો ॥ ઇમ કહી પુત્ર-ભત્રીજ બંધવ, દેવર કાકો પોતરો,
ઈમ નાતરા ષટ્ તુજ સાથે, રૂદન કરતી ઉચ્ચરે;
પતિ–પિતા–બંધવ–જેઠ, સુમરો-પિતરિયો ઇણી પરે કહી,
કુબેરદત્ત સુસાધવી ષટ્, નાતરા ઇણી પરે લહી. ॥ ૬ ॥

॥ ચાલ ॥ ભોજાઈ રે, શોક- માતા-સાસુ -વહું,
ઓડી માતા રે; ઈણી પરે ષટ સગપણ લહું;
તવ ભાષે રે, સાધ્વીને વેશ્યા ઈશ્યું;
અસમંજસ રે, શ્યું ભાષે છે એ કિશ્યું ॥ ૭ ॥
॥ ઉથલો ॥ કિશ્યું ભાષે, લાજ ન રાખે, સાધવી વેશ્યાને કહે,
મંજુષમાંહિ ઠવિય મેલ્યા, તેહ વિતક સબ કહે;
ઇમ સુણિય ગણિકા, લીયે સંજમ, પાર પામી ભવતણો,
સાધવી ઇમ ઉપદેશ કીધો, કરી ઉપકાર અતિ ઘણો. ॥ ૮ ॥
॥ ચાલ ॥ સુણી પ્રભાવ રે, ઈણી પેરે સહુ સંસારમેં,
સંબંધે રે, એ સગપણ સંસારમેં,
એકેકે રે, સગપણ દશ-અઠ ઈમ કહયા,
ચિહું જણના રે, ગિણતા ઈમ બહુંતર થયા. ॥ ૯ ॥
॥ ઉથલો ॥ થયા બહુંતર ઇમ પહુતર, કહે જંબુ કુમાર એ,
સંસાર વિષય વિકાર ગિરૂઆ, દુઃખના ભંડાર એ;
તેહ ભણે સંજમ, ગ્રહે પ્રભવો, સુખ તિણ પરે હુલ્લસે,
કવિરાજ ધીર વિમળ સેવક, નયવિમળ ઉપદિશે. ॥ ૧૦ ॥

## ૩૪— ॥ શ્રી ધમ્મો મંગલની સજઝાય ॥

ધમ્મો મંગલ મહિમા નીલો, ધર્મ સમો નહીં કોય;
ધર્મે તૂઠે દેવતા, ધર્મે સવી સુખ હોય. ॥ ધમ્મો૦ ॥ ૧ ॥
જીવ દયા નિત્યે પાલીએ, સંજમ સત્તર પ્રકાર;
બાર ભેદે તપ કરો, ધર્મ તણો એહ સાર. ॥ ધમ્મો. ॥ ૨ ॥
જેમ તરૂવર ને ફુલડે, ભમરો રસ લઈ જાય;
તેમ સંતોષે આત્મા, ફુલને પીડા નવી થાય. ॥ ધમ્મો ॥ ૩ ॥

એણી પેરે વિચરે ગોચરી. લેતા સુજતો આહાર;
ઉંચ નીચ મધ્યમ કુલે, ધન ધન એ અણગાર. ॥ ધમ્મો.
॥ ૪ ॥

મુનિવર મધુકર સમ કહયા, નહીં તૃષ્ણા નહીં દોષ;
લીધે ભાડુ દિયે આત્મા, અણુલીધે સંતોષ. ॥ ધમ્મો૦
॥ ૫ ॥

પહેલે અધ્યયને પ્રરૂપીઓ, ખરા અર્થ વિચાર;
પુન્ય કલશ શિષ્ય જૈતસી, ધર્મે જય જયકાર. ॥ ધમ્મો૦
॥ ૬ ॥

## ॥ ૩૫— શ્રી ઉપદેશની સજ્ઝાય ॥

કોરા કાગળની પુતળી, મન તું મેરારે;
તેને ફાટતાં ન લાગે વાર, સમજ મન મેરા રે. ॥ ૧ ॥

કાચો તે કુંભ જળે ભર્યો, તું મન મેરા રે;
તેને ફાટતાં ન લાગે વાર, સમજ મન મેરા રે. ॥ ૨ ॥

ગડ લાકડા ગાડું ભર્યું । મન તું૦ । ખોખરી દુની તેની
સાથ. ॥ સમ૦ ॥ ૩ ॥

ઘરની લુગાઈ ઘર લાગી, । મન તું૦ । આંગણા લગી
સગી માય. ॥ સમ૦ ॥ ૪ ॥

શેરી લગે સાજન ભલો, । મન તું૦ । સીમ લગે કુટુંબ
પરિવાર. ॥ સમ૦ ॥ ૫ ॥

સમશાન લગે સગો બંધવો, । મન તું૦ । પછી હંસ
એકીલો જાય. ॥ સમ૦ ॥ ૬ ॥

સુંદર વર્ણી ચેહ બલે, । મન તું૦ । તેનો ધૂમાડો આકાશે
જાય. ॥ સમ૦ ॥ ૭ ॥

કોઈ નદી કોઈ સીમમાં, । મન તું૦ । કોઈ સમુદ્રમાં
જાય. ॥ સમ૦ ॥ ૮ ॥

પાંચ આગલીઓ પુન્ય પાપ, । મન તું૦ । અંતે સખાઇ
થાય. ॥ સમ૦ ॥ ૯ ॥

પંડિત હરખ વિજય તણો, । મન તું૦ ઋષભ કહે કરજોડ.
॥ સમ૦ ॥ ૧૦ ॥

## ૩૬—॥ શ્રી ધન્નાજીની સજઝાય ॥

ધન ધન્નો એ મુનિ વંદિયેરે લાલ, શ્રી વીરતણો અણગાર રે;
મહામુનિ તપ કરી કાયા શોષવીરે લાલ, કીધો ઉગ્ર
વિહાર રે મહામુનિ. ॥ધન૦ ॥ ૧ ॥

કાકંદી પુરમાંહે વસેરે લાલ, ભદ્રા માતા મલ્હાર રે; મહામુનિ;
તૃણ જેમ છોડી સંપદારે લાલ, લીધો સંજમ ભારરે. મહામુનિ.
॥ ધન૦ ॥ ૨ ॥

શુદ્ધ કિરિયા પાળે સદારે લાલ, છાંડી સર્વ પ્રમાદરે મહામુનિ;
વીર વખાણે એકદા રે લાલ, સુણી તજે સંવાદરે. મહામુનિ.
॥ ધન૦ ॥ ૩ ॥

ચૌદ સહસમાં કો નહીંરે લાલ, ધન્ના સમો અણગારરે
મહામુનિ;
તપ જપ સંજમ આદર્યોરે લાલ, પાળે શુદ્ધ આચાર રે
મહામુનિ. ॥ ધન ॥ ૪ ॥

શીઘ્રથી શિવ સુખ પામશે રે લાલ, જીહાં છે સુખ અનંત રે
મહામુનિ;
એહના ગુણ ગાતાં થકાંરે લાલ, ભવ ભવ દુઃખના સંતરે
મહામુનિ. ॥ ધન૦ ॥ ૫ ॥
સુર નર સુણી હરખ્યા ઘણુંરે લાલ, વાંદે મુનિવર પાયરે
મહામુનિ;
નિરાગી માંહે તે નીલોરે લાલ, દીઠાં આપે દાયરે મહામુનિ.
॥ ધન૦ ॥ ૬ ॥
અનુત્તર ઉવાઇમાં કહ્યોરે લાલ, ધન્નાને અધિકારરે મહામુનિ;
વિદ્યાકીરતિ કહે સાધુનેરે લાલ, નામ થકી નિસ્તાર રે
મહામુનિ. ॥ધન ॥ ૭ ॥

## ૩૭—॥ શ્રી શાલિભદ્રજીની સજ્ઝાય ॥

॥ આધારજ હું તો એક—એ દેશી

શાલિભદ્ર મોહ્યો રે, શિવ રમણી રસે રે;
કામણગારી હો નાર, ચિત્તડું ચોરૂખું રે એણી ધુતારીયે રે;
તેણે મેલી માયા વિસાર, શાલિભદ્ર વીરને રે. ॥ ૧ ॥
એક દિન શાલિભદ્ર પૂછે વીરને રે, ભાખો ભગવંત આજ;
પારણું હોશે રે પ્રભુ કેહને ઘરે રે, બોલ્યા વીર જિનરાજ.
॥ ૨ ॥
માતા તુમારી હાથે પારણું રે, સાંભળી શાલિભદ્ર ધન્ન;
વોરણી પોતા ભદ્રા આંગણે રે, તપે કરી દુર્બળ તન્ન.
॥ ૩ ॥

આંગણે આવ્યારે કેણે નવી ઓળખ્યા રે; વળીયા તે અણગાર,
દહીં વેરાવ્યું પુરવ ભવની માવડી, રે, મન ધરી હરખ અપાર.
॥ ૪ ॥

વીર વચને તે જનની સુણી રે, મન ધરી અતીહિ વૈરાગ;
ગિરિ વૈભારે અણસણ આદર્યું રે, પાદોપગમન સાર.
॥ ૫ ॥

ઇમ સુણીને ભદ્રા માવડી રે, અને વળી બત્રીસ નાર;
આવ્યા જીહાં તે મુનિવર પોઢિયા રે, વિનવે અતીહિ સંભાર.
॥ ૬ ॥

ભદ્રા કહે છે પુત્ર તું મારડો રે, કીહીં તે સુખ વિસ્તાર;
શ્રેણિક ઘર આવ્યો નવી જાણીયો રે, કાંઈ કષ્ટ કરો અપાર.
॥ ૭ ॥

ભદ્રા કહે છે પુત્ર સોહામણો રે, મુજ જીવન આધાર;
મેં પાપિણીયે સુત નવી ઓળખ્યો રે, સુજતો ન દીધો આહાર.
॥ ૮ ॥

એકવાર સામુ જુવોને વાલહા રે, પુરો હમારી હો આશ;
અવગુણ પાખે કાંઈ વિસારીયા રે, તુમ વિણ ઘડિય છ માસ.
॥ ૯ ॥

શાલિભદ્ર ઈમ ઝુરતી ભદ્રા માવડી રે, અંતેઉર પરિવાર;
દુઃખ ભર વંદી બેહુ સાધુને રે, આવ્યા નગર મોઝાર. ॥ ૧૦ ॥

સર્વાર્થ સિધ્ધે મહાસુખ ભોગવે રે, શાલિભદ્ર દોય સુસાધ;

મુનિ મેઘરાજ ગુણ સ્તવે તેહના રે, પામ્યા સુખ નિરાબાધ.
॥ ૧૧ ॥

## ૩૮—॥ શ્રી વહુની સજ્ઝાય ॥

ઉત્તર દિશાએથી સાધુરે આવ્યા, વહુએ દીક્ષા લીધીરે;
સાત પાંચ સૈયર ટોળે મળીને, વહુને વ્યાકુલ કીધીરે,
ઓ મારી નાનકડી વહુ, ભગવાન ભજવા ચાલી. ॥ ૧ ॥

તારૂં મારૂં ધન એકઠું કર્યું ને, કાંઈ ના આવ્યું સાથે રે;
ચતુર હોય તો ચેતી લેજો, જાવું ઠાલે હાથે રે. ॥ ઓ મારી ॥
॥ ૨ ॥

સવારે ઉઠી સામાયક કરતી, નિત્ય પોષહ કરતી રે;
આઠ કર્મનો ક્ષય કરીને, જેમ જપાય તેમ જપતી.
॥ ઓ મારી૦ ॥

કેણો રે સસરો ને કેણી રે સાસુ, કેણો રે ઘરનો સ્વામી રે;
ઘરના સુખ તે ઘરમાં મેલ્યાં, વહુ અપાસરે. ચાલી રે.
॥ ઓ મારી૦ ॥

ઘરમાં રે ડોસી ડગમગે ને, વહુ દેવલોકમાં પહોંચ્યા રે;
અડધે જાતાં અરિહંત મલીયા, મુકિત સુખડલી આપી રે.
॥ ઓ મારી૦ ॥ ૫ ॥

વહુને કેવળજ્ઞાનજ ઉપજ્યું, વહુએ કારજ સાધ્યું રે;
કાન્તિ વિજયનો પંડિત બોલે, જૈન ધરમ છે સાચો રે.
॥ ઓ મારી૦ ॥ ૬ ॥

## ૩૯—॥ શ્રી બાહુબલિજીની સજઝાય ॥

બહેની બોલે હો બાહુબલ સાંભલોજી, રૂડા રૂડા રંગ નિધાન;
ગજવર ચઢીયા હો કેવલ કેમ હુવેજી, જાણ્યું જાણ્યું
પુરૂષ પ્રધાન. ॥ બહેની ॥ ૧ ॥

તુજ સમ ઉપશમ જગમાં કુણ ગણેજી, અકલ નિરંજન દેવ;
ભાઈ ભરતેસર વહાલા વિનવેજી, તુજ કરે સુર નર સેવ.
॥ બહેની૦ ॥ ૨ ॥

ભર વરસાળો હો વનમાં વેઠીયોજી, જિહાં ઘણાં પાણીનાં પૂર;
ઝરમર વરસે હો મેહુલો ઘણુંજી, પ્રગટયા પુણ્ય અંકુર.
॥ બહેની૦ ॥ ૩ ॥

ચિહું દિશિ વીંટયો હો વેલડીએ ઘણુંજી, જેમ વાદળ
છાયો સૂર;
શ્રી આદિનાથે હો અમને મોકલ્યાજી, તુમ પ્રતિબોધન નૂર.
॥ બહેની૦ ॥ ૪ ॥

વર સંવેગ રસે હો મુનિવર ભર્યાજી, પામ્યા પામ્યા
કેવલનાણ;
માણેક મુનિ જસ નામે હો હરખ્યા ઘણુંજી, દિન દિન
ચઢતો વાન. ॥ બહેની ॥ ૫ ॥

## ૪૦—॥ શ્રી મારૂદેવી માતાની સજઝાય ॥

માતાજી મારૂદેવીરે ભરતને એમ કહે,
ધન ધન પુત્ર મુજ કુળ તુજ અવતારજો;
પણ દાદીમાં દુઃખડાં તેં નવિ જાણ્યાં,

કેઈ વિધ કરી તુજ આગળ કરૂં પોકારજો. ॥ માતાજી૦ ॥ ૧ ॥
જે દિનથી ઋષભજીએ દિક્ષા આદરી,
તે દિનથી મુજ આ સઘળું ન ખમાયજો;
આંખલડી અલુણીરે થઇ ઉજાગરે,
રાત દિવસ મુજ નિદ્રા વિહુણા જાયજો. ॥ મા૦ ॥ ૨ ॥
તુજ સરીખો પુત્રજ મારે લાડકો,
તાતની ખબર ન લેતો દેશ વિદેશ જો;
અનેક સુખ વિલસે તું રહી રંગ મહેલમાં,
ઋષભજી તો વનમાં વિરૂએ વેષજો. ॥ મા૦ ॥ ૩ ॥
ખરારે બપોરે રે ફરતા ગૌચરી,
શરીર ઉઘાડે પાય અડવાણે હોયજી;
અરસ નીરસ ઉના જળ મહેલાં કપડાં,
ઘર ઘર આંગણ ફરતો હીંડે સોયજો. ॥ મા ૦॥ ૪ ॥
બાલ લીલા મંદિરીએ રમતો આંગણે,
પક્ષ વિદ્યાધર સોહમ ઇંદ્રને સંગજો;
હું દેખી મન માંહિ હૈડે હીસતી,
ચોસઠ ઇંદ્ર આવી કરતા ઉલંગજો. ॥ મા૦ ॥ ૫ ॥
મારાંરે સુખડાંરે સુત સાથે ગયાં,
દુઃખના હૈડે ચડી આવ્યાં છે પૂરજો;
પૂરવની અંતરાય તે આજ આવી નડી,
કેઇવિધે કરીને ધીરજ રાખું ઉરજો. ॥ મા૦ ॥ ૬ ॥
પુરી અયોધ્યા કેરો સુત તું રાજીઓ,
રાજ ઋદ્ધિ મંદિર બહોળો પરિવારજો;

રાજધાનીના સુખમાં તાત ન સાંભરે;
રાત દિવસ રહેતા રંગ મહેલ મોઝારજો. ॥ મા૦ ॥ ૭ ॥

સહસ વરસ ઋષભજીને ફરતાં વહી ગયાં,
હજુ ખબર નહિં સંદેશો નહિં નામજો;
એવું જે કઠણ તે હૈયું કેમ થયું,
સુગુણ સુતનાં આવા કામ ન હોયજો. ॥ મા૦ ॥ ૮ ॥

ખબર કઢાવો સુભટ બહુધા મોકલી,
જુઓ તાત તણી ગતિ શી શી હોયજો;
સેવકના સ્વામીને એટલું કહાવજો,
નિજમાતા નિત વાટલડી જોયજો. ॥ મા૦ ॥ ૯ ॥

## ૪૧–॥ શ્રી સુજયેષ્ઠાની સજઝાય ॥

કોઈ કાળે ધર્મી જીવને, કર્મવશ સહેવું પડે;
આળ આવે ધર્મ કરતાં, તોય સહી લેવું પડે. ॥ કોઈ. ॥ ૧ ॥
રાય શ્રેણિક આવિયા ને, ચેલણાને લઇ ગયો;
સતી સુજ્યેષ્ઠા રહી ગઇ, આવી ચઢી આડે ધડે. ॥ કોઈ. ॥ ૨ ॥
ચંદના વ્રતિની કને, ચારિત્ર લઈને તપ તપે;
ખુલ્લા થઈ આતાપના લે, કર્મ ત્યાં આવી નડે. ॥ કોઈ૦ ॥૩॥
પેઢાલ વિદ્યાધર વિલોકે, ભ્રમર રૂપે ભોગવે;
થઇ ગર્ભવંતી સાધવી ને, આળ અવખું શીર ચડે. ॥ કોઇ૦॥૪॥
કોઈએ પૂછયું પ્રભુ મહાવીરને, જાણી હકીકત તો ખરી;
પુત્ર પ્રસવ્યો સત્યકી, જગ જોડ જેની ના જડે. ॥ કોઈ૦ ॥૫॥

આરાધી સંયમ આકરૂં, વ્રતિની સુજ્યેષ્ઠા શીવ વર્યાં;
સત્ય અદ્‌ભૂત છે સતીનું, ધુરંધર યશ સાંપડે. ।। કોઇ૦ ।।૬।।

## ૪૨–।। શ્રી સંતોષની સજઝાય ।।

।। રે જીવ માન ન કીજીએ–એ દેશી ।।

સજઝાય ભલીરે સંતોષની, કીજીએ ધર્મ રસાળરે;
મુકિત મંદિરમાં પોટીયાં, સુતાં સુખ અપારરે. ।। સ૦।। ૧ ।।
સંયમ તળાઇ ભલી પાથરી, વિનય ઓસીશાં સારરે;
સમતા એ ગાલ મસુરીયાં, વિઝણીયો વ્રતધારરે. ।। સ૦।। ૨ ।।
ઉપશમ ખાટ પિછેડી, સોઢણીયું વૈરાગરે;
ધર્મશિખરે ભલી ઓઢણી, ઓઢે તે ધર્મ જાણ રે. ।। સ૦ ।।૩।।
એ રે સજ્જાયે કોણ પોઢશે, પોઢશે શીયળવંતી નારીરે;
કવિ આણા મુખ એમ ઉચ્ચરે, પોઢશે વ્રતધારીરે. ।। સ૦ ।।૪।।
ધર્મ કરો તમે પ્રાણીઆ, આતમને હિત કારીરે;
વિનય વિજય ઉવજ્ઝાયનો, લ્યો કેવળ સુખકારીરે. ।। સ૦।।પ।।

## ૪૩–।। શ્રી ઇરિયાવહિની સજઝાય ।।

નારી મેં દીઠી એક આવતીરે, જાતી ન દીઠી કોયરે;
જે નર તેહને આદરે રે, તેહને સદ્‌ગતિ હોયરે.
।। ના૦ ।। ૧ ।।

એકસો નવાણું રૂડા ઓટડારે, મોટા તે ચોવીશ ઈશરે;
નાનડીયા તમે સાંભળોરે, શત પંચોતર ઈશરે.
।। ના૦ ।। ૨ ।।

જૈન તણે મુખે રહે રે, પગ બત્રીશ કહેવાય રે;
ધર્મી નર પાસે વસે રે, પાપી સંગ ન જાય રે.
॥ ના૦ ॥ ૩ ॥

આઠ સંપદાયે પરવરી રે, નારી છે દેવ સરૂપ રે;
મુગતિ રમણી ઘણા મેળવ્યા રે, વડા વડેરા ભૂપ રે.
॥ ના૦ ॥ ૪ ॥

ગૌતમ સ્વામી પૂછીયું રે, ઉપદેશ્યું શ્રી વર્ધમાન રે;
અઈમંતો ઋષિ પામીયો રે, ક્ષણમાં કેવળજ્ઞાન રે.
॥ ના૦ ॥ ૫ ॥

અઢાર લાખ જુદા એટડા રે, ઉપર ચોવીશ હજાર રે;
એકસોને વીશ મૂકીયે રે, પામીજે સ્વર્ગ દુવાર રે.
॥ ના૦ ॥ ૬ ॥

સાધુ શ્રાવક સહુ આદરે રે, આદરે અરિહંત દેવ રે;
મેઘવિજય ગણિ શિષ્ય કહે રે, એહની કરો ઘણી સેવ રે.
॥ ના૦ ॥ ૭ ॥

## ૪૪-॥ શ્રી રોહિણીની સજઝાય ॥

॥ ભરત નૃપ ભાવશું એ-એ દેશી. ॥

શ્રી વાસુપૂજ્ય જીણંદના એ, મઘવા સુત મનોહાર
જયો તપ રોહિણી એ;
રોહિણી નામે તસ સુતા એ, શ્રી દેવી માત મલ્હાર.
॥ જ૦ ॥
કરે તસ ધન અવતાર. ॥ જ૦ ક૦ ॥ ૧ ॥

પદ્મ પ્રભુના વયણુથી એ, દુર્ગંધા રાજકુમાર; ॥ જ૦ ॥
રોહિણી તપથી તે ભવે એ, સુજસ સુગંધ વિસ્તાર.
॥ જ૦ ક૦ ॥ ૨ ॥

નરદેવ સુર પદ ભોગવી એ, તે થયો અશોક નરિંદ;
॥ જ૦ ॥
રોહિણી રાણી તેહની એ, દોયને તપ સુખ કંદ.
॥ જ૦ ક૦ ॥ ૩ ॥

દુરભિગંધા કામિની એ, ગુરૂ ઉપદેશ સુણુંત; ॥ જ૦ ॥
રોહિણી તપ કરી દુઃખ હરી એ, રોહિણી ભવ સુખવંત.
॥ જ૦ ક૦ ॥ ૪ ॥

પ્રથમ પારણા દિન ઋષભના એ, રોહિણી નક્ષત્ર વાસ;
॥ જ૦ ॥
ત્રિવિધે કરી તપ ઉચ્ચરો એ, સાત વરસ સાત માસ;
॥ જ૦ ક૦ ॥ ૫ ॥

કરો ઉજમણું પૂર્ણ તપે એ, અશોક તરૂ તલ ઠાય; ॥ જ૦ ॥
બિંબ રયણુ વાસુપૂજયનું એ, અશોક રોહિણી સમુદાય.
॥ જ૦ ક૦ ॥ ૬ ॥

એકસો એક મોદક ભલા એ, રૂપા નાણું સમેત; ॥ જ૦ ॥
સાત સત્યાવીસ કીજીયે એ, વેશ સંઘ ભકિત હેત.
॥ જ૦ ક૦ ॥ ૭ ॥

આઠ પુત્ર ચારે સુતા એ, રોગ સોગ નવિ દીઠ; ॥ જગ ॥
પ્રભુ હાથે સંયમ લહ્યું એ, દંપતી કેવળ દીઠ ॥ જ૦ ક૦
॥ ૮ ॥

ક્રાંતિ રોહિણીપતિ જિસી એ, રોહિણી સુત સમ રૂપ, ॥ જ૦ ॥
એ તપ સુખ સંપત દીયે એ, વિજય લક્ષ્મી સૂરિ ભૂપ.
॥ જ૦ ક૦ ॥ ૯ ॥

## ૪૫— ॥ શ્રી મોક્ષ નગરની સજઝાય ॥

મોક્ષ નગર મારૂં સાસરૂં, અવિચળ સદા સુખ વાસ રે;
આ પદ જીનવર ભેટીયે, તિહાં કરો લીલ વિલાસ રે.
॥ મો૦ ॥ ૧ ॥

જ્ઞાન દર્શન આણા આવીયા, કરો કરો ભક્તિ અપારરે;
શિયળ શણગાર પહેરો શોભતા, ઉઠી ઉઠી જીન સમરંતરે.
॥ મો૦ ॥ ૨ ॥

વિવેક સોવન ટીલું તપ તપે, જીવ દયા કુમ કુમ રોળરે;
સમતા કાજળ નયણલો, સાચું સાચું વયણ તંબોળરે.
॥ મો૦ ॥ ૩ ॥

સમતા વાટ સોહામણી, ચારિત્ર વેલ જોડાવો રે;
તપ જપ બળદ ધોરી જોતરો, ભાવના ભાવો રસાળ રે.
॥ મો૦ ॥ ૪ ॥

કારમું સાસરૂં પરિહરો, ચેતો ચેતો ચતુર સુજાણ રે;
જ્ઞાન વિમળ મુનિ એમ કહે, એ છે મુક્તિનું ઠામ રે.
॥ મો૦ ॥ ૫ ॥

## ૪૬— ॥ શ્રી વણઝારાની સજઝાય ॥

નરભવ નગર સોહામણું વણઝારા રે,
પામીને કરજે વ્યાપાર, અહો મોરા નાયક રે;

સત્તાવન સંવરતણી–વણુ૦– પોઠી ભરજે ઉદાર. અ૦ ॥ ૧ ॥
શુભ પરિણામ વિચિત્રતા-વણુ૦–કરિયાણાં બહુમૂલ; ॥ અ૦ ॥
મોક્ષ નગર જાવા ભણી–વણુ૦–કરજે ચિત્ત અનુકુળ.
॥ અ૦ ॥ ૨ ॥

ક્રોધ દાવાનળ ઓલવે–વણુ૦–માન વિસમ ગિરિરાજ;
॥ અ૦ ॥

ઓલંઘજે હળવે કરી–વણુ૦–સાવધાન કરે કાજ. ॥ અ૦
॥ ૩ ॥

વંશજાળ માયાતણી–વણુ૦–નવિ કરજે વિશરામ; ॥ અ૦ ॥
ખાડી મનોરથ ભટતણી–વણુ૦–પૂરણનું નહિં કામ, ॥ અ૦
॥ ૪ ॥

રાગ દ્વેષ દોય ચોરટા–વણુ૦–વાટમાં કરશે હેરાન; ॥ અ૦ ॥
વિવિધ વીર્ય ઉલ્લાસથી–વણુ૦–તે હણજે રે ઠાર. ॥ અ૦
॥ ૫ ॥

એમ સવિ વિઘન વિદારીને–વણુ૦–પહોંચજે શિવપુર વાસ;
॥ અ૦ ॥

ક્ષય ઉપશમ જે ભાવના–વણુ૦– પોઠે ભર્યા ગુણ રાશ.
॥ અ૦ ॥ ૬ ॥

ખાયિક ભાવે તે થશે–વણુ૦–લાભ હોશે તે અપાર; ॥ અ૦ ॥
ઉત્તમ વણુજ જે એમ કરે,–વણુ૦– પદ્મ નમે વારંવાર.
॥ અ૦ ॥ ૭ ॥

## ૪૭— ॥ શ્રી રાજુલની સજઝાય ॥

ઉગ્રસેન પુત્રી અરજ કરે, નેમજી સાંભળજો મહારાજ;
મોરો દીલ લાગ્યો સાહિબ સાંમળો. ॥ ૧ ॥

પ્રભુજીની જાન વિરાજતી, સાથે જાદવનો પરીવાર;
તોરણ આવી પાછા વલ્યા, તે તો સાલે છે મુજ સાલ.
॥ ઉ૦ ॥ ૨ ॥

યાદવ જાન જોડી કરી, આવો સામલીયા શિરદાર;
તુજ દીઠા વિણ નવિ ગમે, માહરે અંગ સકલ શિણગાર.
॥ ઉ૦ ॥ ૩ ॥

ચંદન ચૂંક તણી પરે, મારા અંગ હાર;
ભોજન મૂલમ ભાવતાં, વલી ઉપર મન મય માર.
॥ ઉ૦ ॥ ૪ ॥

નવ ભવ નેહ નિવારીને, હાંરે પ્રભુ નેમ ચઢયા ગિરનાર;
રાજુલ વાત જ સાંભળી, કાંઈ ધરતી દુઃખ અપાર.
॥ ઉ૦ ॥ ૫ ॥

પહોંતી પ્રીતમ પાસજી, લીધો સંજમ ભાર;
પિયુજી પહેલાં એ પધારી, પહોંતી મોક્ષ મોઝાર.
॥ ઉ૦ ॥ ૬ ॥

સતી નામ સમરે સદા, પામે પરમાનંદ;
મહાનંદ મુનિવર વિનવે, હાંરે પ્રભુ ફેડયા ભવના ફંદ.
॥ ઉ૦ ॥ ૭ ॥

## ૪૮–॥ શ્રી દિવાળી પર્વની સજઝાય ॥

ગાવો ગીત વધાવો ગુરૂને, મોતીડે ચોક પુરાવો;
ચાર ચાર આગણુ ચતુરાશું આવ્યા, ગાવો ગીત રસાળીરે,
આજ મારે દીવાળી અજવાળી. ॥ ૧ ॥

આજ તો મારે ધનતેરસ ને, તે દિન રૂડા સારા;
ભરત ચક્રવર્તી છ ખંડ સાધ્યા, આવ્યા તે શુધ્ધ સાલીરે.
॥ આજ૦ ॥ ૨ ॥

કાલ તો મારે કાળી ચૌદસ, તે દિન રૂડાં સારા;
પાપ આલોઈને પોષા રે કીધા, કરમને મેલ્યાં ટાળી રે.
॥ આજ૦ ॥ ૩ ॥

અમાસને દિન પર્વ દિવાળી, ફરતી ઝાક ઝમાળી;
જ્ઞાન તણા દીવડીયા ઝળકે, રાત દિસે રઢીયાળી રે.
॥ આજ૦ ॥ ૪ ॥

અમાસની પાછલી રાતે, આઠ કરમ ક્ષય કીધાં;
શ્રી મહાવીર નિર્વાણે પહોત્યા, ગૌતમ કેવલજ્ઞાની રે.
॥ આજ૦ ॥ ૫ ॥

પડવેને દિન ઝાર પટોળા, એ દિન રૂડા સારા;
ગુરૂ ગૌતમના ચરણ પખાળો, રઢ પામો રઢીયાળી રે.
॥ આજ૦ ॥ ૬ ॥

બીજને દિન ભાવલ બીજડી, બેનીને અતિ વ્હાલી;
બેનીએ તો બંધવ નહોતરીયા, જમવા સેવ સુંવાળી રે.
॥ આજ૦ ॥ ૭ ॥

એવી રે દિવાળી કોણે રે કીધી, કોણ સંસારથી તરીયા;
મહાવીર સ્વામીના શિષ્ય ગૌતમસ્વામી, સુધર્માસ્વામી
અણગારીરે. ॥ આજ૦ ॥ ૮ ॥
એ પાંચે દિન હોય પનોતા, એવા એવા રંગમાં ગાઈએ રે;
હરખ મુનિએ કહી દિવાળી, આણી ભાવ અપારી રે.
॥ આજ૦ ॥ ૯ ॥

## ૪૯—॥ શ્રી ચંદનબાળાની સજ્ઝાય ॥

કોસંબી પતિ શતાનિક નૃપ, મૃગાવતી તસ રાણી;
મંત્રી ગુપ્તિ પ્રિયા તસ નંદા, મૃગાવતી સહીયાણી,
પ્રેમે પૂજ્ય પધારો વીર, બોલે ચંદનબાળા. ॥ ૧ ॥
શેઠ ધનાવહ મૂલાનો પતિ, નિવસે તે પુર માંહે;
એક દિન વીર અભિગ્રહ ધારે, પોસ બહુલ પડીવાયે.
॥ પ્રેમે૦ ॥ ૨ ॥
મુંડિત મસ્તક કર પગ નિગડિત, રોતી અઠ્ઠમ અંતે;
રાજ સુતા દાસી થઈ આપે, અડદ સુપડાને અંતે.
॥ પ્રેમે૦ ॥ ૩ ॥
એમ ગોચરીએ નિત્ય ફરે પણ, અભિગ્રહ પૂર્ણ ન થાયે;
મૃગાવતી શતાનિક નંદા, મનમાંહિ દુઃખ પાવે.
॥ પ્રેમે૦ ॥ ૪ ॥
દધિવાહન નૃપ નગરી ચંપા, શતાનિકે ભાંગી;
પદ્માવતી પુત્રી વસુમતી જે, રાજસુતા બંદી લાગી.
॥ પ્રેમે૦ ॥ ૫ ॥

શેઠ ધનાવહે તેહ ઘર આણી, નારી મૂલાથી તે દુઃખી;
અડદ ઉત્સંગે લઇને બેઠી, ત્રણ દિવસની ભૂખી.
॥ પ્રેમે૦ ॥ ૬ ॥

દેખી વીર હરખ જલ નયણે, અડદ બાકુળા આપે;
પંચ દિવ્ય સુર પ્રગટી નામે, ચંદન બાળા થાપે.
॥ પ્રેમે૦ ॥ ૭ ॥

વીર હાથે લઇ સંયમ અનુક્રમે, શિવ લહે ચંદન બાળા;
વિમલ ગુણ લહી ખમાવતા, નામે મંગલ માળા.
॥ પ્રેમે૦ ॥ ૮ ॥

## ૫૦—॥ શ્રી સુલસા સતીની સજઝાય ॥

ધન ધન સુલસા સાચી શ્રાવિકાજી, જેહને નિશ્ચલ
ધર્મનું ધ્યાનરે;
સમકિત ધારી નારી જે સતીજી, જેહને વીર દીયો બહુ માનરે.
॥ ધન૦ ॥ ૧ ॥

એક દિન અંબડ તાપસ પ્રતિબોધવાજી, જંપે એહવું
વીર જિણેશ રે;
નયરી રાજગૃહી સુલસા ભણીજી, કહેજો અમારો ધર્મ સંદેશરે.
॥ ધન૦ ॥ ૨ ॥

સાંભળી અંબડ મનમાં ચિંતવેજી, ધર્મલાભ ઇશોજી વયણરે;
એહવું કહાવે જીનવર જે ભણીજી, રૂડું દ્રઢ સમકિત
રયણરે. ॥ ધન૦ ॥ ૩ ॥

અંબડ તાપસ પરીક્ષા કારણેજી, આવ્યો રાજગૃહીને બારરે;
પહેલું બ્રહ્મ રૂપ વિકુર્વ્યુંજી, વૈક્રિય શક્તિ તણે અનુસારરે.
॥ ધન૦ ॥ ૪ ॥

પહેલી પોળે પ્રગટયો પેખીનેજી, ચૌમુખ બ્રહ્મ વંદન કોડરે;
સઘળી રાજ પ્રજા સુલસા વિના જી, તેને આવી નમે કર જોડ રે.
॥ ધન૦ ॥ ૫ ॥

બીજે દિન દક્ષિણ પોળે જઇજી, ધારીયો કૃષ્ણ તણો
અવતાર રે;
આવ્યા પુર જન તિહાં સઘળા મળીજી, નાવી સુલસા
સમકિત ધારી રે. ॥ ધન૦ ॥ ૬ ॥

ત્રીજે દિવસે પશ્ચિમ બારણેજી, ધરીયું ઇશ્વર રૂપ મહંતરે;
તિમહી ચોથે થઇ પચવીશમોજી, આવી સમવસર્યો અરિહંતરે.
॥ ધન૦ ॥ ૭ ॥

તો પણ સુલસા નવી વાંદવાજી, તેહનું જાણી સમકિત સાચરે;
અંબડ સુલસાને પ્રણમી કરીજી, કર જોડી કહે એહવી વાચરે.
॥ ધન૦ ॥ ૮ ॥

ધન્ય તું સમકિત ધારી શિરોમણીજી, ધન્ય તું સમકિત
વિશવાવીશરે;
એમ પ્રશંસા કહે સુલસા ભણીજી, જીનજીયે કહી છે
ધર્મ આશીષ રે ૦ ॥ ધન૦ ॥ ૯ ॥

નિશ્ચળ સમકિત દેખી સતી તણુંજી, તે પણ હુઓ
દૃઢ મન માંયરે;

ઇણિ પરે શાંતિ વિમળ કવિરાયનોજી, બુધ કલ્યાણ વિમળ
ગુણ ગાયરે. ॥ ધન૦ ॥ ૧૦ ॥ ॥

## ૫૧–॥ શ્રી ભરત ચક્રવર્તિની સજ્ઝાય ॥

મનમેં હી વૈરાગી ભરતજી, મનમેં હી વૈરાગી;
સહસ બત્રીશ મુકુટબંધ રાજા, સેવા કરે વડ ભાગી;
ચોસઠ સહસ અંતે ઉરી જાકે, તો હી ન હુઆ અનુરાગી.
ભરતજી મનમેં હી વૈરાગી. ॥ ૧ ॥

લાખ ચોરાશી તુરંગમ જાકે, છન્નું ક્રોડ હે પાગી;
લાખ ચોરાશી ગજ રથ સોહીએ, સુરતા ધર્મશું લાગી.
॥ ભ૦ ॥ ૨ ॥

ચાર ક્રોડ મણ અન્ન નિત સીઝે, લુણ દશ લાખ મણ લાગી;
તિન ક્રોડ ગોકુલ ઘર દુઝે, એક ક્રોડ હળ સાગી.
॥ ભ૦ ॥ ૩ ॥

સહસ બત્રીસ દેશ વડભાગી, ભયે સર્વ કે ત્યાગી;
છન્નું ક્રોડ ગામ કે અધિપતિ, તોહી ન હુઆ સરાગી.
॥ ભ૦ ॥ ૪ ॥

નવ નિધિ રત્ન ચોગડા બાજે, મન ચિંતા સબ ભાગી;
કનક કીર્તિ મુનિવર વદત હે, દેજયો મુકિત મેં માગી.
॥ ભ૦ ॥ ૫ ॥

## ૫૨–॥ શ્રી કાર્તિક શેઠની સજ્ઝાય ॥

પુર હત્થિણાઉર વાસીયો, કાર્તિક શેઠ પ્રસિદ્ધ રે;
મુનિસુવ્રત જિન દેશના, સાંભલીને પ્રતિબુદ્ધ રે. ॥ ૧ ॥

ધન્ય લઘુકર્મી જીવડા, જે કરે ધર્મની વૃદ્ધિ રે;
ઈન્દ્રાદિક પદવી લહી, અન્તે પામે સિદ્ધિ રે. ॥ ધન્ય૦ ॥ ૨ ॥

તસ વૈરાગે વૈરાગિયા, અત્તર હજાર રે;
પંચ મહાવ્રત આદરી, સાથે લીનો સંયમ ભાર રે.
॥ ધન્ય૦ ॥ ૩ ॥

ચૌદ પૂરવ અભ્યાસી કરી, માસ સંલેખના કીધ રે;
પ્રથમ સર્ગે સુરપતિ હુઓ, ઇક ભવે હોવે સિદ્ધ રે.
॥ ધન્ય૦ ॥ ૪ ॥

શક્ર ભવે જબ વાંદવા, આવ્યો વીરને તામ રે;
એહ વૃત્તાંત ગૌતમ ભણી, કહ્યો વિશાખા ગ્રામ રે.
॥ ધન્ય૦ ॥ ૫ ॥

ભગવતી શતક અઢારમેં, જોઈ એહ સજઝાય રે;
પર ઉપકાર ભણી કહે, માન વિજય ઉવજ્ઝાય રે.
॥ ધન્ય૦ ॥ ૬ ॥

## ૫૩– ॥ શ્રી મેઘકુમારની સજઝાય ॥

સમરી શારદ સ્વામીની, વંદી વીર જીણંદ લાલ રે;
ઉલટ આણી અતિ ઘણો, મોટો મેઘ મુણીંદ લાલ રે.
॥ ૧ ॥

ઢીલ ન કીજે ધર્મની, નરભવ નિગમો આલી લાલ રે;
યૌવન વયમાં જાગીયો, સાચી બાંધી પાળ લાલ રે.
॥ ૨ ॥

રાજગ્રહી રાજે પુરી, સબળ શ્રેણિક તિહાં રાય લાલ રે;
ધર્મની રાણી ધારિણી, શીલ સુચંગી સદાય લાલ રે.
॥ ૩ ॥

જંગ વંધ તેહનો જાઇયો, નામે મેઘકુમાર લાલ રે;
યૌવન વયમાં પરણી જેણે, કન્યા આઠ ઉદાર લાલ રે.
॥ ૪ ॥

કન્યા આઠ ઉદાર ઝીલતો, આણંદમાં નિત્ય મેવ લાલરે;
સુખ વિલસે સંસારના, દોગુંદક જેમ દેવ લાલરે.
॥ ૫ ॥

એહવે આપણે પાઉલે, કરતાં મહિ પાવન્ન લાલ રે;
વીર જીણંદ સમોસર્યા, રાજગૃહી થઈ ધન્ય લાલ રે.
॥ ૬ ॥

મેઘકુમારે તાતશું, જઇ વાંદ્યો જીનચંદ લાલ રે;
દેઈ દેશના જીન વીરજી, બુઝયો ધારિણી નંદ લાલ રે.
॥ ૭ ॥

## ૫૪--॥ શ્રી ત્રિશલા માતાની સજ્ઝાય ॥

શિખ સુણો સખી માહરી, બોલોને વચન રસાળ;
તુમ કુખડીએરે ઉપજ્યા, સૌભાગી સુકુમાળ,
ત્રિશલા ગરભને સાચવે. ॥ ૧ ॥

તીખું કડવું કસાયલું, ખાટા ખારાની જાત;
મધુરા રસ નવિ સેવિએ, વપુ મલય પરિહાર.
॥ ત્રિશલા ॥ ૨ ॥

અતિ ઉનું અતિ શિતલડું, નયણે કાજળ રેખ;
અતિ ભોજન નવિ કીજીયે, તેલ ન ચોપડીયે રેખ.
॥ ત્રિશલા૦ ॥ ૩ ॥

સ્નાન વિલેપન તાહરૂં, મન જાણી દુઃખમાંય;
હળવે મધુરે બોલીયે, આસી સુખની વાડ.
॥ ત્રિશલા૦ ॥ ૪ ॥

ગાડા વેહેલ વિડોળતા, ધબ ધબ બંધન ચાલ મ ચાલ;
અતિ શિયળ જગ સેવના, વિણસે પુત્રના કાજ.
॥ ત્રિશલા૦ ॥ ૫ ॥

જેમ જેમ દોહલા ઉપજે, તેમ તેમ દેજો બહુમાન;
ભોગ સંયોગને વારજો, હોશે પુત્ર નિદાન.
॥ ત્રિશલા૦ ॥ ૬ ॥

એણી પરે તે ગર્ભને પાળતાં, પુત્ર થયો શુભ ધ્યાન;
સંઘમાં જે જે રે સહુ કરે, હીર વિજય ગુણ ગાય.
॥ ત્રિશલા૦ ॥ ૭ ॥

## ૫૫ – ॥ શ્રી વૈરાગ્યની સજઝાય ॥

જોબનીયાની મોજો ફોજો, જાય નગારાં દેતી રે;
ઘડી ઘડી ઘડિયાળાં વાગે, તો હી ન જાગે તેથી રે.
॥ જો૦ ॥ ૧ ॥

જરા રાક્ષસી જોર કરે છે, ફેલાવે ફજેતી રે;
આવી અવધે ઉંચકી લેશે, લખપતિને લેતી રે. ॥ જો૦ ॥ ૨ ॥

મ્હોલે બેઠો મોજ કરે છે, ખાંતે જુવે ખેતી રે;
જમડો ભમરો તાણી લેશે, ગોફણ ગોળા સેતી રે.
॥ જો૦ ॥ ૩ ॥

જિન રાજાને શરણે જાવું, યમ રહે દૂરે જેથી રે;
દુનિયામાં ફજો દીસે નહિં, આખર તરશો તેથી રે.
॥ જો૦ ॥ ૪ ॥

દાંત પડયો ને ડોસો થયો, કાજ સર્યું નહિ જેથી રે;
ઉદય રત્ન કહે આપે સમજો, કહીએ વાતો કેતી રે.
॥ જો૦ ॥ ૫ ॥

## ૫૬– ॥ શ્રી નવકારવાળીની સજ્ઝાય ॥

કહેજો ચતુર નર એ કોણ નારી, ધર્મી જનને પ્યારી રે;
જેણે જાયા બેટા સુખકારી, પણ છે બાળકુંવારી રે. ॥ ૧ ॥

કોઈ ઘેર રાતી ને કોઈ ઘેર લીલી, કોઈ ઘેર દીસે પીળી રે;
પંચ રૂપી તે બાલ કુમારી, મનરંજન મતવાલી રે.
॥ કહેજો૦ ॥ ૨ ॥

હૈડા આગળ ઉભી રાખી, નયણાં શું મંડાણી રે;
નારી નહિ પણ કામણગારી, જોગીસરને પ્યારી રે.
॥ કહેજો૦ ॥ ૩ ॥

એક પુરૂષ તસ ઉપર ઠાહે, ચાર સખીશું ખેલે રે;
એક બેર છે તેહને માથે, તે તસ કેડ ન મેલે રે.
॥ કહેજો૦ ॥ ૪ ॥

નવ નવ નામે સહુ કોઈ માને, કહેજો અર્થ વિચારી રે;
વિનય વિજય ઉવજઝાયનો સેવક, રૂપવિજય બુદ્ધિ સારી રે.
॥ કહેજો૦ ॥ ૫ ॥

## ૫૬– ॥ શ્રી લોભની સજ્ઝાય ॥

॥ ઈડર આંબા આંબલીરે – એ દેશી ॥

લોભ ન કરીએ પ્રાણીયા રે, લોભ બુરો સંસાર;
લોભ સમો જગમાં નહીં રે, દુર્ગતિનો દાતાર,
ભવિક જન લોભ બુરો રે સંસાર. ॥ ૧ ॥

કરજો તુમે નિરધાર, । ભવિક૦ । જિમ પામો ભવપાર,
ભવિક જન લોભ બુરો રે સંસાર.
અતિ લોભે લક્ષ્મીપતિ રે, સાગર નામે શેઠ;
પુર પયોનિધિમાં પડયો રે, જઇ બેઠો તસ હેઠ.
॥ ભ૦ લો૦ ॥ ૨ ॥

સોવન મૃગના લોભથી રે, દશરથ સુત શ્રીરામ;
સીતા નારી ગુમાવીને રે, ભમીયો ઠામો ઠામ.
॥ ભ૦ લો૦ ॥ ૩ ॥

દશમા ગુણઠાણા લગે રે, લોભ તણું છે જોર;
શિવપુર જાતાં જીવને રે, એહજ મોટો ચોર.
॥ ભ૦ લો૦ ॥ ૪ ॥

ક્રોધ માન માયા લોભથી રે, દુર્ગતિ પામે જીવ;
પરવશ પડીયો બાપડો રે, અહોનિશ પાડે રીવ.
॥ ભ૦ લો૦ ॥ ૫ ॥

પરિગ્રહના પરીહારથી રે, લહીયે શિવ સુખ સાર;
દેવ દાનવ નરપતિ થઇ રે, જાશે મુગતિ મઝાર.
॥ ભ૦ લો૦ ॥ ૬ ॥

ભવ સાગર પંડિત ભણે રે, વીર સાગર બુધ શિષ્ય;
લોભ તણે ત્યાગે કરી રે, પહોંચે સયળ જગીશ.
॥ ભ૦ લો૦ ॥ ૭ ॥

## ૫૮– ॥ શ્રી વજ્ર સ્વામીની સજ્ઝાય ॥

### ॥ ઢાલ – ૧ – લી ॥

॥ દેશ મનોહર માળવો – એ દેશી. ॥

અર્ધ ભરતમાંહિ શોભતો, દેશ અવંતી ઉદારો રે;
વસવા સ્થાનક લચ્છિનો, સુખીયો લોક અપારો રે.
॥ અર્ધ૦ ॥ ૧ ॥

ઇભ્ય પુત્ર ધરમાતમા, ધનગિરિ નામ સુહાવે રે;
કાયા મન વચને કરી, ધરમી ઓપમ પાવે રે.
॥ અર્ધ૦ ॥ ૨ ॥

અનુક્રમે યૌવન પામીયે, યોગી જિમ ઉપશમ ભરીઓ રે.
માત પિતાએ સુત કારણે વિવાહનો મત ધરીઓ રે.
॥ અર્ધ૦ ॥ ૩ ॥

તૃપ્તો ભોજનની પરે, માત પિતાને વારે રે;
દીક્ષા લેઈશ હું સહી, બીજું કામ ન મ્હારે રે.
॥ અર્ધ૦ ॥ ॥ ૪ ॥

કન્યાના માત પિતા ભણી, વારે ધનગિરિ ધર્મી રે;
કોઈ ન દેશો મુજને સુતા, હું છું નહીં ભોગ કર્મી રે.
॥ અર્ધ૦ ॥ ૫ ॥

તત્ત્વા તત્ત્વ વિમર્ષથી, તેહના તે માવિત્રો રે;
સુતને નિષેધે હઠ કરી, જિન હર્ષ જેહ પવિત્રો રે.
॥ અર્ધ૦ ॥ ૬ ॥

॥ ઢાળ - ૨ - જી ॥

॥ તિહાં મોટાને છોટાં થલ ઘણાં - એ દેશી. ॥

શેઠ ધનપાલની નંદિની, નામે સુનંદા સુરૂપ રે;
ધનગિરિ વિણા પારણું નહીં, બીજો વર કોઈ અનુપ રે.
॥ શેઠ૦ ॥ ૧ ॥

માત પિતાએ અણ વાંછતો, પરાણે પરણાવીઓ તાસ રે;
ભોગ કર્મે સુખ ભોગવે, તીવ્ર વાધે નહીં આસ રે.
॥ શેઠ૦ ॥ ૨ ॥

શુભ ભાવ થકી કોઈ દેવતા, પુણ્યથી ચવી તેણી વાર રે;
હંસ માન સરોવર જિમ લિયો, તાસ કુંખે અવતાર રે.
॥ શેઠ૦ ॥ ૩ ॥

ગર્ભવંતી થઈ જાણીને, ધનગિરિ આપણી નાર રે;
જો હવે આપે પ્રિયા આજ્ઞા, તો આદરૂં સંયમ ભાર રે.
॥ શેઠ૦ ॥ ૪ ॥

કર્મ જોગ હતો માહરે, એટલા દિનનો અંતરાય રે;

હવે વ્રત લેઇ સફલો કરૂં, નર ભવ ફોગટ જાય રે.
॥ શેઠ૦ ॥ ૫ ॥

વચન સુણી ભરતારના, કહે તેણી વાર તે નાર રે;
એ જિન હર્ષ તુમ્હેં શું કહ્યું, માહરા પ્રાણ જીવન આધાર રે.
॥ શેઠ૦ ॥ ૬ ॥

॥ ઢાળ – ૩ – જી ॥

॥ નગરી ઉજ્જેણીરે નાગદત્ત શેઠ વસે – એ રાગ ॥

નારી સુનંદારે રોતી ઈમ કહે, સુણો પ્રીતમ મુજ વાત;
નર વિણ નારી રે પીઉ શોભે નહીં, ચંદ્ર વિણા જિમ રાત.
॥ નારી૦ ॥ ૧ ॥

હજીય સમય કોઇ આવ્યો નહીં, સુત પુત્રી ને સંતાન;
ભારીયે ભર્મેરે જાઓ મૂકીને, કિણ લ્હેસ્યો રે સન્માન.
॥ નારી૦ ॥ ૨ ॥

પુત્ર નિહાલો રે પ્રિતમ આપણો, પૂરો તેહના રે કોડ;
મહોટો થાયે રે તુજને સુખ થશે, થાયે તુમારી રે જોડ.
॥ નારી૦ ॥ ૩ ॥

ધર્મ કરંતા રે વારીજે નહીં, પણ જુવો ઘર સુત;
હું નારી રે અબળા શું કરૂં, હજીય ઉદર મારે સુત.
॥ નારી૦ ॥ ૪ ॥

દુઃખણી મૂકી રે મુજને એકલી, કિમ જાશો મોરા કંત;
ભલા ન દીસો રે નારી છોડતાં, સાંભળો તુમે ગુણવંત.
॥ નારી૦ ॥ ૫ ॥

રાખીશ તુજને રે પાલવ ઝાલીને, સુખ ભોગવી મુજ સાથ;
સંયમ લેજો રે અનુમતિ માહરી, કરી જિન હર્ષ સનાથ.
॥ નારી૦ ॥ ૬ ॥

## ॥ ઢાળ – ૪ થી – ॥

॥ જિમ જિમ એ ગિરિ સેવીએ રે – એ રાગ ॥

જિમ તિમ કરી સમજાવી નારીને, સિંહગિરિ ગુરૂને
પાસ રે; વૈરાગી૦
આર્ય સુમતિ ભાઈ નિજ નારીનો, સહધ્યાયી હુઓ તાસ રે.
વૈ૦ ॥ જિ૦ ॥ ૧ ॥

સૂત્ર અર્થ સઘળો સંગ્રહ્યો, કેડી એ સુનંદા નાર રે; ॥ વૈ ॥
વૈરાગી સુખે સમાધે ગર્ભને પાલતી, દિન થયા પૂર્ણ તે વાર રે.
॥ વૈ૦ જિ૦ ॥ ૨ ॥

સુદિને સુનંદાએ નંદન જનમીઓ, જિમ પૂરવ દિશી ભાણુ રે;
॥ વૈ૦ ॥
ઉત્તમ લક્ષણ ગુણે કરી પૂરીઓ, પ્રગટી સુખની ખાણુ રે.
॥ વૈ૦ જિ૦ ॥ ૩ ॥

મંગલ ગીત જન્મનાં ગોરડી, ગાવે જિણે સાદ રે; ॥ વૈ૦ ॥
દેવ ભુવન જાણે દેવાંગના, સુનંદા તણે પ્રસાદ રે. ॥ વૈ૦
॥ વૈ૦ જિ૦ ॥ ૪ ॥

ફરસી ફરસી અંગ કુમર તણો, ઈણી પરે બોલે નારી રે; ॥ વૈ૦ ॥
પહિલા તાહરો તાત ઘરે નહીં, સંયમ કેરે મારગ રે.
॥ વૈ૦ જિ૦ ॥ ૫ ॥

તો તાહરો જન્મ ઓચ્છવ બહુપરે, હોત સહી શું બાલ રે;
॥ ગૌ૦ ॥

નારી સાધના નર વિણુ સ્યું કરે, કરે જિન હર્ષ પ્રતિપાલ રે.
॥ ગૌ૦ જિ૦ ॥ ૬ ॥

## ॥ ઢાળ—પ મી ॥

॥ સાંભળજો સસનેહી સયણાં—એ રાગ ॥

સાંભળી વનિતાના બાલ ઉહાપોહથી; જાતિસ્મરણ ઉપન્યુ એ;
હવે બાળક મનમાંહે એહવું ચિંતવે, ચારિત્ર લેઇ થાઉ એક
મને એ. ॥ સાં૦ ૧ ॥

મુજ ગુણ દેખી માતા મુનિને દે નહિં, દ્વેષ ઉપજાવું માયને એ;
રૂદન કરે નિશદિન રાખ્યો રહે નહિ, રાખે હાલરડાં ગાઇને એ.
॥ સાં૦ ॥ ૨ ॥

પારણે પોઢાવી માતા હિંડોલે ઘણું, મીઠા બોલ સુણાવતી એ;
સુઈન શકે કિણીવાર કામ ન કરી શકે, સુખ પામે નહિ એક રતિ
એ. ॥ સાં૦ ॥ ૩ ॥

વહીગયા ઇમ ષટ માસ તેહને રોવંતાં, તાસ સુનંદા ચિંતવે એ;
પુત્ર જણ્યો સુખ કાજે જાણ્યું પાલશે,એ બાળશે મુજને હવે એ.
॥ સાં૦ ॥ ૪ ॥

હમણાં થાએ દુઃખ શું કરસ્યે આગે એ, ખરે સંતાપે મુજ
॥ ભણી એ;
એ સુતથી મેં જાણ્યું મ્હારે મનમાંહે, મુજથી સુખિણી
વાંઝણી એ. ॥ સાં૦ ॥ ૫ ॥

ઈણ અવસર મુનિરાય ધનગિરિ આદિક, શ્રી સિંહગિરિ તિહાં
આવીયા એ;
સમવસર્યા ઉદ્યાને બહુ પરિવારશું, કહે જિન હર્ષ સુહાવીયા
એ. ॥ સાં૦ ॥ ૬ ॥

## ॥ ઢાળ—૬ ઠ્ઠી ॥

॥ સકલ કુશલ કમલાનું મંદિર—એ રાગ ॥

ધનગિરિ આર્ય સમિત સંઘાતે, નમિ શ્રી ગુરૂના પાય;
સંસારિક વંદાવા કાજે, ગુરૂ પૂછે મુનિરાય રે.
મુનિવર, સુણજો વચન વિચાર. ॥ ૧ ॥

શુકન કાંઈક તત્કાલ વિચારી, વાણી કહે ગણ ધાર રે; મુનિ૦ ।
લાભ હોશે તુમને આજ મોટો, તિહાં જાતાં ઋષિરાય;
અચિત્ત સચિત્ત જે મિલે તુમને, તે લેજ્યો ચિત્ત લાય રે.
॥ મુનિ૦ ॥ ૨ ॥

પહોંચ્યા ઘેર સુનંદા કેરે, દોય મુનિવર તેહ;
દેખી તાસ સાહેલી ભાખે, ધનગિરિ આયા એહ રે.
બહેની૦ ॥ ૩ ॥

સાંભળને તુ વાત, બાપ ભણી, બહુ આદર કરીને,
આપ પુત્ર દુઃખદાયિ, રાત દિવસ તુઝને સંતાપે,
શાતા નહિં તુઝ કાંઈ રે. બહેની૦ ॥ ૪ ॥

નારી સુનંદા પણ દેખીને, સુત વેદનાએ પીડાણી;
પુત્ર લેઇને ધનગિરિ આગે, બોલે મીઠી વાણી રે.
॥ મુનિ૦ ॥ ૫ ॥

આટલા દિવસ લગે એ બાળક, દુઃખે કરી મેં પાલ્યો;
મુજ જિન હર્ષ ઈણે સુત વઈરી એ, દુઃખ ઘણો દેખાડયો રે
॥ મુનિ૦ ॥ ૬ ॥

## ॥ ઢાળ–૭ મી ॥

॥ રાજગ્રહી નગરીનો વાસી—એ દેશી ॥

કહે સુનંદા નારી, તુમે તો નિસ્પૃહ અણગારી હો;
ઋષિજી પુત્ર ગ્રહો;
પિતા ન પીડાએ સુતથી, ઉતારે ન હેત ચિત્તથી હો.
॥ ઋષિ૦ ॥

મુખ મલકે ધનગિરિ ભાખે, ગુરૂ વચન હિયામાં રાખી હો.
॥ ઋષિ. ॥ ૧ ॥

સુણ સુંદરી વચન તું મારૂં, તુમે કરજો અવશ્ય વિચારી હો;
સુંદરી વચન સુણો૦ ।

હાંસી કરતા દ્યે મુજને, પસ્તાવો થાશે તુજને હો;
॥ સુંદરી૦ ॥ ૨ ॥

પોતાને હાથે દીધો, પાછો નવિ જાસ્યે લીધો હો; સુંદરી.
કરીએ નિજ કામ વિચારી, પુછો વલી કોઈ નરનારી હો.
॥ સુંદરી૦ ॥ ૩ ॥

આપે તો કરી કોઇ સાખી, હું તો લેઉં તેહને પાખે હો;
॥ સુંદરી૦ ।

મુગ્ધાએ પણ તિમહીજ કીધો, લેઈ પુત્ર પિતાને દીધો હો.
॥ સુંદરી૦ ॥ ૪ ॥

ઝોળી માંહે લેઈ ધરિએ઼ા, બાલક દેખી મન હરીએ઼ા હો;
સુંદરી૦ ॥

તત્કાલ રહ્યો રોવંતો, જિન હર્ષ કહે ગુણવંતો હો.
॥ સુંદરી૦ ॥ ૫ ॥

## ॥ ઢાળ–૮ મી ॥

॥ એક દિન બેઠા માળીએ રે લાલ–એ દેશી ॥

ગુરૂ આદેશ પાળી કરીરે લાલ, સુનંદા ઘરથી તામરે; સનેહી.
નિસિહી કહી પાછા વળ્યા રે લાલ, આવ્યા ગુરૂને ઠામ રે.
"સનેહી" ગુરૂ આદેશ પાળી કરી રે લાલ. ॥ ૧ ॥

ગુરૂ ધનગિરિને દેખીને રે લાલ, બાંહ નમંતિ ભાર રે; સ૦ ।
ઝોળી દે મુજને કહે રે લાલ, લ્યે વિસામો વિચાર રે.
॥ સ૦ ગુ૦ ॥ ૨ ॥

તિણે દીધો ગુરૂને તદા રે લાલ, પુત્ર રતન તેજવંત રે; સ૦ ।
ભાર ઘણો તે બાલમાં રે લાલ, ગુરૂનો હાથ નમંત રે.
॥ સ૦ ગુ૦ ॥ ૩ ॥

નિજથી અધિકો જાણીએ઼ા રે લાલ, તેહનાં લક્ષણ નિહાલ રે; સ૦
સુરતી અમૃત સારીખી રે લાલા, ગુરૂ હરખ્યા તત્કાલ રે.
॥ સ૦ ગુ૦ ॥ ૪ ॥

બાળ થકી બળ એહવો રે લાલ, એહની કાંતિ સુરૂપ રે; સ૦ ।
યુગ પ્રધાન થાશે સહી રે લાલા, જિન શાસનનો ભૂપ રે.
।। સ૦ ગુ૦ ।। ૫ ।।

વજ્ર નામ દીધો ગુરૂએ રે લાલ, ભારે વજ્ર સમાન રે; સ૦ ।
જતને રાખ્યો એહને રે લાલ, જિમ જિન હર્ષ નિધાન રે.
।। સ૦ ગુ૦ ।। ૬ ।।

## ।। ઢાળ--૯ મી ।।

### ।। સમરી શારદ સ્વામીની એ દેશી ।।

શય્યાતરી નારી ભણી, દીધો પાલણ કાજ લાલ રે;
હોડા હોડે કામિની, પાલે શિષ્ય શિરતાજ લાલ રે.
।। સ૦ ।। ૧ ।।

ધવરાવે માની પરે, ખેલાવે ધરી પ્રેમ લાલ રે;
મજ્જન સ્નાન વિલેપને, જોખા જોખે એમ લાલ રે.
।। સ૦ ।। ૨ ।।

સ્વર્ણ રત્નની કંઠીકા, વજ્ર કંઠે સોહંત લાલ રે;
ક્રીડા અનુદિન તે કરે, સહુના મન મોહંત લાલ રે.
।। સ૦ ।। ૩ ।।

દેખી દેખીને લોચણ ઠરે, સુનંદા નારી બાળ લાલ રે;
માગે તે શ્રાવિકા કને, મુજ અંગજ ઘો સાર લાલ રે.
।। સ૦ ।। ૪ ।।

તે કહે અમ્હે જાણું નહિ, તુજને કિમ દેવરાય લાલ રે;

દીધો છે એ પાલવા, અમ્હને શ્રી ગુરૂરાય લાલ રે.
॥ સ૦ ॥ ૫ ॥
નકારો સુણી તે થઈ, નારી સુનંદા નિરાશ લાલ રે;
શાખા ભ્રષ્ટ મર્કટ પરે, થઈ જિન હર્ષ ઉદાસ લાલ રે.
॥ સ૦ ॥ ૬ ॥

## ॥ ઢાળ-૧૦ મી ॥

॥ સાસુ શીખ દે છે વહુવારૂ—એ રાગ ॥

તિહાં થકી ગુરૂ પાંગર્યા જી, વિચરે દેશ મોઝાર;
વજ્ર થયો એક વરસનો જી, ફરી આવ્યા તેણીવાર
"સુનંદા" માગે પુત્ર રતન્ન. ॥ ૧ ॥
ધનગિરિ મુનિવરને કહે જી, સુત વિણુ ન રૂચે અન્ન;
॥ સુનંદા૦ ।
બોલી ફોગટ બોલમાં જી, રોતાં ન આવે રાજ;
સાક્ષી દેઇને માગતાં જી, તુજને નાવે લાજ.
॥ સુનંદા૦ ॥ ૨ ॥
ઝગડો માંહો માંહે કરે જી, સાધુ સુનંદા નાર;
બાળ વજ્ર, લેઈ કરી જી, આવ્યા નૃપ દરબાર.
॥ સુનંદા૦ ॥ ૩ ॥
વામ પાસે રાજા તણે જી, રહી સુનંદા તામ;
શ્રી સંઘ બેઠો દક્ષિણે જી, વજ્ર લેવાને કામ.
॥ સુનંદા૦ ॥ ૪ ॥
બોલાવો બાળક ભણી જી, જાશે જેહની પાસે;
રાય કહે સુત તેહનો જી, એહીજ ન્યાય વિમાસે.
॥ સુનંદા૦ ॥ ૫ ॥

રાય સુનંદાને કહે જી, બાઈ તું એહને બોલાય;
નૃપ વચને બોલાવીયો જી, કહે જિન હર્ષ માય.
॥ સુનંદા૦ ॥ ૯ ॥

## ॥ ઢાળ– ૧૧ મી ॥

॥ દીઠી હો પ્રભુ દીઠી જગ ગુરૂ તુજ—એ દેશી ॥

તેડે રે વાલ્હા તેડે સુનંદા તામ, આવો રે વાલ્હા આવો
લેઉં તુજ ભામણા જી;
માહરો રે વાલ્હા માહરો જીવન પ્રાણ, સાંભળ રે વાલ્હા
સાંભળ બોલ સોહામણા જી. ॥ ૧ ॥

મોદ કરવા રે વાલ્હા મોદ કરવા તુઝ,
ખારેક રે વાલ્હા ખારેક ખુરમાંહે સમી જી;
પિસ્તાં રે વાલ્હા પિસ્તાં દ્રાખ ખજુર,
ભાવે રે વાલ્હા ભાવે ન હોવે કાંઈ કમી જી. ॥ ૨ ॥

આવો રે વાલ્હા આવો માહરે ગોદ,
દડા રે વાલ્હા દડા લ્યો રૂડાં રમકડાં જી;
ઘોડા રે વાલ્હા ઘોડા હાથી એહ,
રમવાને વાલ્હા રમવાને ગેડી દડા જી. ॥ ૩ ॥

તુજ વિણ રે વાલ્હા તુજ વિણ જે જાયે દિન,
લેખે રે વાલ્હા લેખે તે ગણજો મતિ જી;
તાહરો રે વાલ્હા તાહરો મુજ મન ધ્યાન,
સુતાં રે વાલ્હા સુતાં ને વલી જાગતાં જી. ॥ ૪ ॥

રાખ્યો રે વાલ્હા રાખ્યો મેં છ માસ,
તુજને રે વાલ્હા તુજને બહુ જતને કરી જી;
તું તો રે વાલ્હા તું તો થયો નિઃસ્નેહ,
તુજને રે વાલ્હા તું જિન હર્ષ બેઠો ફરી જી. ॥ ૫ ॥

## ॥ ઢાળ -- ૧૨ -- મી ॥

॥ હવે કુંવર ઇશ્યું મન ચિંતવે— એ રાગ ॥

હવે રાજા ધનગિરિ ભણી, કહે હવે તુમ્હે બોલાવો રે;
ઓઘાનો જો ખપ હોવે તો, અમ્હારી પાસે આવો રે.
॥ હવે૦ ॥ ૧ ॥

ચતુર ચિંતામણી જિમ ગ્રહે, રજોહરણ તિમ લીધો રે;
શીશે ચઢાવી નાચીઓ, હવે વાંછિત મુજ મન સિધ્યો રે.
॥ હવે૦ ॥ ૨ ॥

થઇ સુનંદા દુમણી કહે, જુઓ પુત્રનો કેવો સનેહો રે;
મુજ સામું એણે જોયું નહીં, મુનિશું બાંધ્યો નેહો રે.
॥ હવે૦ ॥ ૩ ॥

હવે ઘરે આવી પોતા તણે, મનમાંહિ કરે વિચારો રે;
ભાઈએ વ્રત પહેલો લીધો, પછી લીધો છે ભરતારો રે.
॥ હવે૦ ॥ ૪ ॥

સુત પણ વ્રત લેશે સહી, હવે મુજને કોણ આધારો રે;
ઇમ ચિંતવી શ્રી ગુરૂ કન્હે, લીધો છે સંયમ સારો રે.
॥ હવે૦ ॥ ૫ ॥

સાધવી મુખથી સાંભળી, ભણ્યા અગ્યારે અંગો રે;
સુતાં ને રમતાં પારણે, કહે જિન હર્ષ અભંગો રે. ॥ હવે૦ ॥
॥ ૬ ॥

## ॥ ઢાળ – ૧૩ - મી

॥ આદર જીવ ક્ષમા ગુણ આદર.—એ દેશી ॥

આઠ વરસમાં દીક્ષા લીધી, ભદ્રગુપ્ત સુપસાય જી;
વયર કુમાર ભણ્યા દશ પૂરવ, ગુરૂને આવ્યો દાય જી.
॥ આઠ૦ ॥ ૧ ॥

પાટ દીધી સિંહગિરિ આચારજ, વયર કુમારનો મિત્ર જી;
ઓચ્છવ જૂંભક સુરવરે કીધો, કુસુમ વૃષ્ટિ સુપવિત્ર જી.
॥ આઠ૦ ॥ ૨ ॥

પંચ સયા મુનિવર પરિવારે, પુહવિ કરે વિહાર જી;
પાટલીપૂર ધન વણિકની પુત્રી, રૂક્મણી રૂપ ઉદાર જી.
॥ આઠ૦ ॥ ૩ ॥

વયર સ્વામીના ગુણ સાંભળીયા, પ્રવર્તની મુખથી જેણે જી;
પરણું તો શ્રી વયર કુમારને, અભિગ્રહ કીધો તેણે જી.
॥ આઠ૦ ॥ ૪ ॥

વિચરંતા આવ્યા તિણે નગરે, કોડી અનેક ધન લેઈ જી;
ધન વણિક કન્યા સંઘાતે, આવી વચન કહે એહ જી.
॥ આઠ૦ ॥ ૫ ॥

દ્યો ધન એહ કન્યાને પરણો, પૂરો એહની આશ જી;

તુમ વિણ અગ્નિ શરણ ઇણે કીધો, કરો જિન હર્ષ
વિલાસ જી. ॥ આઠ૦ ॥ ૬ ॥

## ॥ ઢાળ — ૧૪ — મી ॥

॥ એટલા દિન હું જાણતીરે હાં—એ રાગ ॥

વયર સ્વામી એહવું કહે રે હાં, અજ્ઞાની મતિ હિન,
સાંભળ સહી જી;
વ્રત સામ્રાજ્ય તજી કરી રે હાં, થાયે ભવ આધિન.
॥ સાં૦ ॥ ૧ ॥

વિષય સંસારિક સુખ સહુ રે હાં, એ તો ભોગ ભુજંગ; ॥ સાં૦ ॥
નારી વિષની વેલડી રે હાં, પંડિત ન કરે સંગ. ॥ સાં૦ ॥
॥ ૨ ॥

એહ વિવાહે ભમે ઘણું રે હાં, લહે દુર્ગતિ સંસાર; સાં૦ ।
ફળ કિંપાક સમા કહ્યાં રે હાં, સેવે વિષય ગમાર. ॥ સાં૦ ॥
॥ ૩ ॥

જો મુજ ઉપર છે ઘણો રે હાં, એહ કન્યાનો રાગ; સાં૦ ।
તો સંયમ લ્યે મુજ કન્હે રે હાં, આણી મન વૈરાગ.
॥ સાં૦ ॥ ૪ ॥

થોડા સુખને કારણે રે હાં, કુંણ મેલે સંયમ યોગ; સાં૦ ।
મોક્ષ મૂકી કોણ આદરે રે હાં, ભોગ વધારણ રોગ.
॥ સાં૦ ॥ ૫ ॥

એહવું સાંભળી રૂક્મણી રે હાં, વ્રત લીધો તત્કાલ; સાં૦ ॥
ઉત્તમ પાળે પ્રીતડી રે હાં, ઈમ જિમ હર્ષ રસાલ.
॥ સાં૦ ॥ ૬ ॥

## ॥ ઢાળ- ૧૫ મી ॥

॥ માતાજી તુમે ધન ધન રે—એ રાગ. ॥

વૈરાગી રે વૈરાગી રે, શ્રી વયર કુમાર નિરાગી રે;
સંયમશું જેહ સરાગી રે, ધ્યાનામૃત શું લય લાગી રે.
॥ વૈ૦ ॥ ૧ ॥

જિન શાસન જેણે દીપાવ્યો રે, દુરભિક્ષમાં સંઘ જીવાડયો રે;
બૌધ દર્શની શરણે લાવ્યો રે, જિન ભક્તે તામ ઉપાયો રે.
॥ વૈ૦ ॥ ૨ ॥

પ્રભાવિક પુરૂષ કહાયો રે, ત્રિભુવનમેં સુજસ સવાયો રે;
પરમાનંદે આયુ વિતાયો રે, અણસણ કરી સુરપદ પાયો રે.
॥ વૈ૦ ॥ ૩ ॥

રૂપે મોહે સુર–નર નારી રે, મ્હોટો મુનિ બાલ બ્રહ્મચારી રે;
શ્રી સંઘ ભણી હિતકારી રે, સહુ જીવ તણા ઉપકારી રે.
॥ વૈ૦ ॥ ૪ ॥

સત્તરસેં નવ પચ્ચાસે રે, સુદિ પડવે આસો માસે રે;
થઇ ઢાલ પંદર ઉલ્લાસે રે, ભણતાં સુણતાં સુખ થાશે રે.
॥ વૈ૦ ॥ ૫ ॥

શ્રી જિનચંદ સૂરિ ગુરૂ રાયા રે, ખરતરગચ્છ જિણે શોભાવ્યા રે;
વાચક શાંતિ હર્ષ પસાયા રે, જિનહર્ષ વયર ગુણ ગાયા રે.
॥ વૈ૦ ॥ ૬ ॥

## ૫૯– ॥ શ્રી એકાદશીની સજઝાય ॥

આજ મારે એકાદશી રે નણદલ પડિક્કમતાં પણ વાતું;
એમ કરતાં ધરાઈએ નહીં તો, ભેળું લીજીએ ભાતું.
॥ આજ૦ ॥ ૧ ॥

મારો નણદોઈ તુજને વાહલો, મુજને તારો વીરો;
પડિક્કમણામાં વાતો વહાલી, જમતાં વહાલો શીરો.
॥ આજ૦ ॥ ૨ ॥

જમવા નાત મેળાવે જાતાં, જેવું જમવું એઠું;
પડિક્કમણું તેવૃં જાણીને, વાતે વળગ્યું બેઠું.
॥ આજ૦ ॥ ૩ ॥

ઢીંગા દેતી કાંઇ નવિ દેખે, આડું અવળું પેખે;
પડિક્કમણામાં પ્રેમ ન રાખે, તે કિમ આવે લેખે. ॥ આજ૦
॥ ૪ ॥

પાંચ સાત સામટીઓ થઇને, વાતો વાતો સાંધે;
કાંઈક પાપ પરિહરવા આવે, બાર ગણું વળી બાંધે.
॥ આજ૦ ॥ ૫ ॥

એક ઉઠંતી આળસ મરડે, બીજી ઉંઘે બેઠી;
નદીઓ માંહીથી કાંઇક નીસરતી, જઈ દરિયામાં પેઠી.
॥ આજ૦ ॥ ૬ ॥

આઈ બાઇ નણંદ ભોજાઈ, નાની મોટી વહુ ને;
સાસુ સહીરો માને મારી, શિખામણ છે સહુને. ॥ આજ૦
॥ ૭ ॥

મનકચંદ કહે મન થિર રાખી, જે પડિક્કમણું કરશે;
રાગ દ્વેષ દૂરે પરિહરશે, તે ભવ સાયર તરશે. ॥ આજ૦
॥ ૮ ॥

## ૬૦— ॥ શ્રી ગુરૂ વિનય વિષે સજઝાય ॥

વિનય કરો ચેલા ગુરૂ તણો, જિમ લહો સુખ અપારો રે;
વિનય થકી વિદ્યા ભણો, જપ તપ સૂત્ર આચારો રે.
॥ વિ૦ ॥ ૧ ॥
ગુરૂ વચન નવિ લોપીએ, નવિ કરીએ વચન વિઘાતો રે;
ઉંચે આસન નવિ બેસીએ, વચ્ચે વચ્ચે નવિ કરીએ વાતો રે.
॥ વિ૦ ॥ ૨ ॥
ગુરૂ આગળ નવિ ચાલીએ, નવિ રહીએ પાછળ દૂર રે;
બરોબર ઉભા નવિ રહીએ, ગુરૂને શાતા દીજે ભરપૂર રે.
॥ વિ૦ ॥ ૩ ॥
વસ્ત્ર પાત્ર નિત્ય ગુરૂ તણાં, પડિલેહીએ દોય વારો રે;
આસન બેસણ પુંજીએ, પથારીએ સુખ કારો રે.
॥ વિ૦ ॥ ૪ ॥
અશન વસનાદિ સુખ દીએ, ગુરૂ આણાએ સુખ નિરખો રે;
વિબુધ વિમળ સૂરિ ઈમ કહે, શિષ્ય થાયે ગુરૂની સરખો રે.
॥ વિ૦ ॥ ૫ ॥

## ૬૧— ॥ શ્રી ગજસુકુમાલની સજઝાય ॥

એક દ્વારકા નગરી રાજે રે, કે કૃષ્ણ નરીંદ જયો;
તિહાં રાય લઘુ ભ્રાતા નામે રે, કે ગજસુકુમાલ જયો.
॥૧॥

તે પૂછે નેમ જીનંદને રે. કે ગજસુકુમાલ મુનિ;
એ મુજથી દુઃખ ન ખમાય રે, કે સૂણો જીનરાજ ગુણી.
॥ ૨ ॥

તે કારણ એહવું દાખો રે, કે અક્ષય જિમ વહેલું હું પામું;
જગગુરૂ ભાખો રે, કે સૂણો મુનિ છે દોહિલો. ॥ ૩ ॥

આજ દગ્ધ ભૂમિકા, જઈને રે, કે કાઉસગ્ગ જો કરશો,
આજ રજની કેવલ પામી રે; કે શિવપદને વરશો. ॥ ૪ ॥

તે નિસૂણી પ્રભુજીની વાણી રે, કે દગ્ધ ભૂમિ ચાલ્યો;
તિહાં ઠાણેણં મોણેણં ઝાણેણં, કાઉસગ્ગમાં માલ્યો. ॥ ૫ ॥

તવ સોમલ સસરે આવી રે, કે શીર ઉપર સઘડી;
કરી ભરી અંગારા તાજા રે, કે ચાલ્યો દુષ્ટ ધની. ॥ ૬ ॥

મુનિ તિહાં સમતા ભાવે રે, કે ક્ષપક શ્રેણિ ચડી;
તુરંગમ કેવલ બેસી રે, કે શિવ પંથ ચાલ્યો ચડી. ॥ ૭ ॥

શ્રી ગજસુકુમાલ મુનિ રે, કે ભવિયણ જે નમશે;
તે શિવ કમલાસુ વિવેકે રે, કે ન્યાય મુનિ લેશે. ॥ ૮ ॥

## ૬૨— ॥ શ્રી નેમિનાથજીની સજઝાય ॥

ક્રોડ ઉપાય કરી ચુકી, પાછા ન વલ્યા નાથ જી;
કુંવારી મુકી રે મુજને એકલી, ગયા મુજ જીવણહાર જી,
દયા ન લાવ્યા રે પ્રભુ માહરી. ॥ ૧ ॥

કષી કષી રે ભર જોબને, એળે જાશે અવતાર જી;
નર વિનાની નારીને, બેસે કલંક અપાર જી. ॥ દ૦ ॥ ૨ ॥

પાપ કર્યો મેં પરભવે, પોપટ પુર્યા પાંજરા માંહે જી;
તે જીવના દોષ લાગીયા, શું કરે માય ને બાપ જી.
॥ ૬૦ ॥ ૩ ॥

મને વહાલા મુજ નેમ પતિ, ધારી બેઠી એ વાર જી;
પાણિગ્રહણ બીજા નહિં રૂચે, મુજ લાગશે દોષ જી.
॥ ૬૦ ॥ ૪ ॥

હઠ ન કરો મહારી દીકરી, શેને થઇને અકલાવો જી;
નેમ સરીખો પતિ લાવશું, થાશે જન્મના સુખ જી.
॥ ૬૦ ॥ ૫ ॥

માત પિતા તુમે માહરા, એવી ન બોલો વાત જી;
નેમ વિના બીજા માહરે, સર્વે ભ્રાત ને તાત જી.
॥ ૬૦ ॥ ૬ ॥

હઠ ન કરો મારી દીકરી, શેને થઇને અકળાવો જી;
માત પિતાનું કહ્યું માનીને, દીકરીને દે તિહાં જાય જી.
॥ ૬૦ ॥ ૭ ॥

નહિં નહિં કરૂં માય રે, નેમ વિના બીજો ભરથાર જી;
સંસાર છોડી સંજમ આદરૂં, કરું સફલ અવતાર જી.
॥ ૬૦ ॥ ૮ ॥

હીરવિજય ગુરૂ હીરલો, વીર વિજય ગુણ ગાય જી;
લબ્ધિ વિજય ગુરૂ રાજીયા, તેને પણ નમું પાય જી.
॥ ૬૦ ॥ ૯ ॥

# ૬૩– ॥ શ્રી જીવને શીખામણની સજ્ઝાય ॥

## ॥ ઢાળ–૧ લી ॥

સજી ઘરબાર સારું, મિથ્યા કહે છે મારું મારું;
તેમાં નથી કસ્યું તારું રે, પામર પ્રાણી,
ચેતે તો ચેતાવું તુને રે, ॥ પા૦ ॥ ૧ ॥

તારે હાથે વવરાશે, તેટલું, જ તારું થાશે;
બીજું તો બીજાને જાશે રે. ॥ પા૦ ॥ચે૦ ॥ ૨ ॥

માખીએ તો મધ કીધું, ન ખાધું ન દાન દીધું,
લુંટનારે લુંટી લીધું રે. ॥ પા૦ ચે૦ ॥ ૩ ॥

ખંખેરીને હાથે ખાલી, ઓચીંતાનું જાવું ચાલી;
કરે માથા કુટ ઠાલી રે. ॥ પા૦ ચે૦ ॥ ૪ ॥

શાહુકારીમાં તું સવાયો, લક્ષાધિપતિ તું કહેવાયો;
સાચું કહે ને શું કમાયો રે. ॥ પા૦ ચે૦ ॥ ૫ ॥

આવે તે સાથે જ લેવો, કમાયો તું માલ કેવો;
આવે તે તો ઝટ લેવો રે. પા૦ ચે૦ ॥ ૬ ॥

દેવે તુને મણી દીધી, તેની ન કીંમત કીધી;
મણી સાટે મસી લીધી રે. ॥ પા૦ ચે૦ ॥ ૭ ॥

ખોળામાંથી ધન ખોયું, ધુળથી કપાળ ધોયું;
જાણ પણું તારું જોયું રે. ॥ પા૦ ચે૦ ॥ ૮ ॥

હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી;
કર તારી મુડી તાજી રે. ॥ પા૦ ચે૦ ॥ ૯ ॥

મનનો વિચાર તારો, મનમાં રહી જનારો;
વળી પાછો નાવે વારો રે. ॥ પા૦ ચે૦ ॥ ૧૦ ॥

હાથમાંથી બાજી જાશે, પાછળથી પસ્તાવો થાશે;
પછી કરી નહીં શકાશે રે. ॥ પા૦ ચે૦ ॥ ૧૧ ॥

નીકળ્યો તું શરીરથી, પછી તું માલીક નથી;
રત્ન વિજય કહે કથી રે. ॥ પા૦ ચે૦ ॥ ૧૨ ॥

## ૬૪– ॥ ઢાળ ૨ જી ॥

જોને તું પાટણ જેવા, સારા હતા શેર કેવા;
આજ તો ઉજ્જડ જેવા રે, આ જીવ જોને જાય છે જગત ચાલ્યુ રે. ॥ ૧ ॥

વલી સિધ્ધપુર વાલો, મોટો જોને રૂદ્ર માળો;
કીહાં ગયો તે રૂપાલો રે. ॥ આ૦ જી૦ ॥ ૨ ॥

રૂડા રૂડા રાણી જાયા, મેલવી અથાગ પાયા;
કાલે તેની પડી કાયા રે. ॥ આ૦ જી૦ ॥ ૩ ॥

છત્ર જેને છાયા થાતી, રૂડી જેની રીતિ હતી;
કિહાં ગયા ક્રોડ પતિ રે. ॥ આ૦ જી૦ ॥ ૪ ॥

જ્યારે જે હાજરી થાતા, હાજરે હુકમે હતા;
તેના તો ના લાગ્યા પત્તા રે. ॥ આ૦ જી૦ ॥ ૫ ॥

કોઇ તો કેવાતા કેવાં, આભના આધાર જેવા;
ઉઠી ગયા હેવા હેવા રે. ॥ આ૦ જી૦ ॥ ૬ ॥

જોબનીયાને જાતું જોઈ, રાખી શક્યા નહિ કોઇ;
સગાં સર્વે રહ્યાં રોઈ રે. ॥ આ૦ જી૦ ॥ ૭ ॥

હાજરે હજુરી રેતા, ખમા ખમા મુખે કહેતા;
વિશ્વમાંથી ગયા વહેતા રે. ॥ આ૦ જી૦ ॥ ૮ ॥

મુવા જન જેની સાથે, હેતથી પોતાને હાથે;
મરણ ન મૂકે માથે રે. ॥ આ૦ જી૦ ॥ ૯ ॥

જસ લીધો શત્રુ જીતી, નવીન ચલાવી નીતિ;
વેલા તેની ગઈ વીતી રે. ॥ આ૦ જી૦ ॥ ૧૦ ॥

જગતમાં ખુબ જામ્યો, વેર વાલી વિસરામ્યો;
પણ તે મરણ પામ્યો રે. ॥ આ૦ જી૦ ॥ ૧૧ ॥

નેક નામદાર નામે, જઈ વસ્યા સમશાન ઠામે;
રત્ન વિજે કહે નાવે કામે રે. ॥ આ૦ જી૦ ॥ ૧૨ ॥

## ૬૫– ॥ શ્રી વૈરાગ્યની સજ્ઝાય ॥

પુણ્ય સંયોગે પામીયો જીરે, નરભવ આરજ ખેત;
શ્રાવક કુળ ચિંતામણી જીરે, ચેતી શકે તો ચેત રે જીવડા.
એ સંસાર અસાર.

સાર માત્ર જિન ધર્મ છે જીરે, આપણું ઘર સંભાળ રે જીવડા.
॥ ૧ ॥

માત પિતા સુત બાંધવા જીરે, દાસ દાસી પરિવાર;
સ્વાર્થ સાધે સહુ આપણો જીરે, મતલબના ધાર રે–જીવડા
॥ ૨ ॥

સરોવર જળનો મિંડકો જીરે, તાકે આપણો ભક્ષ;
સાપ તાકે છે મિંડકો જીરે, સહુને આપણો લક્ષ રે–જીવડા.
॥ ૩ ॥

મયૂર તાકે છે સાપને જીરે, આહેડી તાકે છે મોર;
મચ્છ ગળા ગળ ન્યાય છે જીરે; નિર્ભય નહિં કોઈ
ઠોરરે–જીવડા. ॥ ૪ ॥

કર્મે નાટક માંડયો જીરે, જીવડો નાચણ હાર;
નવા નવા બે બાથમાં જીરે, ખેલે વિવિધ પ્રકારરે.–જીવડા.
॥ ૫ ॥

ચોરાશી ચોગાનમાં જીરે, રૂપ રંગના રે ઠાઠ;
તમાસા ત્રણ લોકના જીરે, બાજીગરના પાઠ રે. જીવડા.
॥ ૬ ॥

બોત ગઈ થોડી રહી જીરે, પરભવનું ભાતું રે બાંધ;
સમતા સુખની વેલડી જીરે, ધર્મ રત્ન પદ સાંધ રે. જીવડા.
॥ ૭ ॥

## ૬૬– ॥ શ્રી અંત સમયની આરાધના ॥

ભાવના ભાવો એણીપરે, મૃત્યુ આવે નજીક જી;
હું રે અનાદિ અભેદી છું, શી છે મ્હારે એ બીક જી.
॥ ભાવના૦ ॥ ૧ ॥

ધામ ધરા ધન આ બધું, મેલી જાવું જરૂર જી;
મ્હારૂં તેમાં કાંઈ નથી, સીદને રહું મગરૂર જી, ॥ ભાવના૦ ॥
॥ ૨ ॥

આ તો ભાડાની છે કોટડી, ખાલી કરતાં શું થાય જી;
પુદ્ગલ નાશ થતાં અરે, આત્માનું શું જાય જી. ॥ ભાવના૦ ॥
॥ ૩ ॥

હું તો આત્મ અનાદિ છું, અનંત ગુણો ધરનાર જી;
મૃત્યુ ભલે અરે આવતું, હું તો નથી ડરનાર જી. ॥ ભાવના૦ ॥
॥ ૪ ॥

મોંઘો માનવ ભવ મેળવી, કીધું કાંઈ ન હેત જી;
કાગ ઉડાવવા મેં અરે, ફેંક્યું રત્ન ખચિત જી. ॥ ભાવના૦ ॥
॥ ૫ ॥

રાગ ને દ્વેષથી ક્લેશમાં, કાઢયો સઘળો કાળ જી;
જિન વાણી નહીં સાંભળી, વળગી ઝાઝી જંજાળ જી.
॥ ભાવના૦ ॥ ૬ ॥

હવે રે પસ્તાવો એ થાય છે, મનમાં પારાવાર જી;
પ્રભુજી અરજી સ્વીકારજો, તારજો કરૂણાધાર જી.
॥ ભાવના૦ ॥ ૭ ॥

અરિહંત સિદ્ધ ને સાધુજી, શરણું હોજો સદાય જી;
ધર્મ શરણ હોજો વળી, મુજને ભવો ભવ માંય જી.
॥ ભાવના૦ ॥ ૮ ॥

અંત સમયની આરાધના, આરાધો નરનાર જી;
સાર નથી સંસારમાં, અરિહંત ભક્તિ છે સાર જી.
॥ ભાવના૦ ॥ ૯ ॥

# ૬૭– ॥ શ્રી જીવને શિખામણ ॥

ડાક ડમાળ છોડી ચાલવું, ઢોલ વાગશે સહી;
હાડ જશે રે ટુટી જીવડા, લાગ મળશે રે નહિં.
॥ ડાક૦ ॥ ૧ ॥

ભાર વહિ વહિ વૈતરા, બાર ભેગું રે કીધ;
ઇજ્જત ખોઈ ઘડી એકમાં, જો હાથે નવ દીધ. ॥ ડાક૦ ॥ ૨ ॥

જાણુ જરૂર રે જીવડા, નથી તારૂં રે કોઇ;
દેહ નથી તારી તાહરી, માટે ચાલજે જોઈ. ॥ ડાક૦ ॥ ૩ ॥

માત પિતા બંધવ વળી, મામા મામી ને ફોઈ;
મુખ વિમાસીને બેસશે, રહેશે બે ઘડી રોઈ. ॥ ડાક૦ ॥ ૪ ॥

કાકા કાકી કુઆ ફાલતું, મિત્ર પુત્ર પરિવાર;
હાહા હુંહું કરી નાચશે, માટે રહે ખબરદાર. ॥ ડાક૦ ॥ ૫ ॥

ચકલા તે સુધી વળાવીને, વળશે નરનારી સાથ;
પુરૂષ લેઈ શ્મશાનમાં, બાળશે હાથો હાથ. ॥ ડાક૦ ॥ ૬ ॥

દશ દ્રષ્ટાંતે દોહલી, કહે સુત્રે જેહ;
નદી પાષાણ ન્યાયે કરી, પામો મનુષ્ય દેહ. ॥ ડાક૦ ॥ ૭ ॥

આરજ ક્ષેત્ર પામ્યો વળી, પામ્યો સમકિતી કુળ;
હવે રે સુકૃત કર જીવડા, નહિં તો થાશે એ ધુળ.
॥ ડાક૦ ॥ ૮ ॥

માટે કહ્યું મારૂં માનીને, ડાહ્યું રાખીને મન;
ભજ શ્રી પંચ પરમેષ્ઠિને, જે છે સાથેનું ધન.
॥ ડાક૦ ॥ ૯ ॥

# ૬૮- ॥ શ્રી અધ્યાત્મ સજ્ઝાય ॥

( ઓ સમજુ જ્ઞાન નયન નિજ ખોલો. )

દોડતાં દોડતાં જો પંથ કપાય, તો જુઓ ઘાંચી ઘર ઉંટ;
દિન ખાનામેં દોડતો હીંડે, થાકી જાયે તો પણ ત્રુટ.
॥ ઓ૦ સમજુ ॥ ૧ ॥

કરણી પાર ઉતરણી કહીને, જગને જૂઠ સમજાવે;
જ્ઞાન રહિત જેમ રાત અંધારી, પરમાર્થ કેમ પાવે.
॥ ઓ૦ સમજુ ॥ ૨ ॥

સાઠ વરસ સહસ વરસનો, તાપસ બાલ તપસ્વી કહીઓ;
દેવપણામાં જ્ઞાન જો પામ્યો, તો ભવ એકજ રહીયો.
॥ ઓ૦ સમજુ ॥ ૩ ॥

જ્ઞાન સહિત જો ક્રિયા કરો તો, હોવે કલ્યાણને કાજે;
એકાન્ત જ્ઞાન તણો આરાધક, નિજ ગુણમાં નિત્ય રાજે.
॥ ઓ૦ સમજુ ॥ ૪ ॥

સૂત્ર રહસ્ય સમજી ઓ શાણા, જો ક્રિયા કરો ભલી સાચી;
બોધિ બીજ ને અહુવા ગધ્વા, મજુરીમાં મત રહેજો કોઈ રાચી.
॥ ઓ૦ સમજુ ॥ ૫ ॥

ભેદાભાવ છે જ્ઞાન દર્શનમાં, પ્રથમ દર્શન પછી જ્ઞાન;
વિનય સહિત જે સદગુરૂ સેવે, પામે પદ નિર્વાણ.
॥ ઓ૦ સમજુ ॥ ૬ ॥

## ૬૯—॥ શ્રી મુર્ખ મનને શીખામણની સજ્ઝાય ॥

મૂરખડા મન તું મુકને, માથા કુટ ઠાલી;
હારી ભવ બાજી, હાથ જવું જીવ ખાલી,
ડાભ અણી જલ બિંદુ સરીખુ, જીવતર જીવડા જાણો,
ધર્મ જહાજ વિણ ભવ સાગરમાં, કેમ કરી તરશો પાણો
॥ મૂ૦ ॥ ૧ ॥

પાતાળમાં પાયો નાંખીને, મંદિર બેશ બનાવ્યું;
વાસ્તુ કર્યા વિણ સ્વર્ગ સધાવે, સાથે કાંઇ ન આવ્યું રે;
॥ મૂ૦ ॥ ૨ ॥

જગત રૂપ જંગલ ઝાડીમાં, મન મરકટ આથડીયો;
કાળ વ્યાળ વશ ફાળ ચુકીઓ, ચઉ ગતિ કુપમાં પડીઓ રે.
॥ મૂ૦ ॥ ૩ ॥

પ્રપંચથી પૈસા પેદા કરી, પાપ એકલે બાંધ્યું;
સ્વજન સંબંધી ગીધને ટોળે, ફોલી ફોલીને ખાધું રે.
॥ મૂ૦ ॥ ૪ ॥

ચેતન ચેતી મન મરકટને, જ્ઞાન રસ થી બાંધો;
વિષય કષાય તજો સાકળચંદ, અંતે શિવસુખ સાધો.
॥ મૂ૦ ॥ ૪ ॥

## ૭૦— ॥ શ્રી કાયા અને જીવ વિષે ॥

કાયા જીવને કહે છે ઓ પ્રાણ પતિ, લાડ તો લડાવ્યા સારા;
કદી ન કર્યા ટુંકારા, આજ તો રીસાણા પ્યારા એ. ॥ ઓ૦
પ્રા૦ કા૦ ॥ ૧ ॥

ભેગા બેસીને જમાડી, બાગ બગીચા ને વાડી;
ફેરવી બેસાડી ગાડી રે, એ પ્રાણ પતિ. ॥ કાયા૦ ॥ ૨ ॥

અત્તર ફુલેલ ચોળી, કેસર કસુંબા ઘોળી;
રમ્યા રંગ રસ રોળી રે, એ પ્રાણ પતિ. ॥ કાયા૦ ॥ ૩ ॥

શણગાર તો સજાવી, આભૂષણોને પહેરાવી;
મોજ મુજને કરાવી રે, એ પ્રાણ પતિ. ॥ કાયા૦ ॥ ૪ ॥

રોજ તો હસીને રેતા, પાણી સાટે દુધ દેતા;
આજ મૌન ધારી બેઠા રે, એ પ્રાણ પતિ. ॥ કાયા૦ ॥ ૫ ॥

સજ્જનની એવી રીતી, જેની સાથે કરે પ્રીતિ;
વગડે ન મૂકે રોતી રે, એ પ્રાણ પતિ. ॥ કાયા૦ ॥ ૫ ॥

કરૂં છું હું કાલા વાલા, મુજને ન મુકો વાલા;
સાથે રાખોને છોગાળા રે, એ પ્રાણ પતિ. ॥ કાયા૦ ॥ ૭ ॥

## ૭૧— ॥ શ્રી કાયા ને જીવનો ઉત્તર ॥

જીવ કાયાને સુણાવે રે, એ કાયા ભોળી;
કાયા તું તો કામણ ગારી, પાસમાં હું પડયો તારી,
પ્રભુને મૂકયા વિસારી રે, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥ ૧ ॥

તારી સાથે પ્રીતિ કરી, જરી ન હું બેઠો ઠરી;
પાપની મેં પોઠી ભરીરે, એ કાયા ભોળી. ॥ જી૦ ॥ ૨ ॥

ઘણી વાર તો સમજાવી, હઠીલી ન શાન આવી;
મુજને દીધો ડુબાવી રે, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥ ૩ ॥

નીતિનો પ્રવાહ તોડયો, અનીતિનો પંથ જોડયો;
સજ્જનનો સંગ છોડયોરે, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥૪ ॥

સદ્‌ગુણને નિવાર્યો, દુર્ગુણને વધાર્યો;
કથન ન કાન ધાર્યોરે, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥ ૫ ॥

આત્મા હું ચિદાનંદી, કાયા તું દીસે છે ગંદી;
તારી સંગે રહ્યો મંડી રે, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥ ૬ ॥

સોબતે અસર જ આવે, લસણનો સંગ થાવે;
કસ્તુરી સુગંધ જાવે રે, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥ ૭ ॥

બગડયો હું તારી સંગે, રમ્યો પર રામા રંગે;
કુડા કૃત કીધા અંગે રે, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥ ૮ ॥

પારકી થાપણ રાખી, આળ ઓર શીર નાંખી;
જુઠી મેં તો પુરી સાખી રે, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥
॥ ૯ ॥

પ્રાણ પાંજરામાં પ્યારી, રહ્યો છું હું કરાર ધારી;
કાયા નાવે કોઈ લારી રે, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥ ૧૦ ॥

મારો છેડો છોડો કાયા, કારમી લગાડો માયા;
તારાથી ભોળા ઠગાયા રે, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥ ૧૧ ॥

કાયાની માયાને છોડી, શુકરાજ ગયા ઉડી;
પ્રાણ પાંજરાને તોડી, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥ ૧૨ ॥

અનીતિના કામ તજો, નિંદા તજી પ્રભુ ભજો;
સાંકળની શીખ સજો રે, એ કાયા ભોળી. ॥ જીવ૦ ॥ ૧૩ ॥

## ૭૨– ॥ શ્રી આત્માને ઉપદેશ વિષે સજઝાય ॥

યામે વાસ મેલે, મરદો મગન ભયા મેં વાસી,
કાયા રૂપ મેવાસ બન્યો હે, માયા જ્યું મેવાસી;
સાહેબકી શીર આણુ ન માને, આખરે કયા લે જાસી.
॥ યામે૦ ॥ ૧ ॥

ખાઈ અતિ દુર્ગંધ ખજાના, કોટમેં બહોંતેર કોઠા;
વણુસી જાતાં વાર ન લાગે, જૈસા જલ પંપોટા. ॥ યામે૦ ॥
॥ ૨ ॥

નવ દરવાજા વહે નિરંતર, દુઃખદાઈ દુર્ગંધા;
કયા ઉંસમેં તલ્લીન ભયા હૈ, રે રે આતમ અંધા. ॥ યામે૦ ॥
॥ ૩ ॥

છિંનમે છોટા છિંનમેં મોટા, છિંનમેં છેહ દિયાસી;
જબ જમરેકી નજર લગેગી, તબ છિનમેં ઉડ જાસી.
॥ યામે૦ ॥ ૪ ॥

મુલક મુલકકી મલી લોકાઇ, બહોત કરે ફરિયાદ;
પણુ મુજરો માને નહીં પાપી, અતિ છાકયો ઉનમાદિ.
॥ પામે૦ ॥ ૫ ॥

સારા મુલક મેલા સંતાપી, કામ કિરાઢી કોટો;
લોભ તલાટી લોચા વાળે, તો કેમ ના આવે ટોટો.
॥ પામે૦ ॥ ૬ ॥

ઉદય રત્ન કહે આતમ મેરા, મેવાસી પણું મેલો;
ભગવંતને ભેટો ભલી ભાતે, મુગતિ પુરીમાં ખેલો.
॥ યામે૦ ॥ ૭ ॥

## ૭૩– ॥ શ્રી સમકિતની સજઝાય ॥

( મેરે સાહિબ તુમહિ હો—એ દેશી )

જબ લગે સમકિત રત્નકું. પાયા નહિ પ્રાણી;
તબ લગે નિજ ગુણ નવિ વધે. તરૂ વિણુ જિમ પાણી–
જબ–૧

તપ સંયમ કિરિયા કરો, ચિત્ત રાખો ઠામ;
દર્શન વિણુ નિષ્ફલ હોયે, જિમ વ્યોમે ચિત્રામ.–જબ–૨

સમકિત વિરહિત જીવને, શિવ સુખ હોયે કેમ;
વિણુ હેતુ કાર્ય ન નીપજે, મૃદ વિણુ ઘટ જેમ–જબ–૩

પરંપર કારણુ મોક્ષકો, એ છે સમકિત મૂલ;
શ્રેણિક પ્રમુખ તણી પરે, હોય સિધ્ધિ અનુકૂલ–જબ–૪

ચાર અનંતાનુ—બંધિયા, ત્રિક દર્શન મોહ;
જ્ઞાન કહે જે ક્ષય કરે, વંદુ તે જિત કોહ–જબ–૫

## ૭૪- ॥ શ્રી સમકિત સુખડલીની સજઝાય ॥

ચાખો નર સમકિત સુખડલી, દુઃખ ભુખડલી ભાજે રે,
ચાર સદ્દહણા લાડુ સેવઈયા, ત્રિણુ લિંઘ ફેણી છાજે રે.
—ચાખો–૧

દશ વિનયના દહુઠા મીઠા, ત્રણુ શુધ્ધિ સખર સુંહાળી રે,
આઠ પ્રભાવક જતને રાખી, પણુ દુષણુ તે ગાળી રે–ચાખો–૨

ભુષણુ પાંચ જલેબી કુંમળી, છહ વિધ જયણા ખાજા રે,
લક્ષણુ પાંચ મનોહર ઘેબર, છ ઠાણુ ગુંદવડા તાજા રે–ચાખો–૩

છ આગાર ના ગોરી પેંડા, છ ભાવના પણ પુરી રે,
સડસઠ ભેદે નવ નવ વાની, સમકિત સુખડી રૂડી રે
—ચાખો—૪

શ્રી જિન શાસન ચહુટે દીઠી, સિધ્ધાંત થાલે સારી રે,
એ ચાખે અજરામર હોવે, મુનિ દરશનમે પ્યારી રે—ચાખો—૫

એ નિશ્ચે જીવ અણાહારી, સંતુષ્ટ પુદ્ગલ વિવહારી રે,
વાચક જસ કહે આગમ માને, વાત પ્રમાણે પ્રકાશી રે
—ચાખો—૬

## ૭૫— ।। શ્રી નંદા સતીની સજ્ઝાય ।।

બેનાતટ નયરે વસે, વ્યવહારી વડ મામ રે,
શેઠ ધનાવહ નંદિની, નંદા ગુણ મણિ ધામ રે.
સમકિત શીલ ભૂષણ ધરો, જીમ લહો અવિચલ લીલ રે,
સહજ મલે શિવ સુંદરી, કરીય કટાક્ષ કલ્લોલ રે. સમકિત—૧

પ્રસેનજિત નરપતિ તણો, નંદન શ્રેણિક નામ રે,
કુમર પણે તિહાં આવીયો, તે પરણી ભલે મામ રે. સમકિત—૨

પંચ વિષય સુખ ભોગવે, શ્રેણિકશું તે નાર રે,
અંગજ તાસ સોહામણો, નામે અભય કુમાર રે. સમકિત—૩

અનુક્રમે શ્રેણિક નૃપ થયા, રાજ ગ્રહી પુરી કેરા રે,
અભયકુમાર આવી મલ્યો, તે સંબંધ ઘણેરો રે. સમકિત—૪

ચઉ વિહ બુધ્ધિ તણા ધણી, રાજ્ય ધુરંધર જાણી રે,
પણ તેણે રાજ ન સંગ્રહ્યું, નિસુણી વીરની વાણી રે. સમકિત—૫

બુદ્ધિ બલે આજ્ઞા ગ્રહી, ચેલણા ને અવદાત રે,
કહે શ્રેણિક જા ઈહાં થકી, એહની છે ઘણી વાત રે. સમકિત–૬

નંદા માતા સાથશું, લીધો સંયમ ભાર રે,
વિજય વિમાને ઉપન્યા, કરશે એક અવતાર રે. સમકિત–૭
શ્રેણિક કોણિકને થયા, વૈરતણા અનુબંધ રે,
તે સવિ અભય સંયમ પછી, તે સવિ કર્મ સંબંધ રે. સમકિત–૮

જ્ઞાન વિમલ પ્રભુ વીરજી, આણ ધરે જે શિષ્ય રે,
તે નિત્ય નિત્ય લીલા લહે, જાગતી જાસ જગીશ રે. સમકિત–૯

## ૭૬– ॥ શ્રી વૈરાગ્યની સજ્ઝાય ॥

જીવ તું ઘેન માંહે પડયો, તારી નિદ્રાને વાર રે,
નરક તણાં દુઃખ દોહિલાં, સેવ્યાં તે અનંતી વાર રે.
ચેતન ચેતજો પ્રાણીયા. ૧

ધન કુટુંબને કારણે, રળ્યો તું રાત ને દિન રે,
લાખ ચોરાશીનું ખોળીયું, કર્યા નિત્ય નવા વેષ રે. ચેતન–૨

જયારે જઈશ કર્મ આગળે, ત્યાં તારા પડીયલા પાસ રે,
ભોગવ્યા વિના રે છૂટકો નહીં, કર્યા કર્મનો દાસ રે. ચેતન–૩

જેમ પંખી વાસો વસે, તેમ તું જાણ સંસાર રે,
આ રે સંસાર અથિર છે, આઉખાનો ન કર વિશ્વાસ રે.
ચેતન–૪

ભવિક જીવ તુમે સાંભળો, પાળો જીવ દયા સાર રે,
સત્ય વિજય પંડિત ઈમ ભણે, પ્રભુ આવાગમન નિવાર રે.
ચેતન–૫

## ૭૭—॥ શ્રી સોદાગરની સજ્ઝાય ॥

( લાવો લાવોને રાજ મોંઘા મૂલા મોતી– એ દેશી )

સુણ સોદાગર બે, દિલકી બાત હમેરી,
તેં સોદાગર દુર વિદેશી, સોદા કરન કું આયા,
મોસમ આયે માલ સવાયા, રતન પુરીમાં ઠાયા. સુ૦ ૧

તિનું દલાલ કું હર સમઝાયા, જિનસેં બહોત ન ફાયા,
પાંચું દીવાનું પાઉં જડાયા, એકકું ચોકી બિઠાયા. સુ૦ ૨

નફા દેખકર માલ બિહરણાં, ચૂઆ કહે ન ચું ધરના,
દોનું દગાબાજી દૂર કરના, દીપકી જ્યોતિ ફિરના. સુ૦ ૩

ઓર દિન વલી મહેલમાં રહના, બંદરકું ન હિલાના,
દશ સહેરસે દોસ્તિ હિં કરના, ઉનસે ચિત્ત મિલાના. સુ૦ ૪

જનહર તજના જિનવર ભજના, ભજના જિનકું દલાઇ,
નવસર હાર ગલેમેં રખના, જખના લખકી કટાઇ. સુ૦ ૫

શિર પર મુગટ ચમર ઢોળાઈ, અમ ઘર રંગ વધાઇ,
શ્રી શુભ વીર વિજય ઘર જાઇ, હોત સતાબી સગાઈ. સુ૦ ૬

## ૭૮— ॥ શ્રી વિનયની સજ્ઝાય ॥

પવયણ દેવી ચિત્ત ધરીજી, વિનય વખાણીશ સાર,
જંબુને પુછે કહ્યો જી, શ્રી સોહમ ગણધાર, ભવિકજન
વિનય વહો સુખકાર. ૧

પહેલે અધ્યયને કહ્યો જી, ઉત્તરાધ્યયન મઝાર,
સઘળા ગુણમાં મુળગો જી, જે જીન શાસન સાર–ભ. વિ. ૨

નાણુ વિનયથી પામીયે જી, નાણે દરીસણુ શુધ્ધ,
ચારિત્ર દરિસણુથી હુવે જી, ચારિત્રથી પણુ સિધ્ધ. ભ. વિ. ૩
ગુરૂની આણુ સદા ધરે જી, જાણે ગુરૂનો ભાવ,
વિનયવંત ગુરૂ રાગીયો જી, તે મુનિ સરળ સ્વભાવ. ભ. વિ. ૪
કણુનું કુંડું પરિહરી જી, વિષ્ટાશું મન રાગ,
ગુરૂ દ્રોહી તે જાણુવા જી, સુઅર ઉપમ લાગ. ભ. વિ. ૫
કોહ્યા કાનની કુતરી જી, ઠામ ન પામે રે જેમ,
શીળ હીણુ અકહ્યાગરા જી, આદર ન લહે. તેમ. ભ. વિ. ૬
ચંદ્ર તણી પરે ઉજળી જી, કીરતિ તેહ લહંત,
વિષય કષાય જીતી કરીજી, જે નર વિનય વહંત. ભ. વિ. ૭
વિજયદેવ ગુરૂ પાટવી જી, શ્રી વિજય સિંહ સુરીંદ,
શિષ્ય ઉદય વાચક ભણે જી, વિનય સયળ સુખકંદ. ભ. વિ. ૮

## ૭૯—॥ શ્રી જીવને શિખામણની સજઝાય ॥

કાંઇ નવિ ચેતો રે ચિત્તમાં જીવડા રે, આયુ ગળે દિન રાત,
વાત વિસારી રે ગર્ભાવાસની રે, કુણુ કુણુ તાહરી જાત.
કાંઈ નવિ ચેતો રે–૧
દોહીલો દીસે રે માનવ ભવ તણો રે, શ્રાવક કુળ અવતાર,
પ્રાપ્તિ પુરી રે ગિરૂઆ ગુરૂ તણી રે, તુજ ન મળે વારોવાર,
કાંઈ નવિ ચેતો રે–૨
તું મત જાણે રે એ ધન માહરૂં રે, કુણુ માતા કુણુ તાત,
આપ સ્વારથે સહુ કોઈ મળ્યું રે, મ કર પરાઈ તું તાંત.
કાંઈ નવિ ચેતો રે–૩

પુણ્ય વિહુણા રે દુઃખ પામે ઘણા રે, દોષ દીયે કીરતાર,
આપ કમાઈ રે પુરવ ભવ તણી રે, ન મીટે જેહ લગાર.
કાંઈ નવિ ચેતો રે-૪

કઠીણ કરમને અહનિશ જે કરે રે, તેહનાં ફળ જે વિપાક,
હું નવિ જાણું રે કુણ ગતિ તાહરી રે, તે જાણે વીતરાગ.
કાંઇ નવિ ચેતો રે-૫

તેં દુઃખ સહ્યાં રે બહુ રમણી તણાં રે, અનંત અનંની વાર,
લબ્ધિ કહે રે જે જિનને ભજે રે, તે પામે મોક્ષ દુવાર.
કાંઇ નવિ ચેતો રે-૬

## ૮૦- ॥ શ્રી દશવૈકાલિકની સજઝાય ॥
## ॥ પ્રથમાધ્યયનની સજઝાય ॥

(સુગ્રીવ નયર સોહામણુંજી—એ દેશી)

શ્રી ગુરૂપદ પંકજ નમીજી, વલિ ધરી ધર્મની બુદ્ધિ,
સાધુ ક્રિયા ગુણ ભાંખશુંજી. કરવા સમકિત શુદ્ધિ.
મુનીશ્વર ધર્મ સયલ સુખકાર. તુમ્હે પાલો નિરતિચાર.
—મુ—૧

જીવ દયા સંયમ તવો જી, ધર્મ એ મંગલ રૂપ;
જેહનાં મનમાં નિત્ય વસે જી, તસ નમે સુર નર ભૂપ.
—મુ—૨

ન કરે કુસુમ કિલામણા જી, વિચરતો જિમ તરૂવૃંદ;
સંતોષે વળી આતમા જી, મધુકર ગ્રહી મકરંદ.—મુ—૩

તેણી પરે મુનિ ઘર ઘર ભમીજી, લેતો શુદ્ધ આહાર;
ન કરે બાધા કોઈને જી, દિયે પિંડને આધાર—મુ—૪
પહેલે દશવૈકાલિકેજી, અધ્યયનને અધિકાર;
ભાંખ્યો તે આરાધતાં જી, વૃદ્ધિ વિજય જયકાર.—મુ—૫

## ૮૧- ॥ શ્રી દ્વિતીયાધ્યાયનની સજ્ઝાય ॥

(શીલ સોહામણું પાલીયે—એ દેશી)

નમવા નેમી જિણંદને, રાજુલ રૂડી નાર રે;
શીલ સુરંગી સંચરે, ગોરી ગઢ ગિરનાર રે.
—શી—૧

શીખ સુહામણી મન ધરો, તુમે નિરૂપમ નિર્ગ્રંથ રે,
સવિ અભિલાષ તજી કરી, પાલો સંયમ પંથ રે. —શી—૨

પાઉસ ભીની પદ્મિની, ગઇ તે ગુફા માંહિ તેમ રે,
ચતુરા ચીર નિચોવતી, દીઠી ઋષિ રહનેમ રે.—શી—૩

ચિત્ત ચલ્યે ચારિત્રિયો, વયણ વદે તવ એમ રે,
સુખ ભોગવીયે સુંદરી, આપણે પૂરણ પ્રેમ રે—શી—૪

તવ રાય જાદી એમ ભણે, ભૂંડા એમ શું ભાંખે રે,
વયણ વિરૂદ્ધ એ બોલતાં, કાંઈ કુલ લાજ ન રાખે રે.
—શી—૫

હું પુત્રી ઉગ્રસેનની. અને તું યાદવ કુલ જાયો રે,
એ નિર્મલ કુલ આપણાં, તો કેમ અકારજ થાયો રે.
—શી—૬

ચિત્ત ચલાવી એણી પરે, નિરખીશ જો તું નારી રે,
તો પવનાહત તરૂ પરે, થાઇશ અથિર નિરધારી રે.
—શી—૭

ભોગ ભલા જે પરહર્યા, તે વલી વાંછે જેહ રે,
વમન ભક્ષી કુતર સમો, કહીયે કુકર્મી તેહ રે.—શી—૮

સરપ અંધક કુલ તણા, કરે અગ્નિ પ્રવેશ રે,
પણ વમિયું વિષ નવિ લીયે, જુઓ જાતિ વિશેષ રે.
—શી—૯

તિમ ઉત્તમ કુલ ઉપના, છોડી ભોગ સંજોગ રે,
ફરી તેહને વાંછે નહિ, હુવે જો પ્રાણ વિયોગ રે.—શી—૧૦
ચારિત્ર કિમ પાલી શકે, જો નવિ જાયે અભિલાષ રે,
સીદાતો સંકલ્પથી, પગ પગ ઈમ જિન ભાખે રે.—શી—૧૧
જો કણ કંચન કામિની, ઈચ્છતા અને ભોગવતા રે,
ત્યાગી ન કહિયે તેહને, જો મનમેં સ્ત્રી ભોગવતા રે,
—શી—૧૨

ભોગ સંયોગ ભલા લહી, પરહરે જેહ નિરીહ રે,
ત્યાગી તેહજ ભાખિયો, તસ પદ નમું નિશ દીહ રે,
—શી—૧૩

એમ ઉપદેશને અંકુશે, મયગલ પરે મુનિરાજો રે,
સંયમ મારગ સ્થિર કર્યો, સાર્યાં વંછિત કાજો રે.—શી—૧૪
એ બીજા અધ્યયનમાં, ગુરૂ હિત શીખ પયાસે રે,
લાભ વિજય કવિ રાયનો, વૃદ્ધિ વિજય એમ ભાસે રે.
—શી—૧૫

# ૮૨– ।। શ્રી. તૃતીયાધ્યયનની સજઝાય ।।

(પંચ મહાવ્રત પાલીયે—એ દેશી)

આધાકર્મી આહાર ન લીજીયે, નિશિ ભોજન નવિ કરીયે,
રાજ પિંડ ને સજ્ઝાંતરનો, પિંડ વલી પરહરિયે કે;
મુનિવર એ મારગ અનુસરીયે, જિમ ભવ જલ નિધિ તરીયે.
।। મુનિ૦ એ૦ ।। ૧ ।।

સાહામો આણ્યો આહાર ન લીજે, નિત્ય પિંડ નવિ આદરીયે;
શી ઈચ્છા એમ પૂછી આપે, તેહ નવિ અંગીકરીયે કે.
।। મુનિ૦ એ૦ ।। ૨ ।।

કંદમૂલ ફલ બીજ પ્રમુખ વલી, લવણાદિક સચિત્ત;
વર્જે તિમ વલી નવિ રાખીજે, તેહ સન્નિધિ નિમિત્ત કે.
।। મુનિ૦ એ૦ ।। ૩ ।।

ઉવટ્ટણ પીઠી પરિહરિયે, સ્નાન કદિ નવિ કરીયે;
ગંધ વિલેપન નવિ આચરીયે, અંગ કુસુમ નવિ ધરીયે કે.
।। મુનિ૦ એ૦ ।। ૪ ।।

ગૃહસ્થનું ભાજન નવિ વાવરીયે, પરહરિયે વલી આભરણ;
છાયા કારણ છત્ર ન ધરિયે, ધરે ન ઉપાનહ ચરણ કે.
।। મુનિ૦ એ૦ ।। ૫ ।।

દાતણ ન કરે દર્પણ ન ધરે, દેખે નવિ નિજ રૂપ;
તેલ ન ચોપડીયે ને કાંકસી ન કીજે, દીજે ન વસ્ત્ર ધૂપ કે.
।। મુનિ૦ એ૦ ।। ૬ ।।

માંચી પલંગ નવિ બેસીજે, કિજે ન વિંજણે વાય;
ગૃહસ્થ ગેહ નવિ બેસીજે, વિણ કારણ સમુદાય કે.
॥ મુનિ૦ એ૦ ॥ ૭ ॥

વમન વિરેચન ચિકિત્સા, અગ્નિ આરંભ નવિ કીજે;
સોગઠાં શેત્રંજ પ્રમુખ જે ક્રીડા, તે પણ સવિ વરજી જે.
॥ મુનિ૦ એ૦ ॥ ૮

પાંચ ઇંદ્રિય નિજ વશ આણી, પંચાશ્રવ પચ્ચક્ખીજે;
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ ધરીને, છક્કાય રક્ષા તે કીજે.
॥ મુનિ૦ એ૦ ॥ ૯ ॥

ઉનાળે આતાપના લીજે, શીયાળે શીત સહીયે;
શાંત દાંત થઈ પરિસહ સહેવા, સ્થિર વરસાલુ રહિયે કે.
॥ મુનિ૦ એ૦ ॥ ૧૦ ॥

ઈમ દુક્કર કરણી બહુ કરતાં, ધરતાં ભાવ ઉદાસી;
કર્મ ખપાવી કેઈ હુઆ, શિવ રમણી શું વિલાસી કે.
॥ મુનિ૦ એ૦ ॥ ૧૧ ॥

દશવૈકાલિક ત્રીજે અધ્યયને, ભાંખ્યો એહ આચાર;
લાભ વિજય ગુરૂ ચરણ પસાયે, વૃદ્ધિ વિજય જયકાર કે.
॥ મુનિ૦ એ૦ ॥ ૧૨ ॥

## ૮૩– ॥ શ્રી ચતુર્થાધ્યયનની સજઝાય ॥

( સુણ સુણ પ્રાણી, વાણી જિનતણી—એ દેશી )

સ્વામી સુધર્મા રે કહે જંબુ પ્રત્યે, સુણ તું ગુણ ખાણી;

સરસ સુધારસ હુતી મીઠડી, વીર જિણેસર વાણી.
॥ સ્વામી ॥ ૧ ॥

સુક્ષ્મ બાદર ત્રસ થાવર વલી, જીવ વિરાહણુ ટાળ;
મન વચ કાયા રે ત્રિવિધે સ્થિર કરી, પહિલું વ્રત સુવિચાર.
॥ સ્વામી૦ ॥ ૨ ॥

ક્રોધ લોભ ભય હાસ્યે કરી, મિથ્યા મ ભાખો રે વયણ;
ત્રિકરણુ શુદ્ધ વ્રત આરાધજે, બીજું દિવસને રયણુ.
॥ સ્વામી૦ ॥ ૩ ॥

ગામ નગર વનમાંહે વિચરંતાં, સચિત્ત અચિત્ત તૃણુ માત્ર;
કાંઈ અદીધાં મત અંગી કરો, ત્રીજું વ્રત ગુણુ પાત્ર.
॥ સ્વામી૦ ॥ ૪ ॥

સુર નર તિર્યંચ યોનિ સંબંધિયાં, મૈથુન કર પરિહાર;
ત્રિવિધે ત્રિવિધે તું નિત્ય પાલજે, ચોથું વ્રત સુખકાર.
॥ સ્વામી૦ ॥ ૫ ॥

ધન કણુ કંચન વસ્તુ પ્રમુખ વલી, સર્વ સચિત્ત અચિત્ત;
પરિગ્રહ મૂર્ચ્છા રે તેહની પરહરી, ધરી વ્રત પંચમ ચિત્ત.
॥ સ્વામી૦ ॥ ૬ ॥

પંચ મહાવ્રત એણી પરે પાળજો, ટાળજો ભોજન રાતિ;
પાપસ્થાનક સઘળાં પરહરી, ધરજો સમતા સવિ ભાંતિ.
॥ સ્વામી૦ ॥ ૭ ॥

પુઢવી પાણી વાયુ વનસ્પતિ, અગ્નિ એ થાવર પંચ;
બિ તિ ચઉ પંચિંદિ જલયર થલયરા, ખયરા ત્રસ એ પંચ.
॥ સ્વામી૦ ॥ ૮ ॥

એ છક્કાયની વારો વિરાધના, જયણા કર સવિ વાણી;
વિણ જયણા રે જીવ વિરાધના, ભાંખે તિહુઅણ ભાણ.
॥ સ્વામી૦ ॥ ૯ ॥

જયણા પૂર્વક બોલતાં બેસતાં, કરતાં આહાર વિહાર;
પાપ કર્મ બંધ કદિયે નવિ હુવે, કહે જિન જગદાધાર.
॥ સ્વામી૦ ॥ ૧૦ ॥

જીવ અજીવ પહેલાં ઓળખી, જિમ જયણા તસ હોય;
જ્ઞાન વિના નવિ જીવ દયા પળે, ટળે નવિ આરંભ કોય.
॥ સ્વામી૦ ॥ ૧૧ ॥

જાણપણાથી સંવર સંપજે, સંવરે કર્મ ખપાય;
કર્મ ક્ષયથી રે કેવળ ઉપજે, કેવલી મુકિત લહેય.
॥ સ્વામી૦ ॥ ૧૨ ॥

દશવૈકાલિક ચઉથાધ્યયનમાં, અર્થ પ્રકાશ્યો રે એહ;
શ્રી ગુરૂ લાભ વિજય પદ સેવતાં, વૃદ્ધિ વિજય લહે તેહ.
॥ સ્વામી૦ ॥ ૧૩ ॥

## ૮૪– ॥ શ્રી પંચમાધ્યયનની સજ્ઝાય ॥

(વીર વખાણી રાણી ચેલણા – એ દેશી)

સુઝતા આહારની ખપ કરો જી, સાધુજી સમય સંભાલ;
સંયમ શુદ્ધ કરવા ભણી જી, એષણા દૂષણ ટાળ.
॥ સુઝતા૦ ॥ ૧ ॥

પ્રથમ સજ્ઝાયે પોરિસી કરી જી, અણુસરી વલી ઉપયોગ,

પાત્ર પડિલેહણ આચરો જી, આદરી ગુરૂ અનુયોગ.
॥ સુઝતા૦ ॥ ૨ ॥

ઠાર ધુઅર વરસાદના જી, જીવ વિરાહણ ટાળ;
પગ પગ ઇર્યા શોધતાં જી, હરિકાયાદિક નાલ.
॥ સુઝતા૦ ॥ ૩ ॥

ગેહ ગણિકા તણાં પરિહરો જી, જિહાં ગયા ચલ ચિત્ત હોય;
હિંસક કુલ પણ તેમ તજો જી, પાપ તિહા પ્રત્યક્ષ જોય.
॥ સુઝતા૦ ॥ ૪ ॥

નિજ હાથે બાર ઉઘાડીને જી, બેસીયે નવિ ઘરમાહિં;
બાલ પશુ ભિક્ષુક પ્રમુખને સંઘટ્ટે, જઇયે નહિં ઘરમાંહિ.
॥ સુઝતા૦ ॥ ૫ ॥

જલ ફુલ જલણ કણ લુણશું જી, ભેટતાં જે દિયે દાન;
તે કલ્પે નહિં સાધુને જી, વરજવું અન્ન ને પાન.
॥ સુઝતા૦ ॥ ૬ ॥

સ્તન અંતરાય બાલક પ્રત્યે જી, કરીને રડતો ઠવેય;
દાન દિયે તે ઉલટ ભરી જી, તો હી પણ સાધુ વરજેય.
॥ સુઝતા૦ ॥ ૭ ॥

ગર્ભવતી વલી જો દીયે જી, તેહ પણ અકલ્પ્ય હોય;
માલ નિસરણી પ્રમુખે ચઢી જી, આણી દીયે કલ્પે ન સો ય.
॥ સુઝતા૦ ॥ ૮ ॥

મૂલ્ય આણ્યું પણ મત લીયો જી, મત લીયો કરી અંતરાય;
વિહરતાં થંભ ખંભાદિકે જી, ન અડો થિર ઠવો પાય.
॥ સુઝતા૦ ॥ ૯ ॥

એણી પરે દોષ સવે છાંડતાં જી, પામીયે આહાર જો શુદ્ધ;
તો લહીયે દેહ ધારણ ભણી જી, અણ લહે તો તપવૃદ્ધિ.
॥ સુઝતા૦ ॥ ૧૦ ॥

વયણ લજજા તૃષા ભક્ષના જી, પરિસહથી સ્થિર ચિત્ત;
ગુરૂ પાસે ઈરિયાવહી પડિક્કમીજી, નિમંત્રી સાધુને નિત્ય.
॥ સુઝતા૦ ॥ ૧૧ ॥

શુદ્ધ એકાંત ઠામે જઇ જી, પડિક્કમી ઇરિયાવહી સાર;
ભોયણ દોષ સવિ છોડીને જી, સ્થિર થઇ કરવો આહાર.
॥ સુઝતા૦ ॥ ૧૨ ॥

દશવૈકાલિકે પાંચમે જી, અધ્યયને કહ્યો એ આચાર;
તે ગુરૂ લાભ વિજય સેવતાં જી, વૃદ્ધિવિજય જયકાર.
॥ સુઝતા૦ ॥ ૧૩ ॥

## ૮૬– ॥ શ્રી ષષ્ટાધ્યયનની સજઝાય ॥

( મમ કરો માયા કાયા કારમી – એ દેશી )

ગણધર સુધર્મ એમ ઉપદિશે, સાંભલો મુનિવર વૃંદ રે;
સ્થાનક અઢાર એ ઓલખો, જેહ છે પાપના કંદ રે.
॥ ગ૦ ॥ ૧ ॥

પ્રથમ હિંસા તિહાં છાંડીયે, જુઠ નવિ ભાંખિયે વયણ રે;
તૃણ પણ અદત્ત નવિ લીજીયે, તજીયે મેહુણ સયણ રે.
॥ ગ૦ ॥ ૨ ॥

પરિગ્રહ મૂચ્છૉ પરિહરો, નવિ કરો ભોયણ રાતિ રે;

છંડો છક્કાય વિરાધના, ભેદ સમજી સહુ ભાંતિ રે.
॥ ગ૦ ॥ ૩ ॥

અકલ્પ્ય આહાર નવિ લીજીયે, ઉપજે દોષ જે માંહિ રે;
ધાતુનાં પાત્ર મત વાવરો, ગૃહી તણાં મુનિવર પ્રાહી રે.
॥ ગ૦ ॥ ૪ ॥

ગાદીયે માંચીયે ન બેસીયે, વારીયે શય્યા પલંગ રે;
રાત રહિયે નવિ તે સ્થલે, જિહાં હોવે નારી પ્રસંગ રે.
॥ ગ૦ ॥ ૫ ॥

સ્નાન મજ્જન નવિ કીજીયે, જિણે હુવે મનતણો ક્ષોભ રે;
તેહ શણગાર વલી પરિહરો, દંત નખ કેશતણી શોભ રે.
॥ ગ૦ ॥ ૬ ॥

છટ્ઠે અધ્યયને એમ પ્રકાશીયો, દશવૈકાલિક એહ રે;
લાભ વિજય ગુરૂ સેવતાં, વૃધ્ધિ વિજય લહ્યો તેહ રે.
॥ ગ૦ ॥ ૭ ॥

## ૮૬– ॥ શ્રી સપ્તમાધ્યયનની સજઝાય ॥

( કપુર હુવે અતિ ઉજલો રે—એ દેશી )

સાચું વયણ જે ભાખીયે રે, સાચી ભાષા તેહ;
સચ્ચા મોસા તે કહિયે રે, સાચું મૃષા હોય જેહ રે,
સાધુજી કરજો ભાષા શુદ્ધિ, કરી નિર્મળ નિજ બુદ્ધિ રે.
॥ સાધુજી ॥ ૧ ॥

કેવલ જુઠ જીહાં હોવે રે, તેહ અસચ્ચા જાણ;

સાચું નહિં જુઠું નહિં રે, અસત્યા અમૃષા ઠાણ રે.
॥ સાધુજી૦ ॥ ૨ ॥

એ ચારે માંહે કહી રે, પહેલી ભાષા હોય;
સંયમ ધારી બોલવી રે, વચન વિચારી જોય રે.
॥ સાધુજી૦ ॥ ૩ ॥

કઠીન વયણ નવિ ભાંખીયે રે, તું કારો કાર;
કોઈના મર્મ ન બોલિયે રે, સાચા પણ નિર્ધાર રે.
॥ સાધુજી૦ ॥ ૪ ॥

ચોરને ચોર ન ભાંખીયે રે, કાણાને ન કહે કાણ;
કહીયે ન અંધો અંધને રે, સાચું કઠીન એ જાણ રે.
॥ સાધુજી૦ ॥ ૫ ॥

જેહથી અનરથ ઉપજે રે, પરને પીડા થાય;
સાચું વયણ જે ભાંખતાં રે, લાભથી ત્રોટો જાય રે.
॥ સાધુસ૦ ॥ ૬ ॥

ધર્મ સહિત હિત કારીયા રે, ગર્વ રહિત સમતોલ;
થોડલા તે પણ મીઠડા રે, બોલ વિચારી બોલ રે.
॥ સાધુજી૦ ॥ ૭ ॥

એમ સવિ ગુણ અંગીકરી રે, પરિહરી દોષ અ-શેષ;
બોલતાં સાધુને હુવે નહિં રે, કર્મનો બંધ લવ લેશ રે.
॥ સાધુજી૦ ॥ ૮ ॥

દશવૈકાલિક સાતમે રે, અધ્યયને એ વિચાર;
લાભ વિજય ગુરુથી લહે રે, વૃદ્ધિ વિજય જયકાર રે.
॥ સાધુજી૦ ॥ ૯ ॥

## ૮૭– ॥ શ્રી અષ્ટમાધ્યયનની સજઝાય ॥

(રામ સીતાને ધીરજ કરાવે–એ–દેશી.)

કહે શ્રી ગુરુ સાંભલો ચેલા રે, આચારજ એ પુણ્યના વેલા રે;
છક્કાય વિરાહણ ટાળો રે, ચિત્ત ચોખે ચારિત્ર પાલો રે.
॥ ૧ ॥

પુઢવી પાષાણ ન ભેદો રે, ફલ ફુલ પત્રાદિ ન છેદો રે,
બીજ કુંપલ વન મત ફરજો રે, જીવ વિરાધનથી ડરજો રે,
॥ ૨ ॥

વલી અગ્નિ ન ભેટશો ભાઇરે, પીજો પાણી ઉનું સદાઇ રે;
મત વાવરો કાચું પાણી રે, એહવી છે શ્રી વીરની વાણી રે.
॥ ૩ ॥

હિમ ધુઅર વડ ઉંબરાં રે, ફલ કુંથુઆ કીડી નગરાં રે;
નીલ ફુલ હરી અંકુરારે, ઈંડાલ એ આઠે પુરારે.
॥ ૪ ॥

સ્નેહાદિક ભેદે જાણી રે, મત હણજો સુક્ષ્મ પ્રાણી રે,
પડિલેહી સવિ વાવરજો રે, ઉપકરણે પ્રમાદન કરજો રે.
॥ ૫ ॥

જયણાએ ડગલાં ભરજો રે, વાટે ચાલતાં વાત મ કરજો રે;
મત જયોતિષ નિમિત્ત પ્રકાશો રે, નિરખો મત નાચ
તમાસો રે. ॥ ૬ ॥

દીઠું અણ દીઠુ કરજો રે, પાપ વ્યસન ન શ્રવણે ધરજો રે;
અણ સૂજતો આહાર તજજો રે, રાતે સાન્નિધ્ય સવિ વરજો રે.
॥ ૭ ॥

બાવીસ પરિસહ સહજો રે, દેહ દુઃખે ફલ સદ્દહજો રે;
અણ પામે કાર્પણ્ય મ કરજો રે; તપ શ્રુતનો મદ નવિ
ધરજો રે. ॥ ૮ ॥

સ્તુતિ ગતિ સમતા ગ્રહજો રે, દેશકાલ જોઈને રહેજો રે;
ગૃહસ્થ શું જાતિ સગાઈ રે, મત કાઢજો મુનિવર કાંઈ રે.
॥ ૯ ॥

ન રમાડો ગૃહસ્થનાં બાલ રે, કરો ક્રિયાની સંભાલ રે;
યંત્ર મંત્ર ઔષધનો ભામો રે, મત કરજો કુગતિ કામો રે.
॥ ૧૦ ॥

ક્રોધે પ્રીતિ પૂર વલી જાય રે, વલી માને વિનય પલાય રે;
માયા પિત્રાઈ નસાડે રે, સવિ ગુણ તે લોભ નસાડે રે.
॥ ૧૧ ॥

તે માટે કષાય એ ચાર રે, અનુક્રમ દમજો અણગાર રે;
ઉપશમશું કેવલ ભાવે રે, સરલાઈ સંતોષ સભાવે રે.
॥ ૧૨ ॥

બ્રહ્મચારીને જાણજો નારી રે, જેસી પોપટને માંજારી રે;
તેણે પરિહરો તસ પ્રસંગ રે, નવ વાડ ધરો વલી ચંગ રે.
॥ ૧૩ ॥

રસ લોલુપ થઈ મત પોષો રે, નિજ કાય તપ કરીને શોષો રે;
જાણો અથિર પુદ્ગલ પિંડ રે, વ્રત પાલજો પંચ અખંડ રે. ॥ ૧૪ ॥

કહિયું દશવૈકાલિકે એમ રે, અધ્યયન આઠમે તેમ રે;
ગુરૂ લાભ વિજયથી જાણી રે, બુદ્ધ વૃદ્ધિ વિજય મન આણી રે. ॥ ૧૫ ॥

## ૮૮–॥ શ્રી નવમાધ્યયનની સજઝાય ॥

(શેત્રુંજે જઈયે લાલન, શેત્રુંજે જઈયે—એ દેશી)

વિનય કરજો ચેલા વિનય કરજો, શ્રી ગુરૂ આણા શીશ ધરજો; ચેલા૦ શી૦
ક્રોધી માની ને પરમાદી, વિનય ન શીખે વલી વિષ વાદી. ॥ ચેલા૦ ॥ ૧ ॥

વિનય રહિત આશાતના કરતાં, બહુ ભવ ભટકે દુર્ગતિ ફરતાં;
અગ્નિ સર્પ વિષ જિમ નવિ મારે, ગુરૂ આજ્ઞા પણ તેથી અધિક પ્રકારે. ॥ ચેલા૦ ॥ ૨ ॥

અવિનયે દુખિયો બહુલ સંસારી, અવિનયી મુક્તિનો નહિં અધિકારી;
કોહયા કાનની કુતરી જેમ, હાંકી કાઢે અવિનયી તેમ. ॥ ચેલા૦ ॥ ૩ ॥

વિનય વ્રત તપ વલી આચાર, કહિયે સમાધિનાં ઠામ એ ચાર;

વલી ચારે ચાર ભેદ એકેક, સમજો ગુરૂ મુખથી સવિવેક.
॥ ચેલા૦ ॥ ૪ ॥

તે ચારેમાં વિનય છે પહેલો, ધર્મ વિનય વિણ ભાંખે તે ઘેલો;
મૂલ થકી જેમ શાખા કહીયે, ધર્મ ક્રિયા તિમ વિનયથી લહીયે. ॥ચેલા૦ ॥ ૫ ॥

ગુરૂ માન વિનયથી લહેશો સાર, જ્ઞાન ક્રિયા તપ જે આચાર;
ગરથ પખે જિમ ન હોયે હાટ, વિણ ગુરૂ વિનય તેમ ધર્મની વાટ. ॥ ચેલા૦ ॥ ૬ ॥

ગુરૂ નાનો ગુરૂ મહોટો કહીએ, રાજા પરે તસ આણા વહિયે;
અલ્પ શ્રુત પણ બહુ શ્રુત જાણો, શાસ્ત્ર સિદ્ધાંતે તેહ મનાણો. ॥ ચેલા૦ ॥ ૭ ॥

જેમ શશી ગ્રહગણે વિરાજે, મુનિ પરિવારમાં તેમ ગુરૂ ગાજે;
ગુરૂથી અલગા મત રહો ભાઇ, ગુરૂ સેવ્યે લહેશો ગૌરવાઇ.
॥ ચેલા૦ ॥ ૮ ॥

ગુરૂ વિનયે ગીતારથ થાશો, વંછિત સવિ સુખ લક્ષ્મી કમાશો;
શાંત દાંત વિનયી લજ્જાલુ, તપ જપ ક્રિયાવંત દયાળુ.
॥ ચેલા૦ ॥ ૯ ॥

ગુરૂકુલ વાસી વસતો શિષ્ય, પૂજનીય હોયે વિસવા વીશ;
દશવૈકાલિક નવમે અધ્યયને, અર્થ એ ભાખ્યો કેવલી વયણે,
ઇણિપરે લાભ વિજય ગુરૂ સેવી, વૃદ્ધિ વિજય સ્થિર લખમી
॥ લહેવી. ॥ ચેલા૦ ॥ ૧૦ ॥

## ૮૯—॥ શ્રી દશમાધ્યયનની સજઝાય ॥

(તે તરીયા ભાઈ તે તરીયા—એ દેશી.)

તે મુનિ વંદો તે મુનિ વંદો, ઉપશમ રસનો કંદો રે;
નિર્મળ જ્ઞાન ક્રિયાનો ચંદો, તપ તેજે જે હવો દિણંદો. રે
॥ તે મુનિ૦ ॥ ૧ ॥

પંચાશ્રવનો કરી પરિહાર, પંચમહાવ્રત ધારો રે;
ષટ જીવ તણો આધાર, કરતા ઉગ્ર વિહારો રે. ॥ તે મુનિ૦
॥ ૨ ॥

પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મ સ્થાન નિરાબાધ રે;
પંચમ ગતિનો મારગ સાધે, શુભ ગુણતો ઈમ વાધે રે.
॥ તે મુનિ૦ ॥ ૩ ॥

ક્રય વિક્રય ન કરે વ્યાપાર, નિર્મળ નિરહંકાર રે;
ચારિત્ર પાલે નિરતિચારે, ચાલંતો ખડ્ગની ધાર રે.
॥ તે મુનિ૦ ॥ ૪ ॥

ભોગને રોગ કરી જે જાણે, આપે પુણ્ય વખાણો રે;
તપ વ્રતનો મદ નવિ આણે, ગોપવી અંગે ઠેકાણે રે.
॥ તે મુનિ૦ ॥ ૫ ॥

છાંડી ધન કણ કંચન ગેહ, થઇ નિઃસ્નેહી નિરીહ રે;
ખેહ સમાણી જાણી દેહ, નવિ પોસે પાપ જેહ રે.
॥ તે મુનિ૦ ॥ ૬ ॥

દોષ રહિત આહાર જે પામે, જે લુખે પરિણામે રે;

લેતો દેહનું સુખ નવિ કામે, જાગતો આઠેઈ જામે રે.
॥ તે મુનિ૦ ॥ ૭ ॥

રસના રસ રસીયો નવિ થાયે, નિર્લોભી નિર્માય રે;
સહે પરિષહ સ્થિર કરી કાયા, અવિચલ જિમ ગિરિરાય રે.
॥ તે મુનિ૦ ॥ ૮ ॥

રાતે કાઉસગ્ગ કરી શ્મશાને, જો તિહાં પરિષહ જાણે રે;
તો નવિ ચુકે તેહવે ટાણે, ભય મનમાં નવિ આણે રે.
॥ તે મુનિ૦ ॥ ૯ ॥

કોઈ ઉપર ન ધરે ક્રોધ, દિયે સહુને પ્રતિબોધ રે;
કર્મ આઠ ઝીંપવા જોધ, કરતો સંયમ શોધ રે.
॥ તે મુનિ૦ ॥ ૧૦ ॥

દશવૈકાલિક દશમાધ્યયને, એમ ભાખ્યો આચાર રે;
છે ગુરૂ લાભ વિજયથી પામે, વૃદ્ધિ વિજય જયકાર રે.
॥ તે મુનિ૦ ॥ ૧૧ ॥

## ૯૦– ॥ શ્રી એકાદશાધ્યયનની સજઝાય ॥

( નમો રે નમો શ્રી શત્રુંજય ગિરિવર—એ-દેશી )

સાધુજી સંયમ સુધો પાલો, વ્રત દૂષણ સવિ ટાલો રે;
દશવૈકાલિક સૂત્ર સંભાલો, મુનિ મારગ અજુઆલો રે.
॥ સાધુજી૦ ॥ ૧ ॥

રોગાંતિક પરિસહ સંકટ, પરસંગે પણ ધાર રે;

ચારિત્રથી મત ચૂકો પ્રાણી, ઇમ ભાંખે જિનસાર રે.
॥ સાધુજી૦ ॥ ૨ ॥

ભ્રષ્ટાચારી મુંડો કહાવે, ઈહ ભવ પર ભવ હારે રે;
નરક નિગોદ તણાં દુઃખ પામે, ભમતો બહુ સંસાર રે.
॥ સાધુજી૦ ॥ ૩ ॥

ચિત્ત ચોખે ચારિત્ર આરાધે, ઉપશમ નિર અગાધ રે;
ઝીલે સુંદર સમતા દરિયે, તે સુખ સંપત્તિ સાધે રે.
॥ સાધુજી૦ ॥ ૪ ॥

કામધેનુ ચિંતામણિ સરિખું, ચારિત્ર ચિત્તમે આણો રે;
ઈહ ભવ પર ભવ સુખ દાયક એ સમ, અવર ન કાંઈ જાણો રે.
॥ સાધુજી૦ ॥ ૫ ॥

સિજજંભવ સૂરિયે રચિયાં, દશ અધ્યયન રસાલાં રે;
મનક પુત્ર હેતે તે ભણતાં, લહીયે મંગલ માલા રે.
॥ સાધુજી૦ ॥ ૬ ॥

શ્રી વિજય પ્રભ સૂરિને રાજ્યે, બુધ લાભ વિજયને શિષ્યે રે;
વૃદ્ધ વિજય વિબુધ આચાર એ, ગાયો સકલ જગીશ રે.
॥ સાધુજી૦ ॥ ૭ ॥

॥ ઇતિ દશવૈકાલિક સજઝાય સંપૂર્ણ ॥

★

# ૯૧– ॥ શ્રી ઈલાચી પુત્રની સજઝાય ॥

નામ ઇલાચી પુત્ર જાણીએ, ધનદત્ત શેઠનો પુત્ર;
નટડી દેખી રે મોહી રહ્યો, નવિ રાખ્યું ઘર સુત્ર;
કર્મ ન છુટે રે પ્રાણીયા, પૂરવ સ્નેહ વિકાર;
નિજકુલ છંડી રે નટ થયો, નાવી શરમ લગાર.
॥ કર્મ. ૧ ॥

માત પિતા કહે પુત્રને, નટ નવિ થઇયે રે જાત;
પુત્ર પરણાવું રે પદ્મણી, સુખ વિલસો તે સંઘાત.
॥ કર્મ. ૨ ॥

કહેણ ન માન્યું રે તાતનું, પૂરવ કર્મ વિશેષ;
નટ થઇ શીખ્યો રે નાચવા, ન મટે લખ્યા રે લેખ.
॥ કર્મ. ૩ ॥

એક પુર આવ્યો રે નાચવા, ઊંચો વાંસ વિશેષ;
તિહાં રાય જોવાને આવીયા, મલીયા લોક અનેક.
॥ કર્મ. ૪ ॥

ઢોલ બજાવે રે નટડી, ગાવે કિન્નર સાદ;
પાય તલે ઘુઘરા રે ઘમ ઘમે, ગાજે અંબર નાદ.
॥ કર્મ. ૫ ॥

દોય પગ પહેરી રે પાવડી, વાંસ ચઢયો ગજ ગેલ;
નોધારો થઈ નાચતો, ખેલે નવ નવા ખેલ.
॥ કર્મ. ૬ ॥

નટડી રંભા રે સારિખી, નયણે દેખે રે જામ;
જો અંતે ઉરમાં એ રહે, જન્મ સફળ મુજ તામ.
॥ કર્મ. ૭ ॥

તવ તિહાં ચિંતે રે ભૂપતિ, લુબ્ધો નટડીની સાથ;
જો નટ પડે રે નાચતો, તો નટડી કરૂં મુજ હાથ.
॥ કર્મ. ૮ ॥

કર્મ વશે રે હું નટ થયો, નાચું છું નિરધાર;
મન નવિ માને રે રાયનું, તો કોણ કરવો વિચાર.
॥ કર્મ. ૯

દાન ન આપે રે ભૂપતિ, નટે જાણી તેહ વાત;
હું ધન વાંછુ રે રાયનું, રાય વાંછે મુજ ઘાત.
॥ કર્મ. ૧૦ ॥

દાન લહું જો હું રાયનું, તો મુજ જીવિત સાર;
એમ મન માંહે રે ચિંતવી, ચઢીઓ ચોથી રે વાર.
॥ કર્મ. ૧૧ ॥

થાલ ભરી શુદ્ધ મોદકે, પદ્મિણી ઉભેલાં બાર;
લ્યો લ્યો કેતાં લેતા નથી, ધન ધન મુનિ અવતાર.
॥ કર્મ. ૧૨

એમ તિહાં મુનિવર વહોરતા, નટે પેખ્યા મહા ભાગ્ય;
ધિક્ ધિક્ વિષયા રે જીવને, એમ નટ પામ્યો વૈરાગ્ય.
॥ કર્મ. ૧૩

સંવર ભાવે રે કેવળી, થયો મુનિ કર્મ ખપાય;
કેવલ મહિમા રે સુર કરે, લબ્ધિ વિજય ગુણ ગાય.
॥ કર્મ. ૧૪

## ૯૨–॥ શ્રી દ્રૌપદીની સજઝાય ॥

કૃષ્ણજી તમને કહું કર જોડ કે, સુણો પ્રભુ વિનતિ રે લોલ;
પ્રભુજી નહીં કાંઈ માહરો દોષ કે, નઠોર થયા મુજ પતિરે
લોલ. ॥ ૧ ॥

પ્રભુજી તમને એવડી રીશ કે, કરવી કેમ ઘટે રે લોલ;
પ્રભુજી લખીઆ છઠ્ઠીના લેખ કે, મટાડયા નવિ મટે રે લોલ.
॥ ૨ ॥

પ્રભુજી દોષ નહી તમારો કાંઈ કે, કિરતાર મને એક ગમેરે લોલ;
પ્રભુજી છોરૂ કછોરૂ થાય કે, માવતર તો એ ખમે રે લોલ.
॥ ૩ ॥

બાંધવ તુજથી મોટી લાજ કે, કાજ વિચારીએ રે લોલ;
પ્રભુજી વિનવું ગોદ બિછાવી કે, રોષ નિવારીએ રે લોલ.
॥ ૪ ॥

પ્રભુજી તુમે મોટા મહારાજ કે, મનમાં જાણીએ રે લોલ.
પ્રભુજી પોતાનો પરિવાર કે, દિલમાં આણીએ રે લોલ.
॥ ૫ ॥

પ્રભુજી મોટા હોય દાતાર કે, બોલે મુખે મીઠડું રે લોલ;
પ્રભુજી મોટા ન મુકે આળ કે, કરે અણ દીઠડું રે લોલ.
॥ ૬ ॥

દ્રૌપદી તાહરા પતિના બોલ કે, ક્ષણુ ક્ષણુ સાંભરે રે લોલ;
દ્રૌપદી એણે જે કીધા કામ કે, વૈરી પણ નવિ કરે રે લોલ.
॥ ૭ ॥

એહને બળ દેખાડું આજ કે, મનમાં રીશ ધરે રે લોલ;
સુણી રાણી મનમાં વિલખાણી કે, આંખે આંસુ ઢળે રે લોલ.
॥ ૮ ॥

ભાઈ એવડો ન કરો રોષ કે, ઉભી એમ ટળ વળે રે લોલ;
પ્રભુ કોઇ કુન્તાની લાજ કે, દિલમાં આણજો રે લોલ.
॥ ૯ ॥

પ્રભુજી પાંડુરાય નિહાળી કે, મનમાં જાણજો રે લોલ;
પ્રભુજી ગૌબ્રાહ્મણ પ્રતિપાળ કે, સૌ તમને કહે રે લોલ.
॥ ૧૦ ॥

પ્રભુજી તુમ ચરણે જે આવે કે, સૌ નર વીર બને રે લોલ;
પ્રભુજી કઠોર થયા તુમે આજ કે, કિમ હોંશ હવે સરે રે લોલ.
॥ ૧૧ ॥

પ્રભુજી કઠીણ કર્મની વાત કે, વાંક કોઇનો નહિ રે લોલ;
પ્રભુજી માણસ હોંશે એહ કે, વાદી ઘણા થશે રે લોલ.
॥ ૧૨ ॥

પ્રભુજી બ્રહ્માની લાજ કે, રાખો હેત ધરી રે લોલ;
પ્રભુજી કરણી તણા ફળ એહ કે, તમારી બેનડી રે લોલ.
॥ ૧૩ ॥

પ્રભુજી પૂર્વ ભવના પાપ કે, તાસ વેળા પડી રે લોલ.
પ્રભુજી એવડી તમારી ભીતી કે, હવે હું કેમ સહું રે લોલ.
॥ ૧૪ ॥

પ્રભુજી હૈયે વાત એવી ન રાખો કે, ઝાઝું શું કહું રે લોલ;
પ્રભુજી રાખો માહરી લાજ કે, છોરૂ કરી છોડવા રે લોલ.
॥ ૧૫ ॥

પ્રભુજી મૂકો મનની રીશ કે, વ્હેલો રથ જોડવા રે લોલ;
પ્રભુજી એવા વચન સુણી જદુરાય કે, મનમાં વિચારજો રે
લોલ. ॥ ૧૬

પ્રભુજી મનમાં શખો એહવી ધીર કે, એમ મન વાળજો રે લોલ;
પ્રભુજી કેશવે ઉપાડી લોહનો દંડ કે, કોપ કરી તિહાં રે લોલ.
॥ ૧૭ ॥

પાંચે રથને કર્યો ચકચૂર કે, પાંડવ ઉભા રહ્યા રે લોલ;
ભાખે રોષ ધરી હરિ રાય કે, આણા મારી વહે રે લોલ.
॥ ૧૮ ॥

પાંડવ સુણો તમારો પરિવાર કે, રહેવા નહી દીયે રે લોલ.
રહેજો દૃષ્ટિ થકી તુમે દૂર કે, પાસે મત આવજો રે લોલ.
॥ ૧૯ ॥

પ્રભુજી મન તૂટ્યું ન સંધાય કે, સહી એમ જાણજો રે લોલ.
પ્રભુજી મર્દનને કામ કે, કોટ વસાવીયે રે લોલ. ॥ ૨૦ ॥

પ્રભુજી સૈન્ય સકલ તેણી વાર કે, સન્મુખ આવજો રે લોલ.

પ્રભુજી દ્વારાપુરી ચાલ્યા સહુ સાથ કે, પહોંચ્યા તે સહી રે
લોલ. ॥ ૨૧ ॥

પ્રભુજી એકસો પચાસમી ઢાળ કે, ગુણ ભરી કહી રે લોલ.
પ્રભુજી નય વિજય તણો એ શીખ કે, ભવિજન ધારજો રે
લોલ. ॥ ૨૨ ॥

એવા ગુણી તણા જે ગુણો રે, દિલમાં આવજો રે લોલ.

## ૯૩– ॥ શ્રી ધર્મના ચાર પ્રકારની સજઝાય ॥

શ્રી મહાવીરે ભાખીયા, સખી ધર્મના ચાર પ્રકાર રે;
દાન શિયલ તપ ભાવના, સખી પંચમ ગતિ દાતાર રે.
॥ શ્રી ॥ ૧

દાને દોલત પામીયે, સખી દાને ક્રોડ કલ્યાણો રે;
દાન સુપાત્ર પ્રભાવથી, સખી કયવન્નો શાલિભદ્ર જાણો રે.
॥ શ્રી. ૨

શિયલે સંકટ સવિ ટળે, સખી શિયલે વંછિત સિદ્ધ રે;
શિયલે સુર સેવા કરે, સખી સોળ સતી પર સિદ્ધ રે.
॥ શ્રી. ૩ ॥

તપ તપો ભવિ ભાવશું. તપે નિર્મળ તન્ન રે;
વર્ષોપવાસી ઋષભજી, સખી ધન્નાદિક ધન્ન ધન્ય રે.
॥ શ્રી. ૪

ભરતાદિક શુભ ભાવથી, સખી પામ્યા પંચમ ઠામ રે;
ઉદય રત્ન મુનિ તેહને, સખી નિત્ય કરે પ્રણામ રે.
॥ શ્રી ૫ ॥

## ૯૪– ।। શ્રી કોણિક પુત્રની સજઝાય ।।

( અણુસણ ખામણા કરે મુનિવર એ – દેશી )

કીયારે ભવનું પુત્ર તેં વેર, આ તે કેવું વાળ્યું;
તારા પિતાને પિંજરમાં નાંખીને, પેટજ મારૂં બાળ્યું રે
પુત્ર. ।। કીયારે ભવનું ।। ૧ ।।

આવું બુરૂ કામ કરતાં પાપી, તુજને લાજ ન આવી;
બુદ્ધિને તેં કુબુદ્ધિ ઉપજાવી, રાજ્યના લોભે લલચાઇ રે
પુત્ર. ।। કીયારે ભવનું ।। ૨ ।।

ગર્ભમાં આવતાં તુજ માતાને, ઇચ્છા થઇ તે કેવી;
તારા પિતાનું માંસ જ માગ્યું, થઇ તુજ બુદ્ધિ એવી રે
પુત્ર. ।। કીયારે ભવનું ।। ૩ ।।

પાપિષ્ટ સુત તારો જન્મજ થાતા, રીસ ચઢેલી મારી;
ઉકરડામાં તુજને મેં નાંખ્યો. દુષ્ટ પુત્ર તું છે ધારી રે પુત્ર.
।। કીયારે ભવનું ।। ૪ ।।

શ્રેણિક રાજાએ વાત જાણીને, તેમણે તુજને મંગાવ્યો;
કુ-જાત એવો પુત્ર તું મારો, પ્રેમે તને હુલરાવ્યો રે પુત્ર.
।। કીયારે ભવનું ।। ૫ ।।

કરૂણા આવી તારી ઉપર, તેને માને તું ઉંધું;
ફીટકાર છે પાપી પુત્ર તું મારો, કુલને કલંક તેં દીધું રે
પુત્ર. ।। કીયારે ભવનું ।। ૬ ।।

કુપુત્ર જાણી કોપથી મેં તો, ઉકરડે નાખી દીધો;
તો પણ તારા પિતાએ રાખી, પ્રેમથી મોટો કીધો રે પુત્ર.
॥ કીયારે ભવનું ॥ ૭ ॥

હર્ષ ધરે તું માહરી પાસે, તાતને પિંજર નાંખી;
લાજી મરૂં છું હવે હું તારાથી, વાત સુણી તારી
આખી રે પુત્ર. ॥ કીયારે ભવનું ॥ ૮ ॥

તને પિતા પર પ્રેમ ન આવ્યો, રાજ્ય લેવા તું ધાયો;
સ્વાર્થ થકી તું જગમાં મહા પાપી, અપયશ અધિકો
પાયો રે પુત્ર. ॥ કીયારે ભવનું ॥ ૯ ॥

દુષ્ટ દુર્મુખ જા તુંજ અહીંથી, તારૂં મુખ શું બતાવે;
અપકીર્તિ ફેલાયે તારી, મુજને દુઃખજ થાયે રે પુત્ર.
॥ કીયારે ભવનું ॥ ૧૦ ॥

અપ્રિય વાચા સુણીને માતાની, કોણિક ત્યાંથી જાયે;
બંધનથી મુકત કરવા પિતાને, પાંજરામાંથી છોડાવે રે પુત્ર.
॥ કીયારે ભવનું ॥ ૧૧ ॥

પાસે આવતો પુત્ર દેખીને, શ્રેણીક મનમાં ડરીયો;
તાલકૂટ મુદ્રિકા મુખથી ચૂસીને, રાજાએ કાળ ત્યાં કરીઓ રે
પુત્ર. ॥ કીયારે ભવનું ॥ ૧૨ ॥

મોહ ભરી આ દુનિયામાંહી, કોઈ કોઈનું નવિ હોય;
ઉદય રત્ન કહે સુણો ભવિ પ્રાણી, શાશ્વતા સુખને
જુઓ રે પુત્ર. ॥ કીયારે ભવનું ॥ ૧૩ ॥

## ૯૫—॥ શ્રી નેમ રાજુલની સજ્ઝાય ॥

(નદી યમુના કે તીર ઉડે દોય પંખીયાં – એ રાગ)

પિયુજી પિયુજી રે નામ જપું દિન રાતીયાં, પિયુજી ચાલ્યા,
પરદેશ તપે મોરી છાતીયાં;
પગ પગ જોતી વાટ વાલેસર કબ મિલે, નીર વિછોયાં
મીન કે તે જયું ટળ વળે. ॥ ૧ ॥

સુંદર મંદિર સેજ સાહિબ વિણ નવિ ગમે, જિહાં રે
વાલેસર નેમ તિહાં મારૂં મન ભમે;
જો હોવે સજ્જન દૂર તોહી પાસે વસે, કિહાં પંકજ
કિહાં ચંદ દેખી મન ઉલ્લસે. ॥ ૨ ॥

નિઃસ્નેહી શું પ્રીત મ કરજો કો સહી, પતંગ જલાવે દેહ
દીપક મનમેં નહીં;
વહાલા માણસનો વિયોગ ન હોજો કેહને, સાલે રે સાલ
સમાન હૈયામાં તેહને. ॥ ૩ ॥

વિરહ વ્યથાની પીડ યૌવન વયે અતિ દહે, જેનો પિયુ
પરદેશ તે માણસ દુઃખ સહે;
ઝુરી ઝુરી પંજર કીધ કાયા કમલ જિસી, હજીઅ જુએ ન
નયણે હસી. ॥ ૪ ॥

જેહને જેહશું રાગ ટાલ્યો તે તો નવિ ટલે, ચકવી
રયણી વિજોગ તે તો દિવસે મલે;
આંબા કેરો સ્વાદ લીંબુ તે તો નવિ કરે, જે નાહ્યા
ગંગા નીર તે છિલ્લર જલ કિમ તરે. ॥ ૫ ॥

જે રમ્યા માલતી ફુલ તે ધંતુરે કિમ રમે, જેહને ઘૃત
શું પ્રેમ તે તેલે કિમ જમે;
જેહને ચતુરશું નેહ તે અવરને શું કરે, નવ યૌવના
તજી નેમ વૈરાગી થઇને ફરે. ॥ ૬ ॥
રાજુલ રૂપ નિધાન પહોંતી સહસાવને, જઇ વાંદ્યા પ્રભુ
નેમ સંજમ લેઇ એક મને;
પામ્યા કેવલજ્ઞાન પહોંતી મનની રલી, રૂપ વિજય પ્રભુ
નેમ ભેટે આશા ફલી. ॥ ૭ ॥

## ૯૬– ॥ શ્રી ભાવ વિષે સજઝાય ॥

( ધન્ય ધન્ય તે દિન માહરો – એ રાગ )

રે ભવિ ભાવ હૃદયે ધરો, જે છે ધર્મનો ધોરી;
એકલ મલ્લ અખંડ જે, કાપે કર્મની દોરી. ॥ રે ભવિ ॥ ૧ ॥
દાન શિયલ તપ ત્રણ એ, પાતક મળ ધોવે;
ભાવ જો ચોથો નવિ મળે, તો તે નિષ્ફળ હોવે.
॥ રે ભવિ ॥ ૨ ॥
વેદ પુરાણ સિદ્ધાંતમાં, ષટ્ દર્શન ભાંખે,
ભાવ વિના ભવ સંતતિ, પડતાં કોણ રાખે.
॥ રે ભવિ ॥ ૩ ॥
તારક રૂપ એ વિશ્વમાં, ઝંપે જગ ભાણ;
ભરતાદિક શુભ ભાવથી, પામ્યા પદ નિર્વાણ.
॥ રે ભવિ ॥ ૪ ॥
ઔષધ આય ઉપાય જે, યંત્ર મંત્રને મૂળી;

ભાવે સિદ્ધ હોવે સદા, ભાવ વિણુ સહુ ધૂળી.
॥ રે ભવિ ॥ ૫ ॥
ઉદય રત્ન કહે ભાવથી, કોણુ કોણુ નર તરીયા;
શોધી જોજો સૂત્રમાં, સજજન ગુણુ દરીયા.
॥ રે ભવિ ॥ ૬ ॥

## ૯૭– ॥ શ્રી આત્મિક સજઝાય ॥

ચેતન ચેતન પ્રાણીયા રે, સુણુ સુણુ મોરી વાત;
ધરમ વિહુણી જે ઘડી, નિશ્ચે નિષ્ફલ જાત.
સુગુણુ નર જિન ધર્મ કર લ્યે. ॥ ૧ ॥
અવસરે સહુ સોહામણો રે, અવસર ચૂકો જેહ;
તેહ અવસર આવે નહીં રે, જયોતિ રતિ ચૂકો મેહ.
॥ સુ ॥ ૨ ॥
બાલપણે જાણ્યો નહીં રે, ધર્મ અધર્મ પ્રકાર;
જિમ મદ્યપાન જીવને, નહી તે તત્ત્વ વિચાર.
॥ સુ ॥ ૩ ॥
બાલપણુ એળે ગયો રે, જોવન વે જબ આય;
રંગે રાતો રમણીસું, તવ તે ધરમ ન સુહાય.
॥ સુ ॥ ૪ ॥
સુખ ભોગવી સંસારના રે, પછે ધર્મ કરેશ;
ઈમ ચિંતવતાં આવીયો, બુઢાપણુ રો વેશ. ॥ સુ ॥ ૫ ॥
દાંત પડયા મુખ મોકલા રે, ટપ ટપ ચુવે લાળ;
માથો સબ ધોલો ભયો, ઉંડા પેઠા ગાલ. ॥ સુ ॥ ૬ ॥
અવસર પામી કીજીયે રે, સુંદર ધર્મ રસાલ;
સુગુણ સોભાગી સાંભલો, સાજે બાંધો પાલ. ॥ સુ ॥ ૭ ॥

સ્વારથીયો સહુકો મિલ્યો રે, સગો ન કીસકો કોય;
સ્વારથ વિણુ વેડે સહુ, સુત પણુ વેરી હોય. ।। સુ ।। ૮ ।।
આથિ અથિર જિનવરે કહી રે, સુણુ સુણુ મોરી શિખ,
જે શિર છત્ર ધરાવતા, તે ફરી માંગે ભીખ. ।। સુ ।। ૯ ।।
ક્રોધ માન મદ પરિહરો રે, પરહરીઈ પરમાદ;
પાંચે ઈંદ્રિ વશ કરો રે, જિમ ફલે જસ નાદ.
।। સુ ।। ૧૦ ।।
માનવ ભવ દોહિલો લહ્યો રે, નિત્ય નિત્ય કીજે ધરમ;
શ્રી પૂજય કેશવ ઈમ ભણે, ધરમ તણો એ મરમ.
।। સુ ।। ૧૧ ।।

★

## ।। ધર્મપિતા શ્રી. તીર્થંકરદેવ ઉપર ધર્મ પુત્રીનો પત્ર. ।।

।। વ્હાલા ધર્મપિતા !

આપનાથી વિખુટા પડયાને અહો હો ! કેટલાય જન્મ–જન્માન્તર વીતી ગયા. આપ તો મને સાવ વીસરી જ ગયા લાગો છો. મને સાસરે વળાવ્યા પછી આપશ્રીએ તો આજ સુધી કોઈદી મારી ખબર પણુ કઢાવી નથી !

શું હું આપની પુત્રી નથી ? આપના ખોળા ખૂંદીને મોટી થયેલી હું છું. વહાલ ભરેલા આપના હૈયાની કોમળ, મધુર લાગણીઓ મારા હૈયાના ખૂણે હજી પણ અણુવિસરાયેલી પડી છે.

આપ મોટા માણસ છો, ઘણી ઘણી સાહ્યબીમાં મુજ ગરીબડીને ભૂલી જાઓ એ બનવા જોગ છે. પણ મુજ આંધળીને તો આપનું પવિત્ર નામ અને મધુરૂં સ્મરણજ હાલના મારા વિષમ દહાડામાં પરમાધાર સ્વરૂપ છે.

મારી અહીં શી દશા છે, એ આપનાથી કંઇ અજાણ્યું નહીં હોય! તે છતાં આપે આજ સુધી મારી ખબર પણ નથી કઢાવી; તેથી એમ માનું છું કે આપ મને ખરેખર વીસરી ગયા છો.

પણ વહાલા પિતાની આગળ દીકરી પોતાની વાત રજુ ન કરે તો કયાં કરે? માટે કૃપા કરીને જરા સાવધાન બનીને મારી વિગત સાંભળો.

અહીંનું દુઃખ હવે તો મારાથી સહન નથી થતું, એટલેજ આપની આગળ ખોળો પાથરી ધા નાખું છું

મારી સાસુ (માયા) અને નણંદ (તૃષ્ણા) મને બહુ જ સતાવે છે.

મારો દીયર (મોહ) ઘણોજ ચંચળ પ્રકૃતિનો છે, ને છતાં મારા મનને કોણ જાણે બહુ વહાલો લાગે છે, તેના તરફથી મને અને મારા શિર છત્ર.....ને ઘણું વેઠવું પડે છે. તે છતાં હું તેમના સહવાસને છોડી શકતી નથી.

છેવટે તેનો (મારા દીયરનો) છોકરો મને અને કરી તે સતાવી કાયર કરી મૂકે છે.

મારો જેઠ (કામ) અને તેનો દીકરો (લોભ) બંન્ને હલકા સ્વભાવના છે. વાતે વાતે મેલી વાતો અને ખરાબ

વર્તનો દ્વારા મને સતાવવામાં બાકી નથી રાખતા. અને તેમાં વળી અધુરામાં પુરૂં થવાની જેમ મારી જેઠાણી (ઈચ્છા) પોતાની હલકી અને બૂરી દાનતોને પૂરી કરવા પોતાના ધણી (કામ) અને દીકરા (લોભ) ને મારી વિરૂદ્ધ ઉશ્કેરવામાં બાકી નથી રાખતી.

પછી ગરજે ગધેડાને બાપ કહેવો પડે તેની જેમ ના છૂટકે મારા ઘરના બધા નોકરોમાં સાવ હલકા સ્વભાવના એક નોકરની (ક્રોધ)ની મદદ લેવી પડે છે.

તે નોકર મારી સાથે મારી વાતોમાં હા પાડે અને ઘરના માણસો સાથે મારી વિરૂદ્ધ કારવાઇમાં પણ ભાગ લે છે. આવો મદારીના ડુગડુગિયાની જેમ બે તરફ ઢોલકી વગાડી છેવટે મને દુઃખીજ વધારે કરી મૂકે છે. કેટલીક વાર તો મને આકરો માર પણ મારે છે.

મારા આર્યપુત્ર (ધણી)ની વાત કહેતાં તો આર્ય સ્ત્રી તરીકે મનમાં શરમના શેરડા પડે છે, તે છતાં દિલનું દર્દ પિતા આગળ ખુલ્લી રીતે ન જણાવું તો કોને જણાવું ? એટલે પિતાજી! મારી એ કર્મ કથની હું આપને જણાવું છું.

મારા જીવાત્મા પોતાના લંગોટિયા ભાઈબંધ(મનજીભાઈ) ના ચાળે એવા ચઢી ગયા છે કે શી ખબર! કેવા કેવા ભયંકર સંજોગોમાં તેઓ સપડાઈ જશે! તેની કલ્પના પણ મને ઘણી વાર કમકમાટી ઉપજાવે છે !

મારા સ્વામિનાથ (જીવાત્મા) ભાઈબંધ (મનજીભાઈ) ના બહેકાવેલા મારી તરફ ઉંચી નજરે જોતા પણ નથી! પોતાના જીવન નિર્વાહ કે ભવિષ્યના પ્રશ્નને ઉજળું બનાવનારા ઘણા સારા ધંધાઓમાં જરા પણ ધ્યાન આપતા નથી. બેકારની માફક જ્યાં ત્યાં ભટકયા કરે છે! એક સામાન્ય નોકરી (તપ કરવાની) જેનાથી સુંદર અતુટન ફૌજ મળે છે, તેમાં પુરતું ધ્યાન આપતા નથી.

જ્યાં ત્યાં ભાઇબંધ (મનજીના) સાગરીતોની સાથે મહેફિલોમાં પાગલની જેમ ભટકયા કરે છે! હવે તો તે-ઓ પોતાનું ગુજરાન કેમ ચલાવશે? એ વિકટ પ્રશ્ન મને બહુ જ મુંઝવે છે. ટૂંકમાં કહું તો મારી સાસુ (માયા) ના નચાવ્યા નાચે છે. પણ મુજ ગરીબડીની વાત કાને ધરતા નથી.

પરમકૃપાળુ! આપે તો મારી ખબર લેવા મારા ભાઈ(સુખ સંતોષ)ને પણ કદી મોકલ્યા નહીં! અને મારી બહેન (શાન્તિ) ને પણ કયારેય મોકલી નહીં.

ફકત એક મારી વ્હાલી સહીયર (ભકિત) મને સમયે સમયે સાંત્વન આપે છે. મારો વ્હાલો દીકરો (ભાવ) મને બહુ વહાલો છે, પણ તે હજી અબોધ છે, બહુ નાની ઉંમર છે, તે છતાં તેની આશાએ ભરોસેજ હું જીવી રહી છું.

મારા ઘરમાં એક ગાડી (વૈરાગ્ય) પણ છે, તેના પણ બન્ને પૈડાં (જ્ઞાન અને ક્રિયા) કોણ જાણે કયાંય પડયા હશે.

તેમાં બેસીને (જ્ઞાનના) બગીચામાં ઘૂમવા જવાની મારી ઘણી ઉમેદ છે. સ્વામિનાથને ઘણીવાર વિનવું છું. પણ ઘરના બીજા બધા (માયા મોહ, લોભ, કામ, ઈચ્છા વિગેરે) મારી અદેખાઈ કરે છે. તેથી મારી વાત અદ્ધર ઉડી જાય છે.

મારા (જ્ઞાનના બગીચામાં એક સુંદર ફુલ) પશ્ચાતાપ કયારેક ઉગી નીકળે છે. તે આજે મારા અંતરના ઉમળકા સામે આપના પુનિત ચરણોમાં માથું નમાવી ભાવ પૂર્વક ચઢાવું છું.

ધર્મપિતા! મારી આ કર્મ કથની વાંચી હવે તો મારી ખબર કાઢો. માત્ર આપ ત્યાંથી મારા સ્વામિનાથ પર રહેમ નજર કે વાત્સલ્ય પૂર્ણ દ્રષ્ટિ ફેંકશો એટલે એમ તો મારા સ્વામિનાથ ખાનદાન છે, જરૂર આપની વ્હાલી દીકરીનો સંસાર સુધરી જશે.

શું મારી મોટી ફઈબા (કરૂણા) અને માશી બા (કૃપા) આપની પાસે મારી દાદ લઈને નથી આવતા! હવે તો હું આપના દર્શનની પણ તરસી થઈ છું, આપના ચરણોમાં માથું નમાવી અંતરના ભાવની શુદ્ધિ કરવા સાથે મારા સ્વામીનાથ વતી હું માફી માગું છું, અને મારા જીવનના ઉદ્ધાર માટે ખોળો પાથરૂં છું. પુત્રીના હૈયાની પીડ પિતા વિના બીજું કોણ પારખી શકે? લિ. હરઘડી આપનું રટણ કરતી આપની વહાલી દીકરી (ચેતનાના) પાયલાગણ.

# ॥ સોનેરી સુવાકયો ॥

૧ જ્ઞાન એ અંતરનું અજવાળું છે. હૃદયની રોશની છે, જીવનની ઝળહળતી જયોત છે. તેના ઉદ્યોત વિના કોઈ પણ વસ્તુ કે વિસ્તારવાળું કાંઈ પણ સ્વરૂપ જાણી શકાતું નથી.

૨ જ્ઞાનના પ્રકાશ વિના કોઈ પણ પ્રાણીને પદાર્થનો કંઈ પણ બોધ થઈ શકતો નથી. તેથી જ જ્ઞાનને ત્રીજું લોચન ને દ્વિતીયદિવાકર અને પ્રથમ પંક્તિનું ધન માનવામાં આવ્યું છે.

૩ જે જ્ઞાનથી એકાગ્રતા અને સમભાવ સધાય.છે, તે જ સાચું જ્ઞાન છે.

૪ જ્ઞાન અને વિવેક એ જ ખરી આંખ છે, એના વિના માણસ છતી આંખે આંધળો છે.

૫ જ્ઞાન એ મિથ્યાત્વ રૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન છે. અને જગતનું લોચન છે.

૬ આનંદી સ્વભાવ એ ઔષધીનું કામ કરે છે.

૭ સંયોગોને અનુકુળ બનીને રહેવું, ઈચ્છાનો સંયમ તે મહા તપ છે.

૮ વચન બોલતાં પહેલાં બે વાર અને કામ કરતાં પહેલાં ત્રણ વાર વિચાર કરવો.

૯ રોગીના કર્મના અનુસારે સહાયો અને સાધનો મળે છે.

૧૦ તે જ આરાધના છે કે જે જીવનના અંત સુધી રહેવાળી છે.

# અમારાં નૂતન પ્રકાશનો

| | | મૂલ્ય |
|---|---|---|
| ૧ | વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૬<br>જેમાં પ્રાચીન પૂર્વાચાર્ય વિરચિત પૂજાઓનો સંગ્રહ છે. | ૪-૦૦ |
| ૨ | વિવિધ પૂજા સંગ્રહ ભા-૧ થી ૯ | ૬-૦૦ |
| ૩ | વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૧૧ | ૭-૦૦ |
| ૪ | નિત્ય સ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ | ૪-૫૦ |
| ૫ | જૈન સજ્ઝાયમાળા ( સચિત્ર ) | ૩-૦૦ |
| ૬ | દેવવંદનમાળા ( કથાઓ સહિત ) | ૨-૫૦ |
| ૭ | પંચપ્રતિક્રમણ વિધિ સહિત | ૨-૫૦ |
| ૮ | બે પ્રતિક્રમણ વિધિ સહિત | ૧-૨૫ |
| ૯ | જિનેન્દ્રદર્શન ચોવીશી ( પરિકરયુકત ) | ૨-૦૦ |
| ૧૦ | નવસ્મરણ ( સચિત્ર ) | ૧-૨૫ |
| ૧૧ | નવસ્મરણ ( પોકેટ ) | ૧-૦૦ |
| ૧૨ | સ્નાત્રપૂજા | ૦-૨૫ |
| **१** | **सामायिक सूत्र** | **०-२५** |
| **२** | **सामायिक सूत्र ( सचित्र )** | **०-४०** |
| **३** | **देवसिराई ( ,, )** | **१-००** |
| **४** | **बे प्रतिक्रमण विधि सहित** | **१-५०** |
| **५** | **पंच प्रतिक्रमण विधि सहित** | **३-००** |
| **६** | **विविध पूजा संग्रह भा. १ थी ७** | **५-००** |
| **७** | **विविध** [illegible] | **७-००** |
| **८** | **पंच प्र**[illegible] | **१-५०** |

તે સિવાય [illegible] પ્રતો વિગેરે મળશે.

[illegible]

જસ[illegible]લાલ શાહ

ઠે. જૈન પ્રકાશન મંદિર, ૩૦૯/૪ ડોશીવાડાની પોળ,

અમદાવાદ-૧.

ટાઈટલઃ ઈમ્પીરીયલ પ્રિન્ટરી, ઘીકાંટા રોડ, અમદાવાદ